ઠ ૧૭૦૦૦. કિંમત રૂ ૦-૪-૬.

ગોંડળ, જુનાગઢ, ભાવનગર, અને કચ્છ સ્ટેટમાં ટેક્સ્ટ બુક તરીકે, મુંબઈ ઇલાકાના તથા ગાયકવાડ સરકારના કેળવણી ખાતામાં લાઇબ્રેરિ બુક તરીકે, ને ઘણી મિશન સ્કૂલોમાં ટેક્સ્ટ બુક તરીકે મંજૂર

સરલ

ગુજરાતી બાળવ્યાકરણ.

(આવૃત્તિ ૨૭ મી–સુધારા વધારા સહિત.)

પ્રત ૫,૦૦૦.

પ્રેમચંદ કરમચંદ શાહ.

ગોંડળ, જુનાગઢ, ભાવનગર અને કચ્છ સ્ટેટમાં ટેક્સ્ટ બુક તરીકે, મુંબઈ ઈલાકાના તથા ગાયકવાડ સરકારના કેળવણી ખાતામાં લાઇબ્રેરિ બુક તરીકે, ને ઘણી મિડલ સ્કૂલોમાં ટેક્સ્ટ બુક તરીકે મંજૂર થએલ

સરલ

ગુજરાતી બાળવ્યાકરણ.

પ્રાથમિક તથા અંગ્રેજી-ગુજરાતીશાળા માટે

લેખક તથા પ્રકાશક,

પ્રેમચંદ કુરમચંદ શાહ,

વાનપ્રસ્થ ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, ગોંડળ સ્ટેટ.

મુ. કપડવણજ (જિલ્લે ખેડા).

આવૃત્તિ ૨૩ મી. પ્રત ૫,૦૦૦. (કુલ પ્રત ૫૩,૦૦૦)

અમદાવાદ-સલાપોસ રોડ,

ધી 'ડાયમંડ જ્યુબિલિ' પ્રિન્ટિંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૭૫. સને ૧૯૧૯.

કિંમત સાડાચાર આના.

અર્પણ પત્રિકા.

એમ. એ. તરખડ, એસ્કવાયર.

મર્હૂમ એજ્યુકેશનલ ઈન્સ્પેકટર સાહેબ બહાદુર,

ગોંડળ સ્ટેટ.

આપે કાઠિયાવાડ એજન્સિના પ્રાથમિક શાળાઓના મહેતાજી-
ઓની સ્થિતિ સુધારવાને, તથા શાળાનું શિક્ષણ સુધારવાને,
ભગીરથ પ્રયત્ન કર્યો છે, વેરાવળ કોન્ફરન્સના
પ્રમુખ તરીકે બિરાજી નવાં ધોરણોની અગ-
ત્યતા સાબીત કરી આપી, જેના પરિ-
ણામમા સરકારે નવાં ધોરણો રચ્યાં;
ઇત્યાદિ ઇત્યાદિ સદ્ગુણોથી
મોહિત થઇ આ પુ-
સ્તક આપને અર્પ-
ણ કરૂં છું તે
સ્વીકા-
રશો.

સેવક,

પ્રેમચંદ કરમચંદ શાહ.

ત્રેવીસમી આવૃત્તિની પ્રસ્તાવના.

પ્રાથમિક શાળામાં પ્રથમ હોપકૃત વ્યાકરણ ચાલતું, એ ઘણું નાનું હોવાથી શીખનાર શિખવનારને ઘણી તરેહની શંકાઓ પડતી; તે ટાળવાને અમે સને ૧૮૯૫માં 'ગુજરાતી બાળવ્યાકરણ' બહાર પાડ્યું. તે મુંબઈ ઇલાકાના મે. ડિરેક્ટર ઑવ્ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સાહેબ બહાદુરે પોતાના નં. ૮૦૦૫ તા. ૨૩-૩-૧૮૯૭થી લાઇબ્રેરિ બુક તરીકે મંજૂર કર્યું.

સને ૧૯૦૨ની સાલમાં પ્રાથમિક શાળાનાં નવાં ધોરણ રચાયાં. તેમાં ગોઠવાયલા ક્રમ પ્રમાણે શિખવવાને હોપકૃત વ્યાકરણ તદ્દન નકામું થયું. નવાં ધોરણની રચનાનુસારે ફેરફાર કરી અમે છઠ્ઠી આવૃત્તિ બહાર પાડી, ને તેમાં વખતોવખત સુધારો વધારો કરતા આવ્યા છીએ. સુધારેલી દશમી આવૃત્તિ મે. ડિરેક્ટર સાહેબે ઇં. નં. ૧૨૮૪૯ તા. ૨૧-૩-૦૮થી, ને ઓગણીશમી આવૃત્તિ મે. ઉ. વિ. એ. ઈ. સાહેબે ઈ. નં. ૫૫૫૪ તા. ૨૭-૮-૧૭થી લાઇબ્રેરિ બુક તરીકે મંજૂર કરી છે.

શીખનાર શિખવનારને સરળ પડે, માટે ચૌદમી આવૃત્તિથી આ પુસ્તકના ધોરણવાર ભાગ પાડી, દરેક ભાગમા શિખવવાના વિષયોની પાઠમાં રચના કરી છે, અને ઘણેભાગે પાઠ નીચે મનોયત્ન આપ્યાં છે. વિષયવાર એકેકજ પાઠ રાખવાથી કેટલાક પાઠ લાંબા થયા છે, માટે એક દિવસે પાઠનો જેટલો ભાગ બરાબર સમજાવી શકાય તેટલો જ રાખવો. કોઇ પણ વિષયની વ્યાખ્યા પ્રથમ ન આપતાં દાખલા પરથી છોકરાં પાસે કઢાવવી. શિખવતી વખતે કાળાં પાટિયાંનો જેમ બને તેમ વિશેષ ઉપયોગ કરવો.

વિદ્યાર્થીઓ પદચ્છેદમાં સારા નીવડે, સબબ ઠેકાણે ઠેકાણે પદચ્છેદને લગતા નિયમો આપ્યા છે; તથા તે નિયમાનુસાર પુષ્કળ ઉદાહરણો લઇ પદચ્છેદ કરી બતાવ્યું છે. **શરૂઆતમાં** શબ્દોના વર્ગ વિદ્યાર્થી બરાબર સમજી શકે; માટે સાક્ષર **એબટ** સાહેબના અભિપ્રાય મુજબ અમુક શબ્દ વાક્યમાં શું જણાવે છે, તે જણાવ્યા પછી તેનો વર્ગ કહેવાનું ધોરણ રાખેલું છે. આથી વિદ્યાર્થીઓ ગપો મારતાં અટકે છે.

પદચ્છેદમાં પડતી શંકાઓનું સમાધાન સ્થળે સ્થળે આપ્યું છે. ત્રીજા ભાગમાં અવ્યયના બારીક પેટા વિભાગ બહુધા આજ હેતુથી આપેલા છે, તે છોકરાંને મોંઢે કરાવવાનાં નથી. પૃથક્કરણ અને પદચ્છેદમાં બાળકો તેનો ઉપયોગ કરી શકે એટલે બસ છે.

વાક્યપૃથક્કરણ સારૂં થવા ખાતર તેને માટે ઉદાહરણો આપી નિયમ સમજાવ્યા છે, તથા ઘણું કરી બતાવ્યું છે. જે વાક્યનું પદચ્છેદ કરાવવું હોય, તેનું **પ્રથમ પૃથક્કરણ કરાવી પછી પદચ્છેદ કરાવવું લાભકારી છે; એથી કર્ત્તાકર્મની વિભક્તિમાં ભૂલ પડતી નથી,** તથા વાક્યમાં શબ્દનો સંબંધ સમજવાથી **પદચ્છેદમાં સરળતા થાય છે.**

પુસ્તકમાં વાક્યરચનાના નિયમો આપ્યા છે, તેનો ઉપયોગ શિક્ષકોએ શ્રુતલેખન, નિબંધ, વગેરે લખાણ સુધરાવવાને કરવો જોઇએ.

વિરામચિહ્નનો વિષય આ પુસ્તકને અંતે આપ્યો છે, પણ તે વિષય પાંચમા ધોરણથી ચલાવવાનો છે. એ ધોરણથી વિદ્યાર્થીઓ પોતાના લખાણમાં સમજીને વિરામચિહ્ન મૂકે એવી ટેવ પાડવી જોઇએ.

વ્યુત્પત્તિનો વિષય આ પુસ્તકમાં દાખલ કર્યો નથી, તેને માટે અમે **'સરલ વ્યુત્પત્તિજ્ઞાનપ્રકાશ'** નામનું પુસ્તક જુદું બહાર પાડ્યું છે. એ પુસ્તક રૂ. તિ. ના મે. એ. ઇ. સા. બહાદુરે મંજૂરી

સ્કૂલો અને ટ્રેનિંગ કૉલેજો માટે લાઇબ્રેરિ અને પ્રાઇઝબુક તરીકે મંજૂર કર્યું છે.

આ આવૃત્તિમાં વિદ્યાર્થી તથા હાલના શિક્ષકોની શક્તિ લક્ષમાં રાખી નવાં સુધારેલાં ધારણો અનુસાર રચનામાં તેમજ વિષયના વિવેચનમાં સુધારો વધારો કર્યો છેઃ વાક્યોનાં પદોના વર્ગ, તેમનો સંબંધ, વાક્યપૃથક્કરણ વગેરે દરેક ભાગમાં ઉત્તરોત્તર ચઢીઆતું આપ્યું છે. આમ કરવાથી પુસ્તકના કદમાં વધારો થતાં કિમ્મત સહજ વધારવી પડી છે.

સમજપૂર્વક પદચ્છેદ અને વાક્યપૃથક્કરણ વિદ્યાર્થીઓ કરી શકે, તેને માટે આ પુસ્તકમાં પૂરતી સંભાળ લેવામાં આવી છે. જે જે શાળાઓમાં આ પુસ્તક ચાલે છે, ત્યાંના સઘળા શિક્ષકો એકે અવાજે વ્યાકરણ શિખવવાને આ પુસ્તક અત્યુત્તમ સાધન લેખે છે. દિવસે દિવસે તેનો ફેલાવો વધતોજ જાય છે.

આ આવૃત્તિમાં સુધારો વધારો કરવાંમાં આ વિષયપરના કેટલાંક માન્ય પુસ્તકો વાંચવા વિચારવામાં આવ્યાં છે. તેને માટે આ સ્થળે તે સર્વ ગ્રંથકારોનો આભાર માનું છું.

તા ૯ જુન ૧૯૧૯.
કપડવણજ.

કર્તા.

અનુક્રમણિકા.

ભાગ ૧ લો—ધોરણ ૪ થા માટે.

ભાગ ૨ જો–ધોરણ પાંચમા માટે.

ભાગ ૩ જો–ધોરણ છઠ્ઠા સાતમા માટે.

સરલ

ગુજરાતી બાળવ્યાકરણ.*

ભાગ ૧ લો. ધોરણ ચોથા માટે.

આ વિષય પ્રાથમિકશાળાના ચોથા ધોરણથી શરૂ થાય છે, તેથી શિક્ષકોએ એમ ન સમજવું કે ચોથા ધોરણથી તેની શરૂઆત કરવાની છે. છેક બાળવર્ગથી શરૂ કરવાનો છે. બાળવર્ગ, પહેલા, બીજા તથા ત્રીજા ધોરણમાં પ્રશ્નના જવાબ ટુંકા પણ પૂર્ણ વાક્યોમાં લેવા, તથા શિખવેલી બાબતોનું તેવાં વાક્યોમાં વર્ણન કરાવવું એ વ્યાકરણશિક્ષણ છે.

ચોથા ધોરણમાં "વ્યાકરણનાં મૂળતત્ત્વો અને સાદું પદચ્છેદ. વાક્યના બે મુખ્ય ભાગ–ઉદ્દેશ્ય અને વિધેય. વિધેયના બે ભાગ–ક્રિયા અને ક્રિયાપૂરક. વિશેષણ તથા ક્રિયાવિશેષણ–વડે ઉદ્દેશ્ય અને વિધેયના વધારા. ક્રિયાપૂરક તરીકે આવતા શબ્દો અને તેમના વિશેષણથી વધારા. સાદું પદચ્છેદ અને છેક સાદાં વાક્યોનું પૃથક્કરણ. ટુંકાં નમુનાનાં વાક્યો બનાવવાં." એટલું રાખેલ છે તે નીચેને ક્રમે શિખવવું.

---

* લોક પોતાના વિચાર એકબીજાને જે વડે બોલીને, કે લખીને જણાવે છે, તે ભાષા કહેવાય છે, અને ભાષા શુદ્ધ કેમ બોલવી લખવી, તે જણાવનાર શાસ્ત્રને વ્યાકરણ કહે છે. વ્યાકરણમાં શબ્દોનું સ્પષ્ટીકરણ એટલે શબ્દોની વ્યુત્પત્તિ, શુદ્ધ શબ્દોમાં લેવામાં આવતા નિયમ, તેમજ શબ્દોના વર્ગ, પ્રકાર, સંબંધ, વગેરેનું વર્ણન હોય છે.

પાઠ ૧ લો. વાક્ય, શબ્દ તથા અક્ષરની સમજ.

(૧). ઘોડો દોડે છે.
(૨). પંખી ઊડે છે.
(૩). છોકરાં રમે છે.
(૪). ઘોડો ખડ ખાય છે.
(૫). પંખી ચારો ચરે છે.
(૬). વડનું ઝાડ મોટું થાય છે.

આ બધાં **વાક્યો** કહેવાય, કેમકે એ વડે બોલનારની મતલબ સામો માણસ પૂરેપૂરી સમજી શકે છે. પહેલા વાક્યમાં બે **શબ્દ** છે. 'ઘોડો' ને 'દોડેછે'; બીજા વાક્યમાં 'પંખી' અને 'ઊડે છે'; ત્રીજા વાક્યમાં 'છોકરાં' અને 'રમે છે'; ચોથા વાક્યમાં 'ઘોડો', 'ખડ', અને 'ખાય છે;' પાંચમા વાક્યમાં 'પંખી' 'ચારો,' અને 'ચરે છે;' અને છઠ્ઠા વાક્યમાં 'વડનું', 'ઝાડ', 'મોટું', અને 'થાય છે' શબ્દ છે.

ટીપ:—શબ્દો વડે મનના **વિચાર** અથવા **ભાવ** તો જણાય, પણ **પૂરો વિચાર** ન જણાય. તે તો વાક્યથીજ જણાય. જેમ આપણે ઘોડો જોયો, અને તે વડે જે વિચાર ઉત્પન્ન થાય તે 'ઘોડો' એ શબ્દ વડે સંપૂર્ણ જણાઇ શકે છે, તેમજ તેને દોડતો દેખીને જે વિચાર ઉત્પન્ન થાય તે 'દોડતો' એ શબ્દ બોલ્યાથી સંપૂર્ણ બતાવી શકાય છે, પણ 'તે ઘોડો દોડે છે' એવો જે મનનો પૂરો વિચાર તે વાક્ય વિના કોઇ પણ રીતે બતાવી શકાતો નથી.

કેટલીક વખત **એક શબ્દથી** વાક્ય બને છે. જેમ, 'જાઉંછું,' 'જા,' 'જાઓ,' 'બેસો,' 'દોડો,' વગેરે; કેમકે એક શબ્દ બોલવાથી પણ કહેનારની મતલબ પૂરેપૂરી સામો માણસ સમજી શકે છે.+

+ 'જાઉં છું,' 'જા', ઇત્યાદિ ક્રિયાપદોમાં કર્ત્તાનો અર્થ સમાયલો છે, અને તે કર્ત્તા કયો છે તે પણ ધાતુને લાગેલા પ્રત્યય પરથી સમજી શકાય

એક કે વધારે શબ્દ મળ્યાથી બોલનારના મનનો પૂરે-પૂરો વિચાર સામો માણસ સમજી શકે, તો તેને વાકય કહે છે.

શબ્દો અક્ષરના બને છે. જેમ–કલમ એમાં ક, લ, મ ત્રણ અક્ષર છે, મહેનત એમાં મ, હે, ન, ત ચાર અક્ષર છે. કેટલાક શબ્દો ટુંકા ને કેટલાક લાંબા છે. મા, બા, ઘી એક અક્ષરના છે; કાકા, મામા, બે અક્ષરના છે; અમદાવાદ એ પાંચ અક્ષરનો શબ્દ છે.

એક કે વધારે અક્ષર મળ્યાથી કાંઇ પણ અર્થ સમજાય, તેને શબ્દ કહે છે.

પાઠ ૨. સ્વર, વ્યંજન.

અમરેલી એમાં અ, મ, રે, લી ચાર અક્ષર છે. 'અ' નો ઉચ્ચાર કરવામાં બીજા અક્ષરની મદદ લેવી પડતી નથી. પણ 'મ' નો ઉચ્ચાર કરવામાં 'મ્'ની સાથે 'અ'ની, 'રે'ના ઉચ્ચારમાં 'ર્'ની સાથે 'એ'ની, અને 'લી'ના ઉચ્ચારમાં 'લ્'ની સાથે 'ઈ' અક્ષરના ઉચ્ચારની સહાયતા લેવી પડે છે.

જે અક્ષરોના ઉચ્ચાર, કરતાં બીજા અક્ષરની સહા-યતા લેવી પડતી નથી, તેને સ્વર કહે છે.

ગુજરાતી ભાષામાં ૧૧ સ્વર છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ ઔ. એમાં અ, ઇ, ઉ, ઋ **હ્રસ્વ સ્વર** છે, એટલે બોલવામાં ટુંકા છે. આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ **દીર્ઘ સ્વર** છે એટલે બોલવામાં લાંબા છે.

છે; માટે એકલું ક્રિયાપદ વાપરવાથી વાકય બની શકે છે. કોણ આવ્યું ? રામ. અહીં 'રામ' એકલું નામ છે, એમાં ક્રિયાનો અર્થ સમાયેલો નથી; એ ઠેકાણે ક્રિયાપદ અધ્યાહાર છે, માટે એકલું નામ વાપરવાથી વાકય બની શકે નહિ.

ઋ, લૃ એ બે સ્વર ગુજરાતીમાં વપરાતા નથી, સંસ્કૃતમાં વપરાય છે.

જે અક્ષરનો ઉચ્ચાર કરવામાં કોઇપણ સ્વરની સહાયતા લેવી પડે છે, તેને **વ્યંજન** કહે છે. એટલે વ્યંજનના ઉચ્ચારમાં તેની સાથે સ્વરનું વિશેષ આંજણ જોઇએ છે.

વ્યંજન ૩૪ છે:—

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્; ચ્, છ્, જ્, ઝ્, ઞ્; ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્; ત્, થ્, દ્, ધ્, ન્; પ્, ફ્, બ્, ભ્, મ્; ય્, ર્, લ્, વ્; શ્, ષ્, સ્; હ્, ળ્.

પાઠ ૩. બારાખડી.

ઋ સિવાયના દશ સ્વરો, અને અં તથા અઃ વ્યંજનમાં મળવાથી બાર અક્ષર થાય છે; માટે તેને **બારાક્ષરી** કે **બારાખડી** કહે છે.

બારાખડી લખવામાં વ્યંજનની નીચેનું ચિહ્ન કાઢી નાંખી વ્યંજન સાથે સ્વરોની નિશાનીઓ જોડાય છે.

સ્વર.	નિશાની.	નિશાનીનું નામ.	બારાખડી.
૧. અ.	નથી.	નથી.	ક્+અ=ક.
૨. આ.	ા	કાનો.	ક્+આ=કા.
૩. ઇ.	િ	હ્રસ્વ ઇ (હ્રસ્વ અજ્જુ).	ક્+ઇ=કિ.
૪. ઈ.	ી	દીર્ઘ ઈ (દીર્ઘ અજ્જુ).	ક્+ઈ=કી.
૫. ઉ.	ુ	હ્રસ્વ ઉ (હ્રસ્વ વરડુ).	ક્+ઉ=કુ.
૬. ઊ.	ૂ	દીર્ઘ ઊ (દીર્ઘ વરડુ).	ક્+ઊ=કૂ.
૭. એ.	ે	એક માત્રા.	ક્+એ=કે.
૮. ઐ.	ૈ	બે માત્રા.	ક્+ઐ=કૈ.
૯. ઓ.	ો	કાનોમાત્રા.	ક્+ઓ=કો.
૧૦. ઔ.	ૌ	કાનો બે માત્રા.	ક્+ઔ=કૌ.

ઉપર મુજબ થયેલા દશ અક્ષરોમાં 'અં' અને 'અઃ' ઉમેરવાથી બાર અક્ષર થાય છે.

અનુસ્વાર:—હરકોઈ સ્વરને માથે આવું (ं) ટપકું કરવામાં આવે છે, તેને **અનુસ્વાર** કહે છે; કેમકે તેનો ઉચ્ચાર સ્વરની પછી થાય છે. જેમકે, અંક, શીંગડાં, મીઠું, મેં, વગેરે.

વિસર્ગ:—હરકોઇ સ્વર અગળ આવાં (ઃ) બે ટપકાં કરવામાં આવે છે, તેને **વિસર્ગ** કહે છે. જેમકે, અંતઃકરણ, દુઃખ, વગેરે. તેનો ઉચ્ચાર 'હ્' જેવો થાય છે.

અનુસ્વાર ને વિસર્ગ વ્યંજન પછી આવી શકતાં નથી, **સ્વર-નીજ** પછી આવે છે.

પાઠ ૪. જોડાક્ષર.

ત્+ય્+અ=ત્ય	નિત્ય.	ષ્+ટ્+ર્+અ=ષ્ટ્ર	સૌરાષ્ટ્ર.
ક્+ક્+ઈ=ક્કી	નક્કી.	ર્+ગ્+ઉ=ર્ગુ	વટેમાર્ગુ.
દ્+ગ્+ઉ=દ્ગુ	સદ્ગુણ.	ત્+ત્+અ=ત્ત	પિત્તળ.
ઠ્+ઠ્+ઈ=ઠ્ઠી	ભઠ્ઠી.	શ્+વ્+અ=શ્વ	પરમેશ્વર.
પ્+ર્+અ=પ્ર	પ્રભુ.	ક્+ષ્+અ=ક્ષ	અક્ષર.
સ્+ત્+ર્+અ=સ્ત્ર	શાસ્ત્ર.	જ્+ઞ્+અ=જ્ઞ	જ્ઞાન.

બે અથવા વધારે વ્યંજનો જોડાવાથી જોડાક્ષર બને છે. આથી એને સંયુક્ત વ્યંજનો પણ કહે છે.

જોડાક્ષર લખવાની રીત:—

(૧). કાના જેવા ભાગવાળા વ્યંજન સાથે બીજો વ્યંજન જોડવો હોય છે, ત્યારે કાનાવાળો ભાગ મૂકી દેવામાં આવે છે. જેમ, લાગ્યો, બચ્ચાં, અન્ન, ચશ્મા.

(૨). પહેલા વ્યંજનમાં કાના જેવો ભાગ ન હોય, તો બંને વ્યંજનો પાસપાસે લખાય છે, અથવા પહેલા વ્યંજન નીચે ખોડાનું ચિહ્ન કરે છે, અથવા પહેલા નીચે બીજો લખાય છે. જેમકે, નક્કી, પૂછ્યું, સજ્જડ, અડાડ્યો; ચિહ્ન, સદ્‌ગુણ; છુટ્ટો, ઓદ્ધો, રહ્યો.

(૩). કાના જેવા ભાગવાળા વ્યંજન સાથે ર્ જોડવો હોય તો 'ર્' નું/આવું ચિહ્ન કરાય છે. જેમ, પ્રભુ, બ્રાહ્મણ, ભ્રમર, ત્રીજો. કાના વગરના વ્યંજન સાથે જોડવો હોય, તો ^ અગર/આવું ચિહ્ન કરે છે. જેમ, મહારાષ્ટ્ર, ક્રમ. ર્‌ની સાથે કોઈ વ્યંજન જોડવો હોય, તો ˚ આવી નિશાની કરે છે. જેમ, વર્ણન, ધર્મશાળા, દર્પણ. " ˚ " આવી નિશાનીને રેફ કહે છે.

(૪). શ્‌ની સાથે ચ, વ, ર જોડવો હોય, તો (શ) ને બદલે આવું રૂપ વાપરે છે. જેમ, પશ્ચિમ, ઇશ્વર, શ્રવણ.

જોડાક્ષર વાંચવાની રીત:—ડાબા હાથ ભણીનો પ્રથમ, ને જમણા હાથ ભણીનો પછી બોલાય છે. જેમ, વાક્ય. મથાળે લખાય તે પ્રથમ બોલાય, ને નીચે લખાય છે તે પછી બોલાય છે. જેમ, પત્રે, વક્ર.

જોડાક્ષર (જોડ+અક્ષર)માં 'અક્ષર'નો અર્થ **વ્યંજન** સમજવો. બારાક્ષરી વ્યંજનમાં સ્વર મળવાથી થાય છે, માટે જોડાક્ષરમાં ન ગણાય. સ્વર અને વ્યંજનોમાં અક્ષરો જોડાતા નથી, માટે એ **મૂળાક્ષરો** કહેવાય છે.

પાઠ ૫. વાક્યના મુખ્ય બે ભાગ.

'મગન રમે છે.' આ વાક્યમાં કોને માટે વાત કરી છે? 'મગન' ને માટે. શી વાત કરી છે? 'રમે છે.' છગન પાઠ

વાંચે છે. આ વાક્યમાં 'છગન' ને માટે કહેવામાં આવ્યું છે અને તેને માટે 'પાઠ વાંચે છે' એ કહ્યું છે. આમ દરેક વાક્યના બે ભાગ હોય છે.

(૧). જેની આપણે વાત કરતા હોઇએ તે એક ભાગ, અને
(૨). તેના વિષે જે વાત કરીએ તે બીજો ભાગ. જેમઃ—

વાક્ય.	**કોને માટે** (ઉદ્દેશ્ય×).	**શું કહ્યું** (વિધેય×).
૧. ઘર પડ્યું.	ઘર	પડ્યું
૨. મગન દોડે છે.	મગન	દોડે છે
૩. ઘોડો ખડ ખાય છે.	ઘોડો	ખડ ખાય છે

મનોયત્ન ૧.

નીચેનાં વાક્યોમાં **કોને માટે** અને **શું** કહેવામાં આવ્યું છે તે કહો.

૧. તાપ પડે છે.
૨. ચંદ્રમા ઊગ્યો.
૩. ધણીએ કાગળ લખ્યો.
૪. કીડા રેશમ કરે છે.
૫. ગધેડાં વૈતરૂં કરે છે.
૬. બૈરી દવા લે છે.
૭. વૈતરા દવા વાટે છે.
૮. પોપટ મરચાં ખાય છે.
૯. બિલાડી ઉંદરને પકડે છે.
૧૦. છગને ચોપડી ફાડી નાંખી.

પાઠ ૬. નામ.

વાક્યમાં જેને વિષે આપણે વાત કરીએ છીએ, તેનું કંઇક **નામ** પાડેલું હોય છે. 'માણેકલાલ' એ છોકરાનું નામ છે, 'જમના' એ છોડીનું નામ છે; ગાય, ભેંસ, બકરી, બળદ, પાડો, ઘોડો, એ પશુનાં નામ છે; કાગડો, ચકલી, પોપટ, કબુતર, એ પંખીનાં નામ છે; લીમડો, વડ, પીપળો, આમલી, એ ઝાડનાં નામ છે; ગુલાબ, મોગરો,

× ઉદ્દેશ્ય અને વિધેય શબ્દ ધોરણ પાંચમામાં શિખવવા.

કરેણ, ચંપો, જુઇ, ગુલદાવદી, વગેરે ફૂલઝાડનાં નામ છે; તડબુચ, તુરીઆં, કારેલાં, કોળાં, વગેરે વેલાનાં ફળનાં નામ છે; ચોપડી, સ્લેટ, પેન, ખુરસી, ટેબલ, ઘોડી, પાટીઉં, નકશો, વગેરે પદાર્થનાં નામ છે; આ બધાં જે જે નામ ગણાવ્યાં, તે આંખ વડે જોઇ શકાય છે. અવાજ, સાદ, ઘાંટો, બૂમ, ગડગડાટ એ કાન વડે સમજાય એવાં નામ છે. વાસ, પીમળ, ગંધ, સુગંધ, દુર્ગંધ, ખુશબો, બદબો એ નાક વડે સમજાય એવાં નામ છે. સ્વાદ, મિઠાશ, કડવાશ, ખારાશ, ખટાશ, તિખાશ, તુરાશ એ જીભ વડે સમજાય એવાં નામ છે. ટાઢ, તાપ, ગરમી, ઠંડક, ધામ, બફારો, ઉકળાટ, ગરમાવો, એ ચામડીથી સમજાય તેવાં નામ છે.

ઉપર આપણે પાંચ ઇંદ્રિયોથી માલમ પડતાં નામો ગણાવ્યાં, પણ કેટલાંક નામ એવાં છે કે તે મનથી એટલે વિચાર કરવાથી સમજાય તેવાં નામ છે. રતાશ, સાચાઇ, જુઠાણુ, હોશિયારી, ડહાપણ, ગાંડપણ, નમ્રતા, ક્રૂરતા, દાસત્વ, આળસ, ઉદ્યોગ, ચોકૂખાઇ, એ ગુણનાં નામ છે, ગુણ એટલે સ્વભાવ. લખત, મૂકત, રમત, ગમત, વાચન, લેખન, ભજન, કીર્તન, દોહન, પાલન, કહેણ, લીપણ, કળતર, ઘડાઇ એ ક્રિયાનાં નામ છે.

નામ પાડવાથી પ્રાણી, વનસ્પતિ, પદાર્થ, ગુણ, ક્રિયા વગેરે ઓળખાય છે.

નામ એટલે જે શબ્દ વડે પ્રાણી, વનસ્પતિ, પદાર્થ, ગુણ, ક્રિયા, વગેરે ઓળખાય છે તે.

મનોયત્ન ૨.

૧. દશ છોકરાનાં નામ બોલો.

૨. દશ છોકરીનાં નામ બોલો.

૩. ગામમાં રહેનાર પાંચ પશુનાં નામ બોલો.

૪. પાંચ પંખીનાં નામ બોલો.
૫. પાંચ ઝાડનાં નામ ગણાવો.
૬. પાંચ અનાજનાં નામ બોલો.
૭. પાંચ નદીનાં નામ ગણાવો.
૮. પાંચ ડુંગરનાં નામ ગણાવો.
૯. ચાર સંસ્થાન કે જિલ્લાનાં નામ ગણાવો.
૧૦. પાંચ સિક્કાનાં નામ બોલો.
૧૧. આંખ, કાન, નાક, જીભ, અને ચામડીથી માલમ પડતાં પાંચ પાંચ નામ ગણાવો.
૧૨. ત્રણ ઋતુનાં નામ બોલો.
૧૩. બાર મહિનાનાં નામ બોલો.
૧૪. સાત વારનાં નામ બોલો.
૧૫. તોલનું માપ જણાવનાર પાંચ નામ બોલો.
૧૬. જગ્યાનું અંતર જણાવનાર પાંચ નામ બોલો.
૧૭. પાંચ ગુણનાં નામ બોલો.
૧૮. પાંચ ક્રિયાનાં નામ બોલો.

પાઠ ૭. ક્રિયાપદ.

(૧). 'પંખી ઊડે છે.' આ વાક્યમાં 'પંખી'ને માટે કહેવામાં આવ્યું છે, અને તે ઊડવાનું કામ કે **ક્રિયા** કરે છે તે 'ઊડે છે' શબ્દથી જણાય છે. 'છગન જાય છે.' આ વાક્યમાં 'છગન' જવાની ક્રિયા કરે છે તે 'જાય છે' શબ્દથી જણાય છે. 'ગવૈયાઓ ગાય છે.' આ વાક્યમાં 'ગવૈયા' ગાવાની ક્રિયા કરે છે તે 'ગાય છે' શબ્દથી જણાય છે. 'મોર નાચે છે' આ વાક્યમાં 'મોર' નાચવાની ક્રિયા કરે છે તે 'નાચે છે' શબ્દથી જણાય છે.

જે પદ કે શબ્દથી કોઇ પણ જાતની ક્રિયા બતાવાય, તેને ક્રિયાપદ કહે છે. ક્રિયાપદ એટલે ક્રિયા બતાવનાર શબ્દ.

મનોયત્ન ૩.

નીચેનાં વાકયોમાં **નામ** અને **ક્રિયાપદ** કયાં છે તે કહો.

૧. છોકરાં રમે છે.
૨. ગાય બરાડે છે.
૩. છગન થાકયો.
૪. વરસાદ વરસે છે.
૫. પાણી વહે છે.

(૨). રામજી બેઠો છે, રામજી સૂતો છે, રામજી ઊંઘે છે, રામજી છે, રામજી હતો. આ વાક્યમાં રામજી વિષે વાતો છે; અને 'બેઠો છે,' 'સૂતો છે,' 'ઊંઘે છે,' 'છે,' 'હતો,' આ શબ્દો રામજી કંઇ પણ ક્રિયા કરે છે તે બતાવતા નથી, પણ રામજીની **સ્થિતિ** કે **હાલત** જણાવે છે. **સ્થિતિ** જણાવનારા શબ્દો પણ ક્રિયાપદમાં ગણાય છે.

પાઠ ૮. ક્રિયાપૂરક.

૧. રામલાલે પછાડી.
૨. કાશીએ લીધાં.
૩. તંબોળીએ વેચ્યાં.
૪. છગને માર્યો.

આ વાકયોમાં ક્રિયાપદોથી ક્રિયાનો પૂરેપૂરો અર્થ સમજાતો નથી. પહેલા વાક્યમાં 'શું પછાડી' તે લખ્યું નથી, બીજા વાક્યમાં 'શું લીધાં' તે લખ્યું નથી, ત્રીજા વાક્યમાં 'શું વેચ્યાં,' તે લખ્યું નથી, ચોથા વાક્યમાં 'કોને માર્યો' તે લખ્યું નથી. ક્રિયાનો અર્થ

પૂરે કરનારા શબ્દો ઉમેરીને બોલીએ, તો ઉપરનાં વાક્યો નીચે મુજબ બોલાય.

૧. રામલાલે સ્લેટ પછાડી.
૨. કાશીએ બોર લીધાં.
૩. તંબોળીએ પાન વેચ્યાં.
૪. છગને મનસુખને માર્યો.

ક્રિયાનો અર્થ પૂરો કરવાને ક્રિયાપદની સાથે જે શબ્દો આવે, તે શબ્દો ક્રિયાપૂરક કહેવાય.

મનોયત્ન ૪.

નીચેનાં વાક્યોમાં **ક્રિયાપૂરક** શબ્દ કયા ? ને તે કઈ જાતના છે ?

૧. છોકરાં જાંબફળ ખાય છે.
૨. રાજા દાન આપે છે.
૩. મગને ઝાડ પાડયું.
૪. કૂકડી ઈંડાં સેવે છે.
૫. લલ્લુએ ઘોડો લીધો.

પાઠ ૯. જોડાયલાં ક્રિયાપદ.*

કેટલીક વખત વાક્યમાં બે કે વધારે ક્રિયા બતાવનાર શબ્દ સાથે લઈએ, તોજ અર્થ સમજાય. જેમ, મગને અક્ષર લખી નાંખ્યા. આ વાક્યમાં 'મગને અક્ષર લખી' એટલું બોલીએ તો અર્થ સમજાય નહિ. તલકશી દાખલા ગણ્યા કરે, એમાં 'તલકશી દાખલા ગણ્યા'

* આ સંબંધી વિશેષ વર્ણન બીજા ભાગના ૨૩ મા પાઠમાં આવશે. અહીંતો માત્ર બે જોડે આવનારાં ક્રિયાપદોથી એક અર્થ નીકળે છે માટે તે ક્રિયાપદોનું પદચ્છેદ ભેગું કરાય તે બતાવવાનો હેતુ છે.

બોલીએ તો અર્થ સમજાય નહિ, માટે પહેલા વાક્યમાં 'લખી નાંખ્યા' ને બીજા વાક્યમાં 'ગણ્યા કરે' ક્રિયાપદ સાથે લેવાય. આવાં વાક્યોમાં હંમેશાં ક્રિયા બતાવનાર સઘળા શબ્દોને **એકજ ગણવા.**

મનોયત્ન ૫.

નીચેનાં વાકયોમાં કયા શબ્દો **નામ,** અને કયા શબ્દો **ક્રિયાપદ** છે તે કહો, તથા **ક્રિયાપૂરક** શબ્દ કયા છે તે પણ જણાવો.

૧. વાડીલાલે પૈસા આપી દીધા.
૨. મણી લાડવો ખાઇ રહી.
૩. લલ્લુ વાત કરી શકશે.
૪. કડીઓ ઘર ચણી મૂકયો.
૫. બિલાડીએ ઉંદર પકડી પાડયો.
૬. કૂતરો ખીચડી ખાઇ ગયો.
૭. દામોદરે ભૂલ પકડી પાડી.
૮. છગન કવિતા ગાઇ શકશે.
૯. ગોવિંદે કામ શીખી લીધું.
૧૦. નરોત્તમે લેખાં શીખી લેવાં.

પાઠ ૧૦. કર્ત્તા.

૧. ઘોડો દોડયો.
૨. ગાય આવી.
૩. મગન નાઠો.
૪. બકરાં ચરે છે
૫. દીવો બળે છે.

પહેલા વાક્યમાં દોડવાની ક્રિયાનો કરનાર 'ઘોડો' છે, બીજા વાક્યમાં આવવાની ક્રિયા કરનાર 'ગાય' છે, ત્રીજા વાકયમાં નાસવાની

ક્રિયા કરનાર 'મગન' છે, ચોથા વાક્યમાં ચરવાની ક્રિયા કરનાર 'બકરાં' છે, ને પાંચમા વાક્યમાં બળવાની ક્રિયા કરનાર 'દીવો' છે.

વાક્યમાં ક્રિયાના કરનારને કર્તા કહે છે. કર્તા એટલે કરનાર.

કર્તા શોધવાની રીત:—ક્રિયાપદની પહેલાં **'કોણ'** મૂકી સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્તા જાણવો. જેમ, પહેલા વાક્યમાં કોણ દોડયો ? ઘોડો. બીજા વાક્યમાં કોણ આવી ? ગાય. ત્રીજા વાક્યમાં કોણ નાઠો ? મગન. ચોથા વાક્યમાં કોણ ચરે છે ? બકરાં. પાંચમા વાક્યમાં કોણ બળે છે ? દીવો. માટે 'ઘોડો,' 'ગાય,' 'મગન,' 'બકરાં' અને 'દીવો' કર્તા જાણવા.

ટીપ:—ઉપલાં વાકયોમાં 'ઘોડો,' 'ગાય,' 'મગન,' 'બકરાં' અને 'દીવો' કર્તા છે, અને તેજ શબ્દો વિષે વાકયોમાં કહેવામાં આવેલ છે.

પાઠ ૧૧. કર્મ.

૧. છોકરો ચોપડી લખે છે.
૨. મગન લેખાં ગણે છે.
૩. સોની સોનું ઘડે છે.
૪. પિતા પુત્રને બોલાવે છે.
૫. મહેતાજીએ મોહનને માર્યો.
૬. બાયડીએ પૂરી વણી.

પહેલા વાક્યમાં 'છોકરો' કર્તા છે, ને લખવાની ક્રિયા 'ચોપડી' પર થાય છે; બીજા વાક્યમાં 'મગન' કર્તા છે, ને ગણવાની ક્રિયા 'લેખાં' પર થાય છે; ત્રીજા વાક્યમાં 'સોની' કર્તા છે, ને ઘડવાની ક્રિયા 'સોનું' એ પર થાય છે; ચોથા વાક્યમાં 'પિતા' કર્તા છે, ને બોલાવાની ક્રિયા 'પુત્રને' એ પર થાય છે; પાંચમા વાક્યમાં 'મહેતાજી-

એ' કર્ત્તા છે, ને મારવાની ક્રિયા 'મોહનને' એ પર થાય છે; છઠ્ઠા વાક્યમાં 'બાયડી' કર્ત્તા છે, તેની ક્રિયાનું ફળ 'પૂરી' છે.

કર્ત્તા જે વસ્તુ પર ક્રિયા કરે, અથવા તેની ક્રિયાથી જે ફળ ઉત્પન્ન થાય, તે વસ્તુ બતાવનાર શબ્દ કર્મ કહેવાય છે. કર્મ એટલે કરેલું કે સાધેલું કામ.

કર્મ શોધવાની રીતઃ—ક્રિયાપદની પહેલાં 'શું' અથવા 'કોને' મૂકી સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્મ જાણવું. જેમ પહેલા વાક્યમાં શું લખે છે? ચોપડી. બીજા વાક્યમાં શું ગણે છે? લેખાં. ત્રીજા વાક્યમાં શું ઘડે છે? સોનું. ચોથા વાક્યમાં કોને બોલાવે છે? પુત્રને. પાંચમા વાક્યમાં કોને માર્યો? મોહનને. છઠ્ઠા વાક્યમાં શું વણી? પૂરી. માટે 'ચોપડી,' 'લેખાં,' 'સોનું,' 'પુત્રને,' 'મોહનને' અને 'પૂરી' કર્મ છે.

ટીપઃ—ઉપલાં વાક્યોમાં 'ચોપડી,' 'લેખાં,' 'સોનું,' 'પુત્રને,' 'મોહનને' અને 'પૂરી' કર્મ છે, અને તેજ શબ્દો **ક્રિયાપૂરક** પણ છે.

પાઠ ૧૨. વાકયપૃથક્કરણ.

(કર્ત્તા, ક્રિયાપદ, ક્રિયાપૂરક.)

વાક્યપૃથક્કરણ એટલે વાક્યના ભાગ પાડવા. પાછલા પાઠમાં આપણે જોયું કે વાક્યના **બે ભાગ** છે. (૧) જેની આપણે વાત કરતા હોઈએ તે એક ભાગ, (૨) તેને વિષે જે વાત કરીએ તે બીજો ભાગ. વાક્યમાં **કર્ત્તા** હોય છે તે વાક્યના પહેલા ભાગમાં આવે છે. ને **ક્રિયાપદ** હોય છે તે બીજા ભાગમાં આવે છે. કેટલાંક ક્રિયાપદ એકલાં આવે છે, કેટલાંક ક્રિયાપદની સાથે ક્રિયાપૂરક શબ્દ આવે છે. **સકર્મક** ક્રિયાપદનાં કર્મ ક્રિયાપૂરક હોય છે.

નમુના દાખલ કેટલાંક વાકયોનું પૃથક્કરણ નીચે કરી બતાવીએ છીએ.

વાકય.	કોને માટે ?	શું કર્યું	
	કર્તા.	ક્રિયાપદ.	ક્રિયાપૂરક.
૧. દોડ.	તું (અધ્યાહાર)	દોડ	
૨. છોકરાં રમે છે.	છોકરાં	રમે છે	
૩. નરોત્તમ જઇ આવ્યો.	નરોત્તમ	જઇ આવ્યો	
૪. કૂકડી ઇંડાં સેવે છે.	કૂકડી	સેવે છે	ઇંડાં
૫. વાડીલાલે પૈસા આપી દીધા.	વાડીલાલે	આપી દીધા	પૈસા

પાઠ ૧૩. પદચ્છેદ.*
(નામ, ક્રિયાપદ.)

(૧). વાક્યમાં અમુક શબ્દ નામ કે ક્રિયાપદ છે, એમ ન કહેવરાવતાં, **શરૂઆતમાં** પ્રથમ તેનું કારણ કહી, પછી નામ કે ક્રિયાપદ કહે, એવી ટેવ પાડવી. આથી છોકરાં વગર વિચારે બોલતાં અટકશે.

* **પદચ્છેદ**=[પદ=શબ્દ (વ્યાકરણમાં વાકયમાંના શબ્દને **પદ** કહે છે.) + છેદ=ભાગ કે વિભાગ] પદના વિભાગ. વાકયમાંનાં પદોના પાંચ વિભાગ છે. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, અને અવ્યય. પદચ્છેદ કરવું એટલે પદના વિભાગ કરવા અને તે નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, કે અવ્યય છે તે ઠરેવું તે.

(૨). વાક્યમાં જે નામો કર્તા કે કર્મ તરીકે વપરાયલાં હોય, તેના પદચ્છેદમાં તે નામો ક્યા ક્રિયાપદનાં કર્તા કે કર્મ છે, તે પણ પદચ્છેદમાં બોલાવવું.

(૩). નામ ને ક્રિયાપદ સિવાયના શબ્દો પદચ્છેદમાં મૂકી દેવરાવવા.

એક દિવસ ભરવાડનો છોકરો સીમમાં બકરાં ચારતો હતો.

આ વાક્યનું પદચ્છેદ અમે નમુના દાખલા નીચે કરી બતાવીએ છીએ.

દિવસ:—વખતના માપનું નામ માટે નામ.

ભરવાડનો:—પ્રાણીનું નામ માટે નામ.

છોકરો:—પ્રાણીનું નામ માટે નામ; 'ચારતો હતો' ક્રિયાપદનો કર્તા.

સીમમાં:—જગ્યાનું નામ માટે નામ.

બકરાં:—પ્રાણીનું નામ માટે નામ, 'ચારતો હતો' ક્રિયાપદનું કર્મ.

ચારતો હતો:—ચારવાની ક્રિયા બતાવે છે માટે ક્રિયાપદ.

મનોયત્ન ૬.

નીચેના વર્ણનમાંથી **નામ** અને **ક્રિયાપદ** શોધી કાઢો.

માણસના શરીરના બે ભાગ ડોકું ને ધડ છે. ડોકું ઉપર છે; ધડ નીચે છે. ડોકા ઉપર માથું છે, માથા ઉપર વાળ ઊગે છે. ડોકામાં આંખો, કાન, નાક, મોઢું મોખરે છે. આંખો ઉપર કપાળ છે. આંખો ને કાન વચ્ચે લમણાં છે. મોં ને કાન વચ્ચે ગાલ છે. માથા પર બાળકને બાબરી હોય છે, મોટા માણસ ચોટલા, ચોટલી રાખે છે. મોઢાને બે હોઠ છે. મોંમાં જીભ ને દાંત છે. હોઠની નીચે હડપચી છે. ડોકું ને ધડ એ બેની વચ્ચે ગળું છે. ગળાની પછવાડે બોચી છે. મજુર લોક ગાંસડી કે ટોપલા માથે મૂકે છે.

કાગડો ચાંચથી ચાંચ ખોદે છે. તેને બે પગ હોય છે. તે દરેક પગે ચચ્ચાર આંગળાં છે. તે અનાજ, કીડા, કે માંસ ખાય છે, ને મુએલાં

જનાવરની આંખો ફોડી ખાય છે. બાળકના હાથમાંથી વખતે રોટલો પણ લઈ જાય છે. કાગડા ઝાડે માળા બાંધે છે, સાંજે તેમાં સૂએ છે. પરોઢીએ કા કા કરે છે.

દિવાળીના દહાડામાં લોક ઘેર ઘેર દિવા કરે છે, સારૂં સારૂં ખાવાનું કરે છે. કોઇ દહાડો કંસાર, કોઇ દહાડો શીરોપૂરી, કોઈ દહાડો દુધપાકપૂરી, કદી લાડુ એમ જમણ કરે છે. લોક કાચુંકોરૂં ખાવા માટે સેવ, પૂરીઓ, મઠીઆં, પઉંઆ, સંજોરી, ઘૂઘરા એવી એવી ખાવાની જણસો રાખે છે. દિવાળી પહેલાં લોક ઘરમાંથી જાળાં કાઢે છે, ને ઘરને ખડી, ગેરૂ, ચૂનો કે રંગ ચોપડે છે. પટારામાંથી બચકા કાઢી તેમાંનાં લૂગડાં તડકે સૂકવે છે, ને ઉધઇબુધઇ લાગી હોય તો તે ખંખેરે છે. છોકરાં દારૂખાનું છોડે છે. ફટાકાની પેટીઓ, ટેટા, કોઠીઓ, છછુંદર, ફુલઝરણીઓ વગેરે છોડે છે.

પાઠ ૧૪. સર્વનામ.

૧. મગને કહ્યું કે, મગન ભૂખ્યો છે.

૨. છગને કહ્યું કે, છગનને ચોપડી આપો.

૩. મહેતાજીએ માવજીને કહ્યું કે, માવજી નિશાળે જા.

૪. છગને તારાચંદને કહ્યું કે, તારાચંદથી પાઠ નહિ થાય.

૫. લલ્લુ નિશાળે આવતો હતો, પણ રસ્તામાં લલ્લુ પડી ગયો, તેથી લલ્લુનો પગ ભાંગ્યો.

ઉપર મુજબ બોલવું શોભતું નથી, તથા કાનને પણ સારૂં લાગતું નથી. ઉપરનાં વાક્યો નીચે મુજબ બોલાય છે.

૧. મગને કહ્યું કે, હું ભૂખ્યો છું.

૨. છગને કહ્યું કે **મને** ચોપડી આપો.

૩. મહેતાજીએ માવજીને કહ્યું કે, **તું** નિશાળે જા.

૪. છગને તારાચંદને કહ્યું કે, **તારાથી** પાઠ નહિ થાય.

૫. લલ્લુ નિશાળે આવતો હતો, પણ રસ્તામાં **તે** પડી ગયો, તેથી **તેનો** પગ ભાંગ્યો.

પહેલા વાક્યમાં 'હું' શબ્દ મગનને ઠેકાણે, બીજા વાક્યમાં 'મને' શબ્દ છગનને ઠેકાણે, ત્રીજા વાક્યમાં 'તું' શબ્દ માવજીને ઠેકાણે, ચોથા વાક્યમાં 'તારાથી' શબ્દ તારાચંદને ઠેકાણે, અને પાંચમા વાક્યમાં 'તે' અને 'તેનો' શબ્દ લલ્લુને ઠેકાણે વપરાએલા છે. 'હું', 'મને', 'તું', 'તારાથી', 'તે', અને 'તેનો' શબ્દો **નામોને** માટે વપરાયા છે.

દરેક બોલનાર પોતાને માટે 'હું' નાં, જેની સાથે વાત થતી હોય તે દરેકને માટે 'તું' નાં, અને જેને વિષે વાત ચાલતી હોય તે દરેકને માટે 'તે' નાં રૂપ વાપરે છે. આવા શબ્દો દરેકના નામ માટે વપરાય છે માટે તેને **સર્વનામ** (બધાનું નામ) કહે છે.

જે શબ્દો નામને ઠેકાણે આવે છે, તેને સર્વનામ કહે છે.

હું, તું, તે, આપણ, આપ, પોતે અને કોણ, એ સાત શબ્દો સર્વનામમાં ગણાય છે.×

મનોયત્ન ૭.

નીચેના પાઠમાં **સર્વનામ** ક્યાં છે, ને તે કયા નામને બદલે આવ્યાં છે તે કહો.

બેન રતન, તું કેમ રડે છે? ભાઇ, પેલા છગને મારી ચોપડી ફાડી નાંખી. હવે હું શું કરીશ? લે, આ મારી સારી ચોપડી લે, તારી ફાટેલી ચોપડી મને આપ. હું તેને સાંધીને કામમાં લઈશ. ભાઇ, એમ ન થાય. આ તમારી ચોપડી પાછી લો. હું મારી ચોપડી સાંધી લઇશ. ચાલ, ઊઠ

× **'આપણે'** સર્વનામ બોલનાર અને જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે, **'આપ'** સર્વનામ સામા માણસને માન આપીને બોલાવતાં, અને **'કોણ'** સર્વનામ પ્રશ્ન પૂછતાં વપરાય છે. (જુઓ ધોરણ પાંચમાનો પાઠ ૭ મો.)

બેન, નિશાળે જવાનું મોડું થાય છે. ભાઈ મને આજનો પાઠ આવડતો નથી, મારી માનું માથું દુખતું હતું તે ચાંપવાને હું બેઠી, ને પાઠ થયો નહિ. મહેતાજી પૂછશે તો હું શું કહીશ? ખરી વાત કહેજે. ભાઈ, મહેતાજીને આવતાં વાર છે. તે આવે તે પહેલાં મને પાઠ ન શિખવો? હા, આવ, તને ઝટ શિખવું.

આપણને કોણે પેદા કર્યા? ઈશ્વરે. આપણે જે જે જોઇએ છીએ તે બધું તેણેજ પેદા કર્યું છે. આપણને અને આપણાં સગાંવહાલાંને પણ તેણેજ પેદા કર્યા છે. આપણે તેને દેખતા નથી, પણ તે આપણને દેખે છે. તે આપણને રાત દિવસ જાળવે છે, એવો તે પોતે આપણા સૌના પર કૃપાળુ છે. એને પોતાને આપણી ફીકર છે તેટલી કોઇને નથી.

પાઠ ૧૫. વાકયપૃથક્કરણ (સર્વનામ સહિત).

(કર્ત્તા, ક્રિયાપદ, ક્રિયાપૂરક.)

૧. વાક્યમાં જે વિષે કહેવામાં આવે તે (કર્ત્તા), અને ક્રિયાપૂરક શબ્દો મુખ્યત્વે નામ હોય છે. જેમ—

૧. મગન ગયો.
૨. કનુભાઈ બેનને બોલાવી લાવ્યા.
૩. ગુલાબે ભિખારીને રોટલો આપ્યો.
૪. છગને મનસુખને દાખલો શિખવ્યો.

આ વાક્યમાં ‘ મગન,’ ‘કનુભાઈ,’ ‘ ગુલાબે,’ અને ‘છગને’ કર્ત્તા છે, અને એ શબ્દો નામ છે.

‘બેનને,’ ‘ભિખારીને રોટલો,’ અને ‘મનસુખને દાખલો’ શબ્દ ક્રિયાપૂરક (કર્મ) છે, અને એ શબ્દો નામ છે.

૨. સર્વનામ, નામની જગ્યાએ વપરાતા શબ્દ છે, માટે તે કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, હું ગયો, તેણે પાઠ વાંચ્યો.

આ વાકયોમાં 'હું' અને 'તેણે' સર્વનામ છે ને કર્ત્તા છે. માવજીએ મને બોલાવ્યો. સિપાઇએ તેને પકડયો. આ વાકયોમાં 'મને' અને 'તેને' સર્વનામ છે ને તે ક્રિયાપૂરક છે.

નમુના દાખલ કેટલાંક વાકયોનું પૃથક્કરણ અમે નીચે કરી બતાવીએ છીએ.

વાકય.	કોને માટે ?	શું કહ્યું ?	
	કર્ત્તા.	ક્રિયાપદ.	ક્રિયાપૂરક.
૧. ડીકાભાઇ આવ્યા.	ડીકાભાઇ	આવ્યા	
૨. તે જશે.	તે	જશે	
૩. તેણે નોકર રાખ્યો.	તેણે	રાખ્યો	નોકર
૪. વાઘે પાડાને ફાડી ખાધું.	વાઘે	ફાડી ખાધું	પાડાને
૫. હું તેને પાન દઉં છું.	હું "	દઉં છું	તેને પાન

મનોયત્ન ૮.

નીચેનાં વાકયોનું **પૃથક્કરણ** કરો.

૧. ત્રિકમલાલ કાગળ વાંચે છે.
૨. તેણે ગાયને લાકડી મારી.
૩. મેં તને ગુણ કર્યો છે.
૪. ચંડાળે વેપારીને કપડું વેચ્યું.
૫. તેણે મને પાણી પાયું.
૬. તેણે તને હિસાબ બતાવી દીધો.

૭. છોકરાંને તે છેતરતો નથી.
૮. એ તને નખ દેશે.

અત્યાર સુધી કર્ત્તા, ક્રિયાપૂરક અને ક્રિયાપદથી બનતાં વાક્યનું વિવેચન કર્યું. આવાં વાક્યને **અતિ ટુંકાં** કે **મૂળ વાક્ય** કહે છે. દુનિયાનો બધો વ્યવહાર મૂળવાક્યથી ન જ ચાલી શકે એ ખુલ્લું છે. તેથી વ્યવહારમાં જે વાક્યો વપરાય છે તેમાં એ સિવાયના બીજા ઘણી જાતના શબ્દો આવેલા હોય છે, પણ એ શબ્દો વાક્યનાં ત્રણ અંગ–કર્ત્તા, ક્રિયાપૂરક, અને ક્રિયાપદ–એમાંના હરકોઈ સાથે સંબંધ રાખે છે. જેની સાથે એ શબ્દો સંબંધ રાખે તેનો એ વધારો કહેવાય, ને એ વાક્ય **વધારેલાં** કે **વિસ્તાર પામેલાં** કહેવાય છે.

કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દનો વધારો **વિશેષણથી,** અને ક્રિયાપદનો વધારો **ક્રિયાવિશેષણથી** થાય છે, તે સંબંધી હવે આપણે વિચાર કરીએ.

પાઠ ૧૬. વિશેષણ.

૧. રાતી ગાય આવી.
૨. આ છોકરો પાઠ વાંચે છે.
૩. મોટી કલમ ભાંગી ગઇ.
૪. ત્રણ પાવલી પડી ગઇ.
૫. પાંચમી દુકાન સળગી.
૬. થોડી સાહી છે.
૭. રાજાએ વિદ્વાન્ બ્રાહ્મણોને બોલાવ્યા.
૮. લલ્લુએ પેલી પાઘડી ફાડી નાંખી.
૯. તેણે મોટી સ્લેટ ફોડી.
૧૦. ભરવાડે દશ બકરાં ખરીદ્યાં.
૧૧. મહેતાજી પહેલા નંબરને બોલાવે છે.
૧૨. બિલાડી ઘણું દૂધ પી ગઇ.

પહેલા વાક્યમાં કર્ત્તા 'ગાય' છે તેની પહેલાં 'રાતી' શબ્દ મૂકવાથી ગાય **કેવી** છે તે સમજાય છે, બીજા વાક્યમાં કર્ત્તા

'છોકરો' છે તેની પહેલાં 'આ' શબ્દ મૂકવાથી છોકરો કયો છે તે સમજાય છે, ત્રીજા વાક્યમાં કર્ત્તા 'કલમ' છે તેની પહેલાં 'મોટી' શબ્દ મૂકવાથી કલમ કેવડી છે તે સમજાય છે, ચોથા વાક્યમાં કર્ત્તા 'પાવલી'ની પહેલાં 'ત્રણ' શબ્દ પાવલી **કેટલી** છે તે સમજાવે છે. પાંચમા વાક્યમાં કર્ત્તા 'દુકાન'ની પહેલાં 'પાંચમી' શબ્દ દુકાન **કેટલામી** છે તે સમજાવે છે, ને છઠ્ઠા વાક્યમાં કર્ત્તા 'સાહી' છે તેની પહેલાં 'થોડી' શબ્દ મૂકવાથી સાહી (જથ્થામાં) **કેટલી** છે તે સમજાય છે.

સાતમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'બ્રાહ્મણો'ની પહેલાં 'વિદ્વાન્' શબ્દ બ્રાહ્મણો **કેવા** તે સમજાવે છે, આઠમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'પાઘડી'ની પહેલાં 'પેલી' શબ્દ પાઘડી કઇ છે તે સમજાવે છે, નવમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'સ્લેટ' ની પહેલાં 'મોટી' શબ્દ સ્લેટ **કેવડી** છે તે સમજાવે છે, દશમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'બકરાં' ની પહેલાં 'દશ' શબ્દ બકરાં **કેટલાં** છે તે સમજાવે છે, અગીઆરમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'નંબર' ની પહેલાં 'પહેલો' શબ્દ નંબર **કેટલામો** છે તે સમજાવે છે, ને બારમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'દૂધ'ની પહેલાં 'ઘણું' શબ્દ દૂધ (**જથ્થામાં**) **કેટલું** છે તે સમજાવે છે.

જે શબ્દ વસ્તુ કેવી છે, કઈ છે, કેવડી છે, કેટલી છે, કેટલામી છે, (જથ્થામાં) કેટલી છે, વગેરે વધારો (વિશેષ) સમજાવે છે, તે વિશેષણ છે.*

---

* વિશેષણ નામોને ઓળખાવી નામના વર્ગની હદ બાંધે છે. અર્થાત્ તેને સંકોચાવે છે. જેમ, ડાહ્યાં છોકરાં. એમાં છોકરાંના વર્ગથી ડાહ્યાં છોકરાંનો વર્ગ નાનો થશે; કેમકે છોકરાંમાં બધાં છોકરાં આવી ગયાં. બધાં છોકરાં એમ કહીએ તો પણ કેટલાં છોકરાં તે જણાવી નામના વર્ગની હદ બાંધે છે.

ટીપ:—નામ સાથે વિશેષણ આવવાથી નામમાં નામ તરીકે જે અર્થ રહેલો હોય છે તે અર્થમાં વધારો થાય છે, માટે એ **વિશેષણ** કહેવાયું છે.

મનોયત્ન ૯.

નીચેનાં વાક્યોમાં **વિશેષણ** ક્યાં છે? અને તે શું સમજાવે છે?

૧. કાળી માટી લાવો. ૨. લાંબું દોરડું જોઇશે.
૩. કાચાં બોર છે. ૪. મેં બે લાડુ ખાધા.
૫. જૂઠો ચકલો બોલ્યો. ૬. નાની સ્લેટ લાવ.
૭. જલ્દી પાડું નાટું. ૮. મેં પાંચ દાખલા ગણ્યા.
૯. ત્રણ પૈસા જડયા. ૧૦. મોટું પૂર આવ્યું.

પાઠ ૧૭. વિશેષણ, વિશેષ્ય.

મોટું પૂર આવ્યું, ઘણું દૂધ છે, બહુ મજા પડી, લાલ રંગ ચડયો, પાંચ રૂપિયા પડયા છે. આ વાક્યોમાં 'મોટું,' 'ઘણું,' 'બહુ,' 'લાલ,' અને 'પાંચ' વિશેષણ છે, ને તેથી 'પૂર,' 'દૂધ,' 'મજા,' 'રંગ,' અને 'રૂપિયા'ના અર્થમાં વધારો (વિશેષ) થાય છે, માટે પૂર, દૂધ, મજા, રંગ, અને રૂપિયા એ નામો વધારો (વિશેષ) બતાવવાને યોગ્ય એટલે **વિશેષ્ય** કહેવાય છે, અને વિશેષ બતાવનારા શબ્દો **વિશેષણ** કહેવાય છે.

વિશેષણ જેને લગાડવામાં આવે તે વિશેષ્ય, અને વિશેષ બતાવનારો શબ્દ તે વિશેષણ. જેમ, મોટું પૂર એમાં મોટું એ 'પૂર'નું **વિશેષણ,** અને પૂર એ 'મોટું'નો **વિશેષ્ય** છે.

મનોયત્ન ૧૦.

નીચેનાં વાક્યોમાં **વિશેષણ** તથા **વિશેષ્ય** કહો.

૧. મીઠો ભાત હતો.
૨. ખાટી છાશ છે.
૩. ઘણો વરસાદ વરસ્યો.
૪. ગંદુ પાણી આવે છે.
૫. ઉનું પાણી લાવો.
૬. નાના છોડ કરમાયા.
૭. ચાર પગ છે.
૮. નાનાં બચ્ચાં ખરીદ્યાં.

પાઠ ૧૮. વિશેષણ તરીકે વપરાતાં સર્વનામ.

૧. તારૂં **શું** થાત?	તારી **શી** વલે થાત?
૨. **આ** આવે છે.	**આ** માળી આવે છે.
૩. **પેલો**, દડો લઈ કૂદે છે.	**પેલો** છોકરો દડો લઇ કૂદે છે.
૪. **એ** પીળો છે.	**એ** દડો પીળો છે.
૫. તેને **કંઇ** ન હતું.	તેને **કંઇ** છોકરૂં ન હતું.
૬. મેં **કાંઈ** ન ખરીદ્યું.	મેં **કાંઇ** વસ્તુ ન ખરીદી.
૭. **દરેકે** ડ્રિલમાં આવવું.	**દરેક** છોકરે ડ્રિલમાં આવવું.
૮. **જે** જશે તે પસ્તાશે.	**જે** માણસ જશે તે પસ્તાશે.
૯. તમારા **જેવી** અહીં આવી હતી.	તમારા **જેવી** બેન અહીં આવી હતી.
૧૦. **તે** દવા લે છે.	**તે** બૈરી દવા લે છે.
૧૧. **તેવું** મારે પણ છે.	**તેવું** બદન મારે પણ છે.

પહેલી હારનાં વાક્યોમાં શું, આ, પેલો, એ, કંઈ, કાંઇ, દરેકે, જે, જેવી, તે અને તેવું શબ્દો નામને બદલે આવ્યા છે, માટે તેમનું પદચ્છેદ **સર્વનામ** થાય; પણ બીજી હારમાં શી, આ, પેલો, એ,

કંઇ, કાંઇ, દરેક, જે, જેવી, તે અને તેવું શબ્દો અનુક્રમે વલે, માળી, છોકરો, દડો, છોકરૂં, વસ્તુ, છોકરે, માણસ, બેન, બૈરી અને બદન નામના અર્થમાં વધારો કરે છે માટે ત્યાં તેમનું પદચ્છેદ **વિશેષણ** થાય.

શો–શી–શું, કયો–કઇ–કયું; આ, એ, પેલો–પેલી–પેલું, ઓલ્યો–ઓલી–ઓલ્યું; કોઇ–કોઇક–હરકોઇ, કાંઇ–કાંઇકિ–હરકાંઇ, કંઈ–કંઇક–હરકંઇ, જેકોઈ, અમુક, બીજું, કશું, ફલાણો–ફલાણી–ફલાણું, કેટલાંક; જે, જેવું, જેટલું, જેવડું; તે, તેવું, તેટલું, તેવડું; આ શબ્દો એકલા આવે ત્યાં તેમનું પદચ્છેદ **સર્વનામ,** અને નામ સાથે આવે ત્યાં તેમનું પદચ્છેદ **વિશેષણ** થાય.

પાઠ ૧૯. વાકયપૃથક્કરણ.

(કર્ત્તા, ક્રિયાપૂરકના વધારા સહિત.)

૧. વિશેષણો વિશેષ્ય વિના એકલાં આવે છે, ત્યારે તે નામ તરીકે વપરાય છે; માટે **વિશેષણો** પણ કર્તા અને ક્રિયાપૂરક શબ્દ થઇ શકે. જેમ, **ગાંડો** બકે છે, તેણે **ભલાને** માર્યો. આ વાકયોમાં 'ગાંડો' કર્ત્તા છે, અને 'ભલાને' ક્રિયાપૂરક (કર્મ) છે.

૨. કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે મુખ્યત્વે **વિશેષણ** વપરાય છે. જેમ, **સારો** છોકરો આવ્યો, મેં **કાળો** ઘોડો લીધો.

૩. **કેટલાંક સર્વનામ,** વિશેષણ તરીકે વપરાય છે, માટે તે કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે વપરાય. જેમ, **કયો** માણસ આવ્યો ? **આ** માણસ જાય છે, **જે** માણસ જમતો હતો, **પેલો** ઘોડો જાય છે; તમે **શી** વસ્તુ ખરીદી ? મેં **એ** ઘર લીધું, **તે** માણસને બોલાવો, તમે **કોઇ** માણસને ન છેડો.

નમુના દાખલ કેટલાંક વાકયોનું પૃથક્કરણ નીચે કરી બતાવીએ છીએ.

વાક્ય.	કોને માટે ?		શું કહ્યું ?	
	કર્ત્તા.	કર્ત્તાનો વધારો	ક્રિયાપદ.	ક્રિયાપૂરક.
૧. ગાંડો બકે છે.	ગાંડો		બકે છે	
૨. તેણે ભલાને માર્યો.	તેણે		માર્યો	ભલાને
૩. ડાહ્યાં માણસો સારાં કામ કરે છે.	માણસો	ડાહ્યાં	કરે છે	સારાં કામ
૪. ઉદાર રાજાએ વિદ્વાન્ બ્રાહ્મણોને તેડાવ્યા.	રાજાએ	ઉદાર	તેડાવ્યા	વિદ્વાન્ બ્રાહ્મણોને
૫. અદેખા પ્રાણજીવને નીચ કામ કર્યું.	પ્રાણજીવને	અદેખા	કર્યું	નીચ કામ
૬. એ બાઇએ સંકટ ખાળ્યું હતું.	બાઇએ	એ	ખાળ્યું હતું	સંકટ
૭. પેલા જીવણરામે શી તકરાર કરી ?	જીવણરામે	પેલા	કરી	શી તકરાર
૮. આ છોકરે અનેક ઉપાય યોજ્યા.	છોકરે	આ	યોજ્યા	અનેક ઉપાય
૯. કેટલાક છોકરાઓએ તે કસુર કીધી હતી.	છોકરાઓએ	કેટલાક	કીધી હતી.	તે કસુર
૧૦. તેં નિર્મળ રસ્તો પકડ્યો છે.	તેં		પકડ્યો છે	નિર્મળ રસ્તો

પાઠ ૨૦. અવ્યય

પાછલા પાઠોમાં આપણે નામ, ક્રિયાપદ, સર્વનામ અને વિશેષણ એ ચાર જાતના શબ્દોની વાત કરી ગયા, તે એવી જાતના શબ્દો છે કે જુદે જુદે વખતે તેના રૂપમાં કંઇ ને કંઇ ફેરફાર થાય છે; જેમ–

નામ—છોકરો, છોકરી, છોકરૂં, છોકરાઓ, છોકરાં, છોકરાથી, વગેરે.

ક્રિયાપદ—**હું આવું છું**, મારાથી **અવાય છે**, **તું આવ્યો**, તે **આવશે**, વગેરે.

સર્વનામ—હું, અમે, મેં; તું, તમે, તારાથી; તે, તેણે, તેમાં; આપણ, આપણી; વગેરે.

વિશેષણ—**સારો** છોકરો, **સારી** છોકરી, **સારા** છોકરાઓ, વગેરે.

નામ, ક્રિયાપદ, સર્વનામ, વિશેષણ સિવાયના જે શબ્દો બાકી રહ્યા, તે એવી જાતના શબ્દો છે કે તેમાં કાંઇ પણ ફેરફાર થતો નથી, એટલે તે બધા શબ્દો એક ને એકજ રૂપે વપરાય છે. તેથી તેનું નામ **અવ્યય** (**અ**=નહિ+**વ્યય**=ફેરફાર,–ફેરફાર વગરના) પાડ્યું છે. જેમ, ઝટ, ઠીક, સુદ્ધાં, વડે, અને, અથવા, વાહ, અરે, વગેરે.

જે શબ્દોના રૂપમાં કાંઇ ફેરફાર ન થતાં હંમેશાં પોતાને રૂપે જ રહે છે તેને અવ્યય કહે છે.

મનોયત્ન ૧૧.

નીચેની વાર્તામાં **અવ્યય** કયા છે તે **કારણ સાથે** કહો. (ચાર જાતમાં ન આવે તેને અવ્યય કહેવરાવવું).

એક વેળા એવું બન્યું કે પેલા જ ઝાડ **તળે** એક જણે જાળ નાંખી હતી. તેમાં એનો એ જ સિંહ આવી ચઢ્યો, ને ઘણાં ય ફાંફાં માર્યા,

પણ માંહેથી છૂટાયું નહિ, ને બહુ અકળાયો; એટલે બૂમો પાડવા માંડી. તે સાંભળીને પેલો ઉંદર દરમાંથી ઝટ લઇને બહાર આવ્યો, ને જોયું તો પેલા સિંહને મોટા દુઃખમાં દીઠો.

ઉંદરે વિચાર્યું જે આ વખત જીવતદાનનો બદલો વાળવાનો આવ્યો છે. પછી તેણે સિંહને કહ્યું, મહારાજ, ફીકર કરશો મા, તમારો દાસ હાજર થયો છે, તેનાથી બનશે તે ચાકરી કરશે. ત્યારપછી તેણે પેલી જાળ દાંતે કાતરી નાંખી, અને સિંહનો છૂટકો કર્યો.

અવ્યયોને તેમના કામ પ્રમાણે છૂટા છૂટા ઓળખવાની જરૂર છે તે વિષે હવે આપણે વિચાર કરીએ.

પાઠ ૨૧. ક્રિયાવિશેષણ અવ્યય.

૧. લલ્લુ હમણાં આવ્યો.	૪. ગાય પાછળ આવે છે.
૨. છગન કાલે જશે.	૫. સગન હળવે હળવે બોલે છે.
૩. ભગુ નીચે બેઠો છે.	૬. બંદુક ફડાફડ ફૂટી.

પહેલા વાક્યમાં 'હમણાં' શબ્દ, આવવાની ક્રિયા ક્યારે (કયે વખતે) થઇ રહી તે સમજાવે છે, બીજા વાક્યમાં 'કાલે' શબ્દ જવાની ક્રિયા ક્યારે થશે તે સમજાવે છે, ત્રીજા વાક્યમાં 'નીચે' શબ્દ બેસવાની ક્રિયા ક્યાં (કયે ઠેકાણે) થઈ છે તે સમજાવે છે, ચોથા વાક્યમાં 'પાછળ' શબ્દ આવવાની ક્રિયા ક્યાં થાય છે તે સમજાવે છે, પાંચમા વાક્યમાં 'હળવે હળવે' શબ્દ બોલવાની ક્રિયા કેમ (કેવી રીતે) થાય છે તે સમજાવે છે, છઠ્ઠા વાક્યમાં 'ફડાફડ' શબ્દ ફૂટવાની ક્રિયા કેમ થાય છે તે સમજાવે છે. આ શબ્દો ક્રિયાના અર્થમાં વધારો કરે છે, ને અવ્યયની જાતના છે; માટે તેને ક્રિયાવિશેષણ અવ્યય કહે છે.

જે અવ્યય ક્રિયાપદનો ગુણ બતાવી તેના અર્થમાં વધારો કરે છે, એટલે ક્રિયા ક્યારે, ક્યાં, કેમ બની, વગેરે સમજાવે છે; તેને ક્રિયાવિશેષણ અવ્યય કહે છે.

૧. વેળા દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય.—હમણા, અત્યારે, એટલામાં, ક્યારે, જ્યારે, ત્યારે, ઝટ, ઝટપટ, નિત્ય, પહોર, પરાર, હંમેશાં, વારેવારે, ઇત્યાદિ.

૨. ઠેકાણું દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય.—જ્યાં, જહીં, ત્યાં, તહીં, ક્યાં, અહીં, આગળ, પાસે, નજીક, દૂર, છેટે, વેગળે, પુંઠે, ઉપર, નીચે, મધ્યે, આમ, આણીતરફ, ઇત્યાદિ.

૩. રીત દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય.—આમ, એમ, જેમ, તેમ, કેમ, આસ્તે, ધીમે, જરૂર, જ, ખરેખર, કદાચ, રખે, જાણે, થકે, ભલે, વારૂ, હા, તડાતડ, ઇત્યાદિ.

૪. નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.—ન, નવ, નહિ, ના, મા.

૫. ઉપર સિવાય બીજા.—જરા, લગીર, ઘણુંખરૂં, બહુ, ઘણુંકરીને, ગુસ્સાભેર, વગેરે.

સૂચના:—કેટલાક અવ્યય નામને ઠેકાણે વપરાય છે, તેથી તેને વિભક્તિના કોઇ કોઇ પ્રત્યય લાગે છે: જેમ, મેડેથી ખુરસી લાવ, તેને બદલે ઉપરથી ખુરસી લાવ. એમાં 'ઉપર' અવ્યયને પાંચમી વિભક્તિનો પ્રત્યય લાગેલો છે. તેમજ ઉપરનો, ક્યારનો, અહીંથી, ત્યાંથી, અત્યારમાં, વગેરેમાં કેટલીક વિભક્તિ લાગે છે; પણ તેમને જાતિ, વચન, તેમજ સઘળી વિભક્તિના પ્રત્યય લાગતા નથી માટે તેમને અવ્યયમાંજ ગણવા.

ઘોડો **ઘણો** દોડ્યો, ઘોડી **ઘણી** દોડી, ઘોડું **ઘણું** દોડ્યું, ઘોડા **ઘણા** દોડ્યા, ઘોડાં **ઘણાં** દોડ્યાં, આ વાક્યોમાં ઘણો, ઘણી, ઘણું,

ઘણા, ઘણાં **માત્ર** ક્રિયાવિશેષણ છે, તે ક્રિયાપદનાં રૂપ પ્રમાણે ફરે છે. જ્યારે અવ્યયનો શબ્દ હોઇને ક્રિયાનો ગુણ બતાવે, ત્યારે **ક્રિયાવિશેષણ અવ્યય,** ને બીજે ઠેકાણે એકલું **ક્રિયાવિશેષણ** કહેવું.

નામથી ક્રિયાનો વધારો:—કેટલી વખત ક્રિયાપદની પહેલાં **ક્યાં, ક્યારે, ક્યારથી, ક્યાંથી,** વગેરે મૂકીને સવાલ પૂછીએ તેનો જવાબ **નામ વડે** મળે છે. જેમ, ક્યાં જાઓ છો? **ઘેર.** ક્યારે આવશો? **રાતે.** ક્યારથી ભણે છે? **વર્ષથી.** ક્યાંથી આવ્યો? **વડોદરેથી.** આ 'ઘેર,' 'રાતે,' 'વર્ષથી,' 'વડોદરેથી' ક્રિયાવિશેષણનુંજ કામ કરે છે, માટે **વાક્યપૃથક્કરણમાં** તેમને **ક્રિયાના વધારાના ખાનામાં** મૂકવા; પરન્તુ ઘર નામ પરથી ઘેર, રાત નામ પરથી રાતે, વર્ષ નામ પરથી વર્ષથી, વડોદરા નામ પરથી વડોદરેથી શબ્દ થયેલા છે, તેથી **પદચ્છેદમાં** તો તે શબ્દોને **નામના વર્ગમાંજ** ગણાય.

મનોયત્ન ૧૨.

નીચેનાં વાક્યોમાં **ક્રિયાવિશેષણ અવ્યય** કયા છે? તથા ક્રિયાવિશેષણનું કામ કરનાર **નામ** કયાં છે? તથા તે શું બતાવે છે?

૧. નાનાં છોકરાં ઘણું ઉંઘે છે.
૨. ત્યાં ઘણાં છોકરાં રમતાં હતાં.
૩. ગંદી છોડી જલદી નાહ.
૪. મૂર્ખ છોકરાં પાછળથી પસ્તાય છે.
૫. છોકરા ખૂબ દોડયા.
૬. છોટુ પાછળ રહ્યો.
૭. ચીમન, કાલે આવજે.
૮. છગન, કયાં જાય છે?
૯. મોઢું કેમ ઉતરી ગયું?
૧૦. છગન, મગનને સારીપેઠે ઓળખે છે.
૧૧. ભરવાડ બકરાંને સીમમાં લઇ ગયો.
૧૨. ડાહ્યા માણસો વહેલા ઉઠે છે.
૧૩. છગન બે વર્ષથી અંગ્રેજી ભણે છે.
૧૪. સાપ દરમાં ગયો.
૧૫. બોરડીએ બોર બેઠાં છે.
૧૬. છોકરાં મેદાનમાં રમે છે.
૧૭. અહીં ઘણો તાપ પડે છે.
૧૮. ભાદરમાં પૂર આવ્યું છે.
૧૯. મગનનું ઘર આમ છે.
૨૦. છગને સવારમાં દવા પીધી છે.

પાઠ ૨૨. વાક્યપૃથક્કરણ.

(કર્ત્તા, ક્રિયાપદ, અને ક્રિયાપૂરકના વધારા સહિત.)

૧. ક્રિયાના વધારા તરીકે મુખ્યત્વે **ક્રિયાવિશેષણ અવ્યય** વપરાય છે. જેમ, તે **કાલે** ગયો (કાળ), તે **અહીં** આવશે (સ્થળ), **તે નહિ** આવે (નકાર), અમે **કદાચ** આવીએ (સંશય), તે **જરા** દોડ્યો (સ્થિતિ–ન્યૂનતા), ઇત્યાદિ.

૨. ક્રિયાવિશેષણને અર્થે આવતાં **નામ, સર્વનામથી** ક્રિયાનો વધારો થઇ શકે છે. જેમ, હું **બે કલાક** સૂતો (કાળ), તે **બે વર્ષથી** ભણે છે (કાળની મર્યાદા), તે **સુરત** ગયો (સ્થળ), સાપ **દરમાં** પેઠો (સ્થળ), ગાડી **રાજકોટથી** છૂટી (વિયોગનું સ્થળ).

નમુના દાખલ કેટલાંક વાકયોનું પૃથક્કરણ નીચે કરી બતાવીએ છીએ.

વાકય.	કોને માટે ?		શું કહ્યું ?		
	કર્ત્તા.	કર્ત્તાનો વધારો	ક્રિયાપદ.	ક્રિયાપૂરક.	ક્રિયાનો વધારો.
૧. આપણે આજ એક નવી રમત રમીશું.	આપણે		રમીશું	એક નવી રમત	આજ (કાળ)
૨. અહીં ઢોર પાણી પીએ છે.	ઢોર		પીએ છે	પાણી	અહીં (સ્થળ)
૩. તે કેમ રડે છે ?	તે		રડે છે		કેમ (રીત)
૪. ભરવાડ બકરાંને સીમમાં લઇ ગયો.	ભરવાડ		લઈ ગયો	બકરાંને	સીમમાં (સ્થળ)
૫. ભગુ મોડો આવ્યો.	ભગુ		આવ્યો		મોડો (કાળ)
૬. પાણીમાં આ શું પડયું છે?	આ		પડયું છે	શું	પાણીમાં (સ્થળ)
૭. હું તને બે પતાસાં વધારે આપીશ.	હું		આપીશ	તને બે પતાસાં	વધારે (સ્થિતિ)
૮. મેં તે કડકો અંગારામાં મૂક્યો	મેં		મૂક્યો	તે કડકો	અંગારામાં (સ્થળ)
૯. તેને વચમાં એક ઘરડા માણસે પૂછયું.	માણસે	એક ઘરડા	પૂછયું	તેને	વચમાં (રીતિ)

મનોયત્ન ૧૩.

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કરો.

૧. હું તને રજા વહેલી આપીશ.
૨. પેલો છોકરો અંગ્રેજી રોજ બોલે છે.
૩. સારા લોક હંમેશાં પ્રાર્થના કરે છે.
૪. મહેતાજીએ છોકરાંને છ વાગ્યે રમાડયાં.
૫. તેણે આંધળાને બહાર કાઢયો.
૬. નાનો ભાઈ નિશાળે જાય છે.
૭. વાડીમાં છ માણસો મજુરી કરે છે.
૮. છોકરે ગજવામાં હાથ ઘાલ્યો હતો.
૯. કૂતરીએ સસલીને પાસે આવવા દીધી.
૧૦. તેણે ઘરમાં બિલાડી પાળી છે.
૧૧. આ કૂતરો અજાણ્યા માણસને ઓચિંતો કરડે છે.
૧૨. ચંચળે નાનો વીંજણો સારો ભર્યો.
૧૩. તેં પાઠ સારો કર્યો છે
૧૪. તેણે દેશાઇને વતન કાયમ કરી આપ્યું.
૧૫. પેલા ભટજીએ પેલી ડોસીને પાસે બોલાવી કહ્યું.
૧૬. તેણે કોઇ મુસલમાનને મહોલ્લાને નાકે ઉભેલો જોયો.

પાઠ ૨૩. પદચ્છેદ.

[શબ્દના પાંચે વર્ગ (ક્રિયાવિશેષણ અવ્યય સહિત) ઓળખતાં].

એટલામાં સુમિત્રા ત્યાં આવી પહોંચ્યાં. તેમને ત્રણે જણે નમન કર્યું ને આજ્ઞા માગી. (આ વાક્યોનું નમુના દાખલ નીચે પદચ્છેદ કરી બતાવ્યું છે.)

એટલામાં:—ક્યારે આવી પહોંચ્યા તે બતાવે છે માટે વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

સુમિત્રા:—પ્રાણીનું નામ માટે નામ, 'આવી પહોંચ્યાં' ક્રિયાપદનો કર્ત્તા.

ત્યાં:—ક્યાં આવી પહોંચ્યાં તે બતાવે છે માટે ઠેકાણું બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

આવી પહોંચ્યાં:—આવી પહોંચવાની ક્રિયા બતાવે છે માટે ક્રિયાપદ.

તેમને:—'સુમિત્રાને' ઠેકાણે છે માટે સર્વનામ.

ત્રણે:—જણ કેટલા છે તે બતાવે છે માટે વિશેષણ.

જણે:—પ્રાણીનાં નામ માટે નામ, 'કર્યું' ક્રિયાપદના કર્ત્તા.

નમન:—ક્રિયાનું નામ માટે નામ, 'કર્યું' ક્રિયાપદનું કર્મ.

કર્યું:—કરવાની ક્રિયા બતાવે છે માટે ક્રિયાપદ.

ને:—અવ્યય.

આજ્ઞા:—ક્રિયાનું નામ માટે નામ, 'માગી' ક્રિયાપદનું કર્મ.

માગી:—માગવાની ક્રિયા બતાવે છે માટે ક્રિયાપદ.

પાઠ ૨૪. કૃદંત.

૧. છોકરાં **રમતાં રમતાં** વઢી પડયાં.

૨. ઠંડા મુલકના લોકો ચરબી **વધારનારા** પદાર્થો ઘણા ખાય છે.

૩. દશરથ રાજાએ રામચંદ્રજીને વનવાસ **જવાનો** હુકમ કર્યો.

૪. તેણે સ્વામિભક્તિ **બજાવીને** તેનો બચાવ કીધો.

૫. સિંહણનું દૂધ **ધાવેલાને** વરસ, માસ, કે દિવસનું વય કેમ ગણાય?

આ પાંચે વાક્યો છે; કેમકે એમ બોલવાથી કહેવાનો અર્થ પૂરો સમજાય છે. પહેલા વાક્યમાં 'વઢી પડયાં' શબ્દ વઢવાની, બીજા વાક્યમાં 'ખાય છે' શબ્દ ખાવાની, ત્રીજા વાક્યમાં 'કર્યો' શબ્દ કરવાની, ચોથા વાક્યમાં 'કીધો' શબ્દ કરવાની, અને પાંચમા વાક્યમાં 'ગણાય' શબ્દ ગણવાની ક્રિયા બતાવે છે. એ પાંચે ક્રિયા બતાવનાર શબ્દ **ક્રિયાપદ** કહેવાય. પણ—

'છોકરાં રમતાં રમતાં', 'ઠંડા મુલકના લોકો ચરબી વધારનારા', 'દશરથ રાજાએ રામચંદ્રજીને વનવાસ જવાનો', 'તેણે સ્વામિભક્તિ બજાવીને', અને 'સિંહણનું દૂધ ધાવેલાને' એ પ્રમાણે બોલવાથી કહેવાનો અર્થ પૂરો થતો નથી, તેથી તે વાક્યો ન કહેવાય; અને 'રમતાં રમતાં', 'વધારનારા', 'જવાનો', 'બજાવીને' અને 'ધાવેલાને' ક્રિયા બતાવનાર શબ્દોને ક્રિયાપદ ન કહેવાય; એને **કૃદંત** કહે છે.

જે શબ્દો ક્રિયા બતાવે, પણ ક્રિયાપદની પેઠે વાક્ય બનાવતાં નથી તેને કૃદંત કહે છે.

મનોયત્ન ૧૪.

નીચેનાં વાક્યોમાં કૃદંત અને ક્રિયાપદ બતાવો.

પછી પ્રમુખ ઉભા થઇ બોલ્યા. તમે એમ સમજતા હો કે પેટ આળસુ થઈ બેસી રહે છે, અને તમેજ બધાં રળવાનો શ્રમ લો છો, તો તે ભૂલ છે.

આબુપર આવેલાં દહેરાંને દેલવાડાનાં દહેરાં કહે છે. ત્યાં જવાને આબુરોડના સ્ટેશને ઉતરવું સુગમ પડે છે.

પાઠ ૨૫. ટુંકાં વાકયો બનાવવા વિષે.

૧. નીચેના શબ્દોની આગળ તે 'શું કરે છે' તે બતાવનાર એકેક શબ્દ મૂકી વાક્ય બનાવો.

૧. લુહાર	૬. શિક્ષક
૨. દરજી	૭. વાંદરો
૩. ખેડૂત	૮. બાળક
૪. પંખી	૯. સાપ
૫. છોકરાં	૧૦. ઢોર

૨. નીચેનાં ક્રિયાપદોની પહેલાં 'કર્ત્તા' મૂકી વાક્ય બનાવો.

૧. નાઠો	૬. આવશે
૨. હીંડે છે	૭. નાચ્યાં
૩. ખસશે	૮. થાકયો
૪. પડયાં	૯. ચાલે છે
૫. ગયો	૧૦. બોલે છે

૩. નીચેનાં વાકયોમાં રહી ગયેલ 'કર્મ' મૂકી બતાવો.

૧. ભિખારી ભાગે છે.	૭. કૂકડી સેવે છે.
૨. છોકરાં ખાય છે.	૮. શિક્ષકે લખાવ્યું.
૩. રાજા આપે છે.	૯. નરોત્તમે ભાગી.
૪. લહીઓ લખશે.	૧૦. મગન લાવ્યો.
૫. મગને પાડયું.	૧૧. મણીએ બોલાવ્યો.
૬. છગન શીવે છે.	૧૨. લલ્લુએ રમાડયો.

૪. નીચેનાં ક્રિયાપદની પહેલાં કર્ત્તા, અથવા કર્ત્તાકર્મ મૂકી બતાવો. પહેલા વાક્યમાં 'કોણ ખેંચે છે' પૂછવાથી કર્ત્તા, ને 'શું ખેંચે છે' પૂછવાથી કર્મ માલમ પડશે. એ રીતે બધાં વાક્ય ભરાવવાં.

૧. ખેંચે છે	૬. ચડ્યો
૨. લખાવશે	૭. ખસેડ્યું
૩. રંગી	૮. પકડ્યો
૪. ધોયાં	૯. કરડ્યો
૫. આવ્યો	૧૦. સળગાવે છે

૫. પાટિયાપર નીચે આપેલા શબ્દો લખી તેમાંથી એકને કર્ત્તા, અને એકને ક્રિયાપદ તરીકે; અથવા એકને કર્ત્તા, એકને કર્મ, અને એકને ક્રિયાપદ તરીકે લેવરાવી વાક્યો રચાવો.

મગન, રામજી, નરોત્તમ, પુરુષોત્તમ, રાણીસાહેબે, અક્ષર, પ્રાઠ, ખીચડી, લખે છે, વાંચતો હતો, બક્યા કરે છે, જાગી ઉઠ્યો, વહેંચી અપાવી.

સૂચના:—પ્રથમ એક ક્રિયાપદ લઈ તેનાં કર્ત્તાકર્મ ખોળાવવાથી ઝટ વાક્ય રચી શકાશે.

૬. ઝાડ, શકરિયાં, છોડ, હાથ, બાજરો આ શબ્દો નીચેના ક્રિયાપદોના કર્ત્તા તરીકે જ્યાં વપરાય ત્યાં વાપરી બતાવો.

વધ્યો, સળગી ગયો, ભાંગ્યો, પડ્યું, વાવ્યાં.

૭. લીમડો, ડાંગર, ચણા, ડમરો, બાજરો, આંખ આ શબ્દો નીચેનાં વાક્યોમાં કર્મ તરીકે જ્યાં વપરાય ત્યાં વાપરી બતાવો.

૧. કાશી ખાંડે છે.

૨. જમના દળે છે.

૩. ઘોડો ખાય છે.

૪. બીમાંએ બગાડી.

૫. મગને રોપ્યો.

૬. ગોવિંદે વાવ્યો.

૮. ચોમાસામાં, આશા, સોમવારે, શેર, ગજ, માસીએ આ શબ્દો નીચેનાં વાક્યોમાં જ્યાં વપરાય ત્યાં વાપરી બતાવો.

હું	આવીશ.
વરસાદ	વરસે છે.
બ્રાહ્મણ	રાખે છે.
ખુશાલદાસે	ગોળ લીધો.
	ગજીઆણી ખરીદી.
કાશીએ	મશરૂ લીધો.

૯. નીચેનાં વાક્યોમાં કર્તાને ઓળખાવનાર શબ્દ (વિશેષણ) મૂકો.

૧. ચકલો બોલ્યો.	૪. પંખી ઉડયાં.
૨. ડાળ તૂટી.	૫. પેટી પડી.
૩. બળદ દોડે છે.	૬. પૂર આવ્યું.

૧૦. નીચેનાં વાક્યોમાં કર્મને ઓળખાવનાર શબ્દ (વિશેષણ) મૂકો.

૧. મગને પાઠ વાંચ્યા.	૪. છગને નંબર લીધો.
૨. લલ્લુએ ઘોડો ખરીદ્યો.	૫. રાજાએ બ્રાહ્મણને બોલાવ્યો.
૩. કાશીએ રોટલો ઘડયો.	૬. મણીએ ખીચડી ખાધી.

૧૧. નીચેના કોઠામાં ક્રિયા કયે વખતે, કયે ઠેકાણે, અને કેવી રીતે બની તે જણાવનાર શબ્દો (ક્રિયાવિશેષણો) ઉમેરો.

	કયે વખતે? (ક્યારે?)	કયે ઠેકાણે? (ક્યાં?)	કેવી રીતે? (કેમ?)	
છોકરો	આજ	વેગળે	ઝટપટ	ગયો.
મગન				વાંચે છે.
ઘોડો				દોડ્યો.
પંખી				ઉડ્યાં.
જનાવરો				બોલ્યાં.
છોકરાં				રમે છે.
કેશવલાલે				જોયું.
મહેતાજી				ભૂલી ગયા.
બિલાડીઓ				વઢી પડી.
ખુરસી				ઘડી.
વાંદરો				ખાઈ ગયો.

પાઠ ૨૯. સવાલો.

૧. વાક્ય એટલે શું? એક શબ્દનાં વાક્ય આપો, એને વાક્યમાં કેમ ગણાય?

૨. શબ્દ એટલે શું?

૩. સ્વર, હ્રસ્વ સ્વર, અને દીર્ઘ સ્વર એટલે શું? અને તે કયા કયા?

૪. વ્યંજન એટલે શું? અને તે કયા કયા?

૫. બારાક્ષરી, અનુસ્વાર, અને વિસર્ગની વ્યાખ્યા આપો.

૬. જોડાક્ષર એટલે શું? તેનું બીજું નામ શું?
૭. ક્ષ અને જ્ઞ એ ક્યા ક્યા વ્યંજન મળવાથી થયેલ છે?
૮. જોડાક્ષર વાંચવાની રીત બોલો.
૯. વાક્યના બે ભાગ ક્યા?
૧૦. નામ એટલે શું?
૧૧. ક્રિયાપદ એટલે શું?
૧૨. ક્રિયાપૂરક એટલે શું?
૧૩. કર્ત્તા એટલે શું? તેને શોધી કાઢવાની રીત બોલો.
૧૪. કર્મ એટલે શું? તેને શોધી કાઢવાની રીત બોલો.
૧૫. સર્વનામ એટલે શું? ક્યા ક્યા શબ્દો સર્વનામમાં ગણાય છે?
૧૬. વિશેષણ એટલે શું? એ નામ પાડવાનું કારણ શું?
૧૭. વિશેષ્ય કોને કહે છે તે દાખલો આપી સમજાવો.
૧૮. વિશેષણ તરીકે વપરાતાં સર્વનામ ક્યાં? એમનું પદચ્છેદ કેમ કરવું?
૧૯. અવ્યય કોને કહે છે?
૨૦. ક્રિયાવિશેષણ અવ્યય કોને કહે છે?
૨૧. વેળા, ઠેકાણું, રીત, ને નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયના દાખલા આપો.
૨૨. ક્રિયાનો વધારો ક્રિયાવિશેષણ અવ્યય સિવાય શા વડે થાય છે તે દાખલા આપી સમજાવો.
૨૩. કૃદંત એટલે શું? કૃદંત અને ક્રિયાપદ વચ્ચે ફેર શો?

ભાગ ૨ જો. ધોરણ પાંચમા માટે.

પાંચમા ધોરણમાં "શબ્દવિન્યાસ અને વાકયવિન્યાસનાં મૂળતત્ત્વો (પ્રયોગો સાથે)" આટલું શિખવવાનું છે તે નીચેને ક્રમે ચલાવવું.

પહેલા ભાગમાં શબ્દોના પાંચ વર્ગ (નામ, ક્રિયાપદ, સર્વનામ, વિશેષણ, અવ્યય) તથા વાક્યપૃથક્કરણ ને ટુંકા વાક્ય બનાવવા વિષે કેટલીક હકીકત શીખી ગયા. આ ભાગમાં તેને વિષે વધારે હકીકત આવશે. એટલે નામ, ક્રિયાપદ, સર્વનામ, વિશેષણ ને અવ્યયના પ્રકાર, તેમનો એક બીજા સાથે સંબંધ થવાસારૂ તેમને જાતિ, વચન, વિભક્તિ અને કાળ ને અર્થના પ્રત્યયો કેવી રીતે લાગે છે તેનું વર્ણન આવશે. વ્યાકરણના આ ભાગને **શબ્દવિચાર** કહે છે.

વ્યાકરણના જે ભાગમાં વાકય વિષે વિચાર કરેલો હોય છે તેને **વાક્યવિચાર** કહે છે. વાક્યવિચારમાં **વાક્યપૃથક્કરણ** (વાક્યોના ભાગોને જુદા કરવા તે) ને **શબ્દવિન્યાસ** (વાક્યોમાં શબ્દો શી રીતે ગોઠવાય છે તે)નું વર્ણન હોય છે. આ વિષે પણ કેટલીક વિશેષ હકીકત આ ભાગમાં આવશે.

પાઠ ૧. નામના પ્રકાર.

પ્રાણી, વનસ્પતિ, પદાર્થ, વગેરેને ઓળખવા માટે માણસોએ તેનાં નામ પાડેલાં છે. જો દરેક પ્રાણી, વનસ્પતિ, કે પદાર્થને માટે જુદાં જુદાં નામ પાડયાં હોત, તો તે એટલાં બધાં થઇ જાત, કે પછી આપણે તે નામ વડે વસ્તુ ઓળખી શકત નહિ; માટે એકજ જાતની

અને સરખા ગુણવાળી વસ્તુઓનાં, બધાંને લાગુ પડે એવાં **સામાન્ય નામ** પાડેલાં છે. જેમ, માણસ શબ્દ આખા વર્ગનું નામ છે, તેમજ તે વર્ગનાં દરેક પ્રાણીનું નામ છે. વડ શબ્દ આખા વર્ગનું નામ છે, તેમજ તે વર્ગનાં દરેક ઝાડનું નામ છે. ખુરસી શબ્દ આખા વર્ગનું નામ છે, તેમજ તે વર્ગની દરેક વસ્તુનું નામ છે.

સામાન્ય નામ:—જે નામ કોઇ આખા વર્ગને, અથવા તે વર્ગમાંની દરેક વસ્તુને સરખી રીતે લાગુ પડે છે તે. જેમ, પુરુષ, કાકા, ઘોડો, ચકલી; લીમડો, મોગરો; દેશ, પર્વત, નદી, શહેર; ટેબલ, સાંકળ; સંઘ,* કાફલો; સોનું,+ લાકડું, પત્થર, તેલ, ઇત્યાદિ. આવાં નામોને કેટલાક **જાતિવાચક** નામ પણ કહે છે, કેમકે તેથી પ્રાણી, વનસ્પતિ કે પદાર્થની જાત ઓળખાય છે.

રંગ, સંખ્યા, વજન, માપ, વખત, અને અંતર બતા-

---

* સંઘ, ટોળું, સૈન્ય, વર્ગ, કાફલો, પલટણ, વગેરે સામાન્ય નામોને કોઇ **સમૂહવાચક** નામ કહે છે. **જે નામ વડે વસ્તુનો સમૂહ એક પદાર્થ છે એમ બતાવાય, તો તે નામ સમૂહવાચક કહેવાય.** સમૂહવાચક નામ અને સામાન્ય નામમાં ફેર એટલો છે કે સામાન્ય નામ આખા વર્ગના છૂટા પદાર્થને પણ લાગુ પડે છે, તેમ એ નામ લાગુ પડતાં નથી; એ આખા સમૂહને માટે જ વપરાય છે.

\+ સોનું, રૂપું, લોઢું, તાંબું, પત્થર, લાકડું, માટી, પાણી, દૂધ, તેલ, ઘી, મધ, ઘઉં, જુવાર, રૂ, રેશમ, વગેરે સામાન્ય નામોને કોઈ **પદાર્થવાચક** નામ કહે છે. પદાર્થ=મૂળ પદાર્થ. તેમાં જથાનો અર્થ રહેલો છે. લાકડું એ પદાર્થવાચક નામ; અને ટેબલ, ખુરસી, પલંગ તે સામાન્ય નામ. પદાર્થવાચક નામની પહેલાં સંખ્યા જોડી શકાતી નથી. પાંચ ઘી, બે તેલ, છ દારૂ એમ બોલાય નહિ, અને કદાચ બોલીએ તો ત્યાં તેની જાત બતાવે છે. પાંચ ઘી=પાંચ જાતનાં ઘી.

વનાર નામો પણ **સામાન્ય નામ**માં ગણાય છે. જેમ, તાવ, કોલેરા; સેંકો, દશકો; શેર, તોલો; ગજ, તસુ; વર્ષ, ઘડી; કોસ, ગાઉ; ઇત્યાદિ.

સામાન્ય નામની પહેલાં **સંખ્યા** લગાડી શકાય છે. જેમ, પાંચ છોકરા, દશ લીમડા, સાત ખુરસી, એ કાફલા વગેરે.

૧. છોકરો રમે છે.	૧. રમણલાલ રમે છે.
૨. છોડી સુખી છે.	૨. મણી સુખી છે.
૩. દેશ વિસ્તીર્ણ છે.	૩. હિંદુસ્તાન વિસ્તીર્ણ છે.
૪. શહેર ધનાઢ્ય છે.	૪. મુંબઇ ધનાઢ્ય છે.
૫. નદી ઉંડી છે.	૫. નર્મદા ઉંડી છે.

પહેલા વાક્યમાં રમનાર 'છોકરો' છે, પણ તેથી કયો છોકરો તેનો ભાસ થતો નથી; પણ 'રમણલાલ' કહેવાથી એકજ છોકરાનો ભાસ થાય છે. બીજા વાક્યમાં છોડી કહેવાથી કઈ છોડી તેનો ભાસ થતો નથી; પણ 'મણી' કહેવાથી એકજ છોડીનો ભાસ થાય છે. તે જ પ્રમાણે દેશ, શહેર, અને નદી કહેવાથી કયો દેશ, કયું શહેર, કઈ નદી, એ ચોકસ થતું નથી; પણ હિંદુસ્તાન, મુંબઇ, અને નર્મદા કહેવાથી ચોક્સ સ્થળ વિષે કહ્યું છે એ સ્પષ્ટ સમજાય છે. માટે છોકરો, છોડી, દેશ, શહેર, નદી એ **સામાન્યનામ** કહેવાય, અને રમણલાલ, મણી, હિંદુસ્તાન, મુંબઇ, નર્મદા એ **વિશેષ નામ** કહેવાય.

વિશેષનામઃ—એક જ માણસ કે સ્થળનું ખાસ નામ તે વિશેષનામ કહેવાય.

વાર, પખવાડીઉં, મહિના, અને **તહેવારનાં** નામ પણ વિશેષનામમાં ગણાય. જેમ, સોમવાર, શુક્લપક્ષ, માહ, દિવાળી, વગેરે.

વિશેષનામની સાથે સંખ્યાવાચક શબ્દ જોડી શકાતા નથી.

ટીપઃ—પ્રાણીમાં માત્ર મનુષ્ય જાતિમાં **દરેકને ઓળખવાને** તેનાં **ખાસ** નામ પાડેલાં છે, બીજાં પ્રાણીનાં ખાસ નામ પાડેલાં નથી. કોઇ પ્રસંગે પાડેલાં હોય, તો તે પણ વિશેષનામ કહેવાય. જેમ, ટીપુ (કૂતરાનું નામ). તેમજ પદાર્થમાં માત્ર **સ્થળનાં**-ખંડ, દેશ, પર્વત, નદી, સમુદ્ર, બેટ, શહેર, વગેરેનાં-ખાસ નામ પાડેલાં છે. બીજા પદાર્થનાં ખાસ નામ પાડેલ જણાય, તો તે પણ વિશેષ નામ કહેવાય. જેમ, કોહિનૂર (હીરાનું નામ).

છાશમાં **ખટાશ** છે, મગનને ઉંઘ આવે છે, રાણી સાહેબમાં **દયા** ઘણી છે, તેણે **માર** ખાધો. આ વાક્યોમાં 'ખટાશ' ગુણનું, 'ઉંઘ' સ્થિતિનું, 'દયા' લાગણીનું, અને 'માર' ક્રિયાનું નામ છે. આ નામો **ભાવવાચક** નામ કહેવાય છે. ભાવ એટલેજ ગુણ, સ્થિતિ, લાગણી કે ક્રિયા.

ભાવવાચક નામઃ—જે નામો ગુણ, સ્થિતિ, લાગણી, કે ક્રિયા બતાવે તે.

૧. **ગુણનાં નામઃ**—મોટાઇ, અદેખાઈ, ઉંડાણ, રતાશ, ભોળપણ, ગાંડપણ, બહાદુરી, વિદ્વત્તા, દાસત્વ, સૌંદર્ય, ધીરજ, હિમ્મત, વગેરે.

૨. **સ્થિતિનાં નામઃ**—ઉંઘ, તન્દુરસ્તી, વગેરે.

૩. **લાગણીનાં નામઃ**—દયા, હરખ, પ્યાર, હેત, શોક, દુઃખ, વેર, વગેરે.

૪. **ક્રિયાનાં નામઃ**—વાંચવું, વાંચન, દોડવું, દોડ, ગતિ, દોડા-દોડ, મરણ, માર, રમત, વધઘટ, પડાપડી, ખડખડાટ, વગેરે.

૫. **હુન્નર અને વિદ્યાનાં નામઃ**—રંગાટ, વણાટ, ગણિત, ખગોળવિદ્યા.

ભાવવાચક નામની પહેલાં સંખ્યા લગાડી શકાતી નથી, જો લગાડાય તો તે ઠેકાણે તે સામાન્ય નામ થઈ જાય છે. જેમ, કોલેરાથી ઘણાં મરણ થયાં. આ વાક્યમાં ' મરણ ' સામાન્ય નામ છે.

ભાવવાચક નામો ઘણું કરીને નીચેની રીતે બને છે.

વિશેષણ પરથી:—ડાહ્યો, ડહાપણ; આળસુ, આળસ.

નામ પરથી:—મિત્ર, મૈત્રી; ચોર, ચોરી; દીવાન, દીવાની.

ક્રિયાપદ પરથી:—દેખ, દેખાવ; વિચારવું, વિચાર.

મનોયત્ન ૧.

નીચેનાં નામમાંથી **સામાન્ય, વિશેષ,** અને **ભાવવાચક** નામ ખોળી કાઢો.

રજપુત, રાજા, મેવાડ, રાજ્ય, રાણો, રાજસિંહ, રાણી, કલાક, પુત્ર, જન્મ, કુંવર, ભાવ, બેઠક, ગાદી, વિચાર, ખેદ, ટંટો, યુક્તિ, તરવાર, મ્યાન, પ્રાણ, ઘડી, ઉપયોગ, પિતા, ને વચન.

પાઠ ૨. જાતિ.

છોકરો આવ્યો.	છોકરી આવી.	છોકરૂં આવ્યું.
ઘોડો દોડ્યો.	ઘોડી દોડી.	ઘોડું દોડ્યું.
પાડો નાઠો.	પાડી નાઠી.	પાડું નાઠું.
ચકલો ઊડ્યો.	ચકલી ઊડી.	ચકલું ઊડ્યું.
પાટડો લીધો.	પાટડી લીધી.	ઘર લીધું.
ગ્લાસ ફૂટ્યો.	ગોળી ફૂટી.	હાંલ્લું ફૂટ્યું.
રોટલો ભાંગ્યો.	સ્લેટ ભાંગી.	પુઠું ભાંગ્યું.
નકશો ફાટી ગયો.	ચોપડી ફાટી ગઈ.	અંગરખું ફાટી ગયું.

ઉપલાં વાક્યોમાં છોકરો, ઘોડો, પાડો, ચકલો પ્રાણીનાં નામ છે, ને તે નરનાં છે; પાટડો, ગ્લાસ, રોટલો, નકશો એ પદાર્થનાં નામ છે, ને તે નરની પેઠે બોલાય તેવાં નામ છે.

છોકરી, ઘોડી, પાડી, ચકલી એ પ્રાણીનાં નામ છે, ને તે નારીનાં છે. પાટડી, ગોળી, સ્લેટ, ચોપડી એ પદાર્થનાં નામ છે, ને તે નારીની પેઠે બોલાય તેવાં નામ છે.

છોકરૂં, ઘોડું, પાડું, ચકલું એ પ્રાણીનાં નામ છે; પણ તે નરનાં નામ નથી, તેમ નારીનાં નથી; નર કે નારી બેમાંથી એકનાં છે. ઘર, હાલ્લું, મુંહું, અંગરખું, એ પદાર્થનાં નામ છે, ને તે પણ નર કે નારીની પેઠે બોલાય તેવાં નામ નથી.

જે નામ નરનાં હોય, કે નરની પેઠ બોલાય તેવાં હોય; તેને નરજાતિનાં-વર્ગનાં નામ કહે છે.

જે નામ નારીનાં હોય, કે નારીની પેઠ બોલાય તેવાં હોય, તેને નારીજાતિનાં નામ કહે છે.

જે નામ નર કે નારીપણું બતાવતાં નથી, અથવા નર કે નારીની પેઠે બોલાતાં નથી; તેને નાન્યતર જાતિનાં નામ કહે છે.

નાન્યતર=(ન=નહિ+અન્યતર=બેમાંથી એક) બેમાંથી એક નહિ, એટલે નરનારી નહિ તે.

જાતિ ઓળખવાની રીતઃ—નામને છેડે કેવો વિશેષણ લાગે તો **નર**, **કેવી** લાગે તો **નારી**, અને કેવું લાગે તો **નાન્યતર** જાતિ જાણવી. જેમકે, છોકરો કેવો, જળો કેવી, કબાટ કેવું.*

---

* નામના સંબંધનાં **ક્રિયાપદ** અને અન્ય **વિશેષણ** પરથી પણ જાતિ માલમ પડે છે. જેમ, પાડું ઉભું છે, બળદ **મોટો** છે.

જાતિદર્શક પ્રત્યયો+:—ઘોડો, પાડો, બકરો, ચકલો, લીમડો, દેગડો, પાટલો, કુહાડો, બંગલો, ઓરડો આ નામો નરજાતિનાં છે. આ નામોને છેડે 'ઓ' સ્વર છે. ઘણુંકરીને નરજાતિના નામને છેડે 'ઓ' સ્વર હોય છે. 'ઓ' સિવાયના સ્વરવાળાં નામ પણ નરજાતિમાં હોય છે. જેમકે, વાઘ, પાઠ, પિતા, સોની, સાધુ, વગેરે.

ઘોડી, પાડી, બકરી, ચકલી, લીમડી, દેગડી, પાટલી, કુહાડી, બંગલી, ઓરડી આ નામો નારીજાતિનાં છે. આ નામને છેડે 'ઈ' સ્વર છે. ઘણું કરીને નારીજાતિના નામને છેડે 'ઈ' સ્વર હોય છે. 'ઈ' સિવાયના સ્વરવાળાં નામ પણ નારીજાતિનાં છે. જેમ, લેખણ, વિદ્યા, વસ્તુ, હરડે, ધો, વગેરે.

ઘોડું, પાડું, બકરું, ચકલું, પુડું, અંગરખું, ધોતિયું, ગાડું આ નામો નાન્યતરજાતિનાં છે. આ નામોને છેડે 'ઉં' સ્વર છે. ઘણું કરીને નાન્યતરજાતિના નામને છેડે 'ઉં' સ્વર હોય છે. 'ઉં' સિવાયના સ્વરવાળાં નામ પણ નાન્યતરજાતિમાં હોય છે. જેમ, હાટ, ઘી, મોતી, લીંબુ, પશુ, તાલે, મોં, વગેરે.

કેટલાંક નરજાતિનાં નામને નારીજાતિમાં લાવવાને ઈ, આ, અણ, એણ, આણી, ણી, ડી, વગેરે પ્રત્યય લાગે છે. જેમ, પુત્ર—પુત્રી, કાકો—કાકી, બાળ—બાળા, કુંભાર—કુંભારણ, જોગી—જોગણ કે જોગેણ, પટેલ—પટલાણી, ચંડાળ—ચંડાળણી, ભીલ—ભીલડી, વગેરે.

+ પ્રત્યય=(પ્રતિ=બાજુ+અય્=જવું+અ=નાર) એક કે વધારે અક્ષરો પ્રકૃતિને છેડે આવીને તેના અર્થમાં ફેર પાડે છે તે. જેને પ્રત્યય લાગ્યા હોય તે, તે પ્રત્યયના સંબંધમાં પ્રકૃતિ કહેવાય છે.

કેટલાંક નરજાતિનાં નામનાં નારીજાતિમાં જુદાં જ નામો હોય છે. જેમ, વર–વહુ, બાપ–મા, પુરુષ–સ્ત્રી, મરદ–ઓરત, ભાઈ–બેન, ભાઇ–ભોજાઇ, રાજા–રાણી, સસરો–સાસૂ, પાડો–ભેંસ, આખલો–ગાય, મોર–ઢેલ, ઇત્યાદિ.

કેટલાક નામની જાતિ જુદા જુદા ભાગમાં જુદી જુદી બોલાય છે. જેમ, તપાસ, તંબાકુ, ચાલ, ચા, વખત, વગેરે નરનારી જાતિમાં બોલાય છે; ગુજરાત, સોપારી, જનોઇ, વિલાયત, વગેરે નારી ને નાન્યતર જાતિમાં બોલાય છે; માણસ નર નાન્યતરજાતિમાં બોલાય છે; ઇત્યાદિ.

પાઠ ૩. વચન.

છોકરો આવ્યો—છોકરા આવ્યા. આ બે વાક્યના અર્થમાં ફેર છે. છોકરો એટલે એક છોકરો, અને છોકરા એટલે એકથી વધારે. તેવીજ રીતે ઘોડો દોડ્યો–ઘોડાઓ દોડ્યા, સસલું નાઠું–સસલાં નાઠાં, પાપડ ખાધો–પાપડો ખાધા, બકરી વેચી–બકરીઓ વેચી, લીંબુ કાપ્યું–લીંબુ કાપ્યાં. આ વાક્યોમાં ઘોડો, સસલું, પાપડ, બકરી, લીંબુ એક છે; અને ઘોડાઓ, સસલાં, પાપડો, બકરીઓ, લીંબુ એકથી વધારે છે.

કોઇ નામ બોલતાં તેમાં અર્થ એકપણાનો હોય, તો તે નામ એકવચનનું જાણવું.

કોઇ નામ બોલતાં તેમાં અર્થ એકથી વધારેપણાનો હોય, તો તે નામ બહુવચનનું જાણવું.

વચનના પ્રત્યય:—એકવચનનો પ્રત્યય નથી, પણ નામનું મૂળ રૂપ જ વપરાય છે, બહુવચનમાં નામને ઘણું કરીને '**ઓ**' પ્રત્યય લાગે છે.

ઓકારાંત નરજાતિના નામનું બહુવચન તેને છેડે 'ઓ'નો 'આ' કરવાથી, કે 'ઓ'નો 'આ' કર્યા પછી બહુવચનનો 'ઓ' પ્રત્યય ઉમેર્યાથી થાય છે. જેમ, છોકરો એનું બહુવચન છોકરા અથવા છોકરાઓ.

ઉંકારાંત નાન્યતર જાતિના નામનું બહુવચન તેને છેડે 'ઉં'નો 'આં' કર્યાથી, અથવા 'ઉં'નો 'આં' કર્યા પછી બહુવચનનો 'ઓ' પ્રત્યય ઉમેર્યાથી થાય છે. જેમ, ઇંડું એનું બહુવચન ઇંડાં અથવા ઇંડાંઓ.

જે નામને છેડે અ, આ, ઇ, ઉ હોય છે તેમના બહુવચનમાં નામનું મૂળરૂપ રહે છે, કે તે પછી બહુવચનનો 'ઓ' પ્રત્યય લગાડાય છે. જેમ:—

એકવચન.	બહુવચન.
વાત.	વાત કે વાતો.
રાજા.	રાજા કે રાજાઓ.
ચોપડી.	ચોપડી કે ચોપડીઓ.
લાડુ.	લાડુ કે લાડુઓ.

ઓકારાંત નારી અને નાન્યતર જાતિના નામને બહુવચનનો પ્રત્યય લાગતો નથી, બંને વચનમાં સરખાં જ રૂપ થાય છે. જેમ, પાંચ જળો, દશ મોં.

ટીપ:—જ્યાં બહુવચનનો પ્રત્યય લાગતો નથી હોતો, ત્યાં ક્રિયાપદ પરથી, વિશેષણ પરથી, કે વાક્યના અર્થ પરથી બહુવચન પરખાય છે. જેમ, મેં બળદ **લીધા**, ત્યાં **ચાર** ચોર છે, આ **સારા** બળદ છે, કાલે જે **આવ્યા હતા** તે આજે જશે.

એકવચનમાં રહેનાર નામો:—પદાર્થવાચક (મૂળ પદાર્થનાં) **નામ.** જેમકે, ઘી, ખાંડ, ગોળ, સાકર, પાણી, માટી, દેવતા,

ભોંય, કપાસ, જીરૂં, હીંગ, મેથી, ખડ, ઘાસ, સોનું, રૂપું, તાંબુ; **વિશેષ નામ.** જેમ, વાડીલાલ, સુરત; **ભાવવાચક નામ.** જેમકે, નીતિ, ન્યાય, લોભ, પાપ, પુણ્ય, સત્ય. પદાર્થવાચક નામમાં સમૂહનો અર્થ રહેલો છે માટે તેને બહુવચનનો પ્રત્યય લાગતો નથી. વિશેષ નામ એકજ પદાર્થનાં નામ છે માટે તેમનું બહુવચન થતું નથી. ભાવવાચક નામો ગુણ ને ક્રિયાનાં છે, અને તે એકવચનમાં વપરાય છે. ભાવવાચક નામ સામાન્ય નામ બને ત્યારે બહુવચનમાં વાપરી શકાય છે. જેમ, તેનાં **કૃત્યો** નઠારાં છે.

એકવચનમાં રહેનાર નામોની જુદી જુદી જાત બતાવવી હોય, તો તે નામો બહુવચનમાં વપરાય. જેમ, તેણે ઘાટઘાટનાં **પાણી** પીધાં, ઘીકાંટે ચાર જાતનાં **ઘી** મળે છે, મેં તે શાં **પાપ** કર્યાં હશે? (જુદા જુદા પ્રકારનાં પાપ.) કીયા જન્મનાં **વેર** વાળ્યાં ? (જુદી જુદી જાતનાં વેર).

બહુવચનમાં રહેનાર નામો:—ઘઉં, મગ, તલ, અડદ, સુવા, મઠ, ઇત્યાદિ ધાન્યનાં નામ, તથા, સાંસા, વેવલાં, વખાણ, લાડ, ફાંફાં, ઇત્યાદિ. આ નામો તેની પાસે ક્રિયાપદ મૂકી જોવાથી બહુવચનમાં છે એમ માલમ પડશે. જેમ, ઘઉં લીધા.

માન આપતી વખતે એકવચનને બદલે બહુવચન વાપરવાની રીત છે. જેમ, શેઠજી પધાર્યા. પદચ્છેદ કરાવતી વખતે તેવા પ્રસંગમાં નામના પદચ્છેદમાં **માનાર્થે બહુવચન** કહેવરાવવું.

સર્વનામનાં જાતિવચન:—તે જે નામને ઠેકાણે આવ્યાં હોય, તેનાં કહેવાં.

પાઠ ૪. વિભક્તિ.

લલ્લુએ છીંટનો કબજો સિવડાવ્યો. આ વાક્યનો અર્થ આપણે સમજી શકીએ છીએ, એને બદલે લલ્લુ છીંટ કબજો સિવડાવ્યો, આમ બોલીએ તો તેનો અર્થ સમજાય નહિ, એટલે વાક્ય બને નહિ. 'લલ્લુ' નામ અને 'સિવડાવ્યો' ક્રિયાપદ વચ્ચેનો સંબંધ લલ્લુને 'એ' પ્રત્યય લગાડયાથી સમજાય છે. 'છીંટ' નામ અને 'કબજો' નામ એ બે વચ્ચેનો સંબંધ છીંટને 'નો' પ્રત્યય લગાડવાથી સમજાય છે. 'કબજો' નામ અને 'સિવડાવ્યો' ક્રિયાપદ વચ્ચેનો સંબંધ બતાવવાને કબજાને કોઈ પણ પ્રત્યય લગાડવો પડ્યો નથી. ગોળીથી માર્યો. આ વાકયમાં 'ગોળી' નામ અને 'માર્યો' ક્રિયાપદ વચ્ચેનો સંબંધ ગોળીને 'થી' પ્રત્યય લગાડવાથી સમજાય છે. ગોળી માર્યો કહીએ, તો તેનો અર્થ નથી, પિત્તળનું પવાલું. એમાં 'પિત્તળ' નામ અને 'પવાલું' નામ, એ બે નામ વચ્ચેનો સંબંધ બતાવવાને પિત્તળને 'નું' પ્રત્યય લગાડવો પડે છે. પિત્તળ પવાલું કહીએ, તો તે વચ્ચે કંઇ સંબંધ છે એમ ન કહેવાય.

વાકયમાં નામ* અને ક્રિયાપદ વચ્ચે, અને નામ નામની વચ્ચે અનેક સંબંધ હોય છે, એ સંબંધ બતાવવાને નામનાં પ્રત્યય લાગીને, અથવા લાગ્યા વગર જે રૂપ થાય છે તેને નામની વિભક્તિ કહે છે; અને એ પ્રત્યયોને વિભક્તિના પ્રત્યય કહે છે.

વિભક્તિઓ સાત છે. પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી.

---

* નામવત્ શબ્દ એટલે સર્વનામ, તથા વિશેષ્યની જગોએ વપરાયેલું વિશેષણ પણ નામમાં ગણવું.

વિભક્તિના પ્રત્યયો.

૧ લી. પ્રત્યય નથી.
૨ જી. પ્રત્યય નથી કે ને.
૩ જી. એ.
૪ થી. ને.
૫ મી. થી (કોઈવાર 'થકી' પણ વપરાય છે).
૬ ટ્ઠી. નો–ની–નું–ના–નાં.
૭ મી. માં, એ.

પાઠ ૫. નામનાં રૂપાખ્યાન.

ઓકારાંત નરજાતિ—ઘોડો.

વિ.	એકવચન.	બહુવચન.
૧.	ઘોડો.	ઘોડા—ઘોડાઓ.
૨.	ઘોડો, ઘોડાને.	ઘોડા, ઘોડાને; ઘોડાઓ, ઘોડાઓને.
૩.	ઘોડાએ, ઘોડે.	ઘોડાએ, ઘોડાઓએ, ઘોડે.
૪.	ઘોડાને.	ઘોડાને, ઘોડાઓને.
૫.	ઘોડાથી—થકી.	ઘોડાથી—થકી, ઘોડાઓથી—થકી.
૬.	ઘોડાનો—ની—નું—ના—નાં.	ઘોડાનો—ની—નું—ના—નાં; ઘોડાઓનો—ની—નું—ના—નાં.
૭.	ઘોડામાં, ઘોડે.	ઘોડામાં, ઘોડાઓમાં, ઘોડે.

ઉંકારાંત નાન્યતર જાતિ—ઈંડું.

	એકવચન.	બહુવચન.
૧.	ઈંડું.	ઈંડાં, ઈંડાંઓ.
૨.	ઈંડું, ઈંડાને.	ઈંડાં, ઈંડાંને, ઈંડાંઓને.

૩.	ઈંડાએ, ઈંડે.	ઈંડાંએ, ઈંડે, ઈંડાંઓએ.
૪.	ઈંડાને.	ઈંડાંને, ઈંડાંઓને.
૫.	ઈંડાથી-થકી.	ઈંડાંથી-થકી, ઈંડાંઓથી-થકી.
૬.	ઈંડાનો-ની-નું-ના-નાં.	ઈંડાંનો-ની-નું-ના-નાં; ઈંડાંઓનો-ની-નું-ના-નાં.
૭.	ઈંડામાં, ઈંડે.	ઈંડાંમાં, ઈંડે, ઈંડાંઓમાં.

અકારાંત નરજાતિ—પગ.

	એકવચન.	બહુવચન.
૧.	પગ.	પગ, પગો.
૨.	પગ, પગને.	પગ, પગો, પગોને.
૩.	પગે.	પગે, પગોએ.
૪.	પગને.	પગને, પગોને.
૫.	પગથી-થકી.	પગથી-થકી, પગોથી-થકી.
૬.	પગનો-ની-નું-ના-નાં.	પગનો-ની-નું-ના-નાં; પગોનો-ની-નું-ના-નાં.
૭.	પગમાં, પગે.	પગમાં, પગે, પગોમાં.

આકારાંત નારીજાતિ—ગંગા.

	એકવચન.	બહુવચન.
૧.	ગંગા.	ગંગા.
૨.	ગંગા, ગંગાને.	ગંગા, ગંગાને.
૩.	ગંગાએ.	ગંગાએ.
૪.	ગંગાને.	ગંગાને.
૫.	ગંગાથી-થકી.	ગંગાથી-થકી.
૬.	ગંગાનો-ની-નું-ના-નાં.	ગંગાનો-ની-નું-ના-નાં.
૭.	ગંગામાં.	ગંગામાં.

ઈકારાંત નારીજાતિ—રાણી.

	એકવચન.	બહુવચન.
૧.	રાણી.	રાણી, રાણીઓ.
૨.	રાણી, રાણીને.	રાણી, રાણીઓ, રાણીઓને.
૩.	રાણીએ.	રાણીએ, રાણીઓએ.
૪.	રાણીને.	રાણીને, રાણીઓને.
૫.	રાણીથી—થકી.	રાણીથી—થકી, રાણીઓથી—થકી.
૬.	રાણીનો—ની—નું—ના—નાં.	રાણીનો—ની—નું—ના—નાં; રાણીઓનો—ની—નું—ના—નાં.
૭.	રાણીમાં.	રાણીમાં, રાણીઓમાં.

ઉકારાંત નરજાતિ—લાડુ.

	એકવચન.	બહુવચન.
૧.	લાડુ.	લાડુ, લાડુઓ.
૨.	લાડુ, લાડુને.	લાડુ, લાડુઓ, લાડુઓને.
૩.	લાડુએ.	લાડુએ, લાડુઓએ.
૪.	લાડુને.	લાડુને, લાડુઓને.
૫.	લાડુથી—થકી.	લાડુથી—થકી, લાડુઓથી—થકી.
૬.	લાડુનો—ની—નું—ના—નાં.	લાડુનો—ની—નું—ના—નાં; લાડુઓનો—ની—નું—ના—નાં.
૭.	લાડુમાં.	લાડુમાં, લાડુઓમાં.

ઓકારાંત નારીજાતિ—ઘો.

	એકવચન.	બહુવચન.
૧.	ઘો.	ઘો.
૨.	ઘો, ઘોને.	ઘો, ઘોને.

૩. ઘોએ.	ઘોએ.
૪. ઘોને.	ઘોને.
૫. ઘોથી–થકી.	ઘોથી–થકી.
૬. ઘોનો–ની–નું–ના–નાં.	ઘોનો–ની–નું–ના–નાં.
૭. ઘોમાં.	ઘોમાં.

પાઠ ૬. વિભક્તિના મુખ્ય અર્થ.

૧. **પહેલી વિભક્તિ:**—આ વિભક્તિનો પ્રત્યય નથી. અર્થ ઉપરથી માત્ર સમજાય છે. આ વિભક્તિના અર્થ નીચે પ્રમાણે છે.

(૧). **નામાર્થે**—નામનોજ અર્થ કહે, વધારે નહિ.

૧. **હું** પાઠ વાંચું છું.	મેં **પાઠ** વાંચ્યા.
૨. **તે** અક્ષર લખશે.	તેણે **અક્ષર** લખવા.
૩. **છોકરો** નામું લખે છે.	છોકરે **નામું** લખ્યું.

'વાંચું છું' ક્રિયાપદનો કર્ત્તા 'હું' ને કર્મ 'પાઠ' છે. 'વાંચું છું' ક્રિયાપદમાં કર્ત્તાનો અર્થ રહેલો છે, કર્મનો નથી. 'વાંચું છું' એ પહેલા પુરુષના એક વચનનું રૂપ છે, ને કર્તા 'હું' પણ પહેલા પુરુષના એકવચનમાં છે.

'વાંચ્યા' ક્રિયાપદનો કર્ત્તા 'મેં' ને કર્મ 'પાઠ' છે. 'વાંચ્યા' ક્રિયાપદમાં કર્મનો અર્થ રહેલો છે, કર્ત્તાનો નથી. 'વાંચ્યા' ક્રિયાપદ ને કર્મ 'પાઠ' બંને નરજાતિના બહુવચનમાં છે.

'લખશે' ક્રિયાપદમાં કર્ત્તાનો, ને 'લખવા' ક્રિયાપદમાં કર્મનો અર્થ રહેલો છે. 'લખશે' ક્રિયાપદ ને કર્ત્તા 'તે' બંને ત્રીજા પુરુ-

ષના એકવચનમાં છે. ‘ લખવા ’ ક્રિયાપદ ને કર્મ ‘ અક્ષર ’ બંને નર-જાતિના બહુવચનમાં છે.

‘ લખે છે ’ ક્રિયાપદમાં કર્ત્તાનો, ને ‘ લખ્યું ’ ક્રિયાપદમાં કર્મનો અર્થ રહેલો છે. ‘ લખે છે ’ ક્રિયાપદ ને કર્ત્તા ‘ છોકરો ’ બંને ત્રીજા પુરુષના એકવચનમાં છે (સઘળાં નામ ત્રીજા પુરુષમાં ગણાય છે). ‘ લખ્યું ’ ક્રિયાપદ ને કર્મ ‘ નામું ’ બંને નાન્યતરજાતિના એક-વચનમાં છે.

જ્યારે ક્રિયાપદમાં કર્ત્તાનો અર્થ રહેલો હોય ત્યારે તેના કર્ત્તાને **કર્ત્તાર્થે વિભક્તિ** છે એમ કહેવાનું નથી. કહીએ તો પુનરુક્તિ દોષ થાય. ઉપલાં વાક્યોમાં ‘ હું ’, ‘ તે ’, ને ‘ છોકરો ’ કર્ત્તા છે. એને વિભક્તિના પ્રત્યય લાગેલા નથી. એ પહેલી વિભક્તિમાં છે, એ પહેલી વિભક્તિ **નામાર્થે** (નિર્દેશાર્થે) કહેવાય છે. કેમકે એ પહેલી વિભક્તિથી નામના અર્થમાં કાંઇ વધારો થતો નથી, મૂળે નામમાં જે અર્થ હોય તેજ અર્થ રહે છે. શબ્દનો ઉચ્ચાર કરવાથી જે અર્થ નીકળે તેજ અર્થ રહે છે. આથી પહેલી વિભક્તિ **નામાર્થે** વપરાઇ છે એમ કહેવાય છે.

તેજ પ્રમાણે જ્યારે ક્રિયાપદમાં કર્મનો અર્થ રહેલો હોય છે ત્યારે તેના કર્મને **કર્માર્થે પહેલી વિભક્તિ છે** એમ કહેવાતું નથી પણ **નામાર્થે** પહેલી વિભક્તિ છે એમ કહેવાય છે. ઉપલાં બીજી હારમાંનાં વાક્યોમાં ‘ પાઠ ’, ‘ અક્ષર ’, ને ‘ નામું ’ કર્મ **નામાર્થે** પહેલી વિભક્તિમાં છે.

ક્રિયાપદનું રૂપ કર્ત્તાના કે કર્મના અર્થમાં વપરાયું હોય, ત્યારે કર્ત્તા કે કર્મની વિભક્તિ નામાર્થે પહેલી ગણાય છે.

નામાર્થે કર્ત્તા કે કર્મને ઓળખવાની સહેલી રીત—

વાક્યમાં **કર્ત્તાને વિભક્તિનો પ્રત્યય લાગેલો ન હોય,** તો તે કર્ત્તાની વિભક્તિ નામાર્થે પહેલી હોય છે. જેમ, છોકરો ચોપડી વાંચે છે. આ વાક્યમાં કર્ત્તા 'છોકરો' એને વિભક્તિનો પ્રત્યય લાગેલો નથી માટે 'છોકરો' એની વિભક્તિ નામાર્થે પહેલી છે.

કર્મવાળા વાક્યમાં **કર્ત્તાને વિભક્તિનો પ્રત્યય લાગેલો હોય,** તો **કર્મની** વિભક્તિ નામાર્થે પહેલી હોય છે. જેમ, છોકરે **ચોપડી** વાંચી. આમાં કર્ત્તા 'છોકરે' એને વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે માટે કર્મ 'ચોપડી' નામાર્થે પહેલી વિભક્તિમાં છે.

(૨). **સંબોધનાર્થે**—કોઇને નામ દઈ બોલાવીને કંઇ કહેવામાં આવે છે ત્યારે તેને સંબોધન કર્યું કહેવાય છે.

રામલાલ, આમ આવ, હે **ઇશ્વર,** તું અમારાં પાપ માફ કર. આમાં 'રામલાલ' અને 'ઇશ્વર' સંબોધનાર્થે વપરાયલાં નામ પહેલી વિભક્તિમાં છે. આ નામો વાક્યના બીજા શબ્દો જોડે કોઇ પણ જાતનો સંબંધ રાખતાં નથી:

૨. બીજી વિભક્તિ:—આ વિભકિતનો પ્રત્યય નથી. અર્થ ઉપરથી માત્ર સમજાય છે. આ વિભક્તિવડે **કર્મ** (ક્રિયાનું કર્મ) એટલે ક્રિયાનો કર્ત્તા જે બીજી વસ્તુપર કામ કરે છે તે દેખાડાય, તથા જે સ્થળે જવું કે પહોંચવું હોય તે **સ્થળ,** અને **સ્થળ તથા કાળની મર્યાદા બતાવનાર નામ** બીજી વિભક્તિમાં આવે છે. મર્યાદા બતાવનાર નામ પછી 'સુધી' કે 'લગણ' શબ્દ મૂકી શકાય છે. જ્યાં 'સુધી' કે 'લગણ' શબ્દ લગાડી ન શકાય ત્યાં નામની **પહેલી** વિભક્તિ જાણવી.

(૧). **કર્માર્થે**—કર્મના અર્થમાં-

તે **ચોપડી** વાંચે છે. આ વાક્યમાં 'વાંચે છે' ક્રિયાપદ છે. તેનો કર્ત્તા 'તે' ને કર્મ 'ચોપડી' છે. 'વાંચે છે' ક્રિયાપદ કર્ત્તાના અર્થમાં વપરાયલું છે, સબબ કર્મનો અર્થ બતાવવાને બીજી વિભક્તિ લેવી જરૂરની છે. 'ચોપડી' શબ્દનું રૂપ પહેલી ને બીજી વિભક્તિનું છે. અહીં કર્મનો અર્થ બતાવવાને બીજી વિભક્તિ લેવાય. કોઇ વખત કર્મને '**ને**' પ્રત્યય લાગે છે, તે વખતે પણ બીજી વિભક્તિ જાણવી. જેમ, છગન **ઢોરને** મારે છે, મહેતાજી **લલ્લુને** બોલાવે છે. આમાં 'ઢોરને', 'લલ્લુને' બીજી વિભક્તિમાં છે.

તેણે **છોકરાને** બોલાવ્યો, મચ્છરે **આખલાને** હરાવ્યો, શેઠે **ગુમાસ્તાને** વડોદરે મોકલ્યો. આ વાક્યોમાં 'બોલાવ્યો', 'હરાવ્યો', ને 'મોકલ્યો' ક્રિયાપદ કર્મના અર્થમાં વપરાયલાં છે, એટલે કર્મની વિભક્તિ **નામાર્થે** પહેલી લેવાય. પણ વાક્યોમાં કર્મને બીજી વિભક્તિનો '**ને**' પ્રત્યય લાગેલો છે, માટે 'છોકરાને', 'આખલાને', ને 'ગુમાસ્તાને'ની વિભક્તિ **કર્માર્થે બીજી** લેવી.

(૨). **સ્થળ:**—માણેકલાલ **અમદાવાદ** જવાનો છે, તે **કાશી** ગયો.

(૩). **સ્થળ ને કાળની મર્યાદા:**—નદી **બે કોસ** (સુધી) વાંકી છે, મગન **બે ગાઉ** (સુધી) ચાલ્યો, હંમેશાં **કલાક** (લગણ) વાંચવું.

અહીંથી ગામ **ચાર ગાઉ** દૂર છે (પહેલી), દશેરાથી દિવાળીને **વીસ દિવસ** છે (પહેલી). અહીં 'સુધી' કે 'લગણ' શબ્દ લગાડી શકાતા નથી.

૩. ત્રીજી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય **એ** છે. આ

વિભક્તિના મુખ્ય અર્થ **કર્ત્તા**, **કરણ** (ક્રિયા કરવાનું સાધન), અને **હેતુ** (કારણ અથવા સબબ) છે.

(૧). **કર્ત્તાઃ**—**ઘોડે** લાત મારી, **ભગુએ** પાઠ વાંચ્યો, **છોકરે** વેલો કાપ્યો. આ વાક્યોમાં મારવાની ક્રિયા કરનાર ઘોડો, વાંચવાની ક્રિયા કરનાર ભગુ, અને કાપવાની ક્રિયા કરનાર છોકરો છે; માટે 'ઘોડે', 'ભગુએ', અને 'છોકરે' કર્ત્તાર્થે ત્રીજી વિભક્તિમાં છે.

(૨). **કરણઃ**—સિપાઇએ વાઘને **ગોળીએ** માર્યો, ભગુએ **છરીએ** આંગળી કાપી, તેણે **કલમે** અક્ષર લખ્યા. આ વાક્યોમાં મારવાની ક્રિયા ગોળીએ, કાપવાની ક્રિયા છરીએ, અને લખવાની ક્રિયા કલમે થાય છે; માટે 'ગોળીએ', 'છરીએ', અને 'કલમે' કરણાર્થે ત્રીજી વિભક્તિ કહેવાય.

(૩). **હેતુઃ**—**તાવે** માથું દુખે છે, **પ્લેગે** ઘણાં માણસ મરી ગયાં. આ વાક્યોમાં માથું દુખવાનું કારણ તાવ, અને ઘણાં માણસ મરી જવાનું કારણ પ્લેગ છે; માટે 'તાવે', અને 'પ્લેગે' હેતુ અર્થે ત્રીજી વિભક્તિ કહેવાય.

૪. **ચોથી વિભક્તિઃ**—આ વિભક્તિનો પ્રત્યય **ને** છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ **સંપ્રદાન** છે એટલે જેને આપવું હોય તેનું નામ ચોથી વિભક્તિમાં આવે છે.

(૧). **સંપ્રદાનઃ**—રાજા **બ્રાહ્મણને** દાન આપે છે, મહેતાજી **છોકરાને** વિદ્યા શિખવે છે, હું **તને** વાત કહું. આ વાક્યોમાં 'બ્રાહ્મણને', 'છોકરાને', અને 'તને' શબ્દ સંપ્રદાનાર્થે ચોથી વિભક્તિમાં છે.

(૨). **સંબંધઃ**—**રાજાને** એ કુંવર છે, **પાઘડીને** કસબ છે, **લલ્લુને** પેટમાં દુખે છે.

(૩). **કાજે, માટે, સારૂના અર્થમાં:**—હુ **તેને** કાજે અમદાવાદ ગયો, તમે **બાળકને** માટે રમકડાં લો, તમે **મગનને** સારૂ પેનસિલ લો.

૫. પાંચમી વિભક્તિ:—આ વિભક્તિના પ્રત્યય **થી, થકી** છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ **અપાદાન** એટલે જેનાથી છૂટું પડવું હોય તેનું નામ પાંચમી વિભક્તિમાં આવે છે.

(૧). **અપાદાન:**—હું **રાજકોટથી** નીકળ્યો, **માથી** દીકરી જુદી પડી, **ઝાડથી** પાંદડાં પડે છે, મગન **તાવથી** બચ્યો. આ વાકયોમાં 'રાજકોટથી', 'માથી', 'ઝાડથી', અને 'તાવથી' અપાદાનાર્થે પાંચમી વિભક્તિમાં છે.

(૨). **કરણ:**—વાઘને **ગોળીથી** માર્યો, તેણે **કલમથી** અક્ષર લખ્યા.

(૩). **હેતુ:**-**ગરમીથી** માથું દુખે છે, **પુણ્યથી** સુખ મળે છે.

(૪). **કર્ત્તા:**-**રામથી** રાવણ મરાયો, **મગનથી** ચલાશે નહિ.

૬. છઠ્ઠી વિભક્તિ:—આ વિભક્તિના પ્રત્યય **નો, ની, નું, ના, નાં,*** છે. કવિતામાં તણો, તણી, તણું; કેરો, કેરી, કેરૂં વગેરે પ્રત્યયો વપરાય છે. આ વિભક્તિનો અર્થ **સંબંધ** છે, આ સંબંધ નામની સાથે બતાવે છે, ક્રિયાપદ સાથે નહિ. સંબંધ ઘણી જાતના હોય છે. જેમ, **રાજાનો** મહેલ, **રૂપાની** થાળી, **નદીનું** માછલું, **વિદ્વાનના** શબ્દો, **રાજાનાં** ઘોડાં, આમાં 'રાજાનો', 'રૂપાની', 'નદીનું,' 'વિદ્વાનના', 'રાજાનાં' છઠ્ઠી વિભક્તિમાં છે.

ને પ્રત્યય **બીજી, ચોથી,** અને **છઠ્ઠી સાથે ત્રીજી** કે **સાતમી**

---

* જેની સાથે આ વિભક્તિ સંબંધ રાખે છે, તેનાં જાતિવચન વગેરેને અનુસરીને આ પ્રત્યય ફરે છે માટે છઠ્ઠી વિભક્તિના પ્રત્યય ઘણા છે.

વિભક્તિમાં આવે છે. 'ને' પ્રત્યયવાળું નામ શુદ્ધ કર્મ તરીકે વપરાયલું હોય તો બીજી વિભક્તિ જાણવી. જેમ, મગન **ગાયને** હાંકે છે; છગન **લલ્લુને** બોલાવે છે. કોઇને કોઇ વસ્તુ આપવામાં આવતી હોય કે પહોંચતી હોય, તે નામને 'ને' પ્રત્યય લાગેલો હોય તો ચોથી વિભક્તિ જાણવી. જેમ, રાજા **બ્રાહ્મણને** દાન આપે છે, **લલ્લુને** ગમત પડી, **છગનને** તાવ આવ્યો. છઠ્ઠી વિભક્તિવાળું નામ જે નામ સાથે સંબંધ રાખતું હોય, તે નામને ત્રીજી કે સાતમી વિભક્તિનો 'એ' પ્રત્યય લાગે છે; ત્યારે **નો** કે **નું** પ્રત્યયનો 'ને' થઈ જાય છે, ત્યાં છઠ્ઠી સાથે ત્રીજી કે સાતમી વિભક્તિ જાણવી. જેમ, છગનનો હાથ–**છગનને** હાથે વીંટી છે. (છઠ્ઠી સાથે સાતમી.) **રાજાને** નોકરે કજિયો કર્યો. (છઠ્ઠી સાથે ત્રીજી).

૭. સાતમી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય **માં** અને **એ** છે. **અધિકરણ** (સ્થળ) એ આ વિભક્તિનો મુખ્ય અર્થ છે. જેમ, **હોડીમાં** બેઠો, **પગમાં** કસ્તાં નથી, **છાપરે** ચડ્યો, **નદીએ** પૂર આવ્યું છે. આમાં 'હોડીમાં,' 'પગમાં,' 'છાપરે,' 'નદીએ' એ અધિકરણાર્થે સાતમી વિભક્તિમાં છે.

હું **પાંચ દિવસમાં** આવીશ, તું **સવારમાં** આવજે, મહેલ **પાંચ વર્ષે** પૂરો થયો, **બપોરે** સુવાની ટેવ છે. આમાં 'દિવસમાં,' 'સવારમાં,' 'વર્ષે,' 'બપોરે' કાળ અર્થે સાતમી વિભક્તિમાં છે.

'એ' પ્રત્યય **ત્રીજી** ને **સાતમી** વિભક્તિમાં આવે છે. જો 'એ' પ્રત્યયવાળું નામ **સ્થળ** કે **કાળ** બતાવે તો સાતમી વિભક્તિનું જાણવું, બીજે બધે પ્રસંગે ત્રીજી વિભક્તિનું જાણવું. જેમ, તેણે **માથે** ટોપલી ઊંચકી છે. આમાં 'માથે' કરણાર્થે ત્રીજી વિભક્તિ છે. માથે=માથાવડે.

કેટલીક વખત એક નામને બે ત્રણ વિભક્તિઓ સાથે લાગે છે. જેમ, **બાગમાંથી** એ સાતમી સાથે પાંચમી વિભક્તિ કહેવાય, **તેમાંનાએ** એ સાતમી ને છઠ્ઠી સાથે ત્રીજી વિભક્તિ કહેવાય, **ઘરમાંની** એ સાતમી સાથે છઠ્ઠી વિભક્તિ કહેવાય.

પાઠ ૭. સર્વનામના પ્રકાર.

૧. પુરુષવાચક સર્વનામ.

(૧). હું નિશાળે જાઉં છું, (૨). તું આવે છે ? (૩). તે નહિ આવે, (૪). આપણે તો નિશાળે જવું જ જોઇએ, (૫). આપ ક્યારે પધારશો ?

પહેલા વાક્યમાં ‘હું’ સર્વનામ બોલનારને ઠેકાણે, બીજા વાક્યમાં ‘તું’ સર્વનામ જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે, ત્રીજા વાક્યમાં ‘તે’ સર્વનામ જેને વિષે વાત ચાલે છે તેને ઠેકાણે, ચોથા વાક્યમાં ‘આપણે’ સર્વનામ બોલનાર તથા જેની સાથે વાત કરાય છે તેને ઠેકાણે, અને પાંચમા વાક્યમાં ‘આપ’ સર્વનામ સામા માણસને માન આપીને બોલાવતાં વપરાયું છે.

સર્વનામના **પુરુષ** ત્રણ છે. પહેલો, બીજો, ત્રીજો.

પહેલો પુરુષ સર્વનામ:—હું. એ બોલનાર માણસને ઠેકાણે વપરાય છે.

બીજો પુરુષ સર્વનામ:—તું. એ જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે વપરાય છે.

ત્રીજો પુરુષ સર્વનામ:—તે. એ જેને વિષે વાત ચાલતી હોય તેને ઠેકાણે વપરાય છે.

પહેલા બીજા પુરુષનું સર્વનામ:—આપણે. એ બોલનાર અને જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે વપરાય છે.

બીજા પુરુષનું માનોક્ત સર્વનામ:—આપ. સામા માણસને માન આપ્યા સિવાય બોલાવીએ, તો ત્યાં 'તું' વપરાય; માન આપીને બોલાવીએ, તો 'તમે' વપરાય; અને વિશેષ માન આપીને બોલાવીએ, તો 'આપ' વપરાય છે.

હું, આપણે, તું, આપ, તે, આ સર્વનામથી કયા પુરુષની વાત છે તે સમજાય છે, માટે તેને પુરુષવાચક સર્વનામ કહે છે.

૨. પ્રશ્નવાચક સર્વનામ.

કોણ ગયું? માણસ. શું લાવ્યા? અનાજ. કયું? ઘઉં. કયાને વાગ્યું? મોતીલાલને. કોણ, શો–શી–શું, કયો–કઈ–કયું, કેવું–કેટલું–કેવડું આ શબ્દો પ્રશ્ન પૂછવામાં વપરાય છે, માટે તેને **પ્રશ્નવાચક** સર્વનામ કહે છે.

પ્રશ્ન પૂછવામાં વપરાતાં સર્વનામોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. ઉદાહરણ–કોણ, શો–શી–શું, કયો–કઈ–કયું, કેવું–કેટલું–કેવડું.

૩. સ્વવાચક સર્વનામ.

(૧). હું પોતે આવીશ, (૨). તમે પોતે આવજો, (૩). તે પોતે જશે. (૪). લલ્લુ પોતે આવશે. પહેલા, બીજા, ત્રીજા વાક્યમાં 'પોતે' શબ્દ સર્વનામ સાથે, અને ચોથા વાક્યમાં નામ સાથે આવેલો છે.

'પોતે' શબ્દ પુરુષવાચક સર્વનામ અથવા નામની સાથે પોતાપણાનો અર્થ સામેલ કરવાને વપરાય છે, માટે તેને સ્વવાચક સર્વનામ કહે છે. સ્વ એટલે પોતાની જાત.

ટીપઃ—કોઇવાર 'પોતે' ને બદલે **પંડે, જાતે, હાથે, મેળે, આપ, આપોઆપ, ખુદ** આ શબ્દો વપરાય છે, તેને સ્વવાચક સર્વનામમાં ગણવા. કવિતામાં 'પોતે' ના અર્થમાં **નિજ** પણ વપરાય છે. જેમ, "નિજનો ખુની જનો ગણી લહે" (જુની સાતમી ચોપડી).

૪. દર્શક સર્વનામ.

૧. પાંજરામાં આ શું છે?

૨. તમે તો આ સારૂં ને પેલું નઠારૂં એમ જ કર્યા કરો છો.

૩. જૂઠું બોલવું એ મહા પાપ છે.

પહેલા વાક્યમાં 'આ' શબ્દ પાંજરામાંની વસ્તુ બતાવીને તેને માટે વાપર્યો છે.

બીજા વાક્યમાં 'આ' અને 'પેલું' શબ્દ કોઇ વસ્તુ અથવા એવું કશું બતાવીને વાપર્યા છે.

ત્રીજા વાક્યમાં 'એ' શબ્દ જુઠું બોલવાને માટે વાપર્યો છે.

બહુ નજીકના પ્રાણીપ્રદાર્થને માટે 'આ', તેનાથી જરા દૂરના પ્રાણી પદાર્થને વાસ્તે 'એ', અને ઘણા આઘેના પ્રાણી પદાર્થને વાસ્તે 'તે', 'પેલો', 'ઓલ્યો' શબ્દ વપરાય છે.

આ, એ, તે, પેલો, ઓલ્યો શબ્દ કોઈ પ્રાણી પદાર્થને નજરે બતાવવાની પેઠે ભાસ કરે છે; માટે તેને દર્શક (બતાવનારાં) સર્વનામ કહે છે.

૫. અનિશ્ચિત સર્વનામ.

૧. કોઇ મારી મશ્કરી કરે છે.

૨. તને કાંઇ થયું છે.

૩. અહીં કંઈ પડેલું છે.
૪. અમુકને ગોળ અને અમુકને ખોળ; એમ કેમ?
૫. કશાથી મારૂં માથું ફૂટયું.
૬. પોપટ બીજું કશું ખાય ખરો?
૭. હવે ફલાણાને બોલાવીશ.
૮. કેટલાક તો ગેડીદડે રમે છે.

ઉપલાં વાક્યોમાં 'કોઈ,' 'કાંઇ,' 'કંઇ,' 'અમુકને,' 'કશાથી,' 'બીજું,' 'કશું,' 'ફલાણાને,' 'કેટલાક,' આ શબ્દો કયા પ્રાણી પદાર્થને વાસ્તે વપરાયલા છે તે નિશ્ચિત–નક્કી–થઈ શકતું નથી, માટે તે **અનિશ્ચિત સર્વનામ** કહેવાય.

કોઇ–કોઈક–હરકોઇ, કાંઇ–કાંઈક–હરકાંઈ, કંઈ–કંઇક–હરકંઇ, જે કોઇ, અમુક, બીજું, કશું, ફલાણો, કેટલાંક, વગેરે. **આ સર્વનામ નિશ્ચિત પ્રાણી કે પદાર્થને બતાવતાં નથી, માટે તેને અનિશ્ચિત સર્વનામ કહે છે.**

૬. સંબંધી સર્વનામ.

૧. જે જશે તે પસ્તાશે.
૨. જેવું વાવશો તેવું લણશો.
૩. જેટલું કરો તેટલું વિચારીને કરો.
૪. જેવડું જોઇએ તેવડું લો.

ઉપલાં વાક્યોમાં પ્રથમનો અર્ધ ભાગ–'જે જશે,' 'જેવું વાવશો,' 'જેટલું કરો,' 'જેવડું જોઇએ'–બોલીશું, તો ત્યાં બીજું બોલવું બાકી છે એમ સમજાશે. આમાં 'જે' નું સંબંધી 'તે', અને 'તે' નું સંબંધી

'જે' છે. એ બે સર્વનામ એકબીજાનાં સંબંધી છે. જેવું-તેવું, જેટલું -તેટલું, જેવડું-તેવડું આ સર્વનામો અરસ્પરસ સંબંધી છે.

જે અને જે પરથી થયેલાં જેવું, જેટલું, જેવડું સંબંધી સર્વનામ છે, એ શબ્દ જ્યાં વપરાય, ત્યાં તેમના સંબંધમાં હંમેશાં તે, તેવું, તેટલું, તેવડું સર્વનામો અનુક્રમે આવે છે જ. આ બધાં સંબંધી સર્વનામ કહેવાય છે.

મનોયત્ન ૨.

નીચેનાં વાક્યોમાં **સર્વનામ** ક્યાં છે? **કઇ જાતનાં છે? ને તે કયા નામને બદલે** વપરાયાં છે?

૧. હું બરફી વેચતો નથી, ને તે તું કેમ માગે છે?
૨. બિલાડી–મારા વહાલા ઉંદર ભાઈ, હું તમને મળવા આવી છું.
૩. તમે જરા દરમાંથી બહાર આવો.
૪. આપણે સારી સારી વાતો કરીએ.
૫. નારે બેન, તમે તમારે ઘેર જાઓ.
૬. ચાલો પહેલો કોણ આવે છે?
૭. તમે શું ખાધું?
૮. તમને પોતાને રંગનું ગીત આવડે છે?
૯. એ બધું શું હશે?
૧૦. આ તો તળાવના પાણીમાં હોડીઓ તરાવે છે.
૧૧. બીજા કશાના તાર થાય ખરા?
૧૨. એ કંઇક મારા જેવું બોલે છે.
૧૩. કોઇએ મારી સ્લેટ સંતાડી.
• મામા જે આપે તે લે.

પાઠ ૮. સર્વનામનાં રૂપાખ્યાન.

પહેલો પુરુષ (હું).*

એકવચન.	બહુવચન.
૧. હું.	અમે, અમો.
૨. મને.	અમને, અમોને.
૩. મેં, મારે.	અમે, અમોએ, અમારે.
૪. મને, મારે.	અમને, અમોને, અમારે.
૫. મારાથી-થકી.	અમારાથી-થકી, અમથી-થકી.
૬. મારો-રી-રૂં-રા-રાં.	અમારો-રી-રૂં-રા-રાં.
૭. મારામાં.	અમારામાં, અમમાં.

સૂચના.—જે રૂપ એક કરતાં વધારે વિભક્તિમાં આવે છે, તે ઠેકાણે તેની વિભક્તિ નક્કી કરવા માટે ત્યાં નામ મૂકાવવું. એ નામને જે વિભક્તિ લગાડવી પડે તે વિભક્તિ સર્વનામની જાણવી. આ ટીકા સઘળાં સર્વનામ માટે સમજવી.

અમે (છગન તથા લલ્લુ) ગયા—પહેલી વિભક્તિ.
અમે (છગન તથા લલ્લુએ) પાઠ વાંચ્યો—ત્રીજી વિભક્તિ.
મારે (લલ્લુએ) કામ કરવું—ત્રીજી વિભક્તિ.
મારે (લલ્લુને) બે હાથ છે—ચોથી વિભક્તિ.
મારે (લલ્લુને) વાસ્તે કલમ ઘડ—ચોથી વિભક્તિ.
મારે (લલ્લુને) હાથે વીંટી છે—છઠ્ઠી સાથે સાતમી.
મારે (લલ્લુને) નોકરે કામ બગાડયું—છઠ્ઠી સાથે ત્રીજી.

---

* હુંને-મજને-મુજને, હુંથી-મજથી-મુજથી, હુંમાં-મજમાં-મુજમાં આ રૂપો કવિતામાં અને કેટલેક ઠેકાણે વપરાય છે.

પહેલો બીજો પુરુષ (આપણે).

વિભક્તિ.	બહુવચન.
૧.	આપણ, આપણે.
૨.	આપણને.
૩.	આપણે.
૪.	આપણને, આપણે.
૫.	આપણાથી–થકી.
૬.	આપણો–ણી–ણું–ણા–ણાં.
૭.	આપણામાં.

આપણે (છગન) લાડુ જમ્યા–પહેલી વિભક્તિ.

આપણે (છગને) કામ કર્યું–ત્રીજી વિભક્તિ.

આપણે (છગનને) એ ભાઈ છે–ચોથી વિભક્તિ.

આપણે (છગનને) માટે પેન લો–ચોથી વિભક્તિ.

બીજો પુરુષ (તું).*

	એકવચન.	બહુવચન.
૧.	તું.	તમે, તમો.
૨.	તને.	તમને, તમોને.
૩.	તેં, તારે.	તમે, તમોએ, તમારે.
૪.	તને, તારે.	તમને, તમોને, તમારે.

* તુંને–તજને–તુજને, તુંથી–તજથી–તુજથી, તુંમાં–તજમાં–તુજમાં આ રૂપો કવિતામાં અને કેટલેક ઠેકાણે વપરાય છે.

૫. તારાથી-થકી. તમારાથી-થકી, તમથી-થકી.
૬. તારો-રી-રૂં-રા-રાં. તમારો-રી-રૂં-રા-રાં.
૭. તારામાં. તમારામાં, તમમાં.

સૂચના.—'તમે' અને 'તારે' ની વિભક્તિ 'અમે', અને 'મારે' ની માફક નક્કી થઇ શકે.

માનાર્થે બીજો પુરુષ (આપ).

બહુવચન.

૧.	આપ.
૨.	આપને.
૩.	આપે.
૪.	આપને.
૫.	આપથી-થકી.
૬.	આપનો-ની-નું-ના-નાં.
૭.	આપમાં.

ત્રીજો પુરુષ (તે).

	એકવચન.	બહુવચન.
૧.	તે.	તે, તેઓ.
૨.	તેને.	તેમને, તેઓને.
૩.	તેણે.	તેમણે, તેઓએ.
૪.	તેને.	તેમને, તેઓને.
૫.	તેથી-થકી, તેનાથી-થકી.	તેમનાથી-થકી, તેઓથી-થકી, તેઓનાથી-થકી.
૬.	તેનો-ની-નું-ના-નાં.	તેમનો-ની-નું-ના-નાં; તેઓનો-ની-નું-ના-નાં.
૭.	તેમાં, તેનામાં.	તેમનામાં, તેઓમાં, તેઓનામાં.

પ્રશ્નવાચક સર્વનામ (કોણ).*

વિભક્તિ.	બંને વચનમાં.
૧.	કોણ.
૨.	કોને.
૩.	કોણે.
૪.	કોને.
૫.	કોનાથી–થકી.
૬.	કોનો–ની–નું–ના–નાં.
૭.	કોનામાં.

શો.

	એકવચન.	બહુવચન.
૧.	શો.	શા.
૨.	શો, શાને, શેને.	શા, શાને, શેને.
૩.	શાણે, શેણે.	શાણે, શેણે.
૪.	શાને, શેને.	શાને, શેને.
૫.	શાથી, શેથી.	શાથી, શેથી.
૬.	શાનો–ની–નું–ના–નાં; શેનો–ની–નું–ના–નાં.	શાનો–ની–નું–ના–નાં; શેનો–ની–નું–ના–નાં.
૭.	શામાં, શેમાં.	શામાં, શેમાં.

'શી' નું બહુવચન 'શી' જ થાય છે, તેને વિભક્તિના પ્રત્યય લાગતા નથી.

'શું' નું બહુવચન 'શાં' થાય છે. બીજી વિભક્તિથી બંને વચનમાં તેનાં રૂપ 'શો' નાં રૂપ પ્રમાણેજ થાય છે.

---

* કોણને, કોણથી–થકી, કોણમાં; તેમજ 'કે' પ્રકૃતિને પ્રત્યયો લગાડીને કને, કણે, કેનાથી, કેનો, કેનામાં રૂપો કવચિત્ વપરાય છે.

કયો—કઈ—કયું એનાં રૂપ છોકરો–છોકરી–છોકરૂં એ નામ પ્રમાણે થાય છે.

સ્વવાચક સર્વનામ (પોતે).

વિભક્તિ.	બંનેવચનમાં.
૧.	પોતે.
૨.	પોતાને.
૩.	પોતે.
૪.	પોતાને.
૫.	પોતાથી–થકી, પોતાનાથી–થકી.
૬.	પોતાનો–ની–નું–ના–નાં.
૭.	પોતામાં, પોતાનામાં.

દર્શક સર્વનામ (આ).

	એકવચન.	બહુવચન.
૧.	આ.	આ.
૨.	આ, આને.	આ, આમને.
૩.	આણે.	આમણે.
૪.	આને.	આમને.
૫.	આથી–થકી, આનાથી–થકી.	આમનાથી–થકી.
૬.	આનો–ની–નું–ના–નાં.	આમનો–ની–નું–ના–નાં.
૭.	આમાં, આનામાં.	આમનામાં.

'એ' નાં રૂપ 'તે' ના જેવાંજ થાય છે, **પેલો–પેલી–પેલું**, **ઓલ્યો–ઓલી–ઓલ્યું**નાં રૂપ છોકરો–છોકરી–છોકરૂં એ નામ પ્રમાણે થાય છે.

અનિશ્ચિત સર્વનામ (કોઇ).

વિભક્તિ.	બંનેવચનમાં.
૧.	કોઈ.
૨.	કોઈ, કોઇને.
૩.	કોઇએ.
૪.	કોઇને.
૫.	કોઇથી–થકી, કોઇનાથી–થકી.
૬.	કોઇનો–ની–નું–ના–નાં.
૭.	કોઇમાં, કોઇનામાં.

કોઈ, કાંઈ, કંઈ, કોઈક, કાંઇક, કંઈક, અમુક એમનાં રૂપ **બંને વચનમાં એકજ** રહે છે, ને હરકોઇ, હરકાંઈ, હરકંઈ, જે કોઇ, એ **એકવચનમાં** જ વપરાય છે.

બીજું, કશું, ફલાણું, કેટલુંક એ ત્રણ જાતિમાં ફરે એવાં છે.

અનિશ્ચિત સર્વનામનાં રૂપ નામ પ્રમાણે થાય છે.

સંબંધી સર્વનામ—'જે' નાં રૂપ 'તે' પ્રમાણે થાય છે.

પાઠ ૯. વિશેષણના પ્રકાર.

સંખ્યાવાચક.

પંદર તિથિ, ત્રણ કેરી, અર્ધો રૂપિયો, ઘણી મહોરો, સઘળા પુરુષો, બધી વાતો; પાંચમો છોકરો, બીજી ચોપડી; એવડી લીટી, ત્રમણો ભાર, સાતગણું પાણી; થોડું ઘી, ઝાઝું તેલ, સઘળી દવા. આમાં 'પંદર,' 'ત્રણ,' 'અર્ધો,' 'ઘણી,' 'સઘળા,' 'બધી,' 'પાંચમો,' 'બીજી,' 'એવડી,' 'ત્રમણો,' 'સાતગણું,' 'થોડું', 'ઝાઝું,' અને 'સઘળી'

શબ્દો અનુક્રમે 'તિથિ,' 'કેરી,' 'રૂપિયો,' 'મહોરો,' 'પુરુષો,' 'વાતો,' 'છોકરો,' 'ચોપડી,' 'લીટી,' 'ભાર,' 'પાણી,' 'ઘી,' તેલ, અને 'દવાની' સંખ્યા બતાવે છે; માટે **સંખ્યાવાચક** વિશેષણ કહેવાય છે.

જે શબ્દો **વસ્તુ કેટલી છે? કેટલામી છે? કેટલી વખત છે? જથ્થામાં કેટલી છે?** એ બતાવે તે **સંખ્યાવાચક વિશેષણ.**

વસ્તુની સંખ્યા બતાવનારાં વિશેષણો સંખ્યાવાચક વિશેષણ કહેવાય છે.

ગુણવાચક.

ટાઢો ભાત, ગરમ પાણી, ગંદાં લૂગડાં, સારો છોકરો, ઉંચ પુરુષ, લાલ પાઘડી, મોટી સ્લેટ, નાની કલમ. આમાં 'ટાઢો,' 'ગરમ,' 'ગંદાં,' 'સારો,' 'ઉંચ,' 'લાલ,' 'મોટી,' અને 'નાની' શબ્દ અનુક્રમે 'ભાત,' 'પાણી,' 'લૂગડાં,' 'છોકરો,' 'પુરુષ,' 'પાઘડી,' 'સ્લેટ,' અને 'કલમનો' ગુણ બતાવે છે, માટે તે **ગુણવાચક** વિશેષણ કહેવાય છે.

જે શબ્દો વસ્તુ **કેવી** છે? **કેવડી** છે? એ બતાવે તે ગુણ-વાચક વિશેષણ.

વસ્તુનો ગુણ બતાવનારાં વિશેષણો ગુણવાચક વિશેષણ કહેવાય છે.

વિશેષણ તરીકે વપરાતાં સર્વનામ.

જે સર્વનામ વિશેષણ તરીકે વપરાય, તે જે જાતનું સર્વનામ, તે જાતનું વિશેષણ કહેવાય છે, પણ અનિશ્ચિત સર્વનામ સંખ્યા બતાવનાર હોઈ તેનું પદચ્છેદ સંખ્યાવાચક વિશેષણ કરાવવું. જેમ, આ ગાય આવી (**દર્શકવિશેષણ**), **શી** વલે થાત? (**પ્રશ્નાર્થક વિશેષણ**), **હરકોઈ** માણસ આવે (**સંખ્યાવાચક વિશેષણ**), **જેવું** કાર્ય તેવું ફળ (**સંબંધી વિશેષણ**).

વિકારી વિશેષણ.

રાતો ઘોડો, રાતી ઘોડી, રાતું ઘોડું, રાતાં ઘોડાં; ધોળો બગલો, ધોળા બગલા, ધોળી બગલી, ધોળું બગલું; મોટો છોકરો, મોટી છોકરી, મોટું છોકરૂં; ગંદો કૂતરો, ગંદી કૂતરી, ગંદુ કૂતરૂં. આમાં વિશેષ્યનાં જાતિ વચન પ્રમાણે વિશેષણોમાં વિકાર–ફેરફાર–થાય છે, માટે તે **વિકારી વિશેષણ** કહેવાય છે.

જે વિશેષણોમાં તેના વિશેષ્યનાં જાતિ વચન પ્રમાણે વિકાર થાય છે, એટલે જેને છેડે નરજાતિ એકવચનમાં ઓ, નારીજાતિમાં ઈ, અને નાન્યતર જાતિ એકવચનમાં ઉં પ્રત્યય લાગે છે, તેને વિકારી વિશેષણ કહે છે.

અવિકારી વિશેષણ.

લાલ ઘોડો, લાલ ઘોડી, લાલ ઘોડું, લાલ ઘોડાં; લોભી છોકરો, લોભી છોકરા, લોભી છોકરી, લોભી છોકરૂં; આળસુ છોકરો, આળસુ છોકરી, આળસુ છોકરૂં; ધનવાન રાજા, ધનવાન સ્ત્રી, ધનવાન છોકરૂં. આમાં વિશેષ્યનાં જાતિ વચન પ્રમાણે વિશેપણોમાં વિકાર થતો નથી, માટે તે **અવિકારી વિશેપણ** કહેવાય છે.

જે વિશેષણોમાં તેના વિશેષ્યનાં જાતિ વચન પ્રમાણે વિકાર થતો નથી, એટલે ત્રણે જાતિ બંનેવચનનાં એક જ રૂપે રહે છે; તેને અવિકારી વિશેષણ કહે છે.—

અકારાંતઃ—લાલ, સફેદ, કઠણ, બરડ, અભણ, અડીએલ, ઉંચ, નીચ, વગેરે.

ઈકારાંતઃ—લોભી, પાપી, ઉદ્યોગી, ઢોંગી, સ્વાર્થી, ન્યાયી, અપરાધી, વગેરે.

ઉકારાંતઃ—મહેનતુ, આળસુ, કૃપાળુ, દયાળુ, વિશ્વાસુ, વગેરે.

વાન કે માન પ્રત્યયવાળાંઃ—ધનવાન, બળવાન, બુદ્ધિમાન, મૂર્તિમાન, વગેરે.

પાઠ ૧૦. વિધિપૂરક વિશેષણ.

કેટલાંક અકર્મક ક્રિયાપદની સાથે ક્રિયા પૂરી કરવાને કેટલાંક વિશેષણો આવે છે. જેમ, સાપ **ઝેરી** છે, મગન **મહેનતુ** હતો, છગન **ધનવાન** થયો, તે **ભિખારી** રહ્યાં, છોકરો **બહાદુર** બન્યો, વર્ષ **સારૂં** નીવડ્યું, અહીં વિશેષણો વિધેયના ભાગ છે, વિધિ એટલે ક્રિયાનો અર્થ પૂરો કરનારાં છે; માટે એ **વિધિપૂરક વિશેષણ** કહેવાય છે.

પાઠ ૧૧. વિશેષણનો ઉપયોગ.

૧. **દયાળુ** મહારાજા પધાર્યા.

૨. ભગુએ **નાના** છોકરાને રમાડ્યો.

૩. તેણે **જાડી** કલમે અક્ષર લખ્યા.

૪. રાજાએ **પાંચ** બ્રાહ્મણોને દક્ષિણા આપી.

૫. મગન **ભયંકર** તાવથી બચ્યો.

૬. **મોટા** પંડિતોનાં વચનો છે.

૭. હું **નાની** હોડીમાં બેઠો.

ઉપલાં વાક્યમાં 'દયાળુ,' 'નાના,' 'જાડી,' 'પાંચ,' 'ભયંકર,' 'મોટા,' અને 'નાની' વિશેષણો 'મહારાજા,' ' છોકરાને, ' 'કલમે,' 'બ્રાહ્મણોને,' 'તાવથી,' 'પંડિતોનાં,' અને 'હોડીમાં' એ નામના અર્થમાં વધારો કરે છે.

૧. વિશેષણ, નામના અર્થમાં વધારો કરે છે.

૧. મેં ગરમ દૂધ પીધું—
મેં **ઘણું** ગરમ દૂધ પીધું.
૨. રામલાલ **હોશિયાર** છે—
રામલાલ **ઘણો** હોશિયાર છે.

પહેલા વાક્યમાં 'ગરમ' એ દૂધનું વિશેષણ છે. તેની પહેલાં 'ઘણું' વિશેષણ આવવાથી ગરમના અર્થમાં વધારો કરે છે, માટે 'ઘણું' એ **વિશેષણનું વિશેષણ** કહેવાય; બીજા વાક્યમાં **'હોશિયાર'** વિધિપૂરક વિશેષણ છે, તેની પહેલાં 'ઘણો' શબ્દ આવવાથી 'હોશિયાર'ના અર્થમાં વધારો થાય છે, માટે 'ઘણો' એ **વિધિપૂરક વિશેષણનું વિશેષણ** કહેવાય.

૨. વિશેષણ, વિશેષણના અર્થમાં વધારો કરે છે.

લલ્લુ **મોડો** આવ્યો—
લલ્લુ **ઘણો** મોડો આવ્યો.

'મોડો' ક્રિયાવિશેષણ છે. તેની પહેલાં 'ઘણો' શબ્દ આવવાથી તેના અર્થમાં વધારો થાય છે, માટે 'ઘણો' એ **ક્રિયાવિશેષણનું વિશેષણ** કહેવાય.

૩. વિશેષણ, ક્રિયાવિશેષણના અર્થમાં વધારો કરે છે.

સૂચના:—વિશેષણ અને ક્રિયાવિશેષણના વિશેષણનું પદચ્છેદ **ક્રિયાવિશેષણ** કરવું. ઘણું ગરમ, ઘણો હોશિયાર, ઘણો મોડો, એમાં 'ઘણું,' 'ઘણો,' 'ઘણો' ક્રિયાવિશેષણ છે.

પાઠ ૧૨. વિશેષણનાં રૂપાખ્યાન.

વિશેષણ, વિશેષ્યની સાથે આવે છે, ત્યારે તેને વિભક્તિના **છુટા પ્રત્યય** લાગતા નથી; પરંતુ એકલાં આવે છે, ત્યારે નામ

પ્રમાણે સર્વ વિભક્તિ લાગે છે. જેમ, **ભલા** છોકરાને બોલાવો, **આંધળાથી** થશે નહિ, **વહાલા**માં વિરોધ કરાવ્યો, વગેરે.

વિશેષ્યની જાતિ, વચન, ને વિભક્તિ; તેજ વિશેષણની જાતિ, વચન, ને વિભક્તિ ગણાય છે.

‘ભલો છોકરો’નાં રૂપાખ્યાન.

	એકવચન.	બહુવચન.
૧.	ભલો છોકરો.	ભલા છોકરા, ભલા છોકરાઓ.
૨.	ભલો છોકરો, ભલા છોકરાને.	ભલા છોકરા, ભલા છોકરાઓ; ભલા છોકરાને, ભલા છોકરાઓને.
૩.	ભલા છોકરાએ, ભલે છોકરે.	ભલા છોકરાએ, ભલા છોકરાઓએ; ભલે છોકરે.
૪.	ભલા છોકરાને.	ભલા છોકરાને, ભલા છોકરાઓને.
૫.	ભલા છોકરાથી–થકી,	ભલા છોકરાથી–થકી, ભલા છોકરા- ઓથી–થકી.
૬.	ભલા છોકરાનો–ની– નું–ના–નાં.	ભલા છોકરાનો–ની–નું–ના–નાં; ભલા છોકરાઓનો–ની–નું–ના–નાં.
૭.	ભલા છોકરામાં.	ભલા છોકરામાં, ભલા છોકરાઓમાં.

‘ભલી છોકરી’નાં રૂપાખ્યાન.

૧.	ભલી છોકરી.	ભલી છોકરી, ભલી છોકરીઓ.
૨.	ભલી છોકરી, ભલી છોકરીને.	ભલી છોકરી, ભલી છોકરીઓ; ભલી છોકરીને, ભલી છોકરીઓને.
૩.	ભલી છોકરીએ.	ભલી છોકરીએ, ભલી છોકરીઓએ.
૪.	ભલી છોકરીને.	ભલી છોકરીને, ભલી છોકરીઓને.
૫.	ભલી છોકરીથી–થકી.	ભલી છોકરીથી–થકી; ભલી છોકરીઓથી–થકી.

	એકવચન	બહુવચન
૬.	ભલી છોકરીનો-ની-નું-ના-નાં.	ભલી છોકરીનો-ની-નું-ના-નાં; ભલી છોકરીઓનો-ની-નું-ના-નાં.
૭.	ભલી છોકરીમાં.	ભલી છોકરીમાં, ભલી છોકરીઓમાં.

'ભલું છોકરૂં'નાં રૂપાખ્યાન.

	એકવચન	બહુવચન
૧.	ભલું છોકરૂં.	ભલાં છોકરાં, ભલાં છોકરાંઓ.
૨.	ભલું છોકરૂં. ભલા છોકરાને.	ભલાં છોકરાં, ભલાં છોકરાંઓ; ભલાં છોકરાંને, ભલાં છોકરાંઓને.
૩.	ભલા છોકરાએ, ભલે છોકરે.	ભલાં છોકરાંએ,ભલાં છોકરાંઓએ; ભલે છોકરે.
૪.	ભલા છોકરાને.	ભલાં છોકરાંને, ભલાં છોકરાંઓને.
૫.	ભલા છોકરાથી-થકી.	ભલાં છોકરાંથી-થકી, ભલાં છોકરાંઓથી-થકી.
૬.	ભલા-છોકરાનો-ની-નું-ના-નાં.	ભલાં છોકરાંનો-ની-નું-ના-નાં; ભલાં છોકરાઓનો-ની-નું-ના-નાં.
૭.	ભલા છોકરામાં.	ભલાં છોકરાંમાં, ભલાં છોકરાંઓમાં.

'સફેદ લૂગડું'નાં રૂપાખ્યાન.

	એકવચન	બહુવચન
૧.	સફેદ લૂગડું.	સફેદ લૂગડાં, સફેદ લૂગડાંઓ.
૨.	સફેદ લૂગડું, સફેદ લૂગડાને.	સફેદ લૂગડાં, સફેદ લૂગડાંઓ; સફેદ લૂગડાંને, સફેદ લૂગડાંઓને.
૩.	સફેદ લૂગડાએ, સફેદ લૂગડે.	સફેદ લૂગડાંએ, સફેદ લૂગડાંઓએ; સફેદ લૂગડે.
૪.	સફેદ લૂગડાને.	સફેદ લૂગડાંને, સફેદ લૂગડાંઓને.
૫.	સફેદ લૂગડાથી-થકી.	સફેદ લૂગડાંથી-થકી, સફેદ લૂગડાંઓથી-થકી.
૬.	સફેદ લૂગડાનો-ની-નું-ના-નાં.	સફેદ લૂગડાંનો-ની-નું-ના-નાં; સફેદ લૂગડાંઓનો-ની-નું-ના-નાં.

૭. { સફેદ લૂગડામાં, સફેદ લૂગડે. { સફેદ લૂગડાંમાં, સફેદ લૂગડાંઓમાં, સફેદ લૂગડે.

'નાનો'નાં રૂપાખ્યાન.

૧. નાનો. ૨. નાનો, નાનાને. ૩. નાનાએ, નાને. ૪. નાનાને.
૫. નાનાથી–થકી. ૬. નાનાનો–ની–નું–ના–નાં. ૭. નાનામાં–નાને.

પાઠ ૧૩. ક્રિયાપદના પ્રકાર.

૧. ભગુ જાય છે.
૨. ઘોડો દોડે છે.
૩. છગન નહાય છે.
૪. લલ્લુ રખડે છે.
૫. દોરો લટકે છે.
૬. મગન પાઠ વાંચે છે.
૭. માળી હાર ગુંથે છે.
૮. ગાયે પાણી પીધું.
૯. તું ગાય દોહશે?
૧૦. વૈદ તેને દવા આપે છે.

આ બધાં વાક્યોમાં ક્રિયાનો અર્થ પૂરો સમજાય છે. પહેલાં પાંચ વાક્યોમાં 'જાય છે,' 'દોડે છે,' 'નહાય છે,' 'રખડે છે,' અને 'લટકે છે' ક્રિયાપદ છે, અને તેના કર્ત્તા અનુક્રમે 'ભગુ,' 'ઘોડો,' 'છગન,' 'લલ્લુ,' અને 'દોરો' છે, આ બધા કર્ત્તા જે ક્રિયા કરે છે તે **પોતા પર** કરે છે, બીજી વસ્તુ પર કરતા નથી; એટલે આ વાક્યોમાં ક્રિયાપદને કર્મ નથી.

છેલ્લાં પાંચ વાક્યોમાં 'વાંચે છે,' 'ગુંથે છે,' 'પીધું,' 'દોહશે,' અને 'આપે છે' ક્રિયાપદ છે, અને કર્ત્તા અનુક્રમે 'મગન,' 'માળી,' 'ગાયે,' 'તું,' અને 'વૈદ' છે, આ બધાં વાક્યોમાં કર્ત્તા જે ક્રિયા કરે છે, તે પોતા પર ન કરતાં **બીજી વસ્તુ પર** કરે છે; એટલે એમાં કર્મ છે. આ વાક્યોમાં અનુક્રમે 'પાઠ,' 'હાર,' 'પાણી,' 'ગાય,' અને 'તેને દવા' કર્મ છે.

આ પરથી ક્રિયાપદની બે જાત થાય છે, **કર્મ વગરનાં** અને **કર્મવાળાં.**

જે ક્રિયાપદોને કર્મ નથી હોતાં, એવાં ક્રિયાપદોને અકર્મક ક્રિયાપદ કહે છે.

અકર્મક (અ=નહિ) **જેને કર્મ નથી તે;** એમાં કર્ત્તાની ક્રિયા કર્ત્તા પર જ લાગુ પડે છે.

જે ક્રિયાપદોને કર્મ હોય, એવાં ક્રિયાપદોને સકર્મક ક્રિયાપદ કહે છે.

સકર્મક (સ=સાથે) **જેને કર્મ હોય તે.** એમાં કર્ત્તાની ક્રિયા કોઈ બીજાં પ્રાણી અથવા વસ્તુ પર લાગુ પડે છે.

ક્રિયાપદને ઓળખવાની સહેલી રીત:—ક્રિયાપદની પહેલાં **કોણ** અથવા **કોણે,** અને **શું** અથવા **કોને** મૂકી સવાલ પૂછવા. જો બંનેના જવાબ એકજ આવે તો ક્રિયાપદ **અકર્મક** જાણવું, ને જુદાજુદા જવાબ આવે તો **સકર્મક** ક્રિયાપદ જાણવું. જેમ, મગન દોડે છે. એમાં ‘ દોડે છે ’ વિષે આમ સવાલ પૂછાય. કોણ દોડે છે ? મગન. શું દોડે છે ? મગન. માટે ‘ દોડે છે ’ અકર્મક ક્રિયાપદ. રાજાએ બ્રાહ્મણને દક્ષિણા આપી. એમાં કોણે આપી ? રાજાએ. શું આપી ? બ્રાહ્મણને દક્ષિણા. માટે ‘ આપી ’ સકર્મક ક્રિયાપદ.

કેટલાંક અકર્મક ક્રિયાપદ:—તે સંખ્યામાં થોડાં છે. તે **ગતિ** ને **સ્થિતિ** બતાવે છે.

ગતિવાચક:—જવું, આવવું, ચાલવું, હીંડવું, દોડવું, નાસવું, પડવું, ચડવું, ઉતરવું, ફરવું, ભમવું, ભટકવું, રખડવું, રઝળવું, આખડવું, ઇત્યાદિ.

સ્થિતિ બતાવનાર:—હોવું, થવું, રહેવું, વસવું, ઉંઘવું, સૂવું, જાગવું, જીવવું, શરમાવું, બળવું, ડૂબવું, ઇત્યાદિ.

કેટલાંક અકર્મક ક્રિયાપદ કેટલેક પ્રસંગે પૂર્ણ કહેવાનું બતાવતાં નથી, તેની સાથે કર્ત્તાની સ્થિતિ બતાવનાર શબ્દ આવે, ત્યારે તે પૂર્ણ કહેવાનું બતાવે છે. એ **ક્રિયાપૂરક** શબ્દને છોકરાં ભૂલથી કર્મ ધારી અકર્મક ક્રિયાપદને સકર્મક ક્રિયાપદ કહે છે, તે પર છોકરાંનું લક્ષ ખેંચવું. એમાં કર્ત્તાની ક્રિયા **બીજી વસ્તુ પર** થતી નથી, ક્રિયાનું ફળ ક્રિયા કરનારનેજ લાગુ પડે છે; માટે સકર્મક ક્રિયાપદ ન કહેવાય. જેમ, મગનલાલ **મહેનતુ છોકરો છે,** તે **રાજા** થયો, છગન **નોકર** રહ્યો. એમાં 'મહેનતુ છોકરો,' 'રાજા' અને 'નોકર' ક્રિયાપૂરક શબ્દ છે.

કેટલાંક સકર્મક ક્રિયાપદઃ—કરવું, ઘડવું, બાંધવું, રચવું, ફેરવવું, શીખવું, મેળવવું, હાંકવું, પાળવું, લખવું, વાંચવું, જાણવું, વેચવું, પાથરવું, કહેવું, ખાવું, દેવું, ખેંચવું, ઇત્યાદિ ઘણાં છે.

દ્વિકર્મક (બે કર્મવાળાં) **ક્રિયાપદઃ**—કેટલાંક સકર્મક ક્રિયાપદને બે કર્મ હોય છે. જેમ, વૈદે **બૈરીને દવા** આપી, ચોરે **તેને લાકડી** મારી. 'બૈરીને' અને 'દવા' એ 'આપી' ક્રિયાપદનાં, અને 'તેને' અને 'લાકડી' એ 'મારી' ક્રિયાપદનાં કર્મ છે. જેના પર આપવાની કે મારવાની ક્રિયા લાગુ થઇ તે **ગૌણકર્મ,** અને આપવાની કે મારવાની વસ્તુ તે **પ્રધાનકર્મ** કહેવાય છે. આ વાક્યોમાં 'દવા' અને 'લાકડી' પ્રધાન કર્મ છે, અને 'બૈરીને' અને 'તેને' એ ગૌણકર્મ છે. ગૌણકર્મને સંપ્રદાન કહી શકાય, અને તેને ચોથી વિભક્તિમાં લઇ શકાય. સંસ્કૃતમાં ગૌણકર્મ **બીજી** તેમજ **ચોથી વિભક્તિ**માં વપરાય છે. દે, આપ, પા, કહે, બોલ, માર, શિખવ, ભણાવ, જણાવ ઇત્યાદિ ક્રિયાપદો દ્વિકર્મક છે.

પાઠ ૧૪. વાકય પૃથક્કરણ.

દરેક વાક્યમાં ઓછામાં ઓછાં બે વાનાં જોઇએ. ૧. **જેની** આપણે વાત કરતા હોઇએ તે, ૨. તેના વિષે **જે વાત** કરીએ તે. પહેલાને **ઉદ્દેશ્ય** અને બીજાને **વિધેય** કહે છે. જેમ, 'છોકરો રમે છે' આ વાક્યમાં આપણે છોકરાને ઉદ્દેશીને–મનમાં લાવીને–વાત કરીએ છીએ, માટે **'છોકરો'** ઉદ્દેશ્ય છે; અને છોકરા વિષે **'રમે છે'** એ કહ્યું માટે 'રમે છે' એ વિધેય (કહેવા યોગ્ય) છે. 'તું નાસ'. એમાં **'તુ'** ઉદ્દેશ્ય છે અને **'નાસ'** વિધેય છે. 'તું નાસ' ને બદલે 'નાસ' કહીએ છીએ, એમાં 'તું' નો અધ્યાહાર છે. આજ્ઞાર્થે વાક્યમાં ઉદ્દેશ્યનો અધ્યાહાર રહે છે. 'ઘોડો દોડતો નથી' આ વાક્યમાં **'ઘોડો'** ઉદ્દેશ્ય છે ને **'દોડતો નથી'** એ વિધેય છે, કેમકે ઘોડાને વિષે 'દોડતો નથી' એ કહ્યું છે. 'મગન પાઠ વાંચે છે' આ વાક્યમાં **'મગન'** ઉદ્દેશ્ય છે ને **'પાઠ વાંચે છે'** એ વિધેય છે; કેમકે મગનને વિષે 'વાંચે છે' એટલું કહ્યું નથી, પણ 'પાઠ વાંચે છે' એટલું કહ્યું છે. હંમેશાં સકર્મક ક્રિયાપદવાળાં વાક્યમાં કર્મ સહિત ક્રિયાપદ વિધેય થાય છે. 'છગન છે' આ વાકયમાં **'છગન'** ઉદ્દેશ્ય ને **'છે'** વિધેય છે, કેમકે તે છગનનું અસ્તિત્વ બતાવે છે. 'છગન હોશિયાર છે' આ વાક્યમાં **'છગન'** ઉદ્દેશ્ય ને **'હોશિયાર છે'** વિધેય છે, કેમકે છગનને વિષે તેના અસ્તિત્વનું કહેવું તે નથી, પણ 'હોશિયાર છે' એ કહેવું છે; માટે 'હોશિયાર છે' એ વિધેય છે. મગન મહેનતુ હતો, ત્રિકમલાલ શિરસ્તેદાર થયા, રામસિંહ ઠાકોર બન્યો, તે ભિખારી રહ્યાં, છોકરો મૂર્ખ નીવડયો, આ વાકયોમાં 'મગન,' 'ત્રિકમલાલ,' 'રામસિંહ,' 'તે,' અને 'છોકરો' ઉદ્દેશ્ય છે; અને 'મહેનતુ હતો,' 'શિરસ્તેદાર થયા,' 'ઠાકોર બન્યો,' 'ભિખારી રહ્યાં,' અને 'મૂર્ખ નીવડયો' એ વિધેય છે.

હોવું, થવું, બનવું, રહેવું, નીવડવું વગેરે અકર્મક ક્રિયાપદો પૂર્ણ વિધેયવાચક નથી, એટલે જેટલું કહેવા યોગ્ય, તેટલું બધું નહિ દર્શાવનારાં છે. તેની સાથે કેટલાક શબ્દો આવે ત્યારે તે પૂર્ણ વિધેયવાચક થાય છે; માટે આવાં ક્રિયાપદો પૂરક શબ્દ સહિત વિધેય થાય છે.

જે વાક્ય માત્ર ઉદ્દેશ ને વિધેય પદનાંજ બનેલાં હોય, અને તેમાં પૂરક શબ્દ સિવાય બીજા શબ્દ આવેલ ન હોય તેને **મૂળવાક્ય** કહે છે.

મૂળ વાક્યની પૃથક્કૃતિમાં મુખ્ય બે ભાગ પાડવા. ૧. **ઉદ્દેશ્ય**, ૨. **વિધેય.** વિધેયમાં બે પેટા ભાગ પાડવા. ૧. **ક્રિયાપદ**, ૨. **ક્રિયાપૂરક.**

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરકનો વધારો **વિશેષણથી**, અને વિધેયનો વધારો **ક્રિયાવિશેષણથી** થાય છે. જેમ, **તે** વાઘે **કેટલાંક** બકરાં **ત્યાં** મારી નાંખ્યાં. એમાં '**તે**' એ 'વાઘે' ઉદ્દેશ્યનું વિશેષણ છે, '**કેટલાંક**' એ 'બકરાં' ક્રિયાપૂરક શબ્દનું વિશેષણ છે, અને '**ત્યાં**' ક્રિયાવિશેષણ 'મારી નાંખ્યાં' નું સ્થળ બતાવે છે; માટે એ **વિધેયવર્ધક** છે.

વધારેલાં વાક્યની પૃથક્કૃતિમાં મુખ્ય બે ભાગ પાડવા. **ઉદ્દેશ્યપક્ષ**, ને **વિધેયપક્ષ.** ઉદ્દેશ્યપક્ષના બે ભાગ પાડવા. ૧. **ઉદ્દેશ્ય**, ૨. **ઉદ્દેશ્યવર્ધક.** વિધેયપક્ષના બે ભાગ પાડવા. ૧. **વિધેય**, ૨. **વિધેયવર્ધક.** વિધેયના બે પેટા ભાગ પાડવા. ૧. **ક્રિયાપદ**, ૨. **ક્રિયાપૂરક.**

કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે. **પ્રધાનકર્મ** અને **ગૌણકર્મ.** જેમ, મેં **તેને વાત** કહી. એમાં '**તેને**' ગૌણકર્મ અને '**વાત**' પ્રધાનકર્મ છે, દ્વિકર્મી ક્રિયાપદો બે કર્મ સાથે વિધેયવાચક થાય છે, પૃથક્કરણમાં બંને કર્મ ક્રિયાપૂરકના ખાનામાં મૂકાય.

સંબોધનાર્થે આવેલું નામ વાક્યમાં કોઇ પણ શબ્દ સાથે સંબંધ રાખતું નથી, માટે વાક્ય પૃથક્કરણમાં તે નામ છોડી દેવું.

નમુના દાખલ કેટલાંક વાકયોનું પૃથક્કરણ નીચે કરી બતાવીએ છીએ.

વાકય.	ઉદ્દેશ્યપક્ષ.		વિધેયપક્ષ.		
	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્ય વર્ધક.	વિધેય.		વિધેયવર્ધક.
			ક્રિયા.	ક્રિયાપૂરક.	
૧. ફીકાભાઇ વકીલ છે.	ફીકાભાઇ		છે	વકીલ	
૨. તે રાજા થયો.	તે		થયો	રાજા	
૩. છગન નોકર રહ્યો.	છગન		રહ્યો	નોકર	
૪. તે ડાહ્યો થયો.	તે		થયો	ડાહ્યો	
૫. મગન ઘણો મહેનતુ હતો.	મગન		હતો	ઘણો મહેનતુ	
૬. સાપ દરમાં છે.	સાપ		છે	દરમાં	
૭. તે ત્યાં નથી.	તે		નથી	ત્યાં	
૮. આ વાત તમને કોણે કહી?	કોણે		કહી	આ વાત (પ્રધાનકર્મ), તમને(ગૌણકર્મ)	
૯. તું તેને લીધે અમદાવાદ ગયો.	તું		ગયો		અમદાવાદ (સ્થળ), તેને લીધે (હેતુ)
૧૦. મોટાભાઇ, હવે હું ઘરમાં કેમ જઇ શકીશ?	હું		જઇ શકીશ		હવે (કાળ), ઘરમાં (સ્થળ), કેમ (રીત)

પાઠ ૧૫. પદચ્છેદ.

૧. **નામના** પદચ્છેદમાં તેનો પ્રકાર કહી, જાતિ, વિભક્તિ, વચન કહેવાં. (દરેક વિભક્તિમાં તેનો મુખ્ય અર્થ કહેવરાવવો.)

૨. **સર્વનામનું** પદચ્છેદ નામ પ્રમાણે કરાવવું, પણ સર્વનામ ક્યા નામને ઠેકાણે છે તે કહેવરાવવું.

૩. **વિશેષણના** પદચ્છેદમાં તેનો પ્રકાર કહી, પછી તેનો વિશેષ્ય કહેવરાવી, તે પ્રમાણે જાતિ, વિભક્તિ, વચન કહેવરાવવાં.

૪. **ક્રિયાપદના** પદચ્છેદમાં પ્રથમ કર્તા, કર્મ (હોય તો) કહી ક્રિયાપદની જાત કહેવરાવવી.

૫. **અવ્યયના** પદચ્છેદમાં હમણાં ક્રિ. વિ. અવ્યયની જાત કહેવરાવવી, પછી તેનો વાક્યમાં સંબંધ કહેવરાવવો.

૬. **સર્વનામની** જાતિ જણાતી ન હોય ત્યાં સામાન્ય જાતિ કહેવી.

નમુના દાખલ કેટલાંક વાક્યનું પદચ્છેદ નીચે કરી આપીએ છીએ.

૧. ઉનનાં કપડાં વધારે મેલાં થાય છે.

૧. **ઉનનાં:**—સામાન્ય નામ, નાન્યતર જાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન.

૨. **કપડાં:**—સામાન્યનામ, નાન્યતર જાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'થાય છે' ક્રિયાપદનો કર્તા.

૩. **વધારે:**—ક્રિયાવિશેષણ, 'મેલાં' વિધિપૂરક વિશેષણના અર્થમાં વધારો કરે છે.

૪. **મેલાં:**—વિધિપૂરક વિશેષણ, વિશેષ્ય 'કપડાં' માટે નાન્યતર જાતિ, પહેલીનું બહુવચન.

૫. **થાય છે:**—કર્તા 'કપડાં', કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ.

૨. ભગુએ કહ્યું, તમારી વાત બહુ મજેની છે.

૬. **ભગુએ:**—વિશેષ નામ, નરજાતિ, કર્ત્તાર્થે ત્રીજીનું એકવચન. ' કહ્યું 'નો કર્ત્તા.

૭. **કહ્યું:**—કર્ત્તા 'ભગુએ', કર્મ આગલું વાક્ય, માટે સકર્મક ક્રિયાપદ.

૮. **તમારી:**—બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું બહુવચન.

૯. **વાત:**—સામાન્યનામ, નારીજાતિ, નામાર્થે પહેલીનું એક-વચન. 'છે' નો કર્ત્તા.

૧૦. **બહુ:**—સંખ્યાવાચક વિશેષણ, વિશેષ ' મજેની ' માટે નારી જાતિ, છઠ્ઠીનું એકવચન.

૧૧. **મજેની:**—ભાવવાચક નામ, નારી જાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન.

૧૨. **છે:**—કર્ત્તા 'વાત', કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ.

૩. આપણે એક કુજામાં થોડું ગરમ પાણી રેડીશું, તો તે ઠંડું થવા માંડશે.

૧૩. **આપણે:**—પહેલો બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'રેડીશું' નો કર્ત્તા.

૧૪. **એક:**—સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય ' કુજામાં ' માટે નરજાતિ, સાતમીનું એકવચન.

૧૫. **કુજામાં:**—સામાન્યનામ, નરજાતિ, અધિકરણાર્થે સાત-મીનું એકવચન. 'રેડીશું' નું સ્થળ.

૧૬. **થોડું:**—ક્રિયાવિશેષણ. ' ગરમ ' ગુણવાચક વિશેષણના અર્થમાં વધારો કરે છે.

૧૭. **ગરમ:**—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'પાણી' માટે નાન્યતરજાતિ બીજીનું એકવચન.

૧૮. **પાણી:**—સામાન્યનામ, નાન્યતરજાતિ, કર્માર્થે બીજીનું એકવચન. 'રેડીશું' નું કર્મ.

૧૯. **રેડીશું:**—કર્ત્તા 'આપણે', કર્મ 'પાણી', માટે સકર્મક ક્રિયાપદ.

૨૦. **તો:**—અવ્યય.

૨૧. **તે:**—ત્રીજો પુરુષ સર્વનામ, 'પાણી'ને ઠેકાણે છે માટે નાન્યતર જાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'માંડશે' નો કર્ત્તા.

૨૨. **ઠંડું:**—વિધિપૂરક વિશેષણ, વિશેષ્ય 'તે' માટે નાન્યતર જાતિ, પહેલીનું એકવચન.

૨૩. **થવા:**—કૃદંત. 'માંડશે'નું કર્મ.

૨૪. **માંડશે:**—કર્તા 'તે', કર્મ 'થવા', માટે સકર્મક ક્રિયાપદ.

૪. મગન, તેં તારા પાઠ ઘણા સારા કર્યા.

૨૫. **મગન:**—વિશેષ નામ, નરજાતિ, પહેલીનું એકવચન. (સંબોધનાર્થે.)

૨૬. **તેં:**—બીજો પુરુષ સર્વનામ, 'મગન'ને ઠેકાણે માટે નરજાતિ, કર્ત્તાર્થે ત્રીજીનું એકવચન. 'કર્યા' નો કર્તા.

૨૭. **તારા:**—બીજો પુરુષ સર્વનામ, 'મગન'ને ઠેકાણે માટે નરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન.

૨૮. **પાઠ:**—સામાન્ય નામ નરજાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'કર્યા'નું કર્મ.

૨૯. **ઘણા:**—ક્રિયાવિશેષણ. 'સારા' ક્રિયાવિશેષણના અર્થમાં વધારો કરે છે.

૩૦. **સારો:**—ક્રિયાવિશેષણ. 'કર્યો' ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

૩૧. **કર્યો:**—કર્ત્તા 'તેં', કર્મ 'પાઠ', માટે સકર્મક ક્રિયાપદ.

૫. તેણે તમને હમણા કાંઇક કહ્યું.

૩૨. **તેણે:**—ત્રીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, કર્ત્તાર્થે ત્રીજીનું એકવચન. 'કહ્યું'નો કર્ત્તા.

૩૩. **તમને:**—બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું બહુવચન, 'કહ્યું'નું ગૌણ કર્મ.

૩૪. **હમણા:**—ક્રિયાવિશેષણ અવ્યય. 'કહ્યું'નો કાળદર્શક.

૩૫. **કાંઇક:**—અનિશ્ચિત સર્વનામ, નાન્યતર જાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'કહ્યું'નું પ્રધાન કર્મ.

૩૬. **કહ્યું:**—કર્ત્તા 'તેણે', કર્મ 'તમને કાંઇક', માટે સકર્મક ક્રિયાપદ.

૬. કોણે આ આંધળાને તળાવમાંથી બહાર કાઢયો.

૩૭. **કોણે:**—પ્રશ્નાર્થ સર્વનામ, સામાન્ય જાતિ, કર્ત્તાર્થે ત્રીજીનું એકવચન. 'કાઢયો'નો કર્ત્તા.

૩૮. **આ:**—દર્શક વિશેષણ, વિશેષ્ય 'આંધળાને' માટે નરજાતિ, બીજીનું એકવચન.

૩૯. **આંધળાને:**—ગુણ વિશેષણ (નામ અર્થે), નરજાતિ, કર્માર્થે બીજીનું એકવચન. 'કાઢયો'નું કર્મ.

૪૦. **તળાવમાંથી:**—સામાન્યનામ, નાન્યતરજાતિ, સાતમી સાથે પાંચમીનું એકવચન. (વિયોગ અર્થે).

૪૧. **બહાર:**—ક્રિયાવિશેષણ અવ્યય. 'કાઢયો'નું સ્થળદર્શક.

૪૨. **કાઢયો:**—કર્ત્તા 'કોણે', કર્મ 'આંધળાને', માટે સકર્મક ક્રિયાપદ.

૭. રામલાલે જાડી કલમે અક્ષર લખ્યા.

૪૩. **રામલાલેઃ**—વિશેષ નામ, નરજાતિ, કર્ત્તાર્થે ત્રીજીનું એકવચન. 'લખ્યા'નો કર્ત્તા.

૪૪. **જાડીઃ**—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'કલમે' માટે નારીજાતિ, ત્રીજીનું એકવચન.

૪૫. **કલમેઃ**—સામાન્યનામ, નારીજાતિ, ત્રીજીનું એકવચન. (કરણ અર્થ.)

૪૬. **અક્ષરઃ**—સામાન્યનામ, નરજાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'લખ્યા'નું કર્મ.

૪૭. **લખ્યાઃ**—કર્ત્તા 'રામલાલે', કર્મ 'અક્ષર', માટે સકર્મક ક્રિયાપદ.

૮. મેં જે પૈસા લીધા તે હું ધર્માદામાં નાખીશ.

૪૮. **મેંઃ**—પહેલો પુરુષ સર્વનામ, સામાન્યજાતિ, કર્ત્તાર્થે ત્રીજીનું એકવચન. 'લીધા'નો કર્ત્તા.

૪૯. **જેઃ**—સંબંધી વિશેષણ, વિશેષ્ય 'પૈસા' માટે નરજાતિ, પહેલીનું બહુવચન.

૫૦. **પૈસાઃ**—સામાન્ય નામ, નરજાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'લીધા'નું કર્મ.

૫૧. **લીધાઃ**—કર્ત્તા 'મેં', કર્મ 'પૈસા', માટે સકર્મક ક્રિયાપદ.

૫૨. **તેઃ**—સંબંધી સર્વનામ, 'પૈસા'ને બદલે માટે નરજાતિ, કર્માર્થે બીજીનું બહુવચન. 'નાખીશ' નું કર્મ.

૫૩. **હુંઃ**—પહેલો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ; નામાર્થે પહેલીનું એકવચન. 'નાખીશ'નો કર્ત્તા.

૫૪. **ધર્માદામાંઃ**—ભાવવાચક નામ, નરજાતિ, સાતમીનું એકવચન. (સ્થળ).

૫૫. **નાંખીશઃ**—કર્ત્તા 'હું', કર્મ 'તે', માટે સકર્મક ક્રિયાપદ.

પાઠ ૧૬. ક્રિયાનો ધાતુ.

લખે છે, લખતો, લખવું, લખ્યું, લખેલું, લખીશ, લખાયું, લખાવશે, આ બધાં ક્રિયાપદોમાં લખવાની ક્રિયા કરવાની છે, અને તે બધાંનું મૂળ 'લખ' છે. તેમજ શીખે છે, શીખ્યું, શીખાશે, શીખાય છે, શિખવાડી, વગેરેમાં 'શીખ' મૂળ છે.

જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપ થાય છે, એ મૂળને ધાતુ કહે છે.

ધાતુ શોધવાની સહેલી રીતઃ— ક્રિયાપદોમાં જે કામ કરવાનું હોય, તેમાંથી 'વાનું' પ્રત્યય કાઢી નાંખેથી ક્રિયાપદનો ધાતુ નીકળે છે. જેમ, 'નાઠો' એમાં નાસવાનું કામ માટે ધાતુ **નાસ**, 'લીધો' એમાં લેવાનું કામ માટે ધાતુ **લે**, 'હતો' હોવાપણું બતાવે માટે ધાતુ **હો**, વગેરે. 'છે' ક્રિયાપદનો ધાતુ **'છ'** છે.

હુકમ કરતી વખતે ક્રિયાપદનું બીજા પુરુષના એકવચનમાં જે રૂપ વપરાય તેજ ધાતુ કહેવાય છે. જેમ. તું **લખ**, તું **શીખ**, તું **નાસ**, તું **લે**, તું **હો**, વગેરે.

પાઠ ૧૭. કાળ.

કાળઃ—જે વખતમાં ક્રિયા બને, તેને ક્રિયાપદના કાળ કહે છે. વખતના ત્રણ સ્વાભાવિક ભાગ છે, તેથી ક્રિયાપદના કાળના પણ ત્રણ ભાગ છે. ૧. **વર્ત્તમાનકાળ,*** ૨. **ભૂતકાળ**, ૩. **ભવિષ્યકાળ.** 'વર્ત્તમાન' એટલે ચાલુ, 'ભૂત' એટલે ગયેલો, અને 'ભવિષ્ય' એટલે આવનારો.

* 'વર્ત્તમાન' અને 'વર્તમાન' બંને શુદ્ધ રૂપો છે.

હું પાઠ **વાંચું છું**, તે કાગળ **લખે છે**, તમે નિશાળે **જાઓ છો**, છોકરાં **કૂદે છે**, આ વાક્યોમાં ક્રિયાપદનાં રૂપપરથી ક્રિયા ચાલુ છે એમ સમજાય છે; એટલે એ વર્તમાનકાળનાં રૂપ છે.

ક્રિયા ચાલતી હોય, એમ બતાવનાર કાળને વર્તમાનકાળ કહે છે.

મેં પાઠ **વાંચ્યા**, મેં પાઠ **વાંચેલા**, હું પાઠ **વાંચતો**, આ વાક્યોમાં ક્રિયાપદનાં રૂપપરથી ક્રિયા થઈ ગઇ છે એમ સમજાય છે; એટલે એ ભૂતકાળનાં રૂપો છે. 'વાંચ્યા' રૂપ પાસેનો ભૂતકાળ, અને 'વાંચેલા' રૂપ આઘેનો ભૂતકાળ બતાવે છે. 'વાંચતો' રૂપમાં નિયમિતપણાનો અર્થ રહેલો છે. 'વાંચ્યા' રૂપને **પ્રથમ ભૂતકાળનું**, 'વાંચેલા' રૂપને **દ્વિતીય ભૂતકાળનું**, અને 'વાંચતો' રૂપને **નિયમિત ભૂતકાળનું** રૂપ કહે છે.

ક્રિયા પાસેના વખતમાં થઈ ગઇ છે એમ બતાવનાર કાળને પ્રથમ ભૂતકાળ કહે છે.

ક્રિયા આઘેના વખતમાં થઈ ગઇ છે એમ બતાવનાર કાળને દ્વિતીય ભૂતકાળ કહે છે.

ક્રિયા નિયમિત રીતે પૂરી થયેલી છે, એમ બતાવનાર કાળને નિયમિત ભૂતકાળ કહે છે.

હું પાઠ **વાંચીશ**, હું પાઠ **વાંચવાનો**, આ પાઠનો હું **વાંચનારો**, આ વાક્યોમાં ક્રિયાપદનાં રૂપપરથી ક્રિયા હવે પછી થવાની છે એમ સમજાય છે; એટલે એ **ભવિષ્યકાળનાં** રૂપો છે.

ક્રિયા હવે પછી થવાની છે એમ બતાવનાર કાળને ભવિષ્યકાળ કહે છે.

'વાંચ' ધાતુનાં ત્રણે કાળનાં રૂપો.

વર્ત્તમાનકાળ (જાતિ ભેદ નથી).

	એકવચન.	બહુ વચન.
પહેલો પુરુષ.	હું વાંચું.	અમે વાંચીએ.
બીજો પુરુષ.	તું વાંચે.	તમે વાંચો.
ત્રીજો પુરુષ.	તે વાંચે.	તેઓ વાંચે.

સરળતા ખાતર **દ્વિત્વવર્ત્તમાનકાળનાં** રૂપને આ ધોરણમાં વર્ત્તમાનકાળમાં લેવરાવવાં. જેમ—

પહેલો પુરુષ.	હું વાંચું છું.	અમે વાંચીએ છીએ.
બીજો પુરુષ.	તું વાંચે છે.	તમે વાંચો છો.
ત્રીજો પુરુષ.	તે વાંચે છે.	તેઓ વાંચે છે.

પ્રથમ ભૂતકાળ (પુરુષ ભેદ નથી).

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	વાંચ્યો.	વાંચ્યા.
નારીજાતિ.	વાંચી.	વાંચી.
નાન્યતરજાતિ.	વાંચ્યું.	વાંચ્યાં.

દ્વિતીય ભૂતકાળ (પુરુષ ભેદ નથી).

નરજાતિ.	વાંચેલો.	વાંચેલા.
નારીજાતિ.	વાંચેલી.	વાંચેલી.
નાન્યતરજાતિ.	વાંચેલું.	વાંચેલાં.

નિયમિત ભૂતકાળ (પુરુષભેદ નથી).

નરજાતિ.	વાંચતો.	વાંચતા.
નારીજાતિ.	વાંચતી.	વાંચતી.
નાન્યતરજાતિ.	વાંચતું.	વાંચતાં.

ભવિષ્યકાળ (જાતિભેદ નથી).

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	હું વાંચીશ.	અમે વાંચીશું.
બીજો પુરુષ.	તું વાંચીશ, વાંચશે.	તમે વાંચશો.
ત્રીજો પુરુષ.	તે વાંચશે.	તેઓ વાંચશે.

ટીપઃ—પ્રથમ ભૂતકાળનો સાધારણ પ્રત્યય યો, ઈ, યું છે, પણ કેટલાંક ક્રિયાપદનાં રૂપ અનિયમિત રીતે થાય છે; તે નીચે લખ્યાં છે.

ધાતુ.	**પ્રથમ ભૂતકાળ.**	**ધાતુ.**	**પ્રથમ ભૂતકાળ.**
હો.	હોતો, હતો.	બેસ.	બેઠો.
સૂ.	સૂતો.	કર.	કર્યો, કીધો.
ખા.	ખાધો.	મર.	મર્યો, મુઓ–મુવો.
જા.	ગયો.	કહે.	કહ્યો, કીધો.
પી.	પીધો.	બી.	બીન્યો, બીધો.
લે.	લીધો.	દેખ.	દેખ્યો, દીઠો.
દે.	દીધો.	ઉપજ.	ઉપજ્યો, ઉપન્યો.
દીસ.	દીઠો.	નિપજ.	નિપજ્યો, નિપન્યો.
નાસ.	નાઠો.	ભીંજ.	ભીંજ્યો, ભીન્યો.
પેસ.	પેઠો.	સંતા.	સંતાયો, સંતાણો.

'ણો' પ્રત્યય કવિતામાં અને કાઠિયાવાડમાં બહુ વપરાય છે. જેમ, લખાણો, અવાણું, ઇત્યાદિ.

પાઠ ૧૮. કાળ પ્રમાણે કૃદંતના પ્રકાર.

જેમ ક્રિયાપદમાં કાળ છે તેમ કૃદંતમાં પણ કાળ હોય છે.

દોડતો ઘોડો પડ્યો. આમાં 'દોડતો' એ **વર્ત્તમાન કૃદંત** છે, **કેમકે તેથી દોડવાની ક્રિયા ચાલુ છે એમ સમજાય છે.**

લખ્યા લેખ મિથ્યા ન થાય. એમાં 'લખ્યા' એ **પ્રથમ ભૂત કૃદંત** છે, કેમકે તેથી લખવાની ક્રિયા થઇ ગઇ છે એમ સમજાય છે.

દુકાનમાં તરેહતરેહનો માલ **ગોઠવેલો** જણાય છે. એમાં 'ગોઠવેલો' એ **દ્વિતીય ભૂતકૃદંત** છે, કેમકે તેથી ગોઠવવાની ક્રિયા ઘણા વખત પહેલાંની થઇ ગયેલી સમજાય છે.

તે કાલે **આવવાનો** છે, ઘરમાં પુરુષને આજ્ઞા પ્રમાણે **ચાલનારી** સ્ત્રી મિત્ર છે. આમાં 'આવવાનો' ને 'ચાલનારી' **ભવિષ્યકૃદંત** છે, કેમકે તેથી આવવાની ને ચાલવાની ક્રિયા હવે પછી થવાની છે.

હું **ખાઇને** જઇશ. આમાં 'ખાઇને' **સંબંધક ભૂતકૃદંત** છે. 'ખાઇને' જઇશ એ રૂપ 'ખાઇશ અને જઇશ' નું ટુંકું છે. 'ખાઇને' કૃદંત, ખાવાની અને જવાની ક્રિયાને સાંધે છે, માટે એને 'સંબંધક ભૂતકૃદંત' કહે છે. 'ખાઇને' એનો અર્થ 'ખાધા પછી' એવો થાય છે.

તેનું **બોલવું** સારૂં છે, તેનું **બોલવું** સારૂં હતું, તેનું **બોલવું** સારૂં થવાનું નથી. આમાં 'બોલવું' **સામાન્ય કૃદંત** છે, કેમકે એ રૂપ બધા કાળને લાગુ પડે છે.

'આવ' ધાતુપરથી થતા કૃદંતો નીચે આપ્યા છે.

કૃદંતના પ્રકાર.	**પ્રત્યય.**	**રૂપ.**
૧. **વર્ત્તમાન કૃદંત.**	તો-તી-તું.	આવતો-તી-તું.
૨. **પ્રથમભૂત કૃદંત.**	યો-ઈ-યું.	આવ્યો-વી-વ્યું.
૩. **દ્વિતીયભૂત કૃદંત.**	એલો-લી-લું.	આવેલો-લી-લું.
૪. **ભવિષ્ય કૃદંત.**	વાનો-ની-નું; નાર-નારો-રી-રૂં.	આવવાનો-ની-નું; આવનાર-રો-રી-રૂં.
૫. **સંબંધકભૂત કૃદંત.**	ઈ-ઈને.	આવી-આવીને.
૬. **સામાન્ય કૃદંત.**	વો-વી-વું.	આવવો-વી-વું.

પાઠ ૧૯. અર્થ.

'હું **આવું છું**', આ વાક્યમાં ક્રિયાપદના રૂપપરથી નિશ્ચય-પણાનો અર્થ નીકળે છે, 'પરીક્ષામાં કદાચ મારી મહેનત બર **આવે**', આમાં સંશયનો અર્થ નીકળે છે, 'તું **લખ**', આમાં આજ્ઞાનો અર્થ નીકળે છે; આવી રીતે ક્રિયાપદમાં જુદાંજુદાં રૂપપરથી જુદાજુદા અર્થ નીકળે છે તેને ક્રિયાપદના **અર્થ** કહે છે.

જેમ ક્રિયાપદનાં કાળનાં જુદાંજુદાં રૂપ હોય છે, તેમ ક્રિયા-પદનાં અર્થનાં જુદાંજુદાં રૂપ હોય છે. મુખ્ય અર્થ પાંચ છે. ૧. **નિશ્ચયાર્થ**, ૨. **સંશયાર્થ**, ૩. **સંકેતાર્થ**, ૪. **આજ્ઞાર્થ**, ૫. **વિધ્યર્થ**.

નિશ્ચયાર્થ:—કોઇ વસ્તુ થાય છે, થઇ ગઈ, કે થશે એવું જણાવતાં ક્રિયાપદનાં જે રૂપ વપરાય છે તે. જેમ, 'હું **લખું છું**', 'હું **લખું**', 'મેં **લખ્યું**', 'તે **લખશે**', 'તેણે **લખ્યું છે**', 'તેણે **લખેલું છે**', 'તે **લખવાનો છે**', 'તું જઇશ?' (પ્રશ્નના અર્થનો પણ નિશ્ચયાર્થમાંજ સમાવેશ થાય છે).

નિશ્ચયાર્થને કોઈ **સ્વાર્થ** (સ્વ=પોતાનો+અર્થ) કહે છે, કેમકે ક્રિયાપદનો (ધાતુ અને કાળનો) જે અર્થ હોય છે તેજ અર્થ હોય, નવો નહિ.

સંશયાર્થ:—ઘણે ભાગે અટકળ કે શક બતાવે છે, અને **કદાચ, રખે,** અથવા **એવા અર્થના બીજા શબ્દથી** શરૂ થાય છે, અથવા તે શબ્દનો અધ્યાહાર હોય છે. જેમ, કદાચ તે **આવે**, રખે **અટકતા**, હું પુસ્તક **લખતો હોઉં**, મેં તે કામ **કર્યું હશે**. એમાં '**હોઉં**', '**હશે**'માં સંશયાર્થ છે.

સંકેતાર્થ:—વર્તમાન, ભૂત, ને ભવિષ્યકાળનાં રૂપોમાં શરતનો અર્થ રહેલો હોય, તો તે રૂપ સંકેતાર્થ કહેવાય છે. સંકેતાર્થ જો—તો વગેરે કેટલાક અવ્યયથી ઓળખાય છે. જેમ, તમે **ખાઓ** તો હું

ખાઉં, જો તે **આવશે** તો હું **આવીશ,** જો વરસાદ **વરસશે** તો હું નહિ **આવું.**

તે છોકરો કામ કરે (નિશ્ચયાર્થ છે); પણ તે છોકરો એ કામ કરે તો સારૂં ફળ મેળવે. એમાં 'કરે' સંકેતાર્થ છે.

છોકરો ઝાડપર **ચડત** તો **પડત,** હું **જાત** તો તે **આવત.** 'ચડત', 'પડત', 'જાત', અને 'આવત' ક્રિયાપદ ભૂતકાળમાં છે. **સંકેતાર્થ ભૂતકાળનો પ્રત્યય** ત્રણે પુરુષ, ત્રણે જાતિ, ને બંને વચનમાં **'ત'** છે.

સંકેતાર્થ ભૂતકાળમાં **ક્રિયાની નિષ્ફળતાનો** અર્થ રહેલો છે. ઉદા.—હું **જાત** તો તે **આવત** (પણ, હું ન ગયો તેથી તે ન આવ્યો, એવો અર્થ એમાંથી નીકળે છે).

આજ્ઞાર્થઃ—હુકમ કરવાના કામમાં આવે છે. જેમ, તું **લખ,** તમે **લખો;** તું **બેસજે,** તમે **બેસજો; જતોના, ખાતોમા, આવતા નહિ, રમશોના,** દોડીશમા, **ખાશો નહિ,** વગેરે.

આજ્ઞાર્થમાં હુકમ કરવા ઉપરાંત **અરજ, કાલાવાલા, પ્રાર્થના, ઉપદેશ, આશીર્વાદ,** અને **શાપ,** એ અર્થનો સમાવેશ થાય છે. જેમ, મારે સારૂ જરૂર એક શાલ **લાવજો** (અરજ), ભાઇ કેશવ, મારી એક વાત તું **સાંભળ** (કાલાવાલા), હે ઇશ્વર, તેની જીંદગી **બચાવો** (પ્રાર્થના), ગરીબ માટે નિશાળો **સ્થાપો** (ઉપદેશ), તેનું ભલું **થાઓ** (આશીર્વાદ), તેનું સત્યાનાશ **જજો** (શાપ).

'વાંચ' ધાતુ, આજ્ઞાર્થ (જાતિભેદ નથી).

	એકવચન.	બહુવચન.
વર્તમાનકાળ ૨ પુરુષ.	તું વાંચ.	તમે વાંચો.
ભવિષ્યકાળ ૨ પુરુષ.	તું વાંચજે.	તમે વાંચજો.

વિધ્યર્થ:—છોકરાંએ હંમેશાં નિશાળે **આવવું,** માબાપે છોકરાનું સારૂં **ચહાવું,** તેણે **જવું,** મારે ગ્રંથ **લખવો.** આ વાક્યોમાં ક્રિયાપદનાં રૂપો પરથી **વિધિ** એટલે શાસ્ત્રની આજ્ઞાનું અને તે પરથી ફરજનું ભાન થાય છે. વિધ્યર્થમાં આજ્ઞા અને ઉપદેશનો પણ અર્થ છે.

'વાંચ' ધાતુ, વિધ્યર્થ (પુરુષ ભેદ નથી).

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	વાંચવો.	વાંચવા.
નારીજાતિ.	વાંચવી.	વાંચવી.
નાન્યતરજાતિ.	વાંચવું.	વાંચવાં.

અકર્મક ક્રિયાપદનું વિધ્યર્થ રૂપ એકજ (૩ પુરુષ, નાન્યતરજાતિ, એકવચનમાં) થાય છે. જેમ, પડવું, જવું, આવવું, ઊડવું, નાસવું, વગેરે.

પાઠ ૨૦. સંયુક્ત ક્રિયાપદ.

સંયુક્ત ક્રિયાપદ:—જ્યારે બે ક્રિયાપદો સાથે આવી તેમના મળી જવાથી જુદી જુદી ક્રિયાનો અર્થ જતો રહી એક નવો સંયુક્ત ક્રિયાનો અર્થ દેખાડે તો તેને સંયુક્ત ક્રિયાપદ કહે છે. જેમ, 'લખી ચૂક્યો' એમાં 'લખી' ક્રિયાપદ લખવાનો, અને 'ચૂક્યો' ક્રિયાપદ ભૂલવાનો અર્થ દેખાડે છે; પણ 'લખી ચૂક્યો' ક્રિયાપદ લખવાની ક્રિયા પૂર્ણ થઈ છે એવો અર્થ દેખાડે છે. 'દોડયા કર' ક્રિયાપદ દોડવાની ક્રિયાનું જારીપણું બતાવે છે. 'બોલી દે' ક્રિયાપદ એકદમ બોલ એવો અર્થ દેખાડે છે; માટે તે સંયુક્ત ક્રિયાપદ છે. પરંતુ તેઓ ત્યાં 'જઈ વસ્યા' એમાં 'જઈ વસ્યા' સંયુક્ત ક્રિયાપદ નથી કેમકે તેનો અર્થ 'ગયા' અને 'વસ્યા' એવો છે.

'ધોઇ નાંખ', 'મારી કાઢ', 'લખી દે', 'બેસી જા' 'ખાઈ લે', 'થવા આવ્યું', 'ચાલતો થા', 'લખ્યાં કર', 'થઇ પડયું', 'મારી પાડ', 'કળી શક્યો', આ બધાં સંયુક્ત ક્રિયાપદ છે.

સંયુક્ત ક્રિયાપદમાં પાછળ આવનાર ક્રિયાપદનો મૂળનો અર્થ જતો રહી તે, પહેલા ક્રિયાપદના અર્થમાં **ત્વરા વગેરેનો** વધારો કરે છે.

સંયુક્ત ક્રિયાપદમાં પહેલું ક્રિયાપદ સંબંધક ભૂતકૃદંત, પ્રથમ ભૂતકૃદંત, વર્તમાનકૃદંત, કે સામાન્યકૃદંત હોય છે. આમાં સંબંધક-ભૂતકૃદંત 'ઇ' પ્રત્યયવાળાં રૂપ ઘણાં વપરાય છે.

પાઠ ૨૧. પ્રયોગ.

હું **આવુંછું**, તમે **આવોછો**, તે **આવેછે**, છોકરો **આવ્યો**, તું **આવીશ**, એમાંનાં ક્રિયાપદો પરથી આવનારનો અર્થ સમજાય છે માટે ક્રિયાપદનો વાપર કર્તાના અર્થમાં થયેલો છે. 'આવુંછું' ક્રિયાપદને તેનો કર્તા 'હું' પહેલા પુરુષ એક વચનમાં છે, 'આવો છો' ક્રિયાપદ ને તેનો કર્તા 'તમે' બીજા પુરુષ બહુવચનમાં છે, 'આવે છે' ક્રિયાપદ ને તેનો કર્તા 'તે' ત્રીજા પુરુષ એકવચનમાં છે, 'આવ્યો' ક્રિયાપદ ને તેનો કર્તા 'છોકરો' નરજાતિ એકવચનમાં છે, 'આવીશ' ક્રિયાપદ ને કર્તા 'તું' બીજા પુરુષ એકવચનમાં છે.

હું ચોપડી **લખુંછું**, તેઓ ચોપડી **લખશે**, છોકરો ચોપડી **લખતો**; આ વાક્યોમાં 'લખુંછું', 'લખશે', ને 'લખતો' ક્રિયા-પદનો વાપર કર્તાના અર્થમાં થયેલો છે. 'લખુંછું' ક્રિયાપદ ને તેનો કર્તા 'હું' પહેલા પુરુષ એકવચનમાં છે, 'લખશે' ક્રિયાપદ ને તેનો કર્તા 'તેઓ' ત્રીજા પુરુષ બહુવચનમાં છે, 'લખતો' ક્રિયાપદ ને તેનો કર્તા 'છોકરો' નરજાતિ એકવચનમાં છે.

ઉપર પ્રમાણે કર્ત્તાનું ભાન કરાવવા ક્રિયાપદનું રૂપ વપરાય ત્યારે ક્રિયાપદનો **પ્રયોગ કર્ત્તરિ** કહેવાય છે. પ્રયોગ=વપરાશ, ને કર્ત્તરિ=કર્ત્તાના અર્થમાં.

ક્રિયાપદના રૂપ પરથી કર્ત્તા સમજાતો હોય ત્યારે ક્રિયાપદનો પ્રયોગ કર્ત્તરિ કહેવાય છે.

કર્ત્તરિપ્રયોગ ક્યારે થાય તે વિષે:—અકર્મક કે સકર્મક ક્રિયાપદમાં કર્ત્તા **નામાર્થે પહેલી વિભક્તિમાં** હોય છે, ત્યારે ક્રિયાપદ કર્ત્તરિપ્રયોગમાં આવે છે. જેમ, **તે** જાય છે, **હું** પાઠ વાંચું છું, **તું** યશ મેળવીશ, **હું** દાખલા લખાવું છું, વગેરે.

છોકરીએ પાઠ **વાંચ્યો**, છોકરીથી પાઠ **વંચાયો**; તેણે કાગળ **લખ્યો**, તેનાથી કાગળ **લખાયો**; મેં પુસ્તક **લખ્યું**, મારાથી પુસ્તક **લખાયું**; રાજાએ દાન **આપવું**; મારાથી કામ **કરાશે.** અહીં વપરાએલાં બધાં ક્રિયાપદોનાં રૂપોં પરથી કર્મ સમજાય છે; માટે ક્રિયાપદોનો પ્રયોગ કર્મણિ કહેવાય.

ક્રિયાપદના રૂપ પરથી કર્મ સમજાય, ત્યારે ક્રિયાપદનો પ્રયોગ કર્મણિ (કર્મના અર્થમાં) કહેવાય.

કર્મણિ પ્રયોગ ક્યારે થાય તે વિષે:—સકર્મક ક્રિયાપદમાં કર્ત્તા **ત્રીજી કે પાંચમી વિભક્તિમાં** હોય છે ત્યારે ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં આવે છે. જેમ, **તેણે** સ્લેટ ફોડી, **મેં** દાખલા લખાવ્યા, **મારાથી** વાત કરાય, **તેનાથી** વાત કરાઇ,* **તેનાથી** વાત કરાશે,

---

* 'તારાથી વાત કરાઈ' ને બદલે તારાથી વાત બની (થઇ) કોઈક પ્રસંગે વપરાય છે, તેવે ઠેકાણે 'બની', 'થઇ' અકર્મક ક્રિયાપદ છે; માટે 'વાત' કર્ત્તા લેઈ 'તારાથી' ની **કરણાર્થે પાંચમી વિભક્તિ** લેવરાવવી. કેટલીક વખત 'મારાથી પાઠ કરાય છે' ને **બદલે** 'મારાથી પાઠ કરવામાં

મારાથી કામ કરાવાયું, **તેનાથી** દવા પીવાઇ, વગેરે. આ વાક્યોમાં કર્મ **નામાર્થે પહેલી** વિભક્તિમાં આવે છે, કેમકે એ કર્મ, ક્રિયાથી કહેવાયલું હોય છે.

ગંગાએ **મગનને** બોલાવ્યો, ભગુએ **ગંગાને** હસાવી, મેં **ચોરને** માર્યો. આ વાક્યોમાં ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં હોવા છતાં કર્મ 'મગનને', 'ગંગાને', અને 'ચોરને' બીજી વિભક્તિનો 'ને' પ્રત્યય લાગેલો છે માટે તેવે પ્રસંગે કર્મની **બીજી વિભક્તિ** લેવરાવવી.

છોકરાએ ત્યાં **આવવું**, લખીએ ત્યાં **જવું**, છોકરાથી **અવાય** છે, મારાથી **જવાશે**, તેનાથી **દોડાયું**. આ બધાં ક્રિયાપદનાં રૂપો પરથી કર્ત્તા કે કર્મનો અર્થ સમજાતો નથી, માત્ર ક્રિયાનો અર્થ સમજાય છે. આવવું=આવવાનું કરવું, અવાય છે=આવવાનું થાય છે, દોડાયું=દોડવાનું થયું. આવે પ્રસંગે ક્રિયાપદનો પ્રયોગ ભાવે (ભાવ-ક્રિયાના અર્થમાં) કહેવાય. ક્રિયાનો ભાવ ત્રીજે પુરુષ, નાન્યતર જાતિ, એકવચનમાં હોય છે.

ક્રિયાપદના રૂપ પરથી કર્ત્તા કે કર્મ ન સમજાય, માત્ર ક્રિયાજ સમજાય; ત્યારે ક્રિયાપદનો પ્રયોગ ભાવે (ભાવ-ક્રિયાના અર્થમાં) કહેવાય.

ભાવે પ્રયોગ ક્યારે થાય તે વિષે:—અકર્મક ક્રિયાપદનો કર્ત્તા ત્રીજી કે પાંચમી વિભક્તિમાં હોય છે, ત્યારે ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવે છે. **છોકરે** જવું, **છોકરાથી** જવાય છે.

આવે છે' (બધાં કર્મણિવાચ્ય ક્રિયાપદો એમ વાપરી શકાય. લવાયું=લાવવામાં આવ્યું) વપરાય છે. એવે પ્રસંગે 'કરવામાં આવે છે' 'કરાય છે' જેવું ગણી પદચ્છેદ કરવું.

પાઠ ૨૨. ક્રિયાનાથ.

ક્રિયાનાથઃ—ક્રિયાપદનાં જાતિવચન કે પુરુષવચન જે શબ્દ પ્રમાણે બદલાય છે તેનું નામ ક્રિયાનાથ. જેમ, **છોકરો** આવ્યો, **છોકરી** આવી, **છોકરૂં** આવ્યું, **છોકરા** આવ્યા, **છોકરાં** આવ્યાં. આમાં 'આવ્યો,' 'આવી,' 'આવ્યું,' 'આવ્યા,' અને 'આવ્યાં' ક્રિયાપદનો ક્રિયાનાથ અનુક્રમે 'છોકરો', 'છોકરી', 'છોકરૂં', 'છોકરા', ને 'છોકરાં' છે; કેમકે તેનાં જાતિવચન ક્રિયાપદને લાગેલાં છે. **હું** જાઉં છું, **અમે** જઇએ છીએ, **તું** જાય છે, **તમે** જાઓ છો, **તે** જાય છે, **તેઓ** જાય છે. આમાં 'જાઉં છું', 'જઇએ છીએ', 'જાય છે', 'જાઓ છો', 'જાય છે', અને 'જાય છે' ક્રિયાપદનો ક્રિયાનાથ અનુક્રમે 'હું,' 'અમે,' 'તું,' 'તમે,' 'તે,' અને 'તેઓ' છે; કેમકે તેનાં પુરુષવચન ક્રિયાપદને લાગેલાં છે.

કર્ત્તા કર્મ એકજ જાતિવચનમાં હોય, ત્યારે ક્રિયાનાથ નક્કી કરવા વિષેઃ—તે વખતે કર્ત્તા કર્મને બદલી જોવાં, ને જેના પ્રમાણે ક્રિયાપદ ફરે તે ક્રિયાનાથ છે એમ જાણવું. જેમ, છોકરો લાડુ જમતો. આ વાક્યમાં કર્ત્તા ક્રિયાનાથ છે, કેમકે 'છોકરા'ને બદલે 'છોકરી' મૂકીએ તો છોકરી લાડુ જમતી થાય.

જ્યારે નામ ક્રિયાનાથ હોય છે, ત્યારે ક્રિયાપદ ત્રીજા પુરુષમાં જાય છે; કેમકે સઘળાં નામ ત્રીજા પુરુષમાં છે. જેમ, **છોકરો** જાય છે. એમાં 'જાય છે' ત્રીજા પુરુષમાં છે. એમાં 'છોકરા'ને ઠેકાણે 'હું' મૂકીએ, તો 'જાઉં છું' થાય; માટે 'છોકરો' ક્રિયાનાથ છે.

મનોયત્ન ૩.

નીચેના વાક્યોમાં **ક્રિયાપદોનો પ્રયોગ** અને **ક્રિયાનાથની વિભક્તિ** કારણ સાથે કહો.

૧. મગન દોડે છે—મગનથી દોડાય છે.

૨. હું ઝાડે ચઢયો—મારાથી ઝાડે ચઢાયું.
૩. તે આવશે—તેનાથી અવાશે.
૪. મગન પાઠ વાંચે છે—મગનથી પાઠ વંચાય છે.
૫. છોટુ દાખલો ગણે છે—છોટુથી દાખલો ગણાય છે.
૬. મગન રોટલી જમ્યો—મગનથી રોટલી જમાઈ.
૭. હું તેને બે બોલ બોલ્યો—મારાથી તેને બે બોલ બોલાયા.
૮. મેં દવા પીધી—મારાથી દવા પીવાઇ.
૯. ચંડાળે વેપારીને કપડું વેચ્યું—ચંડાળથી વેપારીને કપડું વેચાયું.
૧૦. તેણે મને પાણી પાયું—તેનાથી મને પાણી પવાયું.
૧૧. તેં મને ગુણ કર્યો છે—તારાથી મને ગુણ કરાયો છે.
૧૨. મજુરે ઝાડ પાડયું—મજુરથી ઝાડ પડાયું.
૧૩. છગને મનસુખને દાખલો શિખવ્યો—છગનથી મનસુખને દાખલો શિખવાયો.
૧૪. અમે આંક લખાવીએ છીએ—અમારાથી આંક લખાવાય છે.
૧૫. શિક્ષકે છોકરાંને નવી ચોપડી મંડાવી—શિક્ષકથી છોકરાંને નવી ચોપડી મંડાવાઇ.
૧૬. તેણે ભીંત પડાવરાવી—તેનાથી ભીંત પડાવરાવાઇ.

પાઠ ૨૩. અપૂર્ણ ક્રિયાપદ.

અપૂર્ણ ક્રિયાપદ—જે ક્રિયાપદને બધા કાળ લાગતા નથી, તે અપૂર્ણ ક્રિયાપદ કહેવાય છે. જેમ—છે, હો, જોઇએ, ઊભો.

'છ' ધાતુનાં રૂપો.

વર્ત્તમાનકાળ.

નર, નારી, નાન્યતરજાતિ.

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	હું છું.	અમે છીએ.

બીજો પુરુષ. તું છે.	તમે છો.
ત્રીજો પુરુષ. તે છે.	તેઓ છે.

'છ' ધાતુનાં વર્ત્તમાનકાળ સિવાય બીજા કાળમાં રૂપ થતાં નથી, બીજા કાળોમાં 'છ' ને બદલે 'હો' ધાતુનાં રૂપ વપરાય છે.

'હો' મૂળ ધાતુનાં રૂપાખ્યાન.

વર્ત્તમાનકાળ.

નિશ્ચયાર્થમાં 'છ' મૂળ ધાતુનાં રૂપ વપરાય છે.

સંકેતાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	(જો) હું હોઉં.	(જો) અમે હોઇએ.
બીજો પુરુષ.	(જો) તું હોય, હોઉં.	(જો) તમે હો.
ત્રીજો પુરુષ.	(જો) તે હોય.	(જો) તેઓ હોય.

અથવા—નિશ્ચયાર્થમાં.

પે. પુ.	હું હોઉં છું.	અમે હોઇએ છીએ.
બી. પુ.	તું હોય છે, હોઉં છું.	તમે હો છો.
ત્રી. પુ.	તે હોય છે.	તેઓ હોય છે.

ભૂતકાળ.

નિશ્ચયાર્થ. (પુરુષભેદ નથી).

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	હતો.	હતા.
નારીજાતિ.	હતી.	હતી.
નાન્યતરજાતિ.	હતું.	હતાં.

સંકેતાર્થ.—હોત. એ રૂપ બધે ઠેકાણે ચાલે છે.

ભવિષ્યકાળ.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	હું હોઈશ.	અમે હોઈશું.
બીજો પુરુષ.	તું હશે, હઈશ, હોઈશ.	તમે હશો.
ત્રીજો પુરુષ.	તે હશે.	તેઓ હશે.

સંકેતાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	(જો) હું હોઈશ.	(જો) અમે હઈશું.
બીજો પુરુષ.	(જો) તું હશે, હઈશ, હોઈશ.	(જો) તમે હશો.
ત્રીજો પુરુષ.	(જો) તે હશે.	(જો) તેઓ હશે.

'જોઈએ' નાં રૂપ. ધાતુ જો.

	નિશ્ચયાર્થ.	સંશયાર્થ-સંકેતાર્થ.
વર્ત્તમાનકાળ.	જોઈએ.	જોઈએ.
ભૂતકાળ.	...	જોત (જોઈઅત).
ભવિષ્યકાળ.	જોઈશે.	જોઈશે.

ઉભ ધાતુનાં ફક્ત પ્રથમ ભૂતકાળમાં ઉભો, ઉભી, ઉભું, ઉભા, ઉભાં અને દ્વિતીય ભૂતકાળમાં ઉભેલો, ઉભેલી, ઉભેલું, ઉભેલા, ઉભેલાં એવાં રૂપ થાય છે. બીજા કાળમાં એનાં રૂપ થતાં નથી.

ટીપ:—'છ' અને 'હો' ધાતુનાં ક્રિયાપદ મિશ્રકાળ બનાવવાને કામ લાગે છે. એ સંબંધી વિવેચન છઠ્ઠા ધોરણમાં આવશે. આ ધોરણમાં તો ક્રિયા ચાલતી છે, થઈ ગઈ છે, કે થવાની છે; એ પરથી ક્રિયાપદના કાળ કહેવરાવવા.

'પાડે છે' આ રૂપ ક્રિયા ચાલુ છે એમ બતાવે છે, માટે આ ક્રિયા **વર્ત્તમાનકાળની** કહેવાય.

'પાડ્યો હતો', 'પાડેલો હતો', 'પાડતો હતો', એ રૂપો થઇ ગયેલી ક્રિયા બતાવે છે, માટે આ ક્રિયા **ભૂતકાળની** કહેવાય.

'પાડવું છે', 'પાડવાનો છે', 'પાડનાર છે', એ રૂપો હવે પછી થવાની ક્રિયા બતાવે છે, માટે આ ક્રિયા **ભવિષ્યકાળની** કહેવાય.

પાઠ ૨૪. ક્રિયાપદોનું પદચ્છેદ.

શુદ્ધકાળના ક્રિયાપદના પદચ્છેદમાં પ્રથમ કર્ત્તા, કર્મ (હોય તો) કહી ક્રિયાપદની જાત, પછી ધાતુ, કાળ, અર્થ, **ક્રિયાનાથ** કહી તેનાં પુરુષ, જાતિ, વચન, અને છેવટે પ્રયોગ કહેવો.

ઉદાહરણ—

૧. તે છોકરો ગામ જાય.

'જાય':—કર્ત્તા 'તે છોકરો,' કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'જા' ધાતુ, વર્તમાનકાળ, આજ્ઞાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે છોકરો', ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

૨. તે ત્યાં છે.

'છે':—કર્ત્તા 'તે', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'છ' ધાતુ, વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે', ત્રીજો પુરુષ, એકવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

૩. લલ્લુ, નકશો ચીતર.

'ચીતર':—કર્ત્તા 'તું' (અધ્યાહાર), કર્મ 'નકશો' માટે સકર્મક ક્રિયાપદ, 'ચીતર' ધાતુ, વર્ત્તમાનકાળ, આજ્ઞાર્થ, ક્રિયાનાથ કર્ત્તા

'તું', બીજો પુરુષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૪. માવજીએ બાવળ પાડ્યો.

'પાડ્યો':—કર્ત્તા 'માવજીએ,' કર્મ 'બાવળ' માટે સકર્મક ક્રિયાપદ, પડ મૂળધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'બાવળ', ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

૫. લલ્લુએ લખીને પૂછાવ્યું.

'પૂછાવ્યું':—કર્ત્તા 'લલ્લુએ,' કર્મ 'પૂછવાનું' (આગલું વાક્ય) માટે સકર્મક ક્રિયાપદ, 'પૂછ' મૂળ ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'પૂછવાનું', ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

૬. ભગુ ચાર આંક શીખ્યો.

'શીખ્યો':—કર્ત્તા 'ભગુ,' કર્મ 'આંક', માટે સકર્મક ક્રિયાપદ, 'શીખ' ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'ભગુ,' ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૭. મારાથી બેસાયું.

'બેસાયું':—કર્ત્તા 'મારાથી', કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, બેસ ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૮. છોકરાંએ હંમેશાં નિશાળે આવવું.

'આવવું':—કર્ત્તા 'છોકરાંએ,' કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, 'આવ' ધાતુ, વિધ્યર્થ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૯. તેનાથી આ હિસાબ નહિ ગણાય.

'ગણાય':—કર્ત્તા 'તેનાથી,' કર્મ 'હિસાબ', માટે સકર્મક

ક્રિયાપદ, ગણ ધાતુ, વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'હિસાબ', ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

૧૦. મેં ત્રણ દાખલા ગણાવરાવ્યા.

'ગણાવરાવ્યા':—કર્ત્તા 'મેં', કર્મ 'દાખલા', માટે સકર્મક ક્રિયાપદ, 'ગણ' મૂળધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'દાખલા,' ત્રીજો પુરુષ, નરજાતિ, બહુવચન, કર્મણિપ્રયોગ.

૧૧. તમે મને રજા આપો.

'આપો':—કર્ત્તા 'તમે,' કર્મ 'રજા,' માટે સકર્મક ક્રિયાપદ, 'આપ' ધાતુ, વર્ત્તમાનકાળ, આજ્ઞાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તમે', બીજો પુરુષ, બહુવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૨. જ્યારે તમે આવશો ત્યારે હું જઈશ.

'આવશો':—કર્ત્તા 'તમે,' કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, 'આવ' ધાતુ, ભવિષ્યકાળ, સંકેતાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તમે', બીજો પુરુષ, બહુવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

૧૩. બિલાડીએ ઉંદર પકડી પાડયો.

'પકડી પાડયો':—કર્ત્તા 'બિલાડીએ', કર્મ 'ઉંદર', માટે સકર્મક ક્રિયાપદ, 'પકડ' અને 'પાડ' ધાતુ, ભુતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'ઉંદર', ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

૧૪. તે આ ઘર વેચનાર છે.

'વેચનાર છે':—કર્ત્તા 'તે', કર્મ 'આ ઘર', માટે સકર્મક ક્રિયાપદ, 'વેચ' ધાતુ, ભવિષ્યકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે', ત્રીજો પુરુષ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

પાઠ ૨૫. નામયોગી અવ્યય.

૧. છોકરો ઝાડ પર ચડ્યો.
૨. સોમવતી અમાસે હિંદુ સ્ત્રીઓ પીપળાની આસપાસ ફેરા ફરે છે.
૩. ગંગા ઘર તરફ ગઈ.
૪. ભગુ મારી અગાઉ આવ્યો.
૫. લલ્લુ ભગુની પાછળ પડી ગયો.
૬. હું તેને વાસ્તે અમદાવાદ ગયો.

પહેલા વાક્યમાં 'ઝાડ પર' શબ્દસમૂહ ચડવાની ક્રિયાનું **સ્થળ** બતાવે છે, બીજા વાક્યમાં 'પીપળાની આસપાસ' એ શબ્દસમૂહ ફરવાની ક્રિયાનું **સ્થળ** બતાવે છે, ત્રીજા વાક્યમાં 'ઘર તરફ' શબ્દસમૂહ જવાની ક્રિયાની **દિશા** બતાવે છે, ચોથા વાક્યમાં 'મારી અગાઉ' આવવાની ક્રિયાનો **વખત** બતાવે છે, પાંચમા વાક્યમાં 'ભગુની પાછળ' શબ્દસમૂહ પડી જવાની ક્રિયાનો **વખત** બતાવે છે, છઠ્ઠા વાક્યમાં 'તેને વાસ્તે' શબ્દસમૂહ જવાની ક્રિયાનો **હેતુ** સમજાવે છે. આ બધા શબ્દસમૂહો ક્રિયાના અર્થમાં વધારો કરે છે, માટે વાક્યપૃથક્કરણમાં **વિધેયવર્ધકના** ખાનામાં આવે છે.

વરઘોડો દહેરા પાસે છે, ગાંસડી માથા ઉપર છે, આ વાક્યોમાં 'દહેરા પાસે,' અને 'માથા ઉપર' શબ્દસમૂહો અપૂર્ણ વિધેયવાચક ક્રિયાપદોનું **સ્થળ** બતાવે છે, માટે તે વાક્યપૃથક્કરણમાં વિધેયવર્ધકના ખાનામાં ન આવે, પણ **ક્રિયાપૂરકના** ખાનામાં આવે.

આ બધા શબ્દસમૂહોમાં 'પર,' 'આસપાસ,' 'તરફ,' 'અગાઉ,' 'પાછળ,' 'વાસ્તે,' 'પાસે,' 'ઉપર' શબ્દ અવ્યયો છે, ને તે 'ઝાડ,' 'પીપળાની,' 'ઘર,' 'મારી,' 'ભગુની,' 'તેને,' 'દહેરા' અને 'માથા' શબ્દની

સાથે જોડાએલા છે. આ શબ્દો નામ અથવા સર્વનામ છે, વખતે નામના અર્થમાં વપરાતા બીજા શબ્દો હોય છે. આવા અવ્યયો **નામની સાથે** જોડાય છે, માટે તેમને **નામયોગી** અવ્યય કહે છે.

જે અવ્યયો નામની સાથે જોડાએલા હોય છે, તેને નામયોગી અવ્યય કહે છે.

ઉપરનાં વાક્યો તપાસવાથી માલૂમ પડશે કે નામયોગી અવ્યય જે નામ સાથે જોડાએલા હોય છે તે નામને **ના, ની, ને** પ્રત્યય લાગેલા હોય છે, અથવા તેનો અધ્યાહાર હોય છે.

જેની પહેલાં 'ના' આવે એવા:—કરતાં, વડે, વિના, વિણ, વણ, સિવાય, વગર, સહિત, સમેત, સોત, સુદ્ધાં, સંબંધી, સુધી, ઉપર, વગેરે.

જેની પહેલાં 'ની' આવે એવા:—અગાઉ, અગાડી, આગળ, આસપાસ, આરપાર, કને, તળે, નીચે, પાછળ, સામે, સાથે, માંહે, મોઝાર, પહેલાં, વતી, વતે, મારફતે, વગેરે.

જેની પહેલાં 'ને' આવે એવા:—અર્થે, કાજે, કારણે, બદલે, સાટે, માટે, લીધે, વિષે, સારૂ. '

કરીને નામયોગીની પહેલાં નામ કે સર્વનામને ત્રીજી વિભક્તિનો **એ** પ્રત્યય આવે છે. જેમ, **છરાએ** કરીને, **તેણે** કરીને.

પદચ્છેદને લગતી સૂચના:—ઘણાખરા ઠેકાણું ને વખત બતાવનાર નામયોગી અવ્યય ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાય છે. માટે જ્યારે તે અવ્યયો નામની સાથે આવેલા હોય ત્યાં તેનું પદચ્છેદ નામયોગી અવ્યય કરવું, અને નામની સાથે ન આવતાં એકલા છૂટા વપરાઈ વખત કે ઠેકાણું બતાવે ત્યાં ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય. જેમ, હું તેની **પાછળ** આવ્યો (નામયોગી અવ્યય), હું **પાછળ** આવ્યો (ક્રિયાવિશેષણ અવ્યય).

નામયોગી અવ્યય ક્રિયાવિશેષણ અવ્યયની સાથે આવે, ત્યાં તે બંનેનું ભેગું પદચ્છેદ ક્રિયાવિશેષણ અવ્યય કરવું. જેમ, ત્યાંઆગળ, હવેપછી, ત્યાંલગણ, અત્યારસુધી, ત્યાંસુધી, વગેરે.

પાઠ ૨૬. ઉભયાન્વયી અવ્યય.

૧. મગન નિશાળેથી આવ્યો **અને** તે આંક લખવા બેઠો.

૨. શાસ્ત્રમાં કહેલું છે **કે** જુઠું બોલવામાં બહુ પાપ છે.

૩. છગન મને રમાડે છે **કેમકે** હું તેને રમાડું છું.

૪. લલ્લુ નિશાળે મોડો આવ્યો **માટે** મહેતાજીએ તેને શિક્ષા કરી.

૫. તમે પરીક્ષામાં પાસ થશો **તો** ઇનામ મળશે.

૬. છગન આવ્યો **પણ** મગન ન આવ્યો.

૭. છગન **યા** મગન આવે.

૮. વર **અને** કન્યાનું સુશોભિત જોડું છે.

૯. બે **ને** બે મળી ચાર થાય.

પહેલા વાક્યમાં 'મગન નિશાળેથી આવ્યો' ને 'તે આંક લખવા બેઠો' એ બે વાક્યો **અને** અવ્યયથી જોડાએલાં છે. તેજ પ્રમાણે ૨, ૩, ૪, ૫, ૬ ઠું વાક્ય **કે**, **કેમકે**, **માટે**, **તો**, અને **પણ** અવ્યયથી જોડાએલાં છે. સાતમા વાક્યમાં **યા** અવ્યય 'છગન' અને 'મગન' શબ્દને જોડે છે, પણ ખરી રીતે જોતાં તે બે વાક્યને જોડે છે; કેમકે છગન યા મગન આવે તે વાક્ય છગન આવે યા મગન આવે, આ બે વાક્ય સંકોચાવાથી થયેલું છે. આઠમા અને નવમા વાક્યમાં **અને** તથા **ને** અવ્યય **બે શબ્દનેજ** જોડે છે.

જે અવ્યય બે વાક્ય કે બે શબ્દને જોડે છે, તેને **ઉભયાન્વયી** (ઉભય=બે (વાક્ય કે શબ્દ)+અન્વયી=જોડનાર) **અવ્યય** કહે છે. નીચે ઉભયાન્વયી અવ્યયના દાખલા આપ્યા છે.

અને, ને, તથા; કે જે, વળી, વળતી, હવે, પછી; કાંકે, કેમકે, કારણ કે; માટે, એટલે, તેથી; જો—તો, જ્યારે—ત્યારે, નહિતો, નીકર; પણ, પરન્તુ, સામું, ઉલટું, તથાપિ, તોપણ; કિંવા, વા, અથવા, અગર, યાતો; વગેરે.

પદચ્છેદને લગતી સૂચના:—પણ અને **તો** બે વાક્યને જોડવાનું કામ ન કરતાં વાક્યની અંદર આવી કોઈ શબ્દના સાથે સંબંધ રાખે, ત્યાં તેનું પદચ્છેદ **ક્રિ. વિ. અવ્યય** કરવું, કેમકે આ શબ્દો હરકોઈ શબ્દ સાથે વપરાય છે તોપણ તેનો સંબંધ ક્રિયાપદ સાથે પણ છે. જેમ, હું **પણ** આવીશ (આવનાર બીજા છે તેની સાથે હું પણ છું), તમે **તો** આવજો. **એ, જ, માત્ર, ફક્ત, વળી** એ એવાજ અવ્યય છે. ઉદાહરણ—હું **એ** આવીશ, તે મારી **જ** છત્રી છે, **માત્ર** પાણી ચોકખું છે, હું **ફક્ત** દૂધ પીને રહું છું, **વળી** વધારે ખાઈશ. આ અવ્યયો જે શબ્દને લાગેલા હોય, ને શબ્દના અર્થમાં વધારો કરે છે, માટે વાક્યપૃથક્કરણમાં તે શબ્દ સાથે જાય; પણ ઉભયાન્વયી અવ્યય વાક્યમાં કોઇ શબ્દ સાથે સંબંધ ન રાખતાં, બે વિચારને જોડી અલગ રહે છે, માટે વાક્યપૃથક્કરણમાં તેમને મૂકી દેવા.

કેટલાક અવ્યય ક્રિયાવિશેષણ, નામયોગી, અને ઉભયાન્વયી અવ્યય તરીકે વપરાય છે, માટે હંમેશાં કોઈ અવ્યય શું કામ કરે છે, તે પરથી તેની જાત નક્કી કરવી. ક્રિયાપદનો ગુણ બતાવે તો ક્રિયાવિશેષણ, નામ સાથે જોડાએલો હોય તો નામયોગી, અને વાક્યોને

જોડે તો ઉભયાન્વયી અવ્યય કહેવો. ઉદાહરણ—તું **પછી** આવજે (ક્રિયાવિશેષણ અવ્યય), તું તેના **પછી** આવજે (નામયોગી અવ્યય), **તે** ગયો **પછી** આ બનાવ બન્યો (ઉભયાન્વયી અવ્યય).

પાઠ ૨૭. કેવળપ્રયોગી અવ્યય.

અત્યારસુધી આપણે જે શબ્દોનો વિચાર ચલાવ્યો, તે વાક્યમાં એક બીજા સાથે સંબંધ રાખે છે; પણ કેટલાક શબ્દો એવા છે, કે તે વાક્યમાં કોઇ પણ શબ્દ સાથે સંબંધ રાખતા નથી; મનમાં એકાએક હરખ થઇ જવાથી, દુઃખ લાગી આવવાથી, ગભરાટ થઇ જવાથી, નવાઇ લાગવાથી, તિરસ્કાર આવવાથી, કે બીજા કોઇ મનોવિકારથી બોલી દેવાય છે. જેમકે—

૧. આહા! શું સુંદર પક્ષી હતું!

૨. અરે! સીતા દેવીને શું થયું?

૩. હાયહાય! લોક ખાતર રામે તજ્યાં.

૪. ઓહો! શું એનું રૂપ છે!

૫. અધધધ! આવડો મોટો નાગ!

૬. બાપરે! હવે આપણાથી ઘરમાં કેમ જવાશે?

આ વાક્યોમાં 'આહા,' 'અરે,' 'હાયહાય,' 'ઓહો,' 'અધધધ,' 'બાપરે' શબ્દો છૂટા વપરાયેલા છે, અને તે અવ્યયની જાતના છે; માટે તેમને **કેવળપ્રયોગી અવ્યય** કહે છે. આ અવ્યયને વાક્યપૃથક્કરણમાં પડતા મૂકવા.

મનમાં હરખ, શોક, ગભરાટ, નવાઇ, તિરસ્કાર, વગેરે ઉપજ્યાથી જે બોલ છૂટા બોલાય છે, તેમને કેવળપ્રયોગી અવ્યય કહે છે. જેમકે, આહા, અહા, હાશ, હાશારા; અં, અઃ;

અરે, અરેઅરે, અરેરે, ઓય, ઓયઓય, ઓયરે, હાય, હાયહાય, હાયહાયરે; ઓહો, હે, વાહ, વાહવાહ, વાહરે, વાહરેવાહ, અધધધ, ઓહોહોહો; થુઃ, ફટ, ફટફટ, ધિક્, ધિક્ધિક્, હત, છટ, છીટ, છીઃ; સાચે, ખરે, ખરેખર, ખરેખાત, ચૂપ, જો, પોઇસ, બસ, ભલે, ધન્ય, ધન્યધન્ય, શાબાશ, વારૂ, વારૂવારૂ, હાઉ, હાં, સ્વસ્તિ, કલ્યાણ, જયજય, એ, કાં, બસ, બસબસ, ચૂપચૂપ, બરાબર, જી, જીસાહેબ, વગેરે.

કોઇવાર શોક, દુઃખ આદિ મનોવિકાર થઇ આવવાથી નામ, ક્રિયાપદ વગેરે પણ એવીજ રીતે બોલાઇ જાય છે. જેમકે—

નામઃ—રામરામ, શિવશિવ, હરિહરિ, બાપરે, ભાઈરે, અરેબાપ, અરેરામ, નસીબ, કપાળ, કિસ્મત, ભોગ, મોકાણ.

વિશેષણઃ—શું, બેશ, ઠીક, ખબરદાર, બેવકુફ, ભલે.

ક્રિયાપદઃ—જો, જોજે, જાણ્યું, છોરવું, સમજ, રે, મેર.

પાઠ ૨૮. વાક્યપૃથક્કરણ.

(વિભક્તિ તથા નામયોગી અવ્યયનો ઉપયોગ.)

૧. **છઠ્ઠી વિભક્તિવાળાં નામ** વિશેષણની પેઠે વપરાય છે, માટે તે કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઇ શકે. જેમ, **છોકરાની** સ્લેટ ફૂટી, **મારૂં** અંગરખું કાપ્યું, તેણે **મગનની** ચોપડી ખરીદી, ચીનાઓએ **છાપવાની** કળા શોધી.

૨. **છઠ્ઠી વિભક્તિવાળું નામ અને વિશેષણ** બેઉ સાથે, કર્ત્તા અને ક્રિયાપૂરકનો વધારો થઇ શકે. જેમ, **ગુજરાતના મોટા** રાજાએ **કાશીના વિદ્વાન્** બ્રાહ્મણોને તેડાવ્યાં.

૩. કર્મણિ રચનામાં દ્વિકર્મી ક્રિયાપદોનો કર્ત્તા જ્યારે પાંચમી વિભક્તિમાં આવે છે, ત્યારે ગૌણકર્મ એમનું એમ કાયમ રહે છે, અને પ્રધાનકર્મ નામાર્થે પહેલી વિભક્તિમાં આવે છે. જેમ, રાજાથી બ્રાહ્મણને દાન અપાય છે, મારાથી તેને વાત જણાવાઇ. આ વાક્યોમાં 'રાજાથી' અને 'મારાથી' કર્ત્તાર્થે પાંચમી વિભક્તિમાં અને 'દાન' તથા 'વાત' પ્રધાન કર્મ નામાર્થે પહેલી વિભક્તિમાં છે.

૪. વાક્યમાં બહુધા ઉદ્દેશ્ય જ **કર્ત્તા** હોય છે, પણ કર્મણિ રચનામાં કર્ત્તા પાંચમી વિભક્તિમાં હોય છે ત્યારે **કર્મ** ઉદ્દેશ્ય થાય છે. સબબ વાક્યપૃથક્કરણમાં કર્ત્તાને બદલે ઉદ્દેશ્ય શબ્દ વાપરવો ઉચિત છે. જેમ, મારાથી કામ કરાયું એમાં 'કામ'–ઉદ્દેશીનેજ વાત થાય છે માટે 'કામ' ઉદ્દેશ્ય છે, ને 'મારાથી કરાયું' વિધેયપક્ષ છે. પૃથક્કરણમાં 'કરાયું' ક્રિયાપદના ખાનામાં, ને 'મારાથી' વિધેયવર્ધકના ખાનામાં **કર્ત્તાર્થે** લેવાય. પદચ્છેદમાં 'મારાથી' કર્ત્તાર્થે પાંચમી, 'કામ' નામાર્થે પહેલી, ને 'કરાયું' કર્મણિપ્રયોગમાં લેવાય. 'મારાથી દોડાયું' એ વાક્યમાં દોડવાની ક્રિયાનો **ભાવ** ઉદ્દેશ્ય છે, ને 'મારાથી' શબ્દને **કર્ત્તાર્થે** વિધેયવર્ધકમાં મૂકાય.

૫. **નામયોગી અવ્યય સાથેનાં નામ, સર્વનામ, અને વિશેષણથી** વિધેયનો વધારો થાય છે. જેમ, **અકબર પછી** ઔરંગજેબ પાદશાહ થયો (કાળ), **તેની પાસે** બેસીશ (સ્થળ), તમે આ કામ **ગરીબને વાસ્તે** કરો (હેતુ).

૬. **કેવળપ્રયોગી અવ્યય** વાક્યમાં કોઇ પણ શબ્દ સાથે સંબંધ રાખતા નથી, માટે વાક્યપૃથક્કરણમાં તેમને પડતા મૂકવા.

કેટલાંક વાક્યોનું પૃથક્કરણ નીચે કરી આપ્યું છે.

વાક્ય.	ઉદ્દેશ્યપક્ષ.		વિધેયપક્ષ.		
	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્ય વર્ધક.	વિધેય.		વિધેયવર્ધક.
			ક્રિયા.	ક્રિયાપૂરક.	
૧. બાપરે ! આ શું છે ?	આ		છે	શું	
૨. મારી માનું માથું દૂખતું હતું.	માથું	મારી માનું	દૂખતું હતું		
૩. ગુજરાતના મોટા રાજાએ કાશીના વિદ્વાન્ બ્રાહ્મણોને તેડાવ્યા.	રાજાએ	ગુજરાતના મોટા	તેડાવ્યા	કાશીના વિદ્વાન્ બ્રાહ્મણોને	
૪. રામલાલે જાડી કલમે અક્ષર લખ્યા.	રામલાલે		લખ્યા	અક્ષર	જાડી કલમે (કરણ)
૫. મારા બાપા કાશીથી બહુ પુસ્તકો લાવ્યા.	બાપા	મારા	લાવ્યા	બહુ પુસ્તકો	કાશીથી (સ્થળ)
૬. આપણા ઘરોમાં માખી હોય છે.	માખી		હોય છે	આપણા ઘરોમાં	
૭. ચંડાળથી વેપારીને કપડું વેચાણું.	કપડું		વેચાણું	વેપારીને	ચંડાળથી (કર્તૃવાચક)
૮. મારાથી બેસાય છે.	(બેસવાનું)		બેસાય છે (થાય છે)		મારાથી (કર્તૃવાચક)
૯. તે ઝાડ પરથી પડ્યો.	તે		પડ્યો		ઝાડપરથી (વિયોગ)

પાઠ ૨૯. પદચ્છેદ.

(શબ્દના પાંચે વર્ગ તથા તેમના પ્રકારો.)

એજ જ્ઞાની વાલ્મિકીની પાસે બીજા મુનિઓ જ્ઞાન મેળવવાને માટે આવે છે, તો પછી તમારે આટલા લાંબા પ્રવાસનો શ્રમ કેમ વેઠવો પડ્યો ?

એ:—દર્શક વિશેષણ, વિશેષ્ય 'વાલ્મિકીની' માટે નરજાતિ, છઠ્ઠીનું બહુવચન.

જ:—ક્રિયાવિશેષણ અવ્યય. 'એ' ના અર્થમાં વધારો કરે છે.

જ્ઞાની:—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'વાલ્મિકીની' માટે નરજાતિ, છઠ્ઠીનું બહુવચન.

વાલ્મિકીની:—વિશેષ નામ, નરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું બહુવચન (માનાર્થે).

પાસે:—નામયોગી અવ્યય 'વાલ્મિકીની' સાથે જોડાએલો.

બીજા:—સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય 'મુનિઓ' માટે નરજાતિ, પહેલીનું બહુવચન.

મુનિઓ:—સામાન્ય નામ, નરજાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'આવે છે' ક્રિયાપદનો કર્ત્તા.

જ્ઞાન:—ભાવવાચક નામ, નાન્યતરજાતિ, કર્માર્થે બીજીનું એકવચન. 'મેળવવાને' કૃદંતનું કર્મ.

મેળવવાને:—સામાન્ય કૃદંત.

માટે:—નામયોગી અવ્યય. 'મેળવવાને' સાથે જોડાએલો.

આવે છે:—કર્ત્તા 'મુનિઓ', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'આવ' ધાતુ, વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'મુનિઓ', ત્રીજો પુરુષ, નરજાતિ, બહુવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

તો:—ઉભયાન્વયી અવ્યય.

પછી:—વેળા દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય. 'વેઠવો પડ્યો' ક્રિયાપદનો વખત. (ક્રિયાનો ક્રમ બતાવે છે.)

તમારે:—બીજો પુરુષ સર્વનામ, 'આત્રેયી' ને ઠેકાણે માટે નારીજાતિ, કર્ત્તાર્થે ચોથીનું બહુવચન. 'વેઠવો પડ્યો' ક્રિયાપદનો કર્તા.

આટલા:—ક્રિયાવિશેષણ, 'લાંબા' વિશેષણનું વિશેષણ.

લાંબા:—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'પ્રવાસનો' માટે નરજાતિ, છઠ્ઠીનું એકવચન.

પ્રવાસનો:—ભાવવાચક નામ, નરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન.

શ્રમ:—ભાવવાચક નામ, નરજાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'વેઠવો પડ્યો' ક્રિયાપદનું કર્મ.

કેમ:—હેતુવાચક ક્રિયાવિશેષણ અવ્યય. 'વેઠવો પડ્યો' ક્રિયાપદનો હેતુ.

વેઠવો પડ્યો:—કર્ત્તા 'તમારે', કર્મ 'શ્રમ' માટે સકર્મક ક્રિયાપદ, 'વેઠ' અને 'પડ' ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'શ્રમ', નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

હેં ! તેને આજે વ્યાધિ વધારે છે ?

હેં !—કેવળપ્રયોગી અવ્યય.

તેને:—ત્રીજો પુરુષ સર્વનામ, તિરાહિત માણસને ઠેકાણે માટે સામાન્ય જાતિ, સંબંધાર્થે ચોથીનું એકવચન.

આજે:—વખત દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય. 'છે' ક્રિયાપદનો વખત.

વ્યાધિ:—સામાન્યનામ, નરજાતિ, નામાર્થે પહેલીનું એકવચન.

'છે' ક્રિયાપદનો કર્ત્તા.

વધારેઃ—વિધિપૂરક વિશેષણ, વિશેષ્ય 'વ્યાધિ' માટે નરજાતિ, પહેલીનું એકવચન.

છેઃ—કર્ત્તા ' વ્યાધિ ', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'છ' ધાતુ, વર્ત્તમાન કાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા ' વ્યાધિ ', નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

પાઠ ૩૦. વાક્યમાં શબ્દરચના.

૧. વાક્યમાં પહેલો કર્ત્તા, પછી કર્મ હોય તો કર્મ, ને છેલ્લે ક્રિયાપદ આવે છે. જેમ, ગાય ચરાડે છે, છોકરો ચોપડી વાંચે છે.

દાતણ પાણી મેં કરેલું છે. આ વાક્યમાં કર્મ **પહેલું** આવેલું છે તેનું કારણ એ કે 'દાતણ પાણી'ની સામા માણસ સાથે વાત ચાલે છે.

૨. **વિશેષણઃ**—વિશેષણ પહેલું ને વિશેષ્ય પછી આવે છે. જેમ, **સારો** છોકરો વખતસર નિશાળે આવે છે.

કોઈના ગુણનું વર્ણન કરવું હોય, કે સ્થિતિ બતાવવી હોય તો વિશેષણ, વિશેષ્યની પછી અને ક્રિયાપદની પહેલાં આવે છે; એ વખતે તે **ક્રિયાપૂરક** બને છે. જેમ, ઈશ્વર **મહાકૃપાળુ** છે, છોકરો **માંદો** છે.

વિશેષણ, સર્વનામના ગુણ બતાવે ત્યારે તો વિશેષણ, સર્વનામની પછીજ આવે. જેમ, તે **ડાહ્યો** છે, તમે **સારા** થાઓ, આમાં ' ડાહ્યો ' અને ' સારા ' ક્રિયાપૂરક છે.

છઠ્ઠી વિભક્તિવાળું નામ કે સર્વનામ, જેની સાથે સંબંધ રાખતું હોય, તેની પહેલાં આવે છે. જેમ, **રાજાનો** કુંવર **પોતાના** પાઠ સારા કરે છે.

છઠ્ઠી વિભક્તિવાળું નામ કે સર્વનામ, અને વિશેષણ બેઉ કોઇ નામની સાથે સંબંધ રાખે, તો છઠ્ઠી વિભક્તિવાળો શબ્દ પહેલો આવે છે. જેમ, **રાજાનો** વડો કુંવર **પોતાના** સઘળા પાઠ સારા કરે છે.

૩. **ક્રિયાવિશેષણઃ**—ક્રિયાનું ઠેકાણું, વખત, રીત, હેતુ, વગેરે દેખાડનારાં ક્રિયાવિશેષણો ક્રિયાપદની પહેલાં આવે છે. જેમ, તે **આજે** જશે.

નકારવાચક શબ્દો કોઇ પ્રાંતમાં ક્રિયાપદની પહેલાં, ને કોઇ પ્રાંતમાં ક્રિયાપદની પછી બોલાય છે. જેમ, **ન** કરતો, કરતો **નહિ; મા** કરીશ, કરીશ **મા.**

૪. **કૃદંતઃ**—કૃદંત ને ક્રિયાપદ જોડે આવે તો **હંમેશાં** કૃદંત પહેલું ને ક્રિયાપદ પછી આવે છે. જેમ, તે ચોપડી **લખતો** હતો. કૃદંતની સાથે **નિષેધાર્થ ક્રિયાપદ** આવે તો વખતે નિષેધાર્થ ક્રિયાપદ પહેલું ને કૃદંત પછી આવે છે. જેમ, તે નહોતો **જતો,** મેં નથી કર્યું.

૫. **પ્રશ્નાર્થ શબ્દોઃ**—**શું** અને **વારૂ** એ વાક્યના કોઈ પણ શબ્દની સાથે સંબંધ ન રાખે, ત્યારે વાક્યની પહેલાં અગર છેલ્લે આવે છે. જેમ, **શું !** વાત એવી હોય ? એવી વાત હોય **શું ? વારૂ !** એમ કરવું જોઇએ ? એમ કરવું જોઇએ **વારૂ ?** એનું કારણ એ છે કે કેવળપ્રયોગી અવ્યય વાક્યની પહેલાં કે પછી આવે છે.

૬. **સંબોધનઃ**—કર્ત્તાની પહેલાં, અથવા કર્મની પહેલાં કે વખતે પછી આવે છે. જેમ, **હે ઇશ્વર,** તું અમારાં પાપ ક્ષમા કર. આપનાં અંગી માણસોનો દોષ, **હે મહેરબાન સાહેબ,** આપની પાસે કોણ કાઢશે ?

પાઠ ૩૧. સવાલો.

૧. સામાન્ય નામ, વિશેષ નામ, અને ભાવવાચક નામ એટલે શું? તેના પાંચ પાંચ દાખલા આપો.

૨. જાતિ કેટલી છે? કઇ કઇ? તેને ઓળખવાની રીત શી?

૩. જાતિના સાધારણ પ્રત્યય કયા?

૪. કેટલાંક નરજાતિનાં નામને નારીજાતિમાં લાવવાના પ્રત્યય કયા? ને તેના દાખલા આપો.

૫. વચન કેટલાં છે? એકવચન ને બહુવચન કોને કહે છે? બહુવચનનો પ્રત્યય કયો?

૬. કઇ જાતનાં નામ એકવચનમાં રહે છે? ને તેના પાંચ પાંચ દાખલા આપો.

૭. બહુવચનમાં રહેનાર કેટલાંક નામ આપો.

૮. વિભક્તિ એટલે શું? તે કેટલી છે? દરેક વિભક્તિના પ્રત્યય કયા?

૯. દરેક વિભક્તિનો મુખ્ય અર્થ કયો?

૧૦. પહેલી ને બીજી વિભક્તિ શી રીતે ઓળખવી?

૧૧. બીજી ને ચોથી વિભક્તિમાં શો તફાવત છે?

(બીજી વિભક્તિનો મુખ્ય અર્થ 'કર્મ' છે, ને ચોથી વિભક્તિનો મુખ્ય અર્થ સંપ્રદાન ને સંબંધ છે. 'ને' પ્રત્યયવાળું નામ 'માટે', 'સારૂ'ના અર્થમાં હોય તો **ચોથીજ** વિભક્તિ જાણવી.)

૧૨. 'ને' તથા 'એ' પ્રત્યય કઇ કઇ વિભક્તિમાં આવે છે ને તે કેમ ઓળખાય?

૧૩. સર્વનામનાં જાતિવચન શા પ્રમાણે કહેવાં?

૧૪. પુરુષવાચક સર્વનામ ક્યાં? તે ક્યા ક્યા પુરુષમાં વપરાય છે ને તે શા માટે?

૧૫. પ્રશ્નાર્થ, સ્વવાચક, દર્શક, અનિશ્ચિત, અને સંબંધી સર્વનામ એટલે શું? ને તેના દાખલા આપો.

૧૬. અમે, મારે, અમારે, આપણે, તમે, તારે, તમારે, તે, પોતે, કોને, કઇ કઇ વિભક્તિ ને વચનમાં આવે છે ને કેમ ઓળખાય?

૧૭. ગુણવાચક અને સંખ્યાવાચક વિશેષણ કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૧૮. વિકારી અને અવિકારી વિશેષણ કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૧૯. વિધિપૂરક વિશેષણ કોને કહે છે? ક્યાં ક્યાં ક્રિયાપદોની સાથે વિધિપૂરક વિશેષણો આવે છે તે ગણાવો.

૨૦. વિશેષણ કઇ કઇ જાતના શબ્દનાં વિશેષણ થઈ શકે છે?

૨૧. વિશેષણનું પદચ્છેદ ક્યારે ક્રિયાવિશેષણ થાય?

૨૨. વિધિપૂરક વિશેષણ અને ક્રિયાવિશેષણમાં શો ફેર છે તે સમજાવો.

૨૩. વિશેષણને વિભક્તિના પ્રત્યય ક્યારે લાગે ને ક્યારે ન લાગે?

૨૪. છઠ્ઠી વિભક્તિના પ્રત્યય ઘણા કેમ છે?

૨૫. ક્રિયાપદ કેટલી જાતનાં છે તેનાં નામ, ને તે ઓળખવાની રીત શી?

૨૬. દ્વિકર્મક ક્રિયાપદ કોને કહે છે? તેના પાંચ દાખલા આપો.

૨૭. પ્રધાન અને ગૌણકર્મ કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૨૮. ધાતુ એટલે શું? તેને ઓળખવાની રીત કઇ?

૨૯. મુખ્ય કાળ ક્યા તેનાં નામ ને વ્યાખ્યા આપો.

૩૦. ભૂતકાળના પ્રકારનાં નામ ને વ્યાખ્યા આપો.

૩૧. કૃદંતના કાળ પ્રમાણે પ્રકારનાં નામ ને તેના પ્રત્યય કયા ?

૩૨. ક્રિયાપદના અર્થ કેટલા છે ? કયા કયા ? દરેકના બબ્બે દાખલા આપો.

૩૩. સંકેતાર્થ ને સંશયાર્થ વચ્ચે શો તફાવત છે ? 'સંકેત' એટલે શું ?

૩૪. સંકેતાર્થ ભૂતકાળ ને વિધ્યર્થના પ્રત્યય કયા ?

૩૫. સંયુક્ત ક્રિયાપદ કોને કહે છે ?

૩૬. પ્રયોગ એટલે શું ? પ્રયોગ કેટલા છે તેનાં નામ ને વ્યાખ્યા આપો.

૩૭. કર્તરિ, કર્મણિ ને ભાવે પ્રયોગ ક્યારે થાય ?

૩૮. અકર્મક ને સકર્મક ક્રિયાપદ કયા કયા પ્રયોગમાં આવે

૩૯. ક્રિયાનાથ એટલે શું ?

૪૦. કર્તા કર્મ એકજ જાતિવચનમાં હોય ત્યારે ક્રિયાનાથ શી રીતે નક્કી કરાય ?

૪૧. અપૂર્ણ ક્રિયાપદ કોને કહે છે ? તેના દાખલા ને તેનાં શુદ્ધ કાળનાં રૂપ આપો.

૪૨. નામયોગી અવ્યય કોને કહે છે ?

૪૩. જેની પહેલાં 'ના,' 'ની,' 'ને' આવે એવા નામયોગી અવ્યયના દાખલા આપો.

૪૪. ઉભયાન્વયી અવ્યય એટલે શું ? તેના દાખલા આપો.

૪૫. 'પણ' અને 'તો' વાક્યની અંદર આવે ત્યાં તેનું પદચ્છેદ શું કરવું ? એ અર્થમાં બીજા કયા અવ્યય વપરાય છે ?

૪૬. 'પછી' અવ્યય કઇ કઈ જાતના અવ્યયમાં વપરાય છે તે દાખલા સાથે કહો.

૪૭. કેવળપ્રયોગી અવ્યય કોને કહે છે? તેના દાખલા આપો.

૪૮. ઉદ્દેસ્ય અને વિધેય કોને કહે છે?

૪૯. ક્રિયાપૂરકમાં કર્મ સિવાય નામ, વિશેષણ, અને ક્રિયાવિશેષણ અવ્યય આવે; એવાં વાક્ય બોલો ને સમજાવો.

૫૦. સકર્મક કર્ત્તરિ રચનાવાળાં વાક્યોને કર્મણિ રચનામાં લાવવાનો નિયમ દાખલા સાથે આપો.

૫૧. અકર્મક કર્ત્તરિ રચનાવાળાં વાક્યોને ભાવેરચનામાં લાવવાનો નિયમ દાખલા સાથે કહો.

૫૨. વાક્યમાં શબ્દરચનાનો મુખ્ય નિયમ કયો?

૫૩. વિશેષણ, ક્રિયાવિશેષણ, નકારવાચક, કૃદંત, પ્રશ્નાર્થ, અને સંબોધન સંબંધી શબ્દરચનાના નિયમ દાખલા સાથે આપો.

ભાગ ત્રીજો. ધોરણ છઠ્ઠા સાતમા માટે.

આ ધોરણમાં "વ્યાકરણ—વાક્યવિન્યાસ અને શબ્દોની સાદી બાંધણી સાથે પૂરૂં." આટલું શિખવવાનું છે, તે નીચેને ક્રમે શિખવવું.

આ પુસ્તકના **પેહેલા ભાગમાં** શબ્દના વર્ગ, સાદા વાક્યનું પૃથક્કરણ કરવાની રીત, અને ટુંકાં વાક્ય બનાવવા વિષે વિવેચન કર્યું; **બીજા ભાગમાં** શબ્દોના પ્રકાર અને સાદા વાક્યના પૃથક્કરણ સંબંધી વધારે વિગતથી વર્ણન કરેલું છે, તેની સાથે વાક્યમાં શબ્દની રચના સંબંધી વર્ણન કર્યું છે; **ત્રીજા ભાગમાં** બીજા ભાગના વિષયો—ક્રિયાપદ, કૃદંત, સંયુક્ત ક્રિયાપદ, પ્રયોગ, અવ્યય, વિભક્તિના અર્થ, અને શબ્દરચના—વિષે લગાર બારીક નજરથી વિવેચન કર્યું છે, તેની સાથે સાદા, મિશ્ર, અને સંયુક્ત વાક્યના પૃથક્કરણ સંબંધી વિવેચન કર્યું છે: છેવટે વિરામચિહ્નનો વિષય વર્ણવ્યો છે.

'શબ્દોની સાદી બાંધણી' નો વિષય આ વ્યાકરણમાં આપ્યો નથી. તેને માટે અમે '**વ્યુત્પત્તિજ્ઞાનપ્રકાશ**'નું જુદું પુસ્તક બહાર પાડેલું છે. તેમાં સંધિ, સમાસ, તદ્ધિત પ્રત્યય, સંસ્કૃત ધાતુ પરથી થયેલાં ગુજરાતી ક્રિયાપદો, કૃત્ પ્રત્યય, પૂર્વગ, ઉત્સર્ગ, અને ભાષામાં વપરાતા અરબી ફારસી શબ્દો એટલાં પ્રકરણ વિદ્યાર્થી તેમજ શિક્ષકવર્ગને ઉપયોગી થાય તેમ વર્ણવ્યાં છે. વાચન વખતે વ્યુત્પત્તિ શિખવવાની સરળતા કરી આપવા માટે પુસ્તકને છેડે વાચનમાળાની પાંચમી, છઠ્ઠી, સાતમી ચોપડીના પાઠવાર શબ્દનો કોષ આપેલો છે, જે કોષ વિદ્યાર્થીને પણ પાઠ તૈયાર કરવાને ઉપયોગી થશે.

પાઠ ૧. ભાવકર્તૃક ક્રિયાપદ.

કેટલાંક અકર્મક ક્રિયાપદને કર્ત્તા હોતો નથી. ભાવ એટલે ક્રિયાપદમાંથી નીકળતો અર્થ તેનો કર્ત્તા હોય છે તેવાં ક્રિયાપદને **ભાવકર્તૃક** ક્રિયાપદ કહે છે. જેમ, પેટમાં **દૂખે છે** (દુઃખ થાય છે. 'દુઃખ' એ ભાવ ને કર્ત્તા છે). મને રાજકોટમાં **ગમે છે** (ગમવાનું થાય છે. 'ગમવાનું' એ ભાવ ને કર્ત્તા છે). ધણીધણીઆણીને **બને છે** (બનવાનું થાય છે. 'બનવાનું' એ ભાવ ને કર્ત્તા છે). રુચે છે=રુચવાનું થાય છે, ફાવે છે=ફાવવાનું થાય છે, ગોઠતું નથી=ગોઠવાનું થતું નથી. આવાં ક્રિયાપદોના પદચ્છેદમાં ભાવ કર્ત્તા કહી ભાવે પ્રયોગ કહેવો.

પેટમાં દૂખે છે એમાં 'દૂખે છે' ક્રિયાપદનું પદચ્છેદ નીચે મુજબ થાય.

દૂખે છે:—કર્ત્તા ક્રિયાનો ભાવ 'દુઃખ', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'દૂખ' ધાતુ, વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ ભાવ 'દુઃખ', ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવેપ્રયોગ.

પાઠ ૨. સાહાય્યકારક ક્રિયાપદ.

સાહાય્યકારક ક્રિયાપદ:—કાળમાં મદદ કરવાને એક ક્રિયાપદની જોડે બીજાં ક્રિયાપદ આવે છે, એ જોડે આવનાર ક્રિયાપદને સાહાય્યકારક (સાહાય્ય=મદદ+કારક=કરનાર) ક્રિયાપદ કહે છે. જેમ, કરતો હોઉં, કર્યું છે, કરવાનો છું, કરેલું હતું, કરવું હતું. એમાં 'હોઉં,' 'છે,' 'છું,' 'હતું' અને 'હતું' સાહાય્યકારક ક્રિયાપદ છે.

સાહાય્યકારક ક્રિયાપદ જેની જોડે આવે છે, તેને **મુખ્ય ક્રિયાપદ** કહે છે. ઉપલાં ઉદાહરણમાં 'કરતો,' 'કર્યું,' 'કરવાનો,' 'કરેલું,' 'કરવું' એ મુખ્ય ક્રિયાપદ છે.

'છે' અને 'હો' ધાતુનાં ક્રિયાપદ કાળમાં મદદ **(મિશ્રકાળ)** કરવાને આવે છે. જેમ રમવું છે, લખ્યો છે, લખવાનો છું, વાંચેલું છે, લખ્યો **હતો**, લખતો **હોઉં**, લખવાના **હશો**, ઇત્યાદિ.

હમેશાં મુખ્ય ક્રિયાપદ પહેલું અને સાહાય્યકારક ક્રિયાપદ પછી આવે છે, પણ કોઈ વખત સાહાય્યકારક ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદની પહેલાં આવે છે. જેમ, તે **નથી** આવવાનો. આમાં 'નથી' સાહાય્યકારક ક્રિયાપદ ને 'આવવાનો' મુખ્ય ક્રિયાપદ છે.

પાઠ ૩. મિશ્રકાળ અને અર્થ.

વર્ત્તમાન, પ્રથમભૂત, દ્વિતીયભૂત, ભવિષ્ય અને સામાન્ય કૃદંતની સાથે 'છે' અને 'હો' ધાતુનાં સાહાય્યકારક ક્રિયાપદ આવવાથી **મિશ્રકાળ** બને છે. તેવા મિશ્રકાળ મુખ્ય પંદર છે, તે નીચે પ્રમાણે.

૧. **દ્વિત્વ વર્ત્તમાન**—કરતો હોય. (વર્ત્તમાન કૃદંત + 'હો' ધાતુનો વર્ત્તમાન કાળ).

૨. **વર્ત્તમાન ભૂત**—કરતો હતો. (વર્ત્તમાન કૃદંત + 'હો' ધાતુનો ભૂતકાળ).

૩. **વર્ત્તમાન ભવિષ્ય**—કરતો હશે. (વર્ત્તમાન કૃદંત + 'હો' ધાતુનો ભવિષ્ય કાળ).

૪. **પ્રથમભૂત વર્ત્તમાન**—કર્યો છે. (પ્રથમ ભૂત કૃદંત + 'છે' ધાતુનો વર્ત્તમાન કાળ).

૫. **પ્રથમ દ્વિત્વ ભૂત**—કર્યો હતો. (પ્રથમભૂત કૃદંત + 'હો' ધાતુનો ભૂતકાળ).

૬. **પ્રથમભૂત ભવિષ્ય**—કર્યો હશે. (પ્રથમભૂત કૃદંત + 'હો' ધાતુનો ભવિષ્ય કાળ).

૭. **દ્વિતીયભૂત વર્ત્તમાન**—કરેલો છે. (દ્વિતીયભૂત કૃદંત + 'છે' ધાતુનો વર્ત્તમાનકાળ).

૮. **દ્વિતીય દ્વિત્વ ભૂત**—કરેલો હતો. (દ્વિતીયભૂત કૃદંત + 'હો' ધાતુનો ભૂતકાળ).

૯. **દ્વિતીયભૂત ભવિષ્ય**—કરેલો હશે. (દ્વિતીયભૂત કૃદંત+ 'હો' ધાતુનો ભવિષ્યકાળ).

૧૦. **ભવિષ્ય વર્ત્તમાન**—કરનાર–કરવાનો છે. (ભવિષ્ય કૃદંત + 'છ' ધાતુનો વર્ત્તમાનકાળ).

૧૧. **ભવિષ્ય ભૂત**—કરનાર–કરવાનો હતો. (ભવિષ્ય કૃદંત + 'હો' ધાતુનો' ભૂતકાળ).

૧૨. **દ્વિત્વ ભવિષ્ય**—કરનાર–કરવાનો હશે. (ભવિષ્ય કૃદંત+ 'હો' ધાતુનો ભવિષ્ય કાળ).

૧૩. **વિધ્યર્થ વર્ત્તમાન**—કરવો છે. (સામાન્ય કૃદંત + 'છ' ધાતુનો વર્ત્તમાન કાળ).

૧૪. **વિધ્યર્થ ભૂત**—કરવો હતો. (સામાન્ય કૃદંત + 'હો' ધાતુનો ભૂતકાળ).

૧૫. **વિધ્યર્થ ભવિષ્ય**—કરવો હશે. (સામાન્ય કૃદંત + 'હો' ધાતુનો ભવિષ્ય કાળ).

સરળતા ખાતર પંદર મિશ્રકાળનાં નામ મુખ્ય અને સાહાય્ય-કારક ક્રિયાપદના કાળનાં નામ પરથી પાડેલાં છે; જેથી વિદ્યાર્થીઓ મિશ્રકાળ, રૂપ જોતાંવાર પારખી શકે છે.

ઉપર બતાવેલા પંદર મિશ્ર કાળોમાં જેને છેડે ભવિષ્યકાળ આવે છે, તે ઘણું કરીને **સંશયાર્થમાં** વપરાય છે; બાકીના મિશ્રકાળો **નિશ્ચયાર્થ** અને **સંકેતાર્થમાં** વપરાય છે. **આજ્ઞાર્થનાં** મિશ્રરૂપો થતાં નથી.

સંબંધક ભૂતકૃદંતની સાથે સાહાય્યકારક ક્રિયાપદ આવી શકતું નથી.

પાઠ ૪. મિશ્રકાળોના બીજી રીતે પ્રકાર.

અંગ્રેજી શીખનારને ઉપયોગી થાય, માટે ૧૫ મિશ્રકાળોના ૮ ભાગ નીચે પાડી બતાવ્યા છે.

૧. **દ્વિત્વ વર્ત્તમાનકાળ** અને **વર્ત્તમાન ભવિષ્યકાળ**નાં રૂપો ક્રિયા પૂર્ણ થઇ નથી પણ ચાલુજ છે એમ બતાવે છે, માટે તેને **અપૂર્ણ વર્ત્તમાનકાળ**નાં રૂપ કહે છે. જેમ, તે **જાય છે**, તે **જતો હોય**; તે **જતો હશે.**

૨. **વર્ત્તમાન ભૂતકાળ**નાં રૂપો ભૂતકાળમાં ક્રિયાનું રોજ કે અમુક વખતે ચાલુ હોવું બતાવે છે, માટે એને **અપૂર્ણ ભૂતકાળ**નાં રૂપ કહે છે. જેમ, તે **જતો હતો.**

૩. **પ્રથમભૂત વર્ત્તમાન** અને **પ્રથમભૂત ભવિષ્યકાળ**નાં રૂપો પાસેના ભૂતકાળમાં ક્રિયા પૂર્ણ થઇ હોય અને તેની અસર વર્ત્તમાનકાળમાં ચાલુ હોય ત્યાં વપરાય છે, માટે એને **પ્રથમ પૂર્ણ વર્ત્તમાનકાળ**નાં રૂપ કહે છે. જેમ, તે **ગયો છે**, તે **ગયો હોય**; તે **ગયો હશે.**

૪. **દ્વિતીયભૂત વર્ત્તમાન** અને **દ્વિતીયભૂત ભવિષ્યકાળ**નાં રૂપો દૂરના ભૂતકાળમાં ક્રિયા પૂર્ણ થઇ હોય, અને તેની અસર વર્ત્તમાનકાળમાં ચાલુ હોય ત્યાં વપરાય છે; માટે એને **દ્વિતીય પૂર્ણ વર્ત્તમાનકાળ**નાં રૂપ કહે છે. જેમ, તે **ગયેલો છે**, તે **ગયેલો હોય**; તે **ગયેલો હશે.**

૫. **પ્રથમ દ્વિત્વભૂતકાળ**નાં રૂપોથી ક્રિયા પૂર્ણ થઇ ગઇ છે એમ સમજાય છે, માટે એને **પ્રથમ પૂર્ણ ભૂતકાળ**નાં રૂપ કહે છે. જેમ, તે **ગયો હતો.**

૬. **દ્વિતીય દ્વિત્વ ભૂતકાળનાં** રૂપોથી દૂરના ભૂતકાળમાં ક્રિયા પૂર્ણ થઈ ગઈ છે એમ સમજાય છે, માટે એને દ્વિતીય પૂર્ણ ભૂતકાળનાં રૂપ કહે છે. જેમ, તે ગયેલો હતો.

૭. **ભવિષ્ય વર્તમાન** અને **દ્વિત્વ ભવિષ્યકાળનાં** રૂપોમાં ઇચ્છાનો અર્થ રહેલો છે; **વિધ્યર્થ વર્તમાનકાળમાં** અને **વિધ્યર્થ ભવિષ્યકાળમાં** ઇચ્છા સાથે વિધિનો અર્થ રહેલો છે; માટે એને ઇચ્છાવાચક વર્તમાનકાળનાં રૂપ કહે છે. જેમ, તે જવાનો-જનાર છે, તે જવાનો-જનાર હોય, તે જવાનો-જનાર હશે; તેને જવું છે, તેને જવું હોય, તેને જવું હશે.

૮. **ભવિષ્ય ભૂતકાળમાં** ઇચ્છાનો, અને **વિધ્યર્થ ભૂતકાળમાં** ઇચ્છા સાથે વિધિનો અર્થ સમાયેલો છે; માટે એને ઇચ્છાવાચક ભૂતકાળનાં રૂપ કહે છે. જેમ, તે જવાનો-જનાર હતો, તે જવાનો-જનાર હોત; તેને જવું હતું, તેને જવું હોત.

પાઠ ૫૦ મો—મિશ્રકાળનાં રૂપાખ્યાન.

'જા' ધાતુ.

દ્વિત્વ વર્તમાનકાળ.

નિશ્ચયાર્થ.		સંકેતાર્થ.	
હું જાઉં છું.	અમે જઈએ છીએ.	હું જતો હોઉં.	અમે જતા હોઈએ.
તું જાય છે.	તમે જાઓ છો.	તું જતો હોય.	તમે જતા હો.
તે જાય છે.	તેઓ જાય છે.	તે જતો હોય.	તેઓ જતા હોય.

વર્તમાન ભૂતકાળ.

નિશ્ચયાર્થ.		સંકેતાર્થ.	
હું જતો હતો.	અમે જતા હતા.	હું જતો હોત.	અમે જતા હોત.
તું જતો હતો.	તમે જતા હતા.	તું જતો હોત.	તમે જતા હોત.
તે જતો હતો.	તેઓ જતા હતા.	તે જતો હોત.	તેઓ જતા હોત.

વર્તમાન ભવિષ્યકાળ.

સંશયાર્થ.

હું જતો હોઈશ (હઈશ).	અમે જતા હોઈશું (હઈશું).
તું જતો હશે.	તમે જતા હશો.
તે જતો હશે.	તેઓ જતા હશે.

પ્રથમભૂત વર્તમાનકાળ.

નિશ્ચયાર્થ.		સંકેતાર્થ.	
હું ગયો છું.	અમે ગયા છીએ.	હું ગયો હોઉં.	અમે ગયા હોઈએ.
તું ગયો છે.	તમે ગયા છો.	તું ગયો હોય.	તમે ગયા હો.
તે ગયો છે.	તેઓ ગયા છે.	તે ગયો હોય.	તેઓ ગયા હોય.

પ્રથમ દ્વિત્વ ભૂતકાળ.

નિશ્ચયાર્થ.		સંકેતાર્થ.	
હું ગયો હતો.	અમે ગયા હતા.	હું ગયો હોત (હત).	અમે ગયા હોત.
તું ગયો હતો.	તમે ગયા હતા.	તું ગયો હોત.	તમે ગયા હોત.
તે ગયો હતો.	તેઓ ગયા હતા.	તે ગયો હોત.	તેઓ ગયા હોત.

પ્રથમભૂત ભવિષ્યકાળ.

સંશયાર્થ.

હું ગયો હોઈશ (હઈશ).	અમે ગયા હોઈશું (હઈશું).
તું ગયો હશે.	તમે ગયા હશો.
તે ગયો હશે.	તેઓ ગયા હશે.

દ્વિતીયભૂત વર્તમાનકાળ.

નિશ્ચયાર્થ.		સંકેતાર્થ.	
હું ગયેલો છું.	અમે ગયેલા છીએ.	હું ગયેલો હોઉં.	અમે ગયેલા હોઇએ.
તું ગયેલો છે.	તમે ગયેલા છો.	તું ગયેલો હોય.	તમે ગયેલા હો.
તે ગયેલો છે.	તેઓ ગયેલા છે.	તે ગયેલો હોય.	તેઓ ગયેલા હોય.

દ્વિતીય દ્વિત્વ ભૂતકાળ.

નિશ્ચયાર્થ.		સંકેતાર્થ.	
હું ગયેલો હતો.	અમે ગયેલા હતા.	હું ગયેલો હોત.	અમે ગયેલા હોત.
તું ગયેલો હતો.	તમે ગયેલા હતા.	તું ગયેલો હોત.	તમે ગયેલા હોત.
તે ગયેલો હતો.	તેઓ ગયેલા હતા.	તે ગયેલો હોત.	તેઓ ગયેલા હોત.

દ્વિતીયભૂત ભવિષ્યકાળ.

સંશયાર્થ.

હું ગયેલો હોઇશ (હઇશ).	અમે ગયેલા હોઇશું (હઇશું).
તું ગયેલો હશે.	તમે ગયેલા હશો.
તે ગયેલો હશે.	તેઓ ગયેલા હશે.

ભવિષ્ય વર્ત્તમાનકાળ.

નિશ્ચયાર્થ.

હું જવાનો-જનાર છું.	અમે જવાના-જનાર છીએ.
તું જવાનો-જનાર છે.	તમે જવાના-જનાર છો.
તે જવાનો-જનાર છે.	તેઓ જવાના-જનાર છે.

સંકેતાર્થ.

હું જવાનો-જનાર હોઉં.	અમે જવાના-જનાર હોઇએ.
તું જવાનો-જનાર હોય.	તમે જવાના-જનાર હો.
તે જવાનો-જનાર હોય.	તેઓ જવાના-જનાર હોય.

ભવિષ્ય ભૂતકાળ.

નિશ્ચયાર્થ.

હું જવાનો-જનાર હતો.	અમે જવાના-જનાર હતા.
તું જવાનો-જનાર હતો.	તમે જવાના-જનાર હતા.
તે જવાનો-જનાર હતો.	તેઓ જવાના-જનાર હતા.

સંકેતાર્થ.

હું જવાનો-જનાર હોત. અમે જવાના-જનાર હોત.
તું જવાનો-જનાર હોત. તમે જવાના-જનાર હોત.
તે જવાનો-જનાર હોત. તેઓ જવાના-જનાર હોત.

દ્વિત્વ ભવિષ્યકાળ.

સંશયાર્થ.

હું જવાનો-જનાર હોઈશ (હઈશ). અમે જવાના-જનાર હોઈશું (હઈશું).
તું જવાનો-જનાર હશે. તમે જવાના-જનાર હશો.
તે જવાનો-જનાર હશે. તેઓ જવાના-જનાર હશે.

વિધ્યર્થ વર્તમાનકાળ.

નિશ્ચયાર્થ.

મારે-તારે-તેને જવું છે. અમારે-તમારે-તેમને જવું છે.

સંકેતાર્થ.

મારે-તારે-તેને જવું હોય. અમારે-તમારે-તેમને જવું હોય.

વિધ્યર્થ ભૂતકાળ.

નિશ્ચયાર્થ.

મારે-તારે-તેને જવું હતું. અમારે-તમારે-તેમને જવું હતું.

સંકેતાર્થ.

મારે-તારે-તેને જવું હોત. અમારે-તમારે-તેમને જવું હોત.

વિધ્યર્થ ભવિષ્યકાળ.

સંશયાર્થ.

મારે-તારે-તેને જવું હશે. અમારે-તમારે-તેમને જવું હશે.

ભાવે રચના.

	૩. પુ. નિશ્ચયાર્થ.	૩. પુ. સંકેતાર્થ-સંશયાર્થ.
દ્વિત્વ વર્તમાન.	જવાય છે.	જવાતું હોય.
વર્તમાન ભૂત.	જવાતું હતું.	જવાતું હોત.
વર્તમાન ભવિષ્ય.	... ...	જવાતું હશે.
પ્રથમભૂત વર્તમાન.	જવાયું છે.	જવાયું હોય.
પ્રથમ દ્વિત્વ ભૂત.	જવાયું હતું.	જવાયું હોત.
પ્રથમભૂત ભવિષ્ય.	... ...	જવાયું હશે.
દ્વિતીયભૂત વર્તમાન.	જવાએલું છે.	જવાએલું હોય.
દ્વિતીય દ્વિત્વ ભૂત.	જવાએલું હતું.	જવાએલું હોત.
દ્વિતીયભૂત ભવિષ્ય.	... ...	જવાએલું હશે.
ભવિષ્ય વર્તમાન.	જવાવાનું-જવાનાર છે.	જવાવાનું-જવાનાર હોય.
ભવિષ્ય ભૂત.	જવાવાનું-જવાનાર હતું.	જવાવાનું-જવાનાર હોત.
દ્વિત્વ ભવિષ્ય.	... ...	જવાવાનું-જવાનાર હશે.

અપૂર્ણ ક્રિયાપદ.

'હો' ધાતુનો દ્વિત્વ વર્તમાનકાળ.

નિશ્ચયાર્થ.

૧. પુ. હું હોઉં છું.	અમે હોઇએ છીએ.
૨. પુ. તું હોય છે.	તમે હો છો.
૩. પુ. તે હોય છે.	તેઓ હોય છે.

'હો' ધાતુનાં મિશ્રકાળમાં બીજાં રૂપ થતાં નથી.

'જો' ધાતુનાં મિશ્રકાળનાં રૂપ.

	નિશ્ચયાર્થ.	સંકેતાર્થ-સંશયાર્થ.
દ્વિત્વ વર્તમાન.	જોઇએ છે.	જોઇતું હોય.
વર્તમાન ભૂત.	જોઇતું હતું.	જોઇતું હોત.
વર્તમાન ભવિષ્ય.	... ...	જોઇતું હશે.

'જો' ધાતુનાં મિશ્રકાળમાં બીજાં રૂપ થતાં નથી.

જોઈએ.

'જોઈએ' ક્રિયાપદમાં નજરે જોવાનો અર્થ હોય છે, ત્યારે એ ક્રિયાપદ પૂર્ણ છે. જેમ, અમે ચિત્ર **જોઇએ છીએ.** પરન્તુ 'જોઇએ' (**युज्यते**નો અપભ્રંશ છે.) એમાં જરૂર કે ફરજનો અર્થ હોય ત્યારે તે ક્રિયાપદ અપૂર્ણ છે. જેમ, મારે લાડુ **જોઇએ** એટલે મારે લાડુની જરૂર છે. 'જોઇએ' ક્રિયાપદ મૂળે સકર્મક કર્મણિ છે. (**मया मोदकः अपेक्ष्यते.**) ગુજરાતીમાં પણ એ શબ્દ કર્મણિ રૂપ છે. મિશ્રકાળોમાં એનો પ્રયોગ કર્મણિ સાફ માલમ પડે છે. જેમ, મારે લાડુ **જોઇતો હતો.** ગુજરાતી ભાષામાં નામની સાથે અને ત્રણે પુરુષમાં એનો કર્ત્તા ચોથી વિભક્તિમાં વપરાય છે. જેમ, ગંગાને લાડુ જોઇએ, મારે, અમારે, તારે, તમારે, તેને કે તેમને લાડુ જોઇએ.

'જોઇએ' ક્રિયાપદ સામાન્ય કૃદંતની સાથે જોડાય છે, ત્યારે તેનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય છે. મારે, અમારે, તારે, તમારે, તેણે કે તેમણે જવું જોઇએ; છોકરાંએ માબાપની આજ્ઞા માનવી જોઇએ. 'જવું જોઇએ' એટલે જવાની ફરજ છે. 'માનવી જોઇએ' એટલે માનવાની ફરજ છે. 'જવું' અને 'માનવી' કૃદંત 'જોઇએ' ક્રિયાપદનાં કર્મ છે.

પદચ્છેદ.

મારે લાડુ **જોઇએ:**—કર્ત્તા 'મારે,' કર્મ 'લાડુ' માટે સકર્મક ક્રિયાપદ, 'જો' ધાતુ, વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'લાડુ', ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

તમારે હિસાબ ગણાવવો **જોઇએ:**—કર્ત્તા 'તમારે', કર્મ 'ગણાવવો' માટે સકર્મક ક્રિયાપદ, 'જો' ધાતુ, વર્તમાનકાળ, નિશ્ચયાર્થ,

ક્રિયાનાથ કર્મ 'ગણાવવો', ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

નિષેધાર્થ રૂપ.

સઘળાં ક્રિયાપદોનું નિષેધાર્થ રૂપ તેની સાથે **ન, ના, નહિ, નવ,** અને **મા** એ નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયો આવવાથી થાય છે. જેમ 'કર'નું નિષેધાર્થ રૂપ ન કર, 'બેસ'નું ના બેસ, 'ખાઈશ'નું ખાઈશ નહિ, 'જા'નું જા મા, ઇત્યાદિ. આ બધા નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયો ક્રિયાપદથી છૂટા બોલાય છે, માટે તેમનું પદચ્છેદ જુદું કરાય છે; પણ—

नास्ति (સં. શ.) પરથી નથી. (न=નહિ+अस्ति=છે) છે નહિ=નથી. એમાં 'ન' અવ્યય છૂટો પાડી શકાતો નથી, માટે તેમનું પદચ્છેદ ભેગું થાય છે. **નથી** ક્રિયાપદ ત્રણે પુરુષ, ત્રણે જાતિ, અને બંને વચનમાં વપરાય છે. જેમ, હું નથી, અમે નથી; તું નથી, તમે નથી; તે નથી, તેઓ નથી; છોકરા નથી, ઇત્યાદિ. પદચ્છેદ કરતી વખતે 'છે' ક્રિયાપદનું પદચ્છેદ કરવું, ને કાળમાં નિષેધાર્થ વર્ત્તમાન કાળ કહેવો.

લખતો નથી (લખતો છે નહિ)–નિષેધાર્થ દ્વિત્વ વર્ત્તમાનકાળ.

લખ્યું નથી (લખ્યું છે નહિ)–નિષેધાર્થ પ્રથમભૂત વર્ત્તમાનકાળ.

લખવાનો નથી (લખવાનો છે નહિ) નિષેધાર્થ ભવિષ્ય વર્ત્તમાનકાળ.

લખવું નથી (લખવું છે નહિ) નિષેધાર્થ વિધ્યર્થ વર્ત્તમાનકાળ.

મિશ્રકાળનાં ક્રિયાપદોના પદચ્છેદમાં નીચેના નિયમો યાદ રાખવા.

અ. મુખ્ય અને સાહાય્યકારક ક્રિયાપદનું પદચ્છેદ ભેગું કરવું.

બ. ધાતુ મુખ્ય ક્રિયાપદનો કહેવો.

ક. કાળ મિશ્ર જે હોય તે કહેવો.

ઉદાહરણ—૧. હું આ કામ કરવાનો છું.

'કરવાનો છું':—કર્ત્તા 'હું,' કર્મ 'કામ,' માટે સકમક ક્રિયાપદ, 'કર' ધાતુ, ભવિષ્ય વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'હું,' પહેલો પુરુષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૨. તેણે તે પુસ્તક લખેલું નથી.

'લખેલું નથી':—કર્ત્તા 'તેણે,' કર્મ 'પુસ્તક,' માટે સકર્મક ક્રિયાપદ, 'લખ' ધાતુ, દ્વિતીયભૂત વર્ત્તમાનકાળ, નિષેધાર્થ, ક્રિયાનાથ કર્મ 'પુસ્તક', ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

પાઠ ૬. સાધિત ધાતુ.

ક્રિયાપદના ટુંકામાં ટુંકા રૂપને ધાતુ કહે છે. જેમ, કર, પી, દોડ, વગેરે. આ ધાતુને **મૂળ ધાતુ** કહે છે. મૂળ ધાતુ પરથી બનેલા ધાતુને **સાધિત ધાતુ** કહે છે.

મૂળધાતુ.	સાધિતધાતુ.	મૂળધાતુ.	સાધિતધાતુ.	મૂળધાતુ.	સાધિતધાતુ.
ઉકળ	ઉકાળ	દબ	દાબ	ઉછર	ઉછેર
ઉતર	ઉતાર	નમ	નામ	ભળ	ભેળ
ચર	ચાર	પડ	પાડ	છૂટ	છોડ
ઠર	ઠાર	બળ	બાળ	તૂટ	તોડ
તપ	તાપ	મર	માર	ફૂટ	ફોડ
તર	તાર	વળ	વાળ	ઢળ	ઢોળ

આ બધા મૂળ ધાતુઓ અકર્મક છે, અને તે પરથી થયેલા સાધિત ધાતુઓ સકર્મક છે. કોઇ ક્રિયા જાતે કરવાને બદલે બીજાની

પાસે કરાવીએ ત્યાં સાધિત-ધાતુ વપરાય છે. સાધિત ધાતુને પ્રેરક ધાતુ કહે છે. જેમ, ગાય ચરે છે; ગોવાળ ગાય **ચારે છે** (ગાય પંડે ચરવાને બદલે ગોવાળથી ગાય ચરે એમ થાય છે). તું ચોપડી લખ; તું ચોપડી **લખાવ** (લખવાની ક્રિયા 'તું' એ કરી નથી પણ તેણે કોઈ બીજા પાસે કરાવી છે).

• મૂળ ધાતુમાં વચ્ચે કે છેડે **'આ'** હોય તો તેનો **'અ'** કરીને છેડે **'અવ'**, **'આવ'**, **'આડ'**, વાડ પ્રત્યય લગાડવાથી પ્રેરકરૂપ થાય છે. જેમ, શીખ–શિખવ, મળ–મેળવ, ફર–ફેરવ; કર–કરાવ, મૂક–મુકાવ, લખ–લખાવ, સાંભળ–સંભળાવ; કહે–કહેવાડ, ખા–ખવાડ, પી–પિવાડ, સીવ–સિવાડ, સૂ–સુવાડ, લે–લેવાડ, જો–જોવાડ, વગેરે.

પ્રેરક ધાતુને ફરી પ્રત્યય લાગી પુનઃ પ્રેરક ધાતુ બને છે.

મૂળધાતુ.	પ્રેરકધાતુ.	પુનઃ પ્રેરકધાતુ.	મૂળધાતુ.	પ્રેરકધાતુ.	પુનઃ પ્રેરકધાતુ.
કર	કરાવ	કરાવરાવ	રમ	રમાડ	રમાડાવ
લખ	લખાવ	લખાવરાવ	કહે	કહેવાડ	કહેવડાવ
બોલ	બોલાવ	બોલાવરાવ	બી	બિવાડ	બિવડાવ

સાધિત ધાતુના પદચ્છેદમાં કયા મૂળ ધાતુનું પ્રેરકરૂપ થયું છે તે કહેવું. જેમ, 'પાડે છે'નો ધાતુ–'પડ' ધાતુનું પ્રેરકરૂપ, 'લખાવ્યું'નો ધાતુ–'લખ' ધાતુનું પ્રેરકરૂપ.

પાઠ ૭. સાધિત ધાતુનાં રૂપાખ્યાન.

મૂળ ધાતુપરથી જેટલા કાળ અને અર્થનાં રૂપ બને છે, તેટલાંજ સાધિત ધાતુ પરથી બને છે.

'પડાવ' ધાતુનાં રૂપાખ્યાન.

શુદ્ધ કાળમાં.

કાળ.	નિશ્ચયાર્થ.	સંકેતાર્થ.	આજ્ઞાર્થ.	વિધ્યર્થ.
વર્તમાન	તે પડાવે.	તે પડાવે.	તું પડાવ. તે પડાવે	તેણે પડાવવું (કર્મણિ).
પ્રથમભૂત	તેણે પડાવ્યું (કર્મણિ).	તેણે પડાવ્યું (કર્મણિ).	...	...
દ્વિતીયભૂત	તેણે પડાવેલું (કર્મણિ).	તેણે પડાવેલું (કર્મણિ).	...	...
નિયમિતભૂત	તે પડાવતો.	તે પડાવત.	...	...
ભવિષ્ય	તે પડાવશે.	તે પડાવશે.	તું પડાવજે.	...

મિશ્ર કાળમાં.

કાળ.	નિશ્ચયાર્થ.	સંકેતાર્થ, સંશયાર્થ.
દ્વિત વર્તમાન	તે પડાવે છે.	તે પડાવતો હોય.
વર્તમાન ભૂત	તે પડાવતો હતો.	તે પડાવતો હોત.
વર્તમાન ભવિષ્ય	...	તે પડાવતો હશે.
પ્રથમભૂત વર્તમાન	તેણે પડાવ્યું છે (કર્મણિ).	તેણે પડાવ્યું હોય (કર્મણિ).
પ્રથમ દ્વિત ભૂત	તેણે પડાવ્યું હતું (કર્મણિ).	તેણે પડાવ્યું હોત (કર્મણિ).
પ્રથમભૂત ભવિષ્ય	...	તેણે પડાવ્યું હશે (કર્મણિ).
દ્વિતીયભૂત વર્તમાન	તેણે પડાવેલું છે (કર્મણિ).	તેણે પડાવેલું હોય (કર્મણિ).
દ્વિતીય દ્વિત ભૂત	તેણે પડાવેલું હતું(કર્મણિ).	તેણે પડાવેલું હોત (કર્મણિ).
દ્વિતીયભૂત ભવિષ્ય	...	તેણે પડાવેલું હશે (કર્મણિ).
ભવિષ્ય વર્તમાન	તે પડાવવાનો–પડાવનાર છે.	તે પડાવવાનો–પડાવનાર હોય.
ભવિષ્ય ભૂત	તે પડાવવાનો–પડાવનાર હતો.	તે પડાવવાનો–પડાવનાર હોત.

દ્વિત્વ ભવિષ્ય	...	તે પડાવવાનો–પડાવનાર હશે.
વિધ્યર્થ વર્તમાન	તેને પડાવવું છે (કર્મણિ).	તેને પડાવવું હોય (કર્મણિ).
વિધ્યર્થ ભૂત	તેને પડાવવું હતું(કર્મણિ).	તેને પડાવવું હોત (કર્મણિ).
વિધ્યર્થ ભવિષ્ય	...	તેને પડાવવું હશે (કર્મણિ).

સકર્મક મૂળ અને સાધિત ધાતુનાં ક્રિયાપદ પ્રથમભૂત, દ્વિતીયભૂત; પ્રથમભૂત વર્તમાન, પ્રથમ દ્વિત્વભૂત, પ્રથમભૂત ભવિષ્ય; દ્વિતીયભૂત વર્તમાન, દ્વિતીય દ્વિત્વ ભૂત, દ્વિતીયભૂત ભવિષ્ય; અને વિધ્યર્થનાં રૂપો કર્મણિ બને છે.

પાઠ ૮. કૃદંતનો ઉપયોગ.

કૃદંત નામ—

૧. આ છોકરાનું **વાંચવું** ઠીક છે.

૨. તેને **ખાવું** ગમે છે.

૩. માણસે ગુણનો બદલો અવસ્ય **વાળવો** જોઇએ.

૪. કાશીમાં **મરવાથી** મોક્ષ મળે છે એમ તીર્થવાસીઓ માને છે, તેથી એવા ખ્યાલથી **મરવાને** કાશીમાં આવી રહે છે.

૫. મુકામે મુકામે રસોઈ **કરવાની** સોઈ મળી ન આવે.

૬. દેવું **પતાવવામાં** તમારી શોભા છે.

૭. આ દુનિયામાં સાચું **બોલનારા** થોડા છે.

૮. કાશીનો દેખાવ **જોનારને** બહુ રળિઆમણો લાગે છે.

પહેલા વાક્યમાં 'વાંચવું' સામાન્ય કૃદંત 'છે' ક્રિયાપદનો કર્ત્તા છે. બીજા વાક્યમાં 'ખાવું' સામાન્ય કૃદંત 'ગમે છે' ક્રિયાપદનો કર્ત્તા છે. ત્રીજા વાક્યમાં 'વાળવો' સામાન્ય કૃદંત 'જોઇએ' ક્રિયાપદનું કર્મ છે. ચોથા વાક્યમાં 'મરવાથી' 'મરવું' સામાન્ય કૃદંતની પાંચમી વિ-

ભક્તિ છે, તેનો સંબંધ 'મળે છે' ક્રિયાપદ સાથે છે, 'મરવાને' એ 'મરવું' સામાન્ય કૃદંતની ચોથી વિભક્તિ છે તેનો સંબંધ 'આવી રહે છે' ક્રિયાપદ સાથે છે. પાંચમા વાક્યમાં 'કરવાની' 'કરવું' સામાન્ય કૃદંતની છઠ્ઠી વિભક્તિમાં છે, તેનો સંબંધ 'સોઈ' સાથે છે. છઠ્ઠા વાકયમાં 'પતાવવામાં' 'પતાવવું' સામાન્ય કૃદંતની સાતમી વિભક્તિ છે તેનો સંબંધ 'છે' ક્રિયાપદ સાથે છે.

સાતમા વાક્યમાં 'બોલનારા' ભવિષ્યકૃદંત 'છે' ક્રિયાપદનો કર્ત્તા છે. આઠમા વાક્યમાં 'જોનારને' 'જોનાર' ભવિષ્ય કૃદંતની ચોથી વિભક્તિમાં છે ને 'લાગે છે' ક્રિયાપદનો કર્ત્તા છે.

નામ જેમ વાક્યમાં ક્રિયાપદનાં કર્ત્તાકર્મ થાય છે, છઠ્ઠી વિભક્તિ લાગી હોય તો વિશેષણ જેવું કામ કરે છે, બાકીની વિભક્તિઓથી ક્રિયાપદ સાથે અન્ય સંબંધથી જોડાય છે; તેવીજ રીતે ઉપલાં વાક્યોમાં **સામાન્ય** અને **ભવિષ્ય કૃદંત** કામ કરે છે તે આપણે ઉપર તપાસ્યું, માટે તે કૃદંતો નામ તરીકે વપરાયલાં ગણાય.

ધાતુ પર સામાન્ય કૃદંતના પ્રત્યય વો, વી, વું; અને ભવિષ્ય કૃદંતના પ્રત્યય નારો, નારી, નારૂં, નાર લગાડવાથી કૃદંત નામ બને છે. જેમ, 'કર' ધાતુ પરથી કરવો, કરવી, કરવું, કરનારો, કરનારી, કરનારૂં, કરનાર.

કૃદંત નામને જાતિ, વચન, ને વિભક્તિ લાગે છે. જેમ, કરવું, કરવા, કરવાને, કરનારનું, ઇત્યાદિ.

વો, વી, વું પ્રત્યયવાળાં કૃદંત નામ જ્યારે પહેલી વિભક્તિમાં હોય છે, ત્યારે તેને તેના ક્રિયાનાથનાં જાતિવચન લાગે છે, જેમ, ચોપડી **લખવી** સારી છે, પણ જ્યારે પહેલી સિવાય બીજી કરકોઈ

વિભક્તિમાં હોય છે, ત્યારે તે નાન્યતરજાતિના એકવચનમાં હોય છે. જેમ, ગંગા ચોપડી **લખવા** બેઠી.

સામાન્ય કૃદંત નામને ચોથી વિભક્તિનો 'ને' પ્રત્યય ઘણીવાર અધ્યાહાર રહે છે. જેમ, તે પાણી **પીવા** (પીવાને સારૂ) ગયો. આ ચોથી વિભક્તિ **હેતુ અર્થે** હોય છે. તેની પછી કાજે, માટે, લીધે, અર્થે, સારૂ નામયોગી અવ્યય આવે છે.

ભવિષ્ય કૃદંત પછી વિશેષ્ય આવેલો હોય, તો તેનું પદચ્છેદ કૃદંત વિશેષણ કરવું. જેમ, માબાપનું કહ્યું ન **માનનારાં** બાળક દુખી થાય છે.

માર, રહેણી, ભણતર, દળામણ, ખાનપાન, મરણ, ઘેરો, ચરાઈ, વગેરે શબ્દો નામ તરીકે વપરાય છે, પણ તેમાં ક્રિયા રહેલી છે માટે એ નામો ભાવવાચક નામમાં ગણાય.

કૃદંત વિશેષણ—

૧. **દોડતો** ઘોડો પડયો.
૨. **લખી** વાત મિથ્યા ન થાય.
૩. **ખાધેલું** અન્ન પચ્યું નહિ.
૪. હું મુંબઈ **જવાનો** છું.

પહેલા વાક્યમાં 'દોડતો' વર્ત્તમાન કૃદંત 'ઘોડા'નું, બીજા વાક્યમાં 'લખી' પ્રથમભૂત કૃદંત 'વાત'નું, ત્રીજા વાક્યમાં 'ખાધેલું' દ્વિતીયભૂત કૃદંત 'અન્ન'નું વિશેષણ છે. ચોથા વાક્યમાં 'જવાનો' ભવિષ્ય કૃદંત 'છું' ક્રિયાપદનું પૂરક છે, એ વિધિપૂરક વિશેષણ છે.

વિશેષણ જેમ નામનો, ક્રિયાનો, બીજા વિશેષણનો, કે ક્રિયાવિશેષણનો ગુણ બતાવે છે, તેમ ઉપલાં વાક્યોમાં વર્ત્તમાન, પ્રથમ-

ભૂત, દ્વિતીય ભૂત, અને ભવિષ્ય કૃદંતો વિશેષણનું કામ કરે છે માટે તે **કૃદંત વિશેષણ** કહેવાય.

ધાતુ પર વર્ત્તમાન કૃદંતના પ્રત્યય તો, તી, તું; પ્રથમ ભૂત કૃદંતના પ્રત્યય યો, ઈ, યું; દ્વિતીયભૂત કૃદંતના પ્રત્યય એલો, એલી, એલું, એલ; અને ભવિષ્ય કૃદંતના પ્રત્યય વાનો, વાની, વાનું લગાડવાથી કૃદંત વિશેષણ બને છે. જેમ, 'કર' ધાતુ પરથી કરતો, કરતી, કરતું; કર્યો, કરી, કર્યું; કરેલો, કરેલી, કરેલું, કરેલ; કરવાનો, કરવાની, કરવાનું.

કૃદંત વિશેષણને તેના વિશેષ્યનાં જાતિવચન લાગે છે, પણ વિભક્તિના છૂટા પ્રત્યય લાગતા નથી. જ્યારે તેના વિશેષ્ય વિના એકલાં આવે છે, ત્યારે સર્વે વિભક્તિઓ તેને લાગે છે. જેમ, **છાપેલા** કાગળને, **સુતેલાને** ન જગાડો, ઇ૦.

પદચ્છેદને લગતી સૂચના:—

(૧). સઘળી જાતનાં કૃદંત વિશેષણો વિશેષ્યની સાથે આવે તો કૃદંત વિશેષણ, એકલાં આવે તો કૃદંત નામ. ઉદાહરણ.—

કોઇ **ચાલતા** બળદને આર ન દે, **લખી** વાત મિથ્યા ન થાય, તે કાલે **આવવાનો** છે, સરકારમાં **છાપેલી** અરજી મોકલવી. આ વાક્યોમાં, 'ચાલતા', 'લખી', 'આવવાનો', અને 'છાપેલી' કૃદંત વિશેષણ છે.

સૌને **ખાતાં** આવડે (કર્ત્તાર્થે), છોકરૂં **બોલતાં** શીખ્યું (કર્માર્થે), કામ **કર્યાથી** ફાયદો થશે, મને **લખવાનું** ગમે છે, **થુંકેલું** ન ગળાય. આ વાક્યોમાં 'ખાતાં', 'બોલતાં', 'કર્યાથી', 'લખવાનું', અને 'થુંકેલું' કૃદંત નામ છે. કેટલાક, **છાપવાની** કળા, **લખવાની** સાહી, **વાંચવાની** આંખ, એમાં 'છાપવાની,' 'લખવાની,' અને 'વાંચવાની' કૃદંત

વિશેષણમાં લે છે, પરન્તુ તે ઠેકાણે તે કૃદંત નામ જ છે. વિશેષણ જેવો અર્થ સંબંધ બતાવનાર છઠ્ઠી વિભક્તિ લાગવાથી તેમાં આવે છે. કૃદંત વિશેષણ જ્યારે કૃદત નામના અર્થમાં વપરાય છે, ત્યારે તે નાન્યતરજાતિ એકવચનમાં આવે છે.

(૨). સંસ્કૃતમાં '**ઇત**', '**ત**', અથવા '**ન**' પ્રત્યય ધાતુપર આવવાથી ભૂતકૃદંત બને છે, એવાં કેટલાંક ભૂતકૃદંત ગુજરાતી ભાષામાં વપરાય છે, તેનું પદચ્છેદ **વિશેષણ** કરવું. જેમ, ગત, મોહિત, ચકિત, દત્ત, ઉત્પન્ન, ઇ૦.

(૩). ધાતુને કેટલાક ક્રિયાવાચક પ્રત્યય લાગવાથી **વિશેષણ** બને છે તે કૃદંત વિશેષણમાં ન ગણાય. જેમ, કરડકણો (કૂતરો), મારકણો (સાંઢ), લડકારી (વહુ), સુધરેલી (પ્રજા), અડીએલ (ઘોડો).

કૃદંત અવ્યય—

૧. છોકરો ચોપડો **લખી** જતો રહ્યો.

૨. છોકરાં ગેડીદડે **રમીને** થાકયાં.

૩. શહેરની સ્ત્રીઓ પાણી **ભરીને** આનંદમાં આવતી હતી.

પહેલા વાક્યમાં ' લખી ' સંબંધક ભૂતકૃદંત ' લખવાની ' અને ' જતા રહેવાની ' ક્રિયાને સાંધે છે. બીજા વાક્યમાં ' રમીને ' સંબંધક ભૂતકૃદંત 'રમવાની' અને 'થાકવાની' ક્રિયાને સાંધે છે. ત્રીજા વાક્યમાં 'ભરીને' સંબંધક ભૂતકૃદંત 'ભરવાની' અને 'આવવાની' ક્રિયાને સાંધે છે. 'લખી', 'રમીને', અને 'ભરીને' કૃદંતના રૂપમાં ફેરફાર થતા નથી. છોકરો ચોપડો **લખી** જતો રહ્યો, છોકરી ચોપડો **લખી** જતી રહી, છોકરું ચોપડો **લખી** જતું રહ્યું. અહીં કૃદંતો **અવ્યય** તરીકે વપરાયા છે, અને તે વિધેયવર્ધક (ક્રિયાવિશેષણ અવ્યય) છે માટે આવા કૃદંતોને **કૃદંત અવ્યય** કહે છે.

ધાતુપર સંબંધકભૂત કૃદંતના 'ઈ' અને 'ઈને' પ્રત્યય લગાડવાથી કૃદંત અવ્યય બને છે. જેમ, 'કર' ધાતુ પરથી કરી, કરીને.

પદચ્છેદને લગતી સૂચના:—

(૧). **'ઈ'** અને **'તાં'** પ્રત્યયથી કૃદંત વિશેષણ અને કૃદંત અવ્યય બને છે. જો તે તેના વિશેષ્ય પ્રમાણે ફરતાં હોય તો કૃદંત વિશેષણ, અને ન ફરતાં હોય તો કૃદંત અવ્યય જાણવાં. જેમ, **ગઈ** તિથિ બ્રાહ્મણ ન વાંચે, મેં **દોડતાં** ઘોડાં જોયાં. આ વાક્યોમાં 'ગઈ' અને 'દોડતાં' કૃદંત વિશેષણ છે. છોકરો ચોપડો **લખી** જતો રહ્યો, ગંગા કામ **કરતાં** થાકી ગઈ. આ વાક્યોમાં 'લખી' અને 'કરતાં' કૃદંત અવ્યય છે.

(૨). કૃદંત અવ્યયમાં જ્યારે ક્રિયાનો અર્થ ન જણાય, ત્યારે તેને ફક્ત અવ્યય કહેવાં. જેમ, **કરતાં** મુકાબલો કરવામાં વપરાય છે તે **નામયોગી અવ્યય** છે. ઉદાહરણ—છગન કરતાં મગન મોટો છે.

કરીને 'વડે'ના અર્થમાં વપરાય છે ત્યાં તે નામયોગી અવ્યય છે. ઉદાહરણ—છરીએ કરીને કપાયું.

લીધે, લગણ, વળી, વળતી, છો, છોને એ ધાતુ પરથી થયેલા અવ્યયો છે.

અપૂર્ણ ધાતુ:—'છ' ધાતુ પરથી છતો, છતી, છતું, છતા, છતાં; **'હો'** ધાતુ પરથી હોતો, હોતી, હોવું, હોનારો, હોનારી, હોનારું, હોનાર, હોઈ, હોઈને, હોતાં; **'જો'** ધાતુ પરથી જોઈતો જોઈતી, જોઈતું, જોઈતા, જોઈતાં; અને **'ઉભ'** ધાતુ પરથી ઉભો,

ઉભો, ઉભું, ઉભા, ઉભાં; ઉભેલો, ઉભેલી, ઉભેલું, ઉભેલા, ઉભેલાં, ઉભેલ કૃદંત થાય છે.

અકર્મક મૂળ ધાતુ પરથી કર્તરિરચનામાં જેમ કૃદંતો થાય છે, તેમ ભાવેરચનામાં કૃદંતો થાય છે. ભાવેરચનામાં મૂળ ધાતુમાં વચ્ચે કે છેડે 'આ' હોય, તો તેનો 'અ' કરીને છેડે 'આ' કે 'વા' ઉમેરી પછી કૃદંતના પ્રત્યય લાગે છે. જેમ, પડ–પડા, જા–જવા, સુ–સુવા.

'દોડ' ધાતુના કૃદંતો.

કૃદંત.	કર્તરિરચના.	ભાવેરચના.
વર્ત્તમાન કૃદંત	દોડતો–તી–તું	દોડાતું
પ્રથમભૂત કૃદંત	દોડ્યો–ડી–ડ્યું	દોડાયું
દ્વિતીયભૂત કૃદંત	દોડેલો–લી–લું	દોડાયલું
ભવિષ્ય કૃદંત	દોડવાનો–ની–નું;	દોડાવાનું;
	દોડનારો–રી–રૂં–ર	દોડાનારૂં
સંબંધકભૂત કૃદંત	દોડી–દોડીને	દોડાઇ–દોડાઇને
સામાન્ય કૃદંત	દોડવું	દોડાવું

મૂળધાતુના જેવા કૃદંતો થાય છે તેવા સાધિત ધાતુના થાય છે.

'કરાવ' ('કર' ધાતુનો પ્રેરક) ધાતુ.

કૃદંત.		કર્મણિ કૃદંતો.
વર્ત્તમાન કૃદંત	કરાવતો–તી–તું	કરાવાતો–તી–તું
પ્રથમભૂત કૃદંત	કરાવ્યો–વી–વ્યું (કર્મણિ)	કરાવાયો–ઈ–યું
દ્વિતીયભૂત કૃદંત	કરાવેલો–લી–લું (કર્મણિ)	કરાવાયલો–લી–લું
ભવિષ્ય કૃદંત	કરાવવાનો–ની–નું;	કરાવાવાનો–ની–નું;
	કરાવનારો–રી–રૂં–ર	કરાવાનારો–રી–રૂં–ર
સંબંધકભૂત કૃદંત	કરાવી–કરાવીને	કરાવાઈ–કરાવાઇને
સામાન્ય કૃદંત	કરાવવો–વી–વું (કર્મણિ)	કરાવાવો–વી–વું

કૃદંત અને ક્રિયાપદમાં ફેર એટલોજ કે ક્રિયાપદથી વાક્ય બને, પણ કૃદંતથી ન બને; તોપણ ક્રિયાપદને જેમ કર્ત્તા, કર્મ, ક્રિયાવિશેષણ, કે ક્રિયાવિશેષણના અર્થમાં વપરાતું નામ લાગે છે, તેમ કૃદંતને પણ લાગે છે. જેમ, તે વેળા એક કઠિયારો ગધેડાપર લાકડાં **ભરી** તેની દુકાને **વેચવા** આવ્યો. આ વાક્યમા ‘ ભરી ’ સંબંધકભૂત કૃદંત અવ્યય છે તેનો કર્ત્તા ‘એક કઠિયારો’ ને કર્મ ‘ લાકડાં ’ છે. ‘ એક કઠિયારો ’ ‘આવ્યો’ ક્રિયાપદનો પણ કર્ત્તા છે. ‘ ગધેડાપર ’ એ ‘ભરી’ કૃદંતનું વિધેયવર્ધક સ્થળાર્થ છે. ‘ તેની દુકાને ’ એ ‘ વેચવા ’ સામાન્ય કૃદંતનું વિધેયવર્ધક સ્થળાર્થ છે. ઝડપથી દોડતો ઘોડો પડ્યો. એમાં ‘ ઝડપથી ’, ‘ દોડતો ’ કૃદંતનું ક્રિયાવિશેષણ છે.

પાઠ ૯. સંયુક્ત ક્રિયાપદ.

જ્યારે બે ક્રિયાપદ જોડે આવી બીજા ક્રિયાપદમાંથી તેનો મૂળનો અર્થ જતો રહી પહેલાના અર્થમાં ત્વરા વગેરેનો વધારો કરે છે, ત્યારે તે સંયુક્ત ક્રિયાપદ કહેવાય છે; વગેરે સંયુક્ત ક્રિયાપદને લગતી કેટલીક હકીકત તમે બીજા ભાગમાં શીખી ગયા છો. આ ભાગમાં સંયુક્ત ક્રિયાપદના પદચ્છેદ, વગેરેને લગતી હકીકત કહેવામાં આવશે.

સંયુક્ત ક્રિયાપદનાં કાળનાં રૂપ લેવામાં પહેલું ક્રિયાપદ આખું ને બીજા ક્રિયાપદનો ધાતુ લઈ રૂપ કરવા. જેમ, ‘ લખી ચૂક્યો ’ ક્રિયાપદમાં ‘લખી ચૂક’ ધાતુ લઈ રૂપ બનાવાય.

શુદ્ધકાળો:—લખી ચૂકું, લખી ચૂકે, લખી ચૂક્યો, લખી ચૂકત, લખી ચૂકીશ, વગેરે.

મિશ્રકાળો:—લખી ચૂકું છું, લખી ચૂકતો હોઉં, લખી ચૂક્યો હતો, લખી ચૂક્યો હોત, લખી ચૂક્યો હશે, લખી ચૂકવાનો હતો, વગેરે.

કર્મણિ રચના:—લખી ચૂકાય છે, લખી ચૂકાણો, લખી ચૂકાશે, વગેરે.

કૃદંત:—લખી ચૂકતો, લખી ચૂકયો, લખી ચૂકવાનો, લખી ચૂકેલો, લખી ચૂકનાર, લખી ચૂકીને, વગેરે.

સંયુક્ત ક્રિયાપદના પદચ્છેદમાં નીચેના નિયમો યાદ રાખવા.

अ. જે બે ક્રિયાપદો મળી સંયુક્ત ક્રિયાપદ બને, તેનું પદચ્છેદ ભેગું કરવું.

ब. જે જે ધાતુનું સંયુક્ત ક્રિયાપદ બન્યું હોય, તે તે ધાતુ કહેવા.

क. સંયુક્ત ક્રિયાપદમાં જાત પહેલા ક્રિયાપદની અને કાળ બીજા ક્રિયાપદનો કહેવો.

ड. સંયુક્ત ક્રિયાપદમાં સઘળાં ક્રિયાપદોનો ક્રિયાનાથ એકજ હોય છે, તે કર્ત્તાની વિભક્તિ પરથી માલમ પડશે.

ઉદાહરણ—

(૧). છોકરો પાઠ **વાંચી ચૂકયો** (વાંચવાનું કામ પૂર્ણ થયું છે).

'વાંચી ચૂકયો':—કર્ત્તા 'છોકરો,' કર્મ 'પાઠ' માટે સકર્મક ક્રિયાપદ, વાંચ અને ચૂક ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'છોકરો,' ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૨). તે **જતો રહ્યો હશે** (જવાનું કામ પૂર્ણ થયું હશે).

'જતો રહ્યો હશે':—કર્ત્તા 'તે,' કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા અને રહે ધાતુ, પ્રથમભૂત ભવિષ્યકાળ, સંશયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે,' ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૩). છોકરે **બેસી રહેવું** જોઈતું હતું. (સંયુક્ત ક્રિયાવાચક સામાન્ય કૃદંત નામ છે.) 'જોઈતું હતું' નું કર્મ છે.

'જોઇતું હતું':—કર્ત્તા 'છોકરે,' કર્મ 'બેસી રહેવું' માટે સકર્મક ક્રિયાપદ, જો ધાતુ, વર્ત્તમાનભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ 'બેસી રહેવું,' ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

(૪). કર આપ્યાથી આપણને **માર્યા જવાનો** ભો નથી (સંયુક્ત **ક્રિયાવાચક** સામાન્ય કૃદંત નામ છે.)

(૫). પોતાની સઘળી ઇમારત **બળી જતી** તે નજરે જુએ છે. (સંયુક્ત ક્રિયાવાચક વર્ત્તમાન કૃદંત વિશેષણ છે).

(૬). એ કર તેમની પાસેથીજ લેવામાં આવે છે.

'લેવામાં આવે છે' (લેવાય છે):—કર્ત્તા 'લેનારથી' અધ્યાહાર, કર્મ 'કર' માટે સકર્મક ક્રિયાપદ, લે અને આવ ધાતુ, દ્વિત્વવર્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ 'કર' માટે ૩. પુ. નરજાતિ એકવચન, કર્મણિપ્રયોગ.

(૭). તેમને 'સર'નો ઇલ્કાબ આપવામાં આવ્યો.

'આપવામાં આવ્યો' (અપાયો):—કર્ત્તા 'આપનારથી' અધ્યાહાર, કર્મ 'ઇલ્કાબ' માટે સકર્મક ક્રિયાપદ, આપ અને આવ ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ 'ઇલ્કાબ' માટે ૩. પુ. નરજાતિ એકવચન, કર્મણિ પ્રયોગ.

(૮). તે વાતો **વાંચ્યાં કરે છે** (ચાલુ ક્રિયાનો અર્થ દેખાડે છે).

'વાંચ્યાં કરે છે':—કર્ત્તા 'તે', કર્મ 'વાતો' માટે સકર્મક ક્રિયાપદ, 'વાંચ' અને 'કર' ધાતુ, દ્વિત્વવર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે', ૩. પુ. એ. વ., સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૯). તું **બોલ્યે જા** (ચાલુ ક્રિયાનો અર્થ દેખાડે છે. બોલનારની ઇચ્છા કર્મ વાપરવાની નથી માટે સકર્મક ક્રિયાપદ અકર્મક તરીકે વપરાયું છે).

'બોલ્યે જા':—કર્ત્તા 'તું', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'બોલ' અને 'જા' ધાતુ, વર્ત્તમાનકાળ, આજ્ઞાર્થ, ક્રિયાનાથ 'તું', બી. પુ. એ. વ., અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

પાઠ ૧૦. પ્રયોગ વિષે વિશેષ વિચાર.

પ્રયોગ ત્રણ છે. કર્ત્તરિ, કર્મણિ, અને ભાવે. અકર્મક ક્રિયાપદ કર્ત્તરિ ને ભાવે પ્રયોગમાં, અને સકર્મક ક્રિયાપદ કર્ત્તરિ ને કર્મણિ પ્રયોગમાં આવે છે. આ તમે બીજા ભાગમાં શીખી ગયા છો. આ પાઠમાં તે સંબંધી કંઈક વિશેષ હકીકત કહેવામાં આવશે.

સકર્મક ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં બે રીતે આવી શકે છે. કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય ત્યારે, અને કર્ત્તા પાંચમી વિભક્તિમાં હોય ત્યારે આવે છે. ઉદા. **મગને** પાઠ વાંચ્યો, **મગનથી** પાઠ વંચાયો. બંનેનો અર્થ સરખોજ છે, પણ બીજા વાકયમાં શકયતાનો અર્થ રહેલો છે.

ઘણુંકરીને સકર્મક ક્રિયાપદ ભૂતકાળે કર્મણિ પ્રયોગમાં આવે છે, પણ કેટલાક સકર્મક ધાતુનાં ક્રિયાપદનો કર્ત્તા ભૂતકાળે ત્રીજી વિભક્તિમાં ન આવતાં નામાર્થે પહેલી વિભક્તિમાં રહે છે, તેથી તેમાં ક્રિયાપદો ભૂતકાળે કર્ત્તરિ પ્રયોગમાં આવે છે. ઉદાહરણ—અડ, અડક, વળગ, મળ; શીખ, ભણ, સમજ; બોલ, વદ, ઉચ્ચર; ચૂક, ભૂલ, વીસર; જમ, પામ, લાવ, ધાવ, બબડ, હાર, જીત, ઇત્યાદિ જેમ, **હું** વાત **ચૂકયો—ભૂલ્યો—વીસર્યો**, છોકરો રોટલી **જમ્યો.**

કેટલાક સકર્મક ધાતુનાં ક્રિયાપદનો કર્ત્તા ભૂતકાળે પહેલી (નામાર્થે), અગર ત્રીજી વિભક્તિમાં આવે છે, તેથી એમાં ક્રિયાપદનો કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય તો કર્ત્તરિ, ને ત્રીજી વિભક્તિમાં હોય તો કર્મણિ પ્રયોગ થાય. ઉદાહરણ—ઓચર, કરડ, ડશ, તજ, પરણ, રમ, ઇત્યાદિ. જેમ, હું વાત ઓચર્યો (કર્ત્તરિ), મેં વાત ઓચરી (કર્મણિ); તે છોકરીને વીંછી કરડ્યો (કર્ત્તરિ), ઉંદરે પાઘડી કરડી (કર્મણિ).

પાઠ ૧૧. અવ્યય વિષે વિશેષ વિચાર.

જે શબ્દના રૂપમાં જાતિ, વચન કે વિભક્તિને લીધે ફેરફાર થતો નથી, તે અવ્યય કહેવાય છે. કેટલાક અવ્યય ક્રિયાપદનું સ્થળ, કાળ, રીત ને હેતુ બતાવે છે, કેટલાક અવ્યય નામ સાથે જોડાય છે, કેટલાક અવ્યય બે વાક્ય કે શબ્દને જોડે છે, અને કેટલાક અવ્યય વાક્યમાંના કોઈ પણ શબ્દ સાથે સંબંધ રાખતા નથી. આ ચાર જાતના અવ્યય વિષે તમે શીખી ગયા છો. આ પાઠમાં તમને ક્રિયાવિશેષણ, નામયોગી, અને ઉભયાન્વયી અવ્યયના વિશેષ પ્રકાર શિખવવામાં આવશે, જે તમને મિશ્ર અને સંયુક્ત વાક્યનું પૃથક્કરણ શીખવામાં ઉપયોગી થશે.

ક્રિયાવિશેષણ અવ્યયના પ્રકાર.

૧. કાળવાચક—

અ. અમુકકાળ—હમણા, અત્યારે, એટલામાં, ક્યારે, જ્યારે, ત્યારે, ઝટ, ઝટપટ, તત્કાળ, તત્ક્ષણ, તરત, તરતાતરત, હવે, હવે-પછી, આજ, આજે, કાલ, કાલે, પરમદહાડે, પેલેદહાડે, ઓણ, પો'ર,

પરાર, પેલેવર્ષે, કદી, વળતી, પછી, પ્રથમ, પહેલાં, પૂર્વે, અગાઉ, અગાડી, હજી, હાલ, હાલમાં, હજુસુધી, આગળથી, વચગાળે, અંતે, આખરે, પછીથી.

ब. જાથુકાળ—નિત્ય, નિરંતર, રોજ, હંમેશાં, જાથુ, અહોનિશ, સદા, સર્વદા.

क. કાળની પુનરાવૃત્તિ—વારંવાર, વારાફરતી, વારેવારે, વારેઘડીએ, ફરીફરીથી, ઘણીવાર, ફરીફરીને, ફેરેફેરે, પળેપળે, ક્ષણેક્ષણે, ઘડીએઘડીએ, ઘડીઘડી, રોજરોજ, નિત્યનિત્ય, દિનદિન, દહાડેદહાડે, મહિનેમહિને, વર્ષોવર્ષ, એકાંતરે, ક્વચિત, હમણાહમણા, હાલહાલ.

૨. સ્થળવાચક—

अ. અમુકસ્થળ—જ્યાં, જહીં, જ્યાંઆગળ; ત્યાં, તહીં, ત્યાં આગળ; ત્યાં, અહીં, અહીંઆગળ; પાસે, નજીક, થડમાં, લગભગ, લગોલગ; દૂર, આઘે, છેટે, વેગળે; પુંઠે, પાછળ, વાંસે, પછવાડે; ઉપર, ઉંચે; મધ્યે, વચ્ચે; નીચે, હેઠળ, હેઠવાસ; માંહે, અંદર, ઠેઠ; અધવચ, અંતરીઆળ, અંતરિક્ષ.

ब. દિશા બતાવનાર—આમ, આણીગમ, આણીતરફ, આણીકોર; એમ, એણીગમ, એણીતરફ, એણીકોર; જેમ, જેણીગમ, જેણીતરફ, જેણીકોર; તેમ, તેણીગમ, તેણીતરફ, તેણીકોર; કેમ, કેણીગમ, કેણીતરફ, કેણીકોર; ઉગમણા, આથમણા, ઉત્તરાતા, દક્ષિણાતા, આડકતરાતા.

૩. રીતિવાચક—આમ, એમ, જેમ, તેમ; આ પ્રમાણે, એ પ્રમાણે, જે પ્રમાણે, તે પ્રમાણે; આસ્તે, ધીમે, હળવે; આસ્તેઆસ્તે, ધીમેધીમે, હળવેહળવે; પેરેપેરે, થોડેથોડે; જોરભેર, એકદમ, અકસ્માત, સારીપેઠે, વ્યર્થ, ફોકટ, જેમનેજેમ, તેમનેતેમ; તેનેતે.

૪. હેતુવાચક—કેમ.

૫. સંશયવાચક—કદાચ, કદાચિત્, કદી, કદાપિ, રખે, રખેને, જાણે, શકે, ઘણુંકરીને, સોવસા.

૬. નિશ્ચયવાચક—ખરે, ખરેખર, ખરેખાત, ખરૂં, ખચીત, ખસુસ, નક્કી, નિશ્ચે, અવશ્ય, જ, બેશક, મુકરર, નિઃશંક, બેધડક, બેફિકર.

૭. સ્થિતિવાચક—

अ. ન્યૂનતા—થોડું, ઓછું, અલ્પ, જૂજ, જરા, જરાતરા, જરાક, કિંચિત્, કંઇક, લગાર, લગારેક, લેશ, રજ, થોડુંઘણું, ઘણુંખરૂં.

ब. અધિકતા—ઘણું, વધારે, બહુ, અતિ, અતિશય, પુષ્કળ, વિશેષ, અધિક, અદકું.

क. તૃપ્તિ—બસ, એટલું, બરાબર, બહુ, પુષ્કળ, ઘણું.

ड. પૂર્ણતા—છેક, તદ્દન, બિલકુલ, જરેજર, રજમાત્ર, પૂરેપૂરૂં, પરિપૂર્ણ, સંપૂર્ણ.

૮. અનુકરણવાચક—ચમચમ, ધબધબ, તડાતડ, ધડાધડ, ફડેફડ.

૯. સ્વીકારવાચક—હા, હોવે, ભલે, સારૂં, વારૂ, ઠીક, હશે, ખેર.

૧૦. નકારવાચક—ન, ના, નહિ, નવ, મા.

૧૧. ગુણવાચક—ભલું, ભુંડું; સારૂં, નઠારૂં-નરસું; અચ્છું, બુરૂં; સરસ, નરસ; ખરૂં, ખોટું; વાજબી. ગેરવાજબી; ઠીકાઠીક.

નામયોગી અવ્યયના અર્થ પ્રમાણે વિભાગ.

૧. સ્થળવાચક—અગાડી, આગળ, આસપાસ, પાર, આરપાર, કને, જોડે, તળે, નીચે, હેઠળ, પર, ઉપર, પુંઠે, પુઠળ, પછવાડે,

પાછળ, પછાડી, પાસે, સન્મુખ, સામણે, સામે, સામા, સાથે, સોડે, હારે, લગોલગ, વચ્ચે, વચ્ચોવચ્ચ, વાંસે, બહાર, મધ્યે, માંહે, અંદર, મોઝાર.

૨. **દિશા બતાવનાર**—ગમ, ભણી, તરફ.

૩. **અંતર બતાવનાર**—પર્યંત, લગી, સુધી.

૪. **કાળવાચક**—અગાઉ, અગાડી, આગળ, પૂર્વે, પહેલાં, પછી, પછવાડે, પછાડી, પછાત, પાછળ, પુંઠે, પુંઠળ, વાંસે.

૫. **હેતુવાચક**—અર્થે, કાજે, કારણે, બદલે, સાટે, માટે, લીધે, વાસ્તે, સારૂ, કરીને.

૬. **રીતિવાચક**—પેઠે, ગોઠે.

૭. **સાધન બતાવનાર**—વતી, વતે, વડે, માર્ફતે, હસ્તક, હસ્તુ.

૮. **સાહિત્ય બતાવનાર**—સહિત, સોત, સુદ્ધાં, સમેત.

૯. **સંબંધ બતાવનાર**—વિષે, સંબંધી, પ્રતિ, પ્રત્યે.

૧૦. **બાતલતા**—વગર, વિણ, વણ, વિના, સિવાય, પાખે, ઉપરાંત.

૧૧. **મુકાબલો**—કરતાં.

ઉભયાન્વયી અવ્યયના પ્રકાર.

૧. સમુચ્ચયવાચક—જે અવ્યયો એકઠાપણું બતાવે છે તે. ઉદા. અને, ને, તથા.

કેટલાકનો રંગ શામળો છે ને કેટલાકનો પીળો છે.

૨. વિકલ્પવાચક—એ અવ્યયો આ કે આ, બેમાંથી એકની ઇચ્છા બતાવે છે. ઉદા. અથવા, વા, કિંવા, અગર, કે, યાતો, કાંતો.

આંખો આસમાની કે ભુરી છે.

૩. વિરોધવાચક—એ અવ્યયો ઉલટાપણું બતાવે છે. ઉદા. પણ, પરન્તુ, સામું, ઉલટું, તથાપિ, તોપણ, નહિતો, નીકર.

તેમની ભાષા પરસ્પર મળતી આવે છે, પરન્તુ આર્ય નથી.

તે કમાય તો ક્યાંથી ઉલટું ખુએ છે.

૪. **કારણવાચક**—એ અવ્યયો પહેલા વાક્યનું કારણ બીજા વાક્યમાં જણાવેલું હોય, તેવાં વાક્યની વચ્ચે આવે છે. ઉદા. કારણકે, કારણકજે, કેમકે, કેમજે, કાંકે, કાંજે.

સિકંદર અને નેપોલીઅને ઘણા દેશ જીતીને મોટી કીર્તિ મેળવી, **કેમકે** તેઓ કીર્તિરૂપી મોટાઇના ભૂખ્યા હતા.

૫. **પરિણામવાચક**—એ અવ્યયો પહેલા વાક્યનું પરિણામ બીજા વાક્યમાં જણાવેલું હોય, તેવાં વાક્યની વચ્ચે આવે છે. ઉદા. માટે, એટલે, તેથી, એથી, તેથીકરીને, તેમાટે.

જમીનને પાણી પાવાને નહેરો ખોદી, **તેથી** જમીન અતિ રસાળ બની.

૬. **સંકેતબોધક**—સંકેત એટલે શરત બતાવતી વખતે અવ્યયનાં જે જોડકાં વપરાય છે તે. જોડકામાંનો પહેલો અવ્યય પહેલા વાક્યના આરંભમાં, ને બીજો અવ્યય બીજા વાક્યના આરંભમાં આવે છે. વખતે જોડકામાંના પહેલા અવ્યયનો અધ્યાહાર રહે, પણ બીજા અવ્યયનો અધ્યાહાર તો ન જ રહે. ઉદા. જો–તો, જોકે–તો પણ, અગરજો–તોપણ.

જો તેમાં નહિ ફવાય **તો** બીજામાં ફવાશેજ.

સોક્રેટીસે માફી માગી હોત **તો** તેની શિક્ષામાં કંઇક ઘટાડો થાત.

૭. **સંબંધવાચક**—એ અવ્યયો સંબંધ બતાવતાં વપરાય છે. ઉદા. જ્યારે–ત્યારે, જેમ–તેમ, જ્યાં–ત્યાં. આ અવ્યયોને ક્રિયાવિશેષણમાં પણ ગણે છે.

જ્યાં મોટાં નગર વસેલાં હોય છે, **ત્યાં** પાણી ફરીવળે છે.

૮. **વાક્યવર્ધક**—એ અવ્યયો પ્રધાનવાક્યને ગૌણવાક્ય સાથે જોડે છે. ઉદા. કે, જે.

શાસ્ત્રમાં કહેલું છે કે જુઠું બોલવામાં મહા પાપ છે.

વળી, વળતી, હવે, પછી, ત્યારબાદ આ અવ્યયો એક વાતની સાથે બીજું કાંઈ વધારે કહેવું હોય ત્યાં વપરાય છે. છગન મને રમાડે છે **પછી** હું છગનને રમાડું છું.

૯. **સ્વરૂપબોધક**—એ અવ્યયો પહેલાં થયેલી વાતનો અર્થ સમજાવે છે, ઉદા. એટલે, અર્થાત્.

મોટું કામ કરવાને ઘણાં માણસ જોઇએ, ને મોટાં માણસ જોઈએ. ઘણાં **એટલે** સંપીલાં ને મોટાં **એટલે** શક્તિમંત, **અર્થાત્** સદ્‌ગુણ ને શક્તિ એ બંને વધવાં જોઇએ.

પાઠ ૧૨: વિભક્તિના અર્થ.

સાતે વિભક્તિઓ ક્રિયાપદ વગેરે સાથે કઈ કઈ જાતનો સંબંધ રાખે છે તે બતાવવું, તેને **વિભક્તિના અર્થ** કહે છે. અર્થ=કામ, ઉપયોગ.

છઠ્ઠી વિભક્તિ સિવાય બીજી સઘળી વિભક્તિઓનો સંબંધ ક્રિયાપદ સાથે હોય છે, માટે તે **કારક વિભક્તિ** કહેવાય છે. કારક એટલે ક્રિયા સાથે સંબંધ. છઠ્ઠી વિભક્તિ નામના વિશેષણ જેવી હોવાથી **વિશેષણ વિભક્તિ** કહેવાય છે.

પહેલી વિભક્તિ.

નામાર્થ (નિર્દેશ) વાચક, વિધેયવાચક, પરિમાણવાચક, અને સંબોધનવાચક શબ્દો પહેલી વિભક્તિમાં હોય છે.

૧. નામાર્થવાચક પ્રથમા:—

અ. કર્તરિ રચનામાં **કર્તા** નામાર્થવાચક પહેલી વિભક્તિમાં હોય છે. જેમ, **છોકરો** નિશાળે ગયો, **છગન** હિસાબ ગણે છે, **તે** કલમ ઘડાવે છે. આ વાક્યોમાં ક્રિયાપદજ કર્તાનો અર્થ કહી દે છે, માટે તે અર્થ સૂચવવા કર્તાને વિભક્તિના પ્રત્યયની જરૂર રહેતી નથી.

બ. કર્મણિ રચનામાં **કર્મ** નામાર્થવાચક પહેલી વિભક્તિમાં આવે છે.* જેમ, તેં **કાગળ** લખ્યો, રામથી **રાવણ** મરાણો, ચંડાળથી વેપારીને **કપડું** વેચાણું, શિક્ષકથી છોકરાને નવી **ચોપડી** મંડાવાઈ, મગનથી **કાગળ** વંચાય છે. આ વાક્યોમાં ક્રિયાપદજ કર્મનો અર્થ કહી દે છે, માટે તે અર્થ સૂચવવા કર્મને વિભક્તિના પ્રત્યયની જરૂર રહેતી નથી.

ક. કર્તાનાં **સમાનાર્થ નામ** નામાર્થવાચક પહેલી વિભક્તિમાં આવે છે. જેમ, મગનલાલ **મહેતાજી** પધાર્યા.

૨. વિધેયવાચક પ્રથમા:—

હોવું, થવું, બનવું દેખાવું, જણાવું, નીવડવું વગેરે અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદવાળાં વાક્યોમાં ક્રિયાપૂરક શબ્દ પહેલી વિભક્તિમાં આવે છે, તે શબ્દો વિધેય હોવાથી તેની વિભક્તિ વિ-ધેયવાચક પ્રથમા છે. જેમ, અમદાવાદ વેપારી **શાહેર** છે, તે **રાજા** થયો—બન્યો. આ બાહોશ **પુરુષ** દેખાય—જણાય છે, વર્ષ **આ-બાદ** નીવડયું.

---

* ગુજરાતી ભાષામાં કેટલાંક સકર્મક ક્રિયાપદ એવાં છે, કે તેના કર્મને બીજી વિભક્તિનો 'ને' પ્રત્યય લાગે છે, તે કર્મણિ રચનામાં પણ કાયમ રહે છે. જેમ, તે મને અડયો. તેનાથી મને અડાયું. છોકરો ગાયને મારે છે—છોકરાથી ગાયને મરાય છે. હું છોકરાને મોકલું છું—મારાથી છોક-રાને મોકલાય છે. આવે પ્રસંગે કર્મને **બીજી વિભક્તિમાં** લેવું.

૩. પરિમાણુવાચક પ્રથમા:—

૧. તેનાથી પાંચ **મણુ** ચોખા લેવાયા.

૨. મારાથી એક **લોટો** પાણી પીવાયું.

ટીપ:—પરિમાણવાચક શબ્દો જે વસ્તુનું પરિમાણુ બતાવે તે 'વસ્તુ' ની વિભક્તિ, તેજ પરિમાણુવાચક શબ્દની વિભક્તિ ગણાય. જેમ, તે ચાર **ગજ** મશરૂ લે છે. અહીં 'ગજ' શબ્દ 'મશરૂ' સાથે સમાનાર્થક છે. 'મશરૂ' ની વિભક્તિ બીજી છે, માટે 'ગજ' શબ્દ અહીં બીજી વિભક્તિમાં લેવાય. તેનાથી ચાર **ગજ** મશરૂ લેવાય છે. અહીં 'મશરૂ' શબ્દ નામાર્થે પહેલી વિભક્તિમાં છે માટે 'ગજ' શબ્દ નામાર્થે પહેલી વિભક્તિમાં લેવાય. **પાલી** ચોખાથી બ્રાહ્મણો જમાડયા. આ વાક્યમાં 'ચોખાથી' અને 'પાલી' શબ્દની પાંચમી વિભક્તિ છે.

૪. સંબોધનાર્થે પ્રથમા:—

૧. હે **કૃપાનાથ**, તું અમારી અરજ સાંભળ.

૨. **બચ્ચા**, ફિકર ન કર.

સંબોધનને કેટલાક આઠમી વિભક્તિ ગણે છે, પણ એ પહેલી વિભક્તિનો એક અર્થ છે. ઓકારાંત નર અને ઉકારાંત નાન્યતર જાતિનું નામ સંબોધનાર્થે વપરાય, તો તેને છેડે 'ઓ' કે 'ઉં' હોય છે તેને બદલે '**આ**' થઇ જાય છે. જેમ, હે **છોકરા**, તું આમ આવ.

બીજી વિભક્તિ.

કર્મ, સ્થળ, કાળ જણાવનારા શબ્દને **બીજી વિભક્તિ** હોય છે.

૧. કર્મ:—આ કર્મ ક્રિયાથી કહેવાયલું ન જોઇએ, એટલે કે ક્રિયાપદ કર્તરિ પ્રયોગમાં જોઇએ. જેમકે, તે **ચોપડી** વેચે છે, તે **મને** મારે છે.

રણછોડે **કાગળ** લખ્યો, તેણે **ગાયને લાકડી** મારી (ગાયને= ગૌણ કર્મ બીજી કે ચોથી વિભક્તિમાં, ને લાકડી=પ્રધાન કર્મ પહેલી વિભક્તિમાં), તેણે **છોકરાને** બોલાવ્યો.

'કાગળ' અને 'લાકડી' ની **પહેલી વિભક્તિ નામાર્થ-વાચક** છે, કેમકે એ વાક્યોમાં ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં છે; પરંતુ 'તેણે છોકરાને બોલાવ્યો' આ વાક્યમાં ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં છતાં કર્મ 'છોકરાને' **બીજી વિભક્તિ** લાગી છે, માટે 'છોકરાને' ની **બીજી વિભક્તિ** ગણવી.

૨. સ્થળઃ—જેમ, હું **કપડવણજ** જવાનો છું, તે **કાશી** ગયો, નદી **ગાઉ** વાંકી છે.

જે સ્થળે જવું કે પહોંચવું હોય તે સ્થળ, અને સ્થળની મર્યાદા બતાવનાર નામ બીજી વિભક્તિમાં આવે છે. ઉપલાં વાક્યોમાં 'કપડ-વણજ,' અને 'કાશી' જવાની ક્રિયાનું સ્થળ બતાવે છે, અને 'ગાઉ' શબ્દ સ્થળની મર્યાદા બતાવે છે. મર્યાદા બતાવનાર શબ્દની પછી 'સુધી' કે 'લગણ' શબ્દ મૂકી શકાય છે. નદી **ગાઉ** વાંકી છે (ગાઉ સુધી). અહીંથી ગામ **ગાઉ** દૂર છે એમાં 'ગાઉ' શબ્દ પછી 'સુધી' શબ્દ લગાડી શકાતો નથી. એ ઠેકાણે 'ગાઉ' શબ્દ **નામાર્થે** પહેલી વિભક્તિમાં છે.

૩. કાળઃ—સ્થળની માફક કાળની મર્યાદા બતાવનાર શબ્દ પછી 'સુધી' કે 'લગણ' શબ્દ લગાડી શકાય છે. એ શબ્દો બીજી વિભક્તિમાં લેવાય છે. જેમ, તે બે **માસ** માંદો રહ્યો (બે માસ લગણ), તે રાત્રે બે **કલાક** વાંચે છે (બે કલાક લગણ). દિવાળીથી દેવદિવાળીને ૧૫ **દિવસ** છે. (નામાર્થે પહેલી છે.)

ત્રીજી વિભક્તિ.

કર્તા, કરણ, હેતુ, મૂલ્ય, પરિમાણ, અંગવિકાર, સાહિત્ય, વગેરે જણાવનાર શબ્દને ત્રીજી વિભક્તિ હોય છે.

૧. કર્તાઃ—કર્મણિ પ્રયોગમાં કર્તા ત્રીજી વિભક્તિમાં હોય છે. જેમ, **તેણે** પાઠ કરવો, **લલ્લુએ** ઘઉં લીધા, **તેણે** વાર્તા લખાવી, આ નાટક **તેણે** લખેલું છે, **ગૃહસ્થે** અપંગને પાળવાં જોઈએ.

વિધ્યર્થરૂપમાં અકર્મક ક્રિયાપદનો કર્તા ત્રીજી વિભક્તિમાં આવે છે. જેમ, **તેણે** જવું, **મારે** બેસવું, **તેણે** દોડવું, **મારે** નહાવું, વગેરે.

૨. કરણઃ—જેમ, મેં **પેનસિલે** કાગળ લખ્યો, વાઘ **ગોળીએ** મરાણો, પાપી **પાપે** મરશે, તેઓ **પગરસ્તે** રાજકોટ ગયા, તે આ **દાદરે** માળે ચડ્યો, તેણે **માથે** ટોપલો ઉંચક્યો છે.

કરીને નામયોગી અવ્યયની પહેલાંના, અને **વિના, વગર** પછી નામને કરણાર્થે ત્રીજી વિભક્તિ લાગે છે. જેમ, **વેપારે કરીને** મુંબઇ ધનાઢ્ય થઇ, **વિના કારણે** કોઇને પીડવો નહિ, **વગર વિચારે** કામ ન કરવું.

૩. હેતુઃ—કારણ અથવા સબબ, જેમાંથી કાર્ય ઉત્પન્ન થાય તે. જેમ, **તાવે** ઘણાં માણસ મરી ગયાં, **ઉજાગરે** માથું દુખે છે.

૪. મૂલ્યઃ—ભાવ, કિમ્મત. ઘોડો ૫૦ **રૂપિયે** વેચ્યો, **ટકે** શેર, **રૂપિયે** તોલો.

૫. પરિમાણઃ—આગગાડી **કલાકે** ૩૦ માઇલ ચાલે છે, દૂધપાકમાં **મણે** ૭ શેરીકી ખાંડ નંખાય છે, સોળ **આને** રૂપિયો થાય.

૬. અંગવિકારઃ—શરીરની ખોડ. જેમ, **આંખે** આંધળો છે, તે **કાને** બહેરો છે.

૭. સાહિત્યઃ—સામગ્રી. સાહિત્યને સાથે કે સહિત નામયોગી

અવ્યય લાગેલો હોય, ત્યારે સાહિત્યને છઠ્ઠી વિભક્તિ લાગે છે, પણ નામયોગી અવ્યય લાગેલો ન હોય, તો ત્રીજી વિભક્તિ લાગે છે. જેમ, રાજા ચારસેં **ઘોડે** આવ્યા (રાજા ચારસેં **ઘોડા** સહિત આવ્યા), તે બસેં **માણસે** ચઢ્યો.

૮. જાતિ, ધર્મ, નામ, સ્વભાવ, વગેરે નામ સાથે બોલવાં હોય, તો તેને **કરણાર્થે ત્રીજી** વિભક્તિ લાગે છે. જેમ, તે **જાતે** બ્રાહ્મણ છે (બ્રાહ્મણ છે એમ જાત વડે જણાય છે), **ધર્મે** હિંદુ છે (હિંદુ છે એમ ધર્મ વડે જણાય છે), હું **નામે** નગીન છું (નગીન છે એમ નામ વડે જણાય છે), તે **સ્વભાવે** આકળો છે (આકળો છે એમ સ્વભાવ વડે જણાય છે).

૯. **કાળવાચક:**—કોઈ ક્રિયા અમુક મુદતે બની હોય, ત્યારે તે મુદતને ત્રીજી વિભક્તિ લાગે. જેમ, મહેલ પાંચ **વર્ષે** પૂરો થયો, હું બે **મહિને** આવ્યો.

ચોથી વિભક્તિ.

સંપ્રદાન (કંઈ આપવાની ક્રિયાનું ગૌણકર્મ), **સંબંધ, તાદર્થ્ય અને કોઈવાર કર્ત્તાને ચોથી વિભક્તિ હોય છે.**

૧. **સંપ્રદાન:**—જેમ, હું **તને** વાત કહું, મહેતાજી **છોકરાંને** વિદ્યા શિખવે છે, રાજા **બ્રાહ્મણને** દાન આપે છે, મારાથી **તેને** વાત કરાઈ.

દ્વિકર્મક ધાતુનું ગૌણકર્મ સંપ્રદાન કહી શકાય. જેમ, પિતા **પુત્રને** પત્ર મોકલે છે, શિક્ષકે **વિદ્યાર્થીને** પાઠનો સાર પૂછ્યો.

૨. **સંબંધ:**—લાગતું, વળગતું, જોડાવું. જેમ, **રાજાને** બે કુંવર છે, **પાઘડીને** કસબ છે, **તેને** ઉધરસ થઈ છે, **મને** ભૂખ

લાગી, **તેને** લાભ રહ્યો, **એને** રંગ ચઢશે, **બકરીને** સાત બચ્ચાં થયાં, **ગોંડળને** અને **ધોરાજીને** ૩૦ માઇલનું અંતર છે.

ભાવકર્તૃક ક્રિયાપદ સાથે સંબંધી નામ કે સર્વનામ ચોથી વિભક્તિમાં આવે છે. જેમ, **મને** પેટમાં દૂખે છે, **તમને** જે ગમે તે કરો.

૩. તાદર્થ્યે (તેને માટે એવો ભાવ):—નામને અર્થે, કાજે, બદલે, સાટે, માટે, વાસ્તે, સારૂ, લીધે, કારણે નામયોગી અવ્યય લાગેલા હોય તો તે શબ્દ તાદર્થ્યે ચોથી વિભક્તિમાં ગણાય છે. જેમ, હું **તેને** સારૂ ટોપી લાવ્યો, **મારે** વાસ્તે પાણી લાવો, તું **તેને** લીધે અમદાવાદ ગયો, તે **રમવાને** (રમવાને માટે) આવ્યો છે.

૪. કર્ત્તાઃ—વિધ્યર્થ ક્રિયાપદ પછી બીજું ક્રિયાપદ આવે છે, ત્યારે વિધ્યર્થ ક્રિયાપદનો કર્ત્તા કેટલીક વખત ચોથી વિભક્તિમાં આવે છે. જેમ, **અકબરને** લડાઇ કરવી પડી, **મગનને** જવું પડયું.

પાંચમી વિભક્તિ.

અપાદાન, ન્યૂનાધિકતા, હેતુ, મર્યાદા, કર્ત્તા, અને કરણ વગેરે જણાવનારા શબ્દને પાંચમી વિભક્તિ હોય છે. અપાદાન એ સંપ્રદાનથી ઉલટું છે. સંપ્રદાનમાં મળવું થાય, અને અપાદાનમાં છૂટું પડવું થાય.

૧. અપાદાનઃ—કોઇનાથી છૂટા પડવું તે પદાર્થ. સ્થળ, ભય, આદિથી વિયોગ બતાવે છે. જેમ, હું **રાજકોટથી** નીકળ્યો, તે **તાવથી** બચ્યો, **માથી** દીકરી જુદી પડી, તે **ભૂતથી** બીતો નથી.

તે **ઝાડ પરથી** પડયો. એમાં 'પરથી' નામયોગી અવ્યય છે, ને 'ઝાડ' છઠ્ઠી વિભક્તિમાં છે. પરન્તુ 'ઝાડપરથી' શબ્દસમુદાય પાંચમી વિભક્તિના અપાદાનાર્થે છે.

૨. ન્યૂનાધિકતાઃ—(ન્યૂન=ઓછું+અધિકતા=વધારેપણું) ઓછા

અદકાપણું. જેમ, **નડીઆદથી** કપડવણજ નાનું છે, **અમદાવાદથી** મુંબઈ મોટું છે, તે **સૌથી** શ્રેષ્ઠ છે, આ **તેનાથી** ઘણું છે.

૩. **હેતુઃ—પુણ્યથી** સુખ મળે છે; **ગરમીથી** માથું દૂખે છે.

૪. **મર્યાદાઃ**—સીમા, હદ, સ્થળાંતર કે કાળાંતર બતાવવાના કામમાં આવે છે. જેમ, **અમદાવાદથી** કપડવણજ વીશ ગાઉ છે, તે એ **માસથી** માંદો છે.

૫. **કર્ત્તાઃ**—ભાવે કે કર્મણિ રચનામાં કર્ત્તા પાંચમી વિભક્તિમાં આવે છે. જેમ, **તેનાથી** નહિ ચલાય, **મારાથી** દાખલા ગણાયા, **રામથી** રાવણ મરાયો.

૬. **કરણઃ**—તે **લાકડીથી** મરાણો, **છરીથી** શાક સમાર્યું.

છઠ્ઠી વિભકિત.

ઘણી જાતના સંબંધ બતાવવામાં છઠ્ઠી વિભકિત વપરાય છે. જેમ, **મગનનો** ભાઈ (સગાઈ), **રાજાનો** મહેલ, (માલિકી), **નદીનું** માછલું (આધાર), **રૂપાનો** લોટો, **ચોપડીનું** કદ, **મારૂં** બનાવેલું, **તાવની** ગરમી, **પાઘડીનો** તોરો, **લખવાની** સાહી.

છઠ્ઠી વિભક્તિ પાંચમીના અર્થમાં પણ વપરાય છે. જેમ, તે ત્રણ **દિવસનો** (ત્રણ દિવસથી) ભૂખ્યો છે. **રાતનો** જાગે છે, એમાં બે અર્થ છે. પાંચમીને બદલે છઠ્ઠી એટલે **રાતથી** જાગે છે, સાતમીને બદલે છઠ્ઠી એટલે **રાતે** જાગે છે.

છઠ્ઠી વિભક્તિ કરણના અર્થમાં ત્રીજી વિભક્તિને બદલે પણ વપરાય છે. જેમ, તે **જાતનો** (જાતે) બ્રાહ્મણ છે, **ધર્મનો** (ધર્મે) હિંદુ છે, હું નામનો (નામે) નગીન છું, તે **સ્વભાવનો** (સ્વભાવે) આકળો છે.

નામયોગી અવ્યય જે નામ કે સર્વનામ સાથે **જોડાય** છે,

તે નામ છઠ્ઠી વિભક્તિમાં હોય છે. જેમ, **ઘરની** આસપાસ, **તે** વડે (તેના વડે), **તેને અર્થે.**

નામયોગી અવ્યય પહેલાં 'ને' પ્રત્યય આવે છે, તે કેટલેક પ્રસંગે છઠ્ઠી સાથે સાતમી વિભક્તિનો પ્રત્યય મળવાથી થયેલો છે. જેમ, તેનો અર્થ–તેને અર્થે, તેનું કાજ–તેને કાજે, વગેરે.

સાતમી વિભક્તિ.

અધિકરણ (સ્થળ) અને કાળ બતાવનાર શબ્દને સાતમી વિભક્તિ હોય છે.

૧. સ્થળ:—જેમ, **હોડીમાં** બેઠો, **ગળપણમાં** આ ગોળ સરસ છે, **વર્ણોમાં** બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, હું **કપડવણજમાં** રહું છું; **છાપરે** ચઢ્યો, **ઘરે** આવ્યો, **ધોળકે** ગયો, **માથે** પાઘડી છે, **ભીંતે** કાગળ ચોડ.

૨. કાળ:—હું પાંચ **દિવસમાં** આવીશ, તું **સવારમાં** આવજે; **બપોરે** સૂવાની ટેવ છે, નિશાળમાં ધોરણ બાર **માસે** બદલાય છે.

કેટલીક વખત વિભક્તિના એવડા તેવડા પ્રત્યય લાગી દરેક વિભક્તિના અર્થનો ભાસ કરે છે. જેમ, **હિંદુમાંથી** સંપ ગયો, એમાં સ્થળ ને વિયોગનો અર્થ છે. **તેમનામાંથી** એક જણે વાત કરી, એમાં સંબંધ, સ્થળ, ને વિયોગનો અર્થ છે.

તેનાથી અત્રે અવાશે નહિ. પ્રત્યય પરથી જોતાં 'તેનાથી'ની વિભક્તિ છઠ્ઠી સાથે પાંચમી દેખાય છે, પણ તેમાં છઠ્ઠીનો અર્થ બિલકુલ નથી. 'મારાથી', 'તારાથી', 'તેનાથી' એ માત્ર પાંચમી વિભક્તિનાં રૂપ છે; તેમજ 'મારામાં', 'તારામાં', અને 'તેનામાં' માત્ર સાતમી વિભક્તિનાં રૂપ છે.

સાતે વિભક્તિના અર્થપર વિચાર કરવાથી માલમ પડશે કે **કર્ત્તા** પહેલી, ત્રીજી, ચોથી ને પાંચમી વિભક્તિમાં આવે છે; **કર્મ** પહેલી ને બીજી વિભક્તિમાં આવે છે; **પરિમાણ** પહેલી, બીજી વગેરે વિભક્તિમાં આવે છે; **સ્થળ** બીજી ને સાતમી વિભક્તિમાં આવે છે; **કાળ** બીજી ને સાતમી વિભક્તિમાં આવે છે; **કરણ** અને **હેતુ** ત્રીજી ને પાંચમી વિભક્તિમાં આવે છે; અને **સંબંધ** ચોથી ને છઠ્ઠી વિભક્તિમાં આવે છે.

જે શબ્દને **સ્થળ, કાળ,** કરણ, **હેતુ, મૂલ્ય, સાહિત્ય, સંબંધ** (ચોથી વિભક્તિમાં), **અપાદાન, મર્યાદા, ન્યૂનાધિકતા** એ વગેરે અર્થ વિભક્તિઓ લાગેલી હોય, તેવા શબ્દનો અધિકાર **ક્રિયાવિશેષણ** જેવો છે; કેમકે ક્રિયાવિશેષણો જેમ ક્રિયાનું સ્થળ, કાળ, રીત, હેતુ, વગેરે બતાવે છે, તેમ આ શબ્દો બતાવે છે; માટે તે વાક્યપૃથક્કરણમાં **વિધેયપક્ષમાં વિધેયવર્ધકમાં** જાય. જેમ, તે **અમદાવાદ** ગયો (સ્થળ), તે ચાર **કલાક** પાઠ કરે છે (કાળ), તે **તાવે** મુઓ (રીત).

વિભક્તિના અર્થ નક્કી કરવા વિષે:—પ્રથમ આખું વાક્ય વાંચી જવું, ને તેમાં શી ક્રિયા કરવાની છે તે નક્કી કરવું. પછી—

૧. **કર્ત્તા, કર્મ** પૃષ્ઠ ૧૨, ૧૩ મે કહ્યા મુજબ શોધી કાઢવાં.

૨. ક્રિયાપદની પહેલાં **કેટલો, કેટલી, કેટલું** મૂકી પ્રશ્ન પૂછવાથી **પરિમાણ** માલમ પડશે. જેમ, તેણે **ચોખા** કેટલા લીધા ? **પાંચ મણ** (નામાર્થે પહેલી વિભક્તિ), પાણી કેટલું પીએ ? **એક લોટો** (બીજી વિભક્તિ), કેટલે વખતે ૩૦ **માઈલ** ચાલે છે ? **કલાકે** (ત્રીજી).

૩. ક્રિયાપદની પહેલાં **કયાં** મૂકી પ્રશ્ન પૂછવાથી **સ્થળ** માલમ

પડશે. જેમ, ક્યાં ગયો ? **કાશી** (બીજી), ક્યાં બેઠો ? **હોડીમાં** (સાતમી), ક્યાં ગયો ? **ઘેર** (સાતમી).

૪. **ક્યારે, ક્યાં સુધી** એ શબ્દો ક્રિયાપદની પહેલાં મૂકી પ્રશ્ન પૂછવાથી **કાળ** માલમ પડશે. જેમ, ક્યાં સુધી માંદો રહ્યો ? **બે માસ** (બીજી), ક્યારે આવીશ ? **પાંચ દિવસે** (સાતમી).

૫. ક્રિયાપદની પહેલાં **શાવડે** મૂકી સવાલ પૂછવાથી **કરણ** માલમ પડશે. જેમ, શાવડે કાગળ લખ્યો ? **પેનસિલે** (ત્રીજી), શાવડે મરાણો ? **લાકડીથી** (પાંચમી).

૬. ક્રિયાપદની પહેલાં **શાથી** મૂકી સવાલ પૂછવાથી **હેતુ** માલમ પડશે. જેમ, શાથી માથું દૂખે છે ? **ઉજાગરે** (ત્રીજી), શાથી સુખ મળે છે ? **પુણ્યથી** (પાંચમી).

૭. ક્રિયાપદની પહેલાં **કેટલે** મૂકી સવાલ પૂછવાથી **મૂલ્ય** માલમ પડશે. જેમ, કેટલે વેચ્યો ? **૫૦ રૂપિયે** (ત્રીજી).

૮. ક્રિયાપદની પહેલાં **સાથે કોણ** મૂકી સવાલ પૂછવાથી **સાહિત્ય, કોને** મૂકી સવાલ પૂછવાથી **સંપ્રદાન** કે **સંબંધ** (ચોથી વિભક્તિનો), **ક્યાંથી** મૂકી સવાલ પૂછવાથી **વિયોગ, ક્યાંથી** કે **ક્યારથી** મૂકી સવાલ પૂછવાથી **મર્યાદા,** અને **કોનાથી** મૂકયાથી **ન્યૂનાધિકતા** માલમ પડશે. છઠ્ઠી વિભક્તિ કયા નામ જોડે સંબંધ રાખે છે, તે તો શોધી કાઢવું સહેલ છે, કેમકે તેનું રૂપ વિકારી વિશેષણ જેવું છે. જેમ, શાનો લોટો ? **રૂપાનો,** કોનો બાઈ ? **મગનનો,** વગેરે.

પાઠ ૧૩. વાકયમાં શબ્દોનો અન્વય.

શબ્દરચનાના કેટલાક સહેલા નિયમો બીજા ભાગમાં આપી ગયા, આ સ્થળે વાક્યોમાં શબ્દોના સંબંધ (અન્વય) સંબંધી કેટલાક નિયમો આપીએ છીએ.

૧. **ક્રિયાપદ તથા ક્રિયાનાથ:**—(૧). ક્રિયાપદને પુરુષ, જાતિ, ને વચન ક્રિયાનાથ પ્રમાણે લાગે છે. જેમ, **હું જાઉં છું,** છોકરે પુસ્તક **ખરીદ્યું.**

(૨). એક જ જાતિના એકથી વધારે ક્રિયાનાથ હોય, અને તેઓ '**તથા,**' '**અને**' કે '**ને**' અવ્યયથી જોડાએલા હોય, તો ક્રિયાનાથ **તેજ જાતિના બહુવચનમાં** આવે છે. જેમ, છગન, મગન, અને લલ્લુ **આવ્યા હતા.**

(૩). જુદી જુદી જાતિના એકથી વધારે ક્રિયાનાથ હોય, અને તેઓ '**તથા,**' '**અને**' કે '**ને**' અવ્યયથી જોડાએલા હોય, તો ક્રિયાનાથ ઘણુંખરૂં **નાન્યતર જાતિના બહુવચનમાં** આવે છે; અને કદી ક્રિયાપદની પહેલાં '**એ સર્વે,**' કે '**સર્વ**' એવા શબ્દ મૂકવામાં આવે છે. જેમ, મગન, છગન, કાશી, એ સર્વે **આવ્યાં હતાં.**

(૪). જુદી જુદી જાતિના એકથી વધારે ક્રિયાનાથ હોય અને તેઓ '**તથા,**' '**અને**' કે '**ને**' અવ્યયથી જોડાએલા હોય, તો ઘણી વખત પાસેના ક્રિયાનાથ પ્રમાણે પણ ક્રિયાપદનાં જાતિવચન થાય છે. જેમ, મેં ગાય, ઘોડો, ને **ગાડી લીધી.**

(૫). ક્રિયાનાથ ઘણા હોય, અને તેઓ '**અથવા,**' '**કે**' અવ્યયથી છૂટા પડતા હોય, તો ક્રિયાપદનું રૂપ પાસેના ક્રિયાનાથ પ્રમાણે થાય છે. જેમ, તેણે ગાડી કે **સગ્રામ વેચાતો લીધો,** પણ કેટલીક વખત ક્રિયાનાથ પછી **એમાંનું કાંઇ** એવા શબ્દ લગાડી

ક્રિયાપદ નાન્યતર જાતિના એકવચનમાં મૂકવાનો ચાલ છે. જેમ, કાશી કે મગન એમાંનું કોઈ **આવ્યું નથી,** ભૂગોળ કે ઇતિહાસ એમાંનું કાંઇ **કર્યું નથી.**

(૬). ક્રિયાનાથ જુદા જુદા પુરુષ સર્વનામ હોય, ત્યારે જો પહેલો પુરુષ તેમાં હોય તો ક્રિયાપદ પહેલા પુરુષના બહુવચનમાં આવે છે. જેમ, હું, તું ને તે કાલે **જઈશું,** હું ને મગન **આવીશું,** હું ને તે **વાંચીએ છીએ,** હું ને તું **વાંચીએ છીએ.**

પણ પહેલો પુરુષ ન હોતાં બીજા ત્રીજા પુરુષનું સર્વનામ હોય તો ક્રિયાપદ બીજા પુરુષના બહુવચનમાં આવે છે. જેમ, તું ને મગન કાલે **આવજો,** તું ને તે **જજો.**

(૭). માન આપવા સારૂ ક્રિયાનાથ નરજાતિના એકવચનમાં હોવા છતાં ક્રિયાપદ નરજાતિના બહુવચનમાં આવે છે. જેમ, ગુરુજી **પધાર્યા.**

ક્રિયાનાથ નારીજાતિના એકવચનમાં હોય, તો ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ, વહુજી મહારાજ **પધાર્યાં.**

૨. **વિશેષણ અને વિશેષ્ય:**—(૧). વિકારી વિશેષણને તેના વિશેષ્ય પ્રમાણે જાતિ, વચન, ને વિભક્તિ લાગે છે, પણ વિભક્તિના છૂટા પ્રત્યય વિશેષણને લાગતા નથી, માત્ર સાતમી વિભક્તિનો ભળેલો પ્રત્યય લાગે છે. અવિકારી વિશેષણનાં રૂપ બદલાતાં નથી. વિશેષ્ય એક હોય ને વિશેષણ એકથી વધારે હોય તોપણ આ જ નિયમ રહે છે. જેમ, ભલા, શાણા, તથા વિદ્વાન માણસની પાસે હંમેશાં બેસવું, ઊંચે સ્વરે બોલવું નહિ.

(૨). એકથી વધારે વિશેષ્ય જુદી જુદી જાતિના હોય અને તે '**તથા,**' '**અને,**' '**ને**' અવ્યયથી જોડાએલા હોય; તો તેમનાં

વિશેષણ ઘણું કરીને વિધેયપક્ષમાં નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ, ભાત, દાળ, ને શાક **સારાં** હતાં; અંગરખું, દુપટો ને પાઘડી **સારાં** છે.

(૩). એકથી વધારે વિશેષ્ય જુદી જુદી જાતિના કે એક જ જાતિના હોય, અને તે '**અથવા,**' '**કે**' અવ્યયથી છૂટા પડતા હોય, તો તેમનું વિશેષણ પાસેના વિશેષ્યનું રૂપ લે છે. જેમ, **સારી** પાઘડી કે સેલું લાવજો, છોકરો કે છોકરી **ડાહી** હોય.

ઘણી વખત ઉપર પ્રમાણે મેળ રહેતો નથી, પણ અર્થની સ્પષ્ટતાને સારૂ દરેક વિશેષ્યની જાતિ પ્રમાણે જુદું જુદું વિશેષણ મૂકવામાં આવે છે. જેમ, **સારી** પાઘડી કે **સારૂં** સેલું લાવજો.

(૪). માન આપવા સારૂ વિશેષ્ય નરજાતિના એકવચનમાં હોવા છતાં વિશેષણ નરજાતિના બહુવચનમાં આવે છે. જેમ, ગુરુજી **ભલા** છે.

વિશેષ્ય નારીજાતિના એકવચનમાં હોવા છતાં વિશેષણ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ, માજી **ભલાં** છે.

૩. **વિભક્તિ:**—(૧). એક અથવા વધારે નામ કોઇ નામને ઓળખાવવાને તેની સાથે આવી તેનીજ વિભક્તિમાં હોય છે, પણ તેને વિભક્તિના પ્રત્યય લાગતા નથી. તે વખતે તે ઓળખાવનારાં નામ ઓળખાનાર નામની સમાનાર્થે વિભક્તિ કહેવાય છે.

જેમ, **રામજી** મહેતાજીને મોકલો. આમાં 'રામજી' ની વિભક્તિ 'મહેતાજીને' સમાનાર્થે કહેવાય. હું **પટેલ** શંભુલાલની પાસે પચાસ રૂપિયા માગું છું, **સ્કોલર** દામોદરે પહેલો નંબર મેળવ્યો.

(૨). સામાસિક શબ્દમાં છેલ્લા શબ્દને વિભક્તિના પ્રત્યય લાગે છે. જેમ. **માબાપની** આજ્ઞા માનવી.

(૩). ઉભયાન્વયી અવ્યયથી બે કે અધિક નામ જોડાયાં હોય, તો વિભક્તિના પ્રત્યય ઘણુંકરીને છેલ્લા નામને લાગે છે, અથવા કોઈવાર નામને જુદાં જુદાં દર્શાવવાને દરેક નામને લાગે છે. જેમ, તમે મગન, છગન, અને **લલ્લુને** તેડી લાવજો, અથવા તમે **મગનને, છગનને,** અને **લલ્લુને** તેડી લાવજો, ભલા અને **ભુંડાનો** વિચાર કરવો.

ટીકાઃ—જ્યારે છેલ્લા નામને વિભક્તિના પ્રત્યય લાગે છે, ત્યારે પહેલાંનાં નામમાં વિભક્તિના પ્રત્યય લાગતાં જે ફેરફાર થવો જોઇએ, તે તો થાય છેજ.

(૪). જ્યારે ઘણાં નામ ઉભયાન્વયી અવ્યયથી જોડાએલાં હોય, અને તેમને ઓળખાવનાર દર્શક સર્વનામનું **એ,** અથવા તે નામોની પછી **વગેરે, ઇત્યાદિ** એ શબ્દો આવે; તો સઘળાં નામ પહેલી વિભક્તિમાં રાખીને વિભક્તિના પ્રત્યય **'એ' દર્શક સર્વનામનું બહુવચન, 'વગેરે,' 'ઇત્યાદિ'** એમને લાગે છે. જેમકે, લુચ્ચા, ઠગારા, જુઠા, ચોર, **એમની** સાથે વાતચીત કરવી નહિ; તમે કાળિદાસ, તેમના ભાઈ, **વગેરેને** તેડીને આવજો.

(૫). જ્યારે ઘણાં સર્વનામ ઉભયાન્વયી અવ્યયથી જોડાતાં હોય, તો દરેક સર્વનામને વિભક્તિના પ્રત્યય લાગે છે. જેમ, ત્યાં **મને, તમને,** અને **તેમને** બોલાવે છે; આ કામ **મારાથી, તમારાથી,** અને **તેમનાથી** નહિ થાય. કોઈવાર રૂપ ન ફરે તો વિભક્તિનો પ્રત્યય છેડે પણ આવે. જેમ, આ કામ હું, તું, અને **તેથી** નહિ થાય.

પાઠ ૧૪. સાદા વાકયનું પૃથક્કરણ.

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક તરીકે વપરાતા શબ્દો.

૧. ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દો મુખ્યત્વે **નામ** હોય છે. જેમ, **મગન** ગયો, **લલ્લુએ** પાઠ વાંચ્યો, **લલ્લુ** અકળાણો, મજુરોથી **તળાવ** ખોદાયું; છોકરો **કલમ** ઘડે છે, માવજીએ **રામજીને** બોલાવ્યો, ફીકાભાઈ **વકીલ** છે. આમાં 'મગન,' 'લલ્લુએ,' 'લલ્લુ' અને 'તળાવ' ઉદ્દેશ્ય છે; અને 'કલમ,' 'રામજીને,' અને 'વકીલ' ક્રિયાપૂરક છે.

૨. **સર્વનામ** નામની જગ્યાએ વપરાતા શબ્દ છે, માટે તે ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, **હું** ગયો, **તેણે** પાઠ વાંચ્યો; માવજીએ **મને** બોલાવ્યો, તે **હું** છું.

૩. **વિશેષણો** વિશેષ્ય વિના એકલાં આવે છે, ત્યારે તે નામ તરીકે વપરાય છે; માટે વિશેષણો પણ ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. **ગાંડો** બકે છે; તેણે **ભલાને** માર્યો.

૪. **કૃદંત** પણ નામ તરીકે વપરાય છે; માટે તે પણ ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, **વાંચવું** સહેલું છે, **છપાવનાર** જડ્યો નહિ; સૌને **ખાતાં** આવડે, તેણે **લખવું** શરૂ કર્યું, છગને **છપાવનારને** બોલાવ્યો, તેણે **થુંકેલું** ગળ્યું, ડૂ**બતાને** તાર્યો.

૫. **અવ્યય** કોઈ પ્રસંગે નામ તરીકે વપરાય છે, માટે તે પણ ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, ઘરમાં આજે **એક** મોટો **અકસ્માત્** થયો; તીર્થવાસીઓ **એમ** માને છે.

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે વપરાતા શબ્દો:—

૧. ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે મુખ્યત્વે **વિશેષણો** વપરાય છે. જેમ, **સારો** છોકરો આવ્યો; મેં **કાળો** ઘોડો લીધો, કાળિદાસ **મોટા** પંડિત ગણાય છે.

૨. કેટલાંક **સર્વનામ** વિશેષણ તરીકે વપરાય છે માટે તે ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે વપરાય. જેમ, **કયો** માણસ આવ્યો? **આ** માણસ જાય છે, **જે** માણસ જમતો હતો, **પેલો** ઘોડો તોફાની છે; તમે **શી** વસ્તુ ખરીદી? મેં **એ** ઘર લીધું, **તે** માણસને બોલાવો, તમે **કોઇ** માણસને ન છેડો.

૩. કેટલાંક **કૃદંત,** વિશેષણ તરીકે વપરાય છે, માટે તે ઉદ્દેશ્ય ને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઇ શકે. જેમ, **દોડતો** ઘોડો પડ્યો, **કર્યાં** કર્મ પીડે છે; તમે **મરતા** માણસને મારો મા, **કોહલી** કેરી ખાશો મા.

૪. **છઠ્ઠી વિભક્તિવાળાં નામ** વગેરે વિશેષણની પેઠે વપરાય છે, માટે તે ઉદ્દેશ્ય ને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઈ શકે. જેમ, **છોકરાની** સ્લેટ ફૂટી, **મારૂં** અગરખું ફાટ્યું; તેણે **મગનની** ચોપડી ખરીદી, વાઇસરાયે દિલ્હી દરબારમાં **વર્ત્તમાનપત્રના** અધિપતિને નોતર્યા, તમે **ઉપરની** ખુરસી લાવો, પ્રથમ ચીનાઓએ **છાપવાની** કળા શોધી.

૫. **સમાનાર્થ નામ** ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દને ઓળખાવે છે, માટે તે તેનો વધારો થઇ શકે. જેમ, **રામજી** માસ્તરે પેનશન લીધું; સરકારે **સયાજીરાવ** ગાયકવાડને ગાદી આપી.

૬. **પરિમાણ બતાવનાર નામ** ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઈ શકે છે. જેમ, **હજાર મણ** ચોખા બળી ગયા; તેણે **ઘડો** પાણી પીધું.

વિધેય તરીકે વપરાતા શબ્દો:—

૧. **એકલાં ક્રિયાપદ.**—તે **આવે છે,** હું **જઇશ.**

૨. **એકલાં કૃદંત:**—તે **જવાનો,** અમે **નાઠા.**

૩. **શબ્દયુક્ત ક્રિયાપદ:—**

अ. નામ:—મગનલાલ **મહેતાજી છે,** અમદાવાદ **શહેર છે,** તાપી **નદી છે,** મણીભાઇ **દિવાન થયા,** તે **રાજા બન્યો,** તે **પ્રધાન નીમાયો.**

ब. સર્વનામ:—તે **હું છું,** આ **કોણ છે?** છપાવનાર **અમે હતા.**

क. વિધિપૂરક વિશેષણ:—તે **તોફાની છે,** ઔરંગજેબ **કપટી હતો,** શિવાજી **બહાદુર હતો,** છોકરો **વિચારવંત છે,** દેવ મામલતદાર **ધર્માત્મા હતા,** તે **આળસુ રહ્યો,** વર્ષ **સારૂં નીવડ્યું.**

ड. છઠ્ઠી વિભક્તિવાળા શબ્દ:—મોવિયા ગામ ઠાકોર **સાહેબનું છે,** આ ઘર **અમારૂં છે,** તે **તેનું નથી.**

इ. કૃદંત:—શાક **સડેલું છે,** તે **પતિત થયો,** આ માણસ **ગાનાર છે.**

फ. ક્રિયાવિશેષણ અવ્યય:—લલ્લુભાઇ **ત્યાં હતા,** તે **ઉપર છે.**

ઉપર પ્રમાણે વાક્યમાં પૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ હોય છે, ત્યારે તે એકલું જ વિધેય થાય છે; ને અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ હોય છે, ત્યારે અર્થ પૂરો કરવા વિધેયમાં ક્રિયાપદની સાથે કેટલાક શબ્દ વાપરવાની જરૂર પડે છે.

સકર્મક ક્રિયાપદવાળા વાક્યમાં ક્રિયાપદ, કર્મ સાથે વિધેય થાય

છે. જેમ, તે **વાત** કરે છે. દ્વિકર્મક ક્રિયાપદમાં ક્રિયાપદ અને બે કર્મ મળી વિધેય થાય છે. જેમ, મેં **ગરીબને રોટલી આપી.**

વિધેયનો વધારો કરનાર શબ્દો:—

૧. **ક્રિયાવિશેષણો:**—તે **કાલે** ગયો (વખત), તે **અહીં** આવશે (સ્થળ), તે **જરા** દોડયો (રીત), તે **નહિ** આવે (નકાર), અમે **કદાચ** આવીએ (સંશય), તે **સાથે** લેજો (સાહિત્ય), ઇત્યાદિ.

૨. **ક્રિયાવિશેષણને અર્થે આવતાં વિભક્તિવાળાં નામ, સર્વનામ, વિશેષણ, અને કૃદંત:**—તે **સુરત** ગયો (સ્થળ), હું **બે કલાક** સૂતો (કાળ), આ કામ **તેનાથી** થશે (કરણ), છોકરો **બોલવે** વાચાળ છે (સ્થળ), તે **ચાલવાથી** માંદો પડયો (હેતુ), તે **અમદાવાદથી** આવશે (વિયોગ), તે **સારો** ચાલે છે (રીત), ઇ.

૩. **નામયોગી અવ્યયની સાથેનાં નામ, સર્વનામ, વિશેષણ અને કૃદંત:**—**તેની પાસે** બેસીશ (સ્થળ), **અકબર પછી** ઔરંગજેબ પાદશાહ થયો (કાળ), તમે આ કામ **એને વાસ્તે** કરો (હેતુ), તમને **લખવા માટે** બોલાવ્યા છે (હેતુ).

૪. **કૃદંત અવ્યય:**—જયશિખર **લડતાં** મુઓ (હેતુ).

ઉદ્દેશ્ય, ક્રિયાપૂરક, અને વિધેયનો શબ્દાવળીથી* વધારો.

ઉદાહરણ—

ઉદ્દેશ્યનો શબ્દાવળીથી વધારો:—

૧. **બુદ્ધના પૂર્વજન્મો વિષેની વાર્તાઓનું એક** પુસ્તક છે.

---

* શબ્દો એક બીજા સાથે કાંઈ સંબંધે બંધાએલા હોય, પણ તેમાં **ક્રિયાપદ** ન હોય તો તે શબ્દસમુદાયને **શબ્દાવળી** કહે છે. જેમ, તમારા વર્ગનો તોફાની, તમારા દીકરાનો, રાત્રે બહુ વાંચવાથી, ભુવડ સાથે લડતાં, આ બધા શબ્દસમુદાયમાં ક્રિયાપદ નથી માટે તે શબ્દાવળી કહેવાય.

૨. **રામની પ્રજામાંના કેટલાક** લોકે સીતાની નિંદા કરી.
૩. **તેની પાસે બેઠેલો** માણસ ક્યાં ગયો?
૪. **ઉપજ કરતાં ખર્ચ વધારે રાખવાની** ટેવ બહુબહુ રીતે પડે છે.

ક્રિયાપૂરકનો શબ્દાવળીથી વધારો:—

૧. ઋષભદેવજીએ **આત્માના કલ્યાણનો ઉત્તમ** બોધ બધે ફેલાવ્યો.
૨. તેં **ભૂખે મરી રહેલ** ભિખારીને માર્યો.
૩. ચંડાળે હરિશ્ચંદ્રને **મુડદાં ઉપરનાં લૂગડાં એકઠાં કરવાનું** કામ સોંપ્યું.
૪. દુર્યોધને યુધિષ્ઠિરને જુગટું રમાડી **રાજપાટ છીનવી લેવાની** યુક્તિ રચી.

વિધેયનો શબ્દાવળીથી વધારો.

૧. મેં **લોઢાની લેખણ વડે** કાગળ લખ્યો.
૨. **જનોઈ પહેરી, સૂર્યનો મંત્ર** લઈ, વિદ્યાર્થી ગુરુને ઘેર રહે છે.
૩. યુરોપના ઘણા વહાણવટીઓ **હિંદુસ્તાન પહોંચવાનો દરિયાઇ માર્ગ શોધવાને** મથી રહ્યા હતા.
૪. તેના શેઠે **તેના હાથમાં દિવો ન જોવાથી** પૂછ્યું.

☞ ઉદ્દેશ્ય, ક્રિયાપૂરક, ને વિધેયનો વધારો **વાક્યથી** થાય છે, ત્યારે તે વાક્ય **ગૌણવાક્ય** કહેવાય છે; એ સંબંધી વિવેચન મિશ્રવાક્યના પાઠમાં આવશે.

સાદા વાકયનું પૃથક્કરણ કરવાની રીત.

જો વાક્યમાં એકજ ક્રિયાપદ હોય, તો **સાદું વાકય** જાણવું. મુખ્ય અને સાહાય્યકારક ક્રિયાપદો મળી **એકજ** ક્રિયાપદ ગણવું. વાકયની અંદર આવેલાં કૃદંતને ક્રિયાપદમાં ન ગણાય. જેમ, મારૂં કર્યું તેને ગમતું નથી, સત્યવતી દેવી દરવર્ષે શિયાળામાં ગરીબોને ગરમ કપડાં **આપી** તેઓનું કષ્ટ નિવારણ કરતી. પહેલા વાકયમાં 'કર્યું' અને બીજા વાકયમાં 'આપી' કૃદંત છે, માટે બંને સાદાં વાક્ય કહેવાય.

સાદા વાકયના પૃથક્કરણને માટે નીચેને ક્રમે કામ કરવું.

अ. પ્રથમ પૃષ્ઠ ૮૪ મે જણાવ્યા મુજબ કોઠો તૈયાર કરવો.

ब. ક્રિયાપદના ખાનામાં મુખ્ય ને સાહાય્યકારક ક્રિયાપદો ખોળી કાઢી લખવાં. સંયુક્ત ક્રિયાપદ સાથે લેવાય.

क. વાકયનો ઉદ્દેશ્ય (કર્ત્તરિ રચનામાં કર્ત્તા; ને કર્મણિ રચનામાં કર્મ, પાંચમી વિભક્તિમાં કર્ત્તા હોય ત્યારે) ખોળી ઉદ્દેશ્યના ખાનામાં ને તેનો વધારો ખોળી તેના વધારાના ખાનામાં લખવો. ભાવે રચનામાં ક્રિયાપદનો ભાવ ઉદ્દેશ્ય હોય છે.

ड. ક્રિયાપૂરક શબ્દો (ગૌણકર્મ, પ્રધાનકર્મ અને શબ્દયુક્ત ક્રિયાપદમાં ક્રિયાપદ સાથેના શબ્દો પૃષ્ઠ ૧૭૨ મે બતાવ્યા મુજબ) અને તેનો વધારો ખોળી કાઢી ક્રિયાપૂરકના ખાનામાં લખવો.

इ. વિધેયનો વધારો (ક્રિયાવિશેષણો કે તેના જેવું કામ કરનાર શબ્દો કે શબ્દાવળી) ખોળી વિધેયવર્ધકના ખાનામાં લખવો.

फ. ઉદ્દેશ્ય કે બીજું હરકોઇ પદ અધ્યાહાર રૂપે રહેલ હોય, તો તે ગણત્રીમાં લેવું. સંબોધનાર્થે આવેલું નામ અને કેવળ પ્રયોગી અવ્યય છોડી દેવા.

સાદા વાકયના

વાકય.	ઉદ્દેશ્ય પક્ષ.	
	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્ય વર્ધક.
૧. મોવિયા ગામ ઠાકોર સાહેબનું છે.	ગામ	મોવિયા
૨. રામજી માસ્તરે પેનશન લીધું.	માસ્તરે	રામજી
૩. હજાર મણ ચોખા બળી ગયા.	ચોખા	હજારમણ
૪. બકરીને સાત બચ્ચાં થયાં.	બચ્ચાં	સાત
૫. ઘણા જુના વખતમાં મધ્ય એશિયા તરફથી દક્ષિણમાં ઉતરી આવી કેટલાક લોકો વાયવ્ય ખુણાને માર્ગે હિંદુસ્તાનમાં પેઠા.	લોકો	કેટલાક
૬. પ્રતાપનું છત્ર ઝુંટવી તેને અળગો કરી ઝાલો પોતાના યોદ્ધાઓ સાથે માથે છત્ર ધરાવતો રણમાં ધસે છે.	ઝાલો	માથે છત્ર ધરાવતો
૭. તેને રાણો જાણી મોગલ યોદ્ધા તેની આસપાસ મધમાખોનીપેઠેફરી વળે છે.	યોદ્ધા	મોગલ

પૃથક્કરણનો નમુનો.

વિધેયપક્ષ.		
વિધેય.		વિધેયવર્ધક.
ક્રિયા.	ક્રિયાપૂરક.	
છે	ઠાકોર સાહેબનું	
લીધું	પેનશન	
બળી ગયા		
થયાં		બકરીને (સંબંધદર્શક)
પેઠા		ઘણા જુના વખતમાં (કાળદર્શક), મધ્યએશિયા તરફથી દક્ષિણમાં ઉતરી આવી (રીતદર્શક), વાયવ્યખુણાને માર્ગે (કરણાર્થે), હિંદુસ્તાનમાં (સ્થળદર્શક)
ધસે છે		પ્રતાપનું છત્ર ઝુંટવી તેને અળગો કરી પોતાના યોદ્ધાઓ સાથે (રીતદર્શક), રણમાં (સ્થળદર્શક)
ફરી વળે છે		તેને રાણો જાણી (કારણદર્શક), તેની આસપાસ (સ્થળદર્શક), મધમાખોની પેઠે (રીતદર્શક)

પાઠ ૧૫. પદચ્છેદ.

૧. છગનથી મનસુખને દાખલો શિખવાયો.

૧. છગનથી:—વિશેષનામ, નરજાતિ, પાંચમીનું એકવચન. 'શિખવાયો'નો કર્ત્તા.

૨. મનસુખને:—વિશેષનામ, નરજાતિ, ચોથીનું એકવચન. 'શિખવાયો'નું ગૌણ કર્મ.

૩. દાખલો:—સામાન્ય નામ, નરજાતિ, **નામાર્થે પહેલીનું** એકવચન. 'શિખવાયો'નું પ્રધાનકર્મ. (કર્મણિ રચના છે.)

૪. શિખવાયો:—કર્ત્તા 'છગનથી', કર્મ 'મનસુખને દાખલો', માટે સકર્મક ક્રિયાપદ, 'શીખ' ધાતુનું પ્રેરક રૂપ, પ્રથમ ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'દાખલો' ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૨. મગન મહેનતુ છોકરો છે.

૫. મહેનતુ:—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય ' છોકરો ' માટે નરજાતિ, પહેલીનું એકવચન.

૬. છોકરો:—સામાન્ય નામ, નરજાતિ, વિધેયવાચક પહેલીનું એકવચન. 'છે' ક્રિયાપદનું પૂરક.

૩. નરભેરામ મહેતાજીને પેનશન મળ્યું.

૭. નરભેરામ:—વિશેષનામ, નરજાતિ, ' મહેતાજીને ' એની સમાનાર્થે વિભક્તિ.

૮. મહેતાજીને:—સામાન્ય નામ, નરજાતિ, ચોથીનું માનાર્થે બહુવચન. ' મળ્યું ' ક્રિયાપદ સાથે સંબંધ.

૯. પેનશન:—સામાન્ય નામ, નાન્યતરજાતિ, નામાર્થે પહેલીનું એકવચન. ' મળ્યું 'નો કર્ત્તા.

૪. પાલી ચોખાથી તેણે બ્રાહ્મણોને જમાડયા.

૧૦. પાલી:—સામાન્ય નામ, નારીજાતિ, પાંચમીનું એકવચન. 'ચોખાથી'ના સમાનાર્થે.

૧૧. ચોખાથી:—સામાન્ય નામ, નરજાતિ, પાંચમીનું બહુવચન. 'જમાડયા'નું કરણ.

૧૨. જમાડયા:—કર્ત્તા 'તેણે', કર્મ 'બ્રાહ્મણોને', માટે સકર્મક ક્રિયાપદ, 'જમ' ધાતુનું પ્રેરક રૂપ, પ્રથમ ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'બ્રાહ્મણોને', ત્રીજો પુરુષ, નરજાતિ, બહુવચન, કર્મણિ પ્રયોગ.

૫. નદી ગાઉ વાંકી છે.

૧૩. ગાઉ:—સામાન્ય નામ, નરજાતિ, બીજીનું એકવચન. 'વાંકી છે' વિધેયના સ્થળની મર્યાદા.

૧૪. વાંકી:—વિધિપૂરક વિશેષણ, વિશેષ્ય 'નદી' માટે નારીજાતિ, વિધેયવાચક પહેલીનું એકવચન.

૬. તાવે ઘણાં માણસ મરી ગયાં.

૧૫. તાવે:—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. 'મરી ગયાં'નો હેતુ.

૭. આગગાડી કલાકે ૩૦ માઈલ ચાલે છે.

૧૬. કલાકે:—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. ૩૦ માઈલ ચાલવાના કાળનું પરિમાણ.

૧૭. ત્રીશ:—સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય 'માઈલ' માટે નરજાતિ, બીજીનું બહુવચન.

૧૮. માઈલ:—સામાન્ય નામ, નરજાતિ, બીજીનું બહુવચન. ('માઈલ સુધી'–સ્થળની મર્યાદા બતાવે છે).

૮. મહારાજા ચારસેં ઘોડા સહિત પધાર્યા.

૧૯. ચારસેં:—સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય 'ઘોડા' માટે નરજાતિ, છઠ્ઠીનું બહુવચન.

૨૦. **ઘોડા:**—સામાન્ય નામ, નરજાતિ, છઠ્ઠીનું બહુવચન. 'સહિત' સાથે સંબંધ.

૨૧. **સહિત:**—નામયોગી અવ્યય. 'ઘોડા' સાથે સંબંધ.

૯. તારે ઘોડે તેને લાત મારી.

૨૨. **તારે:**—બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, છઠ્ઠી સાથે ત્રીજીનું એકવચન. 'ઘોડે' સાથે સંબંધ.

૨૩. **ઘોડે:**—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. 'મારી'નો કર્ત્તા.

૨૪. **તેને:**—ત્રીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું એકવચન. 'મારી'નું ગૌણ કર્મ.

૨૫. **લાત:**—સામાન્ય નામ, નારીજાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'મારી'નું પ્રધાન કર્મ.

૨૬. **મારી:**—કર્ત્તા 'ઘોડે', કર્મ 'તેને લાત', માટે સકર્મક ક્રિયાપદ, 'મર' ધાતુનું પ્રેરક રૂપ, પ્રથમ ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્મ 'લાત' માટે ત્રીજો પુરુષ, નારીજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૧૦. મારે ને તેને બને છે.

૨૭. **મારે:**—પહેલો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું એકવચન. 'બને છે' ક્રિયાપદ સાથે સંબંધ.

૨૮. **ને:**—ઉભયાન્વયી અવ્યય. 'મારે' ને 'તેને' એ બે શબ્દને જોડે છે.

૨૯. **તેને:**—ત્રીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું એકવચન. 'બને છે' ક્રિયાપદ જોડે સંબંધ.

૩૦. **બને છે:**—કર્ત્તા ક્રિયાનો ભાવ, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'બન' ધાતુ, દ્વિત્વ વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ ક્રિયાનો ભાવ માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૧૧. તમે મારે વાસ્તે પાણી લાવો.

૩૧. મારે:—પહેલો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, તાદર્થ્ય ચોથીનું એકવચન, 'વાસ્તે' સાથે સંબંધ.

૩૨. વાસ્તે:—નામયોગી અવ્યય. 'મારે' સાથે સંબંધ.

૧૨. મગનને જવું છે.

૩૩. મગનને:—વિશેષ નામ, નરજાતિ, ચોથીનું એકવચન. 'જવું છે'નો કર્ત્તા.

૩૪. જવું છે:—કર્ત્તા 'મગનને', કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, 'જા' ધાતુ, વિધ્યર્થ વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૧૩. અલી બેન, તું તાવથી બહુ ગભરાય છે.

૩૫. અલી:—વિકારી વિશેષણ, વિશેષ્ય 'બેન' માટે નારીજાતિ, સંબોધનાર્થે પહેલીનું એકવચન.

૩૬. બેન:—સામાન્ય નામ, નારીજાતિ, સંબોધનાર્થે પે. એ. વ.

૩૭. તું:—બીજો પુરુષ સર્વનામ, 'બેન'ને ઠેકાણે માટે નારીજાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'ગભરાય છે'નો કર્ત્તા.

૩૮. તાવથી:—સામાન્ય નામ, નરજાતિ, પાંચમીનું એકવચન. 'ગભરાય છે'નો હેતુ.

૩૯. બહુ:—ક્રિયાવિશેષણ અવ્યય. 'ગભરાય છે'નો રીતદર્શક.

૪૦. ગભરાય છે:—કર્ત્તા 'તું', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'ગભરા' ધાતુ, દ્વિત્વ વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તું' માટે બીજો પુરુષ, નારીજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૪. તમારાથી દાખલો ગણાવાય તો ગણાવો, નહિ તો હું ગણાવું.

૪૧. તમારાથી:—બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ,

પાંચમીનું બહુવચન. 'ગણાવાય'નો કર્ત્તા.

૪૨. દાખલો:—સામાન્ય નામ, નરજાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'ગણાવાય'નું કર્મ. (કર્મણિ રચના છે.)

૪૩. ગણાવાય:—કર્ત્તા 'તમારાથી', કર્મ 'દાખલો' માટે સકર્મક ક્રિયાપદ, 'ગણ' ધાતુનું પ્રેરક રૂપ, વર્ત્તમાનકાળ, સંકેતાર્થે, ક્રિયાનાથ કર્મ 'દાખલો' માટે ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૪૪. તો:—ઉભયાન્વયી અવ્યય. તમારાથી દાખલો ગણાવાય અને ગણાવો આ બે વાક્યને જોડે છે.

૪૫. ગણાવો:—કર્ત્તા 'તમે', કર્મ 'દાખલો' માટે સકર્મક ક્રિયાપદ, 'ગણ' ધાતુનું પ્રેરક રૂપ, વર્ત્તમાનકાળ, આજ્ઞાર્થે, ક્રિયાનાથ કર્ત્તા 'તમે', માટે બીજો પુરુષ, સામાન્યજાતિ, બ. વ., સકર્મક કર્તરિ પ્ર.

૪૬. નહિ તો:—ઉભયાન્વયી અવ્યય. ગણાવો અને હું ગણાવું એ બે વાક્યને જોડે છે.

૪૭. હું:—પહેલો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'ગણાવું'નો કર્ત્તા.

૪૮. ગણાવું:—કર્ત્તા 'હું', કર્મ 'દાખલો' માટે સકર્મક ક્રિયાપદ, 'ગણ' ધાતુનું પ્રેરક રૂપ, વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થે, ક્રિયાનાથ કર્ત્તા 'હું' માટે પહેલો પુરુષ, સામાન્ય જાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૫. તે ઘેર હોવો જોઇએ.

૪૯. તે:—ત્રીજો પુરુષ સર્વનામ, નરજાતિ, નામાર્થે પહેલીનું એકવચન. 'જોઇએ'નો કર્ત્તા.

૫૦. ઘેર:—સામાન્ય નામ, નાન્યતરજાતિ, સાતમાનું એકવચન. 'હોવો'નું સ્થળદર્શક.

૫૧. હોવો:—સામાન્ય કૃદંતનામ, નરજાતિ, બીજીનું એકવચન. 'જોઇએ'નું કર્મ.

૫૨. જોઇએ:—કર્ત્તા 'તે', કર્મ 'વેર હોવો' માટે સકર્મક ક્રિયાપદ, 'જો' ધાતુ, વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે' માટે ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૬. ભલા, વિદ્વાન, એમની પાસે હંમેશાં બેસવું જોઇએ.

૫૩. ભલા:—ગુણવાચક વિશેષણ (નામ અર્થે), નરજાતિ, 'એમની' એની સમાનાર્થં વિભક્તિ.

૫૪. વિદ્વાન:—ગુણવાચક વિશેષણ (નામ અર્થે), નરજાતિ, 'એમની' એની સમાનાર્થં વિભક્તિ.

૫૫. એમની:—દર્શક સર્વનામ, ભલા અને વિદ્વાનને દર્શાવે છે માટે નરજાતિ, છઠ્ઠીનું બહુવચન. 'પાસે' જોડે સંબંધ.

૫૬. પાસે:—નામયોગી અવ્યય. 'એમની' સાથે જોડાએલો.

૫૭. હંમેશાં:—ક્રિયાવિશેષણ અવ્યય. 'બેસવું'નો કાળદર્શક.

૫૮. બેસવું:—સામાન્ય કૃદંતનામ, નાન્યતરજાતિ, નામાર્થ પહેલીનું એકવચન. 'જોઇએ'નું કર્મ.

૫૯. જોઇએ:—કર્ત્તા બેસનારે, કર્મ 'બેસવું' માટે સકર્મક ક્રિયાપદ, 'જો' ધાતુ, વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ 'બેસવું' માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૧૭. મગન ઘણો તોફાની છે.

૬૦. ઘણો:—ક્રિયાવિશેષણ. 'તોફાની' વિધિપૂરક વિશેષણના અર્થમાં વધારો કરે છે.

૬૧. તોફાની:—વિધિપૂરક વિશેષણ, વિશેષ્ય 'મગન' માટે નરજાતિ, વિધેયવાચક પહેલીનું એકવચન.

૧૮. આપણે તો જવાના.

૬૨. આપણે:—પહેલો બીજો પુરુષ સર્વનામ, નરજાતિ, નામાર્થે પહેલીનું બહુવચન, 'જવાના'નો કર્ત્તા.

૬૩. **તો:**—ક્રિ. વિ. અવ્યય. 'આપણે'ના અર્થમાં વધારો કરે છે.

૬૪. **જવાના:**—કર્ત્તા ' આપણે ', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'જા' ધાતુ, ભવિષ્યકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'આપણે' માટે પહેલો બીજો પુરુષ, નરજાતિ, બહુવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૬૫. અમે રાજકોટ **ગયા હતા:**—કર્ત્તા 'અમે', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'જા' ધાતુ, પ્રથમ દ્વિત્વ ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયા-નાથ કર્ત્તા 'અમે' માટે પહેલો પુરુષ, નરજાતિ, બહુવચન, અકર્મક ક. પ્ર.

૬૬. તેનાથી **રમાય છે:**—કર્ત્તા 'તેનાથી', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'રમ' ધાતુ, દ્વિત્વ વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ ક્રિયા-પદનો ભાવ માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૬૭. ઝાડ **પડયું હોત:**—કર્ત્તા 'ઝાડ', કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'પડ' ધાતુ, પ્રથમ દ્વિત્વ ભૂતકાળ, સંકેતાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'ઝાડ' માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૬૮. હું મેડીપર **ચઢતો હઈશ:**—કર્ત્તા ' હું ' કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'ચઢ' ધાતુ, વર્ત્તમાન ભવિષ્યકાળ, સંશયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'હું' માટે પહેલો પુરુષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૯. તમારા કહેવાથી તે પોતાનો નંબર ઉપર રાખવાનો નથી.

૬૯. **કહેવાથી:**—સામાન્ય કૃદંત નામ, નાન્યતરજાતિ, પાંચ-મીનું એકવચન. 'રાખવાનો નથી'નું કારણ.

૭૦. ઉપર:—ક્રિયાવિશેષણ અવ્યય. 'રાખવાનોનથી'નું સ્થળદર્શક.

૭૧. **રાખવાનો નથી:**—કર્ત્તા 'તે', કર્મ 'નંબર', માટે સકર્મક ક્રિયાપદ, ' રાખ ' ધાતુ, નિષેધાર્થ, ભવિષ્ય વર્ત્તમાનકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તે' માટે ત્રીજો પુરુષ, નરજાતિ, એ. વ., સકર્મક કર્તરિ પ્ર.

૨૦. માબાપનું કહ્યું ન માનનારાં બાળકો અંતે દુ:ખી થાય છે.

૭૨. **કહ્યું:**—ભૂતકૃદંતનામ, નાન્યતરજાતિ, બીજીનું એકવચન. 'માનનારાં' કૃદંતનું કર્મ.

૭૩. **માનનારાં:**—ભવિષ્ય કૃદંત વિશેષણ, વિશેષ્ય 'બાળકો,' માટે નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

૭૪. **દુઃખી:**—વિધિપૂરક વિશેષણ, વિશેષ્ય 'બાળકો' માટે નાન્યતરજાતિ, વિધેયવાચક પહેલીનું બહુવચન.

૨૧. પોપટ બોલતાં શીખે છે.

૭૫. **બોલતાં:**—વર્તમાન કૃદંતનામ, નાન્યતર જાતિ, બીજીનું એકવચન, 'શીખે છે' નું કર્મ.

૨૨. મામા, હાથે કરીને પીડા શું કરવા વહોરો છો?

૭૬. **હાથે:**—સામાન્ય નામ, નરજાતિ, કરણાર્થે ત્રીજીનું એકવચન. 'કરીને' સાથે સંબંધ.

૭૭. **કરીને:**—નામયોગી અવ્યય. 'હાથે' સાથે જોડાએલો.

૭૮. **શું:**—પ્રશ્નાર્થ સર્વનામ, નાન્યતર જાતિ, બીજીનું એકવચન. 'કરવા' કૃદંતનું કર્મ.

૭૯. **કરવા:**—સામાન્ય કૃદંત નામ, નાન્યતરજાતિ, ચોથીનુ એકવચન. 'વહોરો છો'ના હેતુ અર્થે.

૨૩. વગર કારણે પીડા ઉભી ન કરો.

૮૦. **વગર:**—નામયોગી અવ્યય. 'કારણે' સાથે જોડાએલો.

૮૧. **કારણે:**—ભાવવાચક નામ, નાન્યતરજાતિ, ત્રીજીનું એકવચન, 'ઉભી ન કરો'નું કરણ.

૮૨. **ઉભી:**—પ્રથમ ભૂતકૃદંત વિશેષણ, વિશેષ્ય 'પીડા' માટે નારીજાતિ, બીજીનું એકવચન.

૮૩. **ન:**—નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

૮૪. કરો:—કર્ત્તા 'તમે,' કર્મ 'જોડા' માટે સકર્મક ક્રિયાપદ, 'કર' ધાતુ, વર્ત્તમાનકાળ, આજ્ઞાર્થ, ક્રિયાનાથ કર્ત્તા 'તમે' માટે બીજો પુરુષ, સામાન્ય જાતિ, બહુવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૨૪. તેઓ માત્ર ઉઘરાણી સારૂ જ જતા આવતા રહેતા.

૮૫. **માત્ર:**—ક્રિ. વિ. અ. 'ઉઘરાણી'ના અર્થમાં વધારો કરે છે.

૮૬. **જ:**—ક્રિ. વિ. અ. 'ઉઘરાણી સારૂ'ના અર્થમાં વધારો કરે છે.

૮૭. **જતા:**—કર્ત્તા 'તેઓ,' કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, નિયમિત ભૂતકાળ, નિશ્ચયાર્થ, ક્રિયાનાથ 'તેઓ' માટે ત્રીજો પુરુષ, નરજાતિ, બહુવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ. ('આવતા' ને 'રહેતા'નું પદચ્છેદ 'જતા' પ્રમાણે થાય).

૨૫. શું એમ કરાય કે?

૮૮. **શું !:**—કેવળપ્રયોગી અવ્યય.

૮૯. **એમ:**—ક્રિયાવિશેષણ અવ્યય નામ તરીકે. 'કરાય'નું કર્મ.

૯૦. **કરાય:**—કરનાર કર્ત્તા, કર્મ 'એમ' માટે સકર્મક ક્રિયાપદ, 'કર' ધાતુ, વર્ત્તમાનકાળ, સંશયાર્થ, ક્રિયાનાથ કર્મ 'એમ' માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૯૧. **કે !:**—ક્રિ. વિ. અવ્યય. 'કરાય'ના અર્થમાં વધારો કરે છે.

૯૨. **કરતાં:**—છોકરાં કામ **કરતાં** (ક્રિયાપદ), છોકરાં કામ **કરતાં** હતાં (ક્રિયાપદ, વર્ત્તમાન ભૂતકાળ, નિશ્ચયાર્થ), તે કામ **કરતાં** થાકી ગયો (કૃદંત અવ્યય), મગન **કરતાં** તે ડાહ્યો છે (નામયોગી અવ્યય).

૯૩. **છતાં:**—સંસ્કૃત **अस्** 'હોવું' ધાતુનો વર્ત્તમાન કૃદંત **सत्**, તેનું સાતમીનું એકવચન **सति** થાય છે. **सति**નું અપભ્રંશ 'છતે', 'છતાં' થયું છે. 'છતે' કે 'છતાં' રૂપ જે પદની સાથે વપરાયું હોય, કે વાપરી શકાય તેમ હોય, તે પદની વિભક્તિ **सति स-**

સમી કહેવાય છે. **છતા માણસે** ભરાઈ, **જતે દહાડે** (દહાડે જતે છતે) તે સુખી થયો, પરશુરામે **બ્રાહ્મણ છતાં** એકવીસ વાર નક્ષત્રી પૃથ્વી કરી હતી, **હું છતાં** કામ બગડે ? **વખતજતાં** (વખત જતે છતે) સૌ સારાં વાનાં થશે. આ વાક્યોમાં 'માણસે', 'દહાડે', 'બ્રાહ્મણ', 'હું' અને 'વખત'ની વિભક્તિ સતિ સપ્તમી કહેવાય. 'બ્રાહ્મણ', 'હું' અને 'વખત'માં સાતમી વિભક્તિનો પ્રત્યય લોપાયો છે એવી નોંધ પદચ્છેદમાં કરવી.

છતાં:—વર્ત્તમાન કૃદંત વિશેષણ, વિશેષ્ય 'માણસે', નાન્યતરજાતિ સતિસપ્તમી, બહુવચન.

માણસે:—સામાન્ય નામ, નાન્યતરજાતિ, સતિસપ્તમી, બહુવચન.

જતે:—વર્ત્તમાન કૃદંત વિશેષણ, વિશેષ્ય 'દહાડે', નરજાતિ, સતિસપ્તમી, બહુવચન.

બ્રાહ્મણ:—સામાન્ય નામ, નરજાતિ, સતિસપ્તમી, એકવચન. (સતિસપ્તમીનો પ્રત્યય લોપાયો છે).

૯૪. ઉભો:—ત્યાં જઇને **ઉભો** (ક્રિયાપદ), ત્યાં જઇને **ઉભો** રહ્યો (સંયુક્ત ક્રિયાપદ, પ્રથમ ભૂતકાળ, નિશ્ચયાર્થ).

૯૫. શું:—**શું** કહો છો ? (પ્રશ્નાર્થ સર્વનામ), **શું** કામ કરોછો ? (પ્રશ્નાર્થક વિશેષણ), **શું** ! તે ગયા (કેવળપ્રયોગી અવ્યય).

૯૬. ઉતાવળા:—આ **ઉતાવળા** છોકરા છે (વિશેષણ), છોકરા **ઉતાવળા** ચાલે છે (ક્રિયાવિશેષણ), **ઉતાવળા** સૌ બાવરા ધીરા સૌ ગંભીર (વિશેષણ નામ અર્થે).

૯૭. માટે:—માંદા છો **માટે** ન આવો (ઉભયાન્વયી અવ્યય), તેને **માટે** ચાલો (નામયોગી અવ્યય).

૯૮. વારૂ:—**વારૂ**, તમે આવશો ? (કેવળપ્રયોગી અવ્યય),

ત્યાં જજો, **વારૂ.** (ક્રિયાવિશેષણ અવ્યય.)

૯૯. તેઃ—તે ગયો (પુરુષ સર્વનામ), **તે** છોકરો (દર્શક વિશેષણ), રાજકોટથી **તે** નવાનગર સુધી રેલવે થઈ (ઉભયાન્વયી અવ્યય), તેમાં **તે** શું ? (ક્રિયાવિશેષણ અવ્યય.)

૧૦૦. તેઓ **અન્યોન્યને-પરસ્પરને-એકબીજાને** મદદ કરશે, આપણે **એકએકથી** જુદા બેસવું. ' અન્યોન્ય ', ' પરસ્પર ', ' એકબીજું ', ' એકએક ' એવા અર્થના શબ્દો **અન્યોન્યવાચક** સર્વનામ કહેવાય છે. (અન્ય અન્યને, પર પરને, એક બીજાને, એક એકથી એવો એમાં અર્થ છે.) આવા શબ્દનો પ્રથમ ભાગ પહેલી વિભક્તિમાં રહે છે, ને બીજા ભાગને વિભક્તિના પ્રત્યય લાગે છે.

૧૦૧. તેણે આવવાની ચોકખી **ના** પાડી. (ભાવવાચક નામ છે, ' પાડી 'નું કર્મ છે.)

કવિતાનું પદચ્છેદ.

પદ્યમાં શબ્દરચનાનો કાંઈ મેળ નથી એટલુંજ નહિ, પણ શબ્દ પ્રત્યય વગેરે અધ્યાહાર મૂકવાની કવિને છૂટ છે; માટે કવિતામાં જે શબ્દ પ્રત્યયનો અધ્યાહાર હોય તે ઉમેરી તેનો બરાબર અન્વય કરવો. પછી ચરણમાં જે ક્રમે શબ્દ હોય તે ક્રમે શબ્દો લઈ પદચ્છેદ કરવું. ચરણમાંના શબ્દોમાં કાંઈ અધ્યાહાર હોય તો પ્રથમ ચરણનો શબ્દ લખવો, ને તેની પાસે કૌંસમાં અધ્યાહાર ભાગ લખી તેનું પદચ્છેદ કરવું. જેમઃ—

કૃતિ ભારી નિર્ખી જન દૂર ખસે છે મથી મથી.

(હે ઇશ્વર, તારી) ભારી કૃતિ નિર્ખી જન મથીમથી(ને) દૂર ખસે છે.

૧૦૨. કૃતિઃ—ભાવવાચક નામ, નારીજાતિ, બીજીનું એકવચન. 'નીરખી' કૃદંતનું કર્મ.

૧૦૩. ભારી:—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'કૃતિ' માટે નારીજાતિ, બીજીનું એકવચન.

૧૦૪. નિર્ખી:—સંબંધક ભૂતકૃદંત અવ્યય.

૧૦૫. જન:—સામાન્ય નામ, નાન્યતરજાતિ, નામાર્થે પહેલીનું બહુવચન. 'ખસે છે'નો કર્તા.

૧૦૬. દૂર:—ક્રિયાવિશેષણ અવ્યય. 'ખસે છે'નું સ્થળદર્શક.

૧૦૭. ખસે છે:—કર્તા 'જન,' કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, 'ખસ' ધાતુ, દ્વિત્વ વર્તમાનકાળ, નિશ્ચયાર્થે, ક્રિયાનાથ કર્તા 'જન' માટે ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, બહુવચન, અકર્મક કર્તરિ પ્રયોગ.

૧૦૮. મથીમથી (ને):—સબંધક ભૂતકૃદંત અવ્યય.

પાઠ ૧૬. વાકયના પ્રકાર–મિશ્રવાકય.

જે વાક્ય બીજા વાક્યના કોઈ પણ શબ્દ સાથે જોડાઇને એક વાક્ય કરવાના કામમાં આવે છે, તેને **ગૌણવાકય** કહે છે. જેમ—

૧. કોઈ કોઈ વાર તો આપણે એવી વાતો સાંભળીએ છીએ, કે ફલાણું ઘર તો વેધવાળું છે.

૨. જે મહેનત કરે તે ધન મેળવે.

૩. કાશીમાં મરવાથી મોક્ષ મળે છે, એમ તીર્થવાસીઓ માને છે.

૪. જ્યાં જશો ત્યાં નશીબ બે ડગલાં આગળનું આગળ જશે.

પહેલા વાક્યમાં 'ફલાણું ઘર તો વેધવાળું છે' એ ગૌણવાકય 'સાંભળીએ છીએ' ક્રિયાપદનું કર્મ છે, 'એવી વાતો' સાથે સમાન અર્થમાં છે. બીજા વાક્યમાં 'જે મહેનત કરે' એ ગૌણવાકય 'તે'નું વિશેષણ છે, ત્રીજા વાક્યમાં 'કાશીમાં મરવાથી મોક્ષ મળે છે' એ ગૌણવાકય 'માને છે' ક્રિયાપદનું 'એમ' કર્મ છે તેના સમાન અર્થમાં

છે, ચોથા વાક્યમા 'જ્યાં જશો' એ ગૌણવાક્ય 'છે' ક્રિયાપદનું વિ-શેષણ: 'ત્યાં'ના સમાન અર્થમાં સ્થળ વાચક છે. ગૌણ વાક્યો બીજાં વાક્યો પર આધાર રાખનારાં હોય છે, જે વાક્યો પર ગૌણ વાક્યો આધાર રાખે, તે **મુખ્ય વાક્ય** કહેવાય છે.

પહેલા વાક્યમાં ' કોઇ કોઇ વાર તો આપણે એવી વાતો સાં-ભળીએ છીએ,' બીજા વાક્યમાં ' તે ધન મેળવે, ' ત્રીજા વાક્યમાં 'એમ તીર્થવાસીઓ માને છે', ચોથા વાક્યમાં ' ત્યાં નસીબ બે ડગલાં આગળનું આગળ જ છે.' એ **મુખ્ય** કે **પ્રધાન** વાક્યો છે.

જે વાક્યમાં એક મુખ્ય વાક્ય, અને એક અથવા અનેક ગૌણ વાક્ય હોય તેને **મિશ્રવાક્ય** કહે છે. મિશ્રવાક્યમાં બે કે તેથી વધારે ઉદ્દેશ્ય અને ક્રિયાપદો હોય છે.

ગૌણ વાક્ય ત્રણ જાતનાં હોય છે. ૧. **નામરૂપ**, ૨. **વિશેષ-ણરૂપ**, ૩. **ક્રિયાવિશેષણરૂપ.**

નામરૂપ ગૌણવાક્ય.

નામરૂપ ગૌણ વાક્ય અને મુખ્ય વાક્યની વચ્ચે **એ**, **તે**, **કે** એવા દર્શક શબ્દો આવે છે. જ્યારે વચમાં **એ**, **તે** આવે છે, ત્યારે ગૌણ વાક્ય પહેલું અને મુખ્ય વાક્ય પછી આવે છે; અને વચમાં **કે** આવે છે, ત્યારે મુખ્ય વાક્ય પહેલું ને ગૌણ વાક્ય પછી આવે છે.

નામરૂપ ગૌણ વાક્ય, નામના ધર્મ પ્રમાણે મુખ્ય વાક્યનાં **કર્ત્તા**, **કર્મ**, કે **ક્રિયાપૂરક** વગેરે બને છે.

(૧). **કર્ત્તા:**—૧ **રજપુતો લડાઈમાં પાછા હઠે** એ સંભવિત નથી, ૨. **માબાપને હંમેશાં પૂજ્યભાવથી માન આપવું** તે આ-પણો ધર્મ છે, ૩. એ ઉઘાડું છે કે **પાણીથી અગ્નિ ઓલવાય છે.**

પહેલા વાક્યમાં ‘ રજપુતો લડાઇમાં પાછા હઠે ’ એ ગૌણવાક્ય ‘નથી’ ક્રિયાપદનો કર્ત્તા અથવા ‘એ’ની સમાન વિભક્તિમાં છે, બીજા વાક્યમાં ‘માબાપને હંમેશાં પૂજ્યભાવથી માન આપવું’ એ ગૌણ વાક્ય ‘છે’ ક્રિયાપદનો કર્ત્તા અથવા ‘તે’ની સમાન વિભક્તિમાં છે, ત્રીજા વાક્યમાં ‘પાણીથી અગ્નિ ઓલવાય છે,’ એ ગૌણ વાક્ય ‘છે’ ક્રિયાપદનો કર્ત્તા અથવા ‘એ’ની સમાન વિભક્તિમાં છે.

(૨). **કર્મ:—**૧. **નાનાં બાળક બોલતાં કેમ શીખે છે એ** તું જાણતો નથી, ૨. **આ છોકરાઓ આમ શું કરવા કરે છે,** તે પેલો બુઢ્ઢો ન સમજ્યો, ૩. તેણે કહ્યું કે **તમે ખોટા છો** ૪. બિલાડીઓ બોલી જે **આ રોટલાને વાસ્તે વાંધો પડયો છે.** પહેલા વાક્યમાં ‘ નાનાં બાળક બોલતાં કેમ શીખે છે’ એ ગૌણ વાક્ય ‘જાણતો નથી’ ક્રિયાપદનું કર્મ અથવા ‘એ’ની સમાન વિભક્તિમાં છે. બીજા વાક્યમાં ‘આ છોકરાઓ આમ શું કરવા કરે છે’ એ ગૌણ વાક્ય ‘ન સમજ્યો’ ક્રિયાપદનું કર્મ અથવા ‘તે’ની સમાન વિભક્તિમાં છે. ત્રીજા વાક્યમાં ‘ તમે ખોટા છો ’ એ ગૌણ વાક્ય ‘કહ્યું’ ક્રિયાપદનું કર્મ છે. ચોથા વાક્યમાં ‘ આ રોટલાને વાસ્તે વાંધો પડ્યો છે ’ ગૌણ વાક્ય ‘બોલી’ ક્રિયાપદનું કર્મ છે.

(૩). **ક્રિયાપૂરક:—**૧. નાનાં બાળકનો ધર્મ છે કે **માબાપની આજ્ઞા માનવી,** ૨. તેનું માનવું હતું કે કૃષ્ણ **ફતેહમંદ થાય,** ૩. મારી સલાહ એ છે કે **હમણા તમારે ભણવું.** પહેલાં વાક્યમાં ‘ માબાપની આજ્ઞા માનવી ’ એ ગૌણ વાક્ય ‘છે’ ક્રિયાપદનું, બીજા વાક્યમાં ‘ કૃષ્ણ ફતેહમંદ થાય’ એ ગૌણ વાક્ય ‘હતું’ ક્રિયાપદનું, અને ત્રીજા વાક્યમાં ‘હમણા તમારે ભણવું’ એ ગૌણ વાક્ય ‘છે’ ક્રિયાપદનું પૂરક છે.

વિશેષણરૂપ ગૌણ વાક્ય.

વિશેષણરૂપ ગૌણ વાક્યને આરંભે **જે, જેવું, જેટલું, જેવડું** એવાં સંબંધી સર્વનામ આવે છે, અને ગૌણ વાક્ય પૂરૂં થઇ રહે ત્યારે અનુક્રમે **તે, તેવું, તેટલું, તેવડું** એવાં સંબંધી સર્વનામ આવે છે.

વિશેષણરૂપ ગૌણ વાક્ય તેના ધર્મ પ્રમાણે મુખ્ય વાક્યનાં કર્ત્તા, કર્મ, ક્રિયાપૂરકનો વધારો થાય છે. જેમ—

૧. **જે માણસ પોતાનો ગુસ્સો દબાવે** તે ડાહ્યો છે.

૨. **જેવું વાવશો** તેવું લણશો.

૩. **જેટલું પાણી જોઇએ** તેટલું ભરી લો.

૪. **તમારે જેવડી સ્લેટ જોઇએ** તેવડી લો.

૫. આ કાગળ **મારે જેવડો જોઇએ** તેવડો છે.

પહેલા વાક્યમાં 'જે માણસ પોતાનો ગુસ્સો દબાવે' એ ગૌણ વાક્ય 'તે' કર્ત્તાનું વિશેષણ છે. બીજા વાક્યમાં 'જેવું વાવશો' એ ગૌણ વાક્ય 'તેવું' કર્મનું વિશેષણ છે. ત્રીજા વાક્યમાં 'જેટલું પાણી જોઇએ' એ ગૌણ વાક્ય 'તેટલું' કર્મનું વિશેષણ છે. ચોથા વાક્યમાં 'તમારે જેવડી સ્લેટ જોઇએ' એ ગૌણ વાક્ય 'તેવડી' કર્મનું વિશેષણ છે. પાંચમા વાક્યમાં 'મારે જેવડો જોઇએ' એ ગૌણ વાક્ય 'તેવડો' ક્રિયાપૂરકનું વિશેષણ છે.

નામરૂપ ગૌણ વાક્ય પછી આવનાર **'એ', 'તે'** ને છઠ્ઠી વિભક્તિના પ્રત્યય લાગે, ત્યારે તે વિશેષણરૂપ ગૌણ વાક્ય બને છે. જેમ, **બહુ વરસાદ વરસ્યો તેનું** પરિણામ લીલો કાળ છે. આ વાક્યમાં 'બહુ વરસાદ વરસ્યો' એ ગૌણ વાક્ય 'તેનું'નું વિશેષણ છે, અને 'બહુ વરસાદ વરસ્યો તેનું.' એ મુખ્ય વાક્યના કર્ત્તા 'પરિણામ'નો વધારો છે.

ક્રિયાવિશેષણ ગૌણ વાક્ય.

ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્યને આરંભે **જ્યાં, જ્યારે, જેમ, જો** એવા શબ્દ આવે છે, અને ગૌણ વાક્ય પૂરૂં થાય તે ઠેકાણે **ત્યાં, ત્યારે, તેમ, તો** એવા શબ્દ આવે છે.

ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય મુખ્ય વાક્યના વિધેયનું **સ્થળ, કાળ, રીતિ, કારણ, સંકેત,** વગેરે બતાવે છે.

(૧). **સ્થળ:—'જ્યાં પુનર્લગ્નનો ચાલ નથી,** ત્યાં' બાળલગ્ન નજ જોઇએ. '**જ્યાં જશો** ત્યાં' નસીબ બે ડગલાં આગળનું આગળજ છે.

(૨). **કાળ:—' જ્યારે ફકીરને સજા કરવા માંડી,** ત્યારે ' તે બોલ્યો. ' **જ્યારે સસલી મોટી થઈ** ત્યારે ' દૂધ પીતાં શીખી.

(૩). **રીતિ:—'જેમ નજરમાં આવે છે,** તેમ' વર્ત્તો છો.

'**જેમજેમ વાડેલો આવશે** તેમતેમ' સુખી થશે.

(૪). **કારણ:**—હું તેને ચાહું છું કેમકે '**તે માયાળુ છે.**'

અહીં ઉભા ન રહો કેમકે ' **ટ્રેન ચૂકશો.** '

'**તે મને ગાળો દેતો હતો**' માટે તેને માર્યો.

(૫). **સંકેત:—'જો તમે જાઓ**' તો હું આવું.

નામરૂપ ગૌણ વાક્ય પછી આવનાર **એ, તે** શબ્દને, અથવા તેમના વિશેષ્યને કારક વિભક્તિના પ્રત્યય અથવા નામયોગી અવ્યય લાગે; તો તે ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય થઇ જાય છે. જેમ—

'**શરીરનું આરોગ્ય જાળવવાને કયા નિયમ પાળવા જો-ઇએ** એને માટે ' વિચાર કરીએ. (હેતુ.)

' **મનને કબજે રાખવું** એમાં ' ખરી મરદાઈ છે. (સ્થળ.)

' **હું છું,** તેના કરતાં ' તે હોશિયાર છે. (મુકાબલો.)

વિશેષણરૂપ ગૌણ વાક્ય પછી આવનાર **તે, તેવું, તેટલું;**

તેવડું એવા શબ્દને, કે તેના વિશેષ્યને કારક વિભક્તિના પ્રત્યય અથવા નામયોગી અવ્યય લાગે; તો તે ક્રિયાવિશેષણરૂપ (વિધેયવર્ધકનાં વિશેષણ હોવાથી) ગૌણ વાક્ય થઇ જાય છે. જેમ—

'**તે જેટલું ધન કમાયો** તેટલાથી' તેણે સંતોષ ન માન્યો. (કરણ.)

'**જે છોકરા સદ્વર્ત્તનથી વર્તે**, તે માટે' ઇનામ રાખો. (કારણ.)

મિશ્ર વાક્યમાં ગૌણ વાક્ય કોઇ વખત મુખ્ય વાક્યના કૃદંતનો પણ વધારો કરે છે. જેમ, '**જ્યાં મેં જગ્યા ખરીદી,** ત્યાં' જગ્યા ખરીદીને તેમણે બંગલો બંધાવ્યો. આમાં ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય મુખ્ય વાક્યની વૃદ્ધિ કરનાર 'ખરીદીને' કૃદંતનું સ્થળ બતાવે છે.

મિશ્ર વાક્યનું પૃથક્કરણ.

મિશ્ર વાક્યનું પૃથક્કરણ સાદા વાક્યની રીતેજ કરવું. પ્રથમ વાક્ય સામે તેનો પ્રકાર જણાવી તેમાંના મુખ્ય વાક્યનું પૃથક્કરણ કરવું ને તેમાં ગૌણ વાક્યો જે જે કામ બજાવતાં હોય તે તે પ્રમાણે તેને ગોઠવવાં.

પાઠ ૧૭. વાક્યના વર્ગ—સંયુક્ત વાક્ય.

પાછલા પાઠોમાં આપણે સાદાં અને મિશ્રવાક્યો વિષે વિવેચન કર્યું, સાદાં વાક્યોમાં એક ઉદ્દેશ્ય અને એક ક્રિયાપદ હોય છે. મિશ્ર અને સંયુક્ત વાક્યોમાં એકથી વધારે ઉદ્દેશ્ય અને ક્રિયાપદો હોય છે; પણ તે બન્ને વચ્ચે મોટો તફાવત એ છે કે મિશ્રવાક્યમાં એક જ મુખ્ય વાક્ય હોય છે, ને બાકીનાં બધાં તેના પર આધાર રાખનારાં વાક્યો હોય છે, અને સંયુક્ત વાક્યમાંનાં સઘળાં વાક્યો એક બીજાથી તદ્દન સ્વતંત્ર હોય છે. એટલે એક વાક્યનો આધાર બીજા વાક્ય પર બિલકુલ હોતો નથી, માત્ર ઉભયાન્વયી અવ્યયથી તેઓ જોડાએલાં હોયછે.

સરખા અધિકારનાં બે અથવા વધારે સહગામી (જોડે આવનાર)

મુખ્ય વાક્યો **ઉભયાન્વયી અવ્યયથી** જોડાઇને જે વાક્ય બને તેને **સંયુક્ત વાક્ય** કહે છે. સહગામી મુખ્ય વાક્યો નીચે બતાવેલી પાંચમાંથી એક રીતે જોડાયલાં હોય છે—

(૧) સમુચ્ચયવાચક ઉભયાન્વયી અવ્યયથી–ઉદા. વનમાં મહેતાને શુદ્ધ ભક્તિની પ્રાપ્તિ થઈ, અને સાધુસંતોનો સહવાસ વધ્યો.

(૨) વિરોધવાચક ઉભયાન્વયી અવ્યયથી–ઉદા. નાતીલાઓએ પણ તેમની પજવણી કરવામાં બાકી રાખી નહિ, પણ મહેતા એ દશાથી ભક્તિમાંથી ડગ્યા નહિ.

(૩) કારણવાચક ઉભયાન્વયી અવ્યયથી–ઉદા. જમાનધારો સીધો કર કહેવાય છે, કેમકે એ કર ખેડૂતની પાસેથીજ લેવાય છે.

(૪) પરિણામવાચક ઉભયાન્વયી અવ્યયથી–ઉદા. આ ઉપદેશનો મર્મ અહલ્યાબાઈ તરત કળી ગઇ, તેથી તેણે એ સ્વીકાર્યો નહિ.

(૫) વિકલ્પવાચક ઉભયાન્વયી અવ્યયથી–ઉદા. તમે મને ચોખા આપો, અથવા ઘઉં આપો.

સંયુક્ત વાક્યના મુખ્ય વાક્યમાં કોઈ વખત ગૌણ વાક્યો હોય છે, છતાં બે અથવા વધારે મુખ્ય વાક્યો હોવાથી આખા વાક્યને સંયુક્ત વાક્ય કહે છે જેમ, ત્યાં **જે કામ કરવાનું હતું** તે કર્યું, અને પાછો પોતાને ગામ જવાને નીકળ્યો.

સંકોચિત સંયુક્ત વાક્ય—સંયુક્ત વાક્યમાં મુખ્ય વાક્યના કર્ત્તા, કર્મ, ક્રિયાપદ સામાન્ય હોય છે, ત્યારે ઘણુંકરીને તેની પુનરુક્તિ કરવામાં આવતી નથી, એવાં વાક્ય સંકોચિત સંયુક્ત વાક્ય કહેવાય છે. જેમ—

(૧). ગાય અને ઘોડો ચરે છે-ગાય ચરે છે અને ઘોડો ચરે છે. એમાં 'ચરે છે' ક્રિયાપદ સામાન્ય છે.

મિશ્ર વાક્યની

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય ઉદ્દેશ્ય.
૧. રજપુતો લડાઇમાં પાછા હઠે એ સંભવિત નથી.	મિશ્રવાક્ય	રજપુતો લડાઇમાં પાછા હઠે, એ
(રજપુતો લડાઇમાં પાછા હઠે)	નામરૂપ વાક્ય ('સંભવિત નથી' માંના 'નથી'નો કર્ત્તા અથવા 'એ'ની સમાન વિભક્તિમાં)	રજપુતો
૨. નાનાં બાળક બોલતાં કેમ શીખે છે તે તું જાણતો નથી.	મિશ્રવાક્ય	તું
(નાનાં બાળક બોલતાં કેમ શીખે છે)	નામરૂપ વાક્ય. ('જાણતો નથી'નું કર્મ, અથવા 'તે'ની સમાન વિભક્તિમાં)	બાળક
૩. નાનાં બાળકનો ધર્મ છે કે માબાપની આજ્ઞા માનવી.	મિશ્રવાક્ય	ધર્મ
(માબાપની આજ્ઞા માનવી)	નામરૂપ વાક્ય ('છે' ક્રિયાપદનું પૂરક)	બાળકે (અધ્યાહાર)

પૃથક્કૃતિનો નમુનો.

પક્ષ.	વિધેયપક્ષ.		
ઉદ્દેશ્યવર્ધક.	વિધેય.		વિધેયવર્ધક.
	ક્રિયા.	ક્રિયાપૂરક.	
...	નથી	સંભવિત	...
...	હઠે	...	લડાઈમાં (સ્થળ), પાછા (રીત)
...	જાણતો નથી (નિષેધવાચક)	નાનાં બાળક બોલતાં કેમ શીખે છે તે	...
નાનાં	શીખે છે	બોલતાં	કેમ (રીત)
નાનાં બાળકનો	છે	માબાપની આજ્ઞા માનવી	...
...	માનવી	માબાપની આજ્ઞા	...

૪. જે છોકરો આળસુ હોય છે તે છોકરો મોડો આવે છે.	મિશ્રવાક્ય	છોકરો
(જે છોકરો આળસુ હોય છે)	વિશેષણરૂપ વાક્ય ('તે' વિશેષ્ય)	છોકરો
૫. જ્યારે સસલી મોટી થઈ ત્યારે તે દૂધ પીતાં શીખી.	મિશ્રવાક્ય	તે
(જ્યારે સસલી મોટી થઈ)	ક્રિયાવિશેષણરૂપ વાક્ય	સસલી
૬. જ્યાં મેં જગ્યા ખરીદી ત્યાં જગ્યા ખરીદીને તેમણે બંગલો બંધાવ્યો.	મિશ્રવાક્ય	તેમણે
(જ્યાં મેં જગ્યા ખરીદી)	ક્રિયાવિશેષણરૂપ વાક્ય ('ખરીદીને' કૃદતનું સ્થળ)	મેં
૭. જોસફની બાયડી બોલી કે જ્યારે મારો ધણી છાપરે ચડેલો હતો ત્યારે બરફનો એક ડુંગર ઢળી પડતો સાંભળ્યો.	મિશ્રવાક્ય	બાયડી
(બરફનો એક ડુંગર ઢળી પડતો સાંભળ્યો)	નામરૂપ વાક્ય ('બોલી'નું કર્મ)	જોસફની બાયડીએ (અધ્યાહાર)
(જ્યારે મારો ધણી છાપરે ચડેલો હતો)	ક્રિયાવિશેષણરૂપ વાક્ય	ધણી

જે છોકરો આળસુ હોય છે, તે	આવે છે	...	મોડો (કાળ)
જે	હોય છે	આળસુ	...
...	શીખી	દૂધ પીતાં	જ્યારે સસલી મોટી થઇ, ત્યારે (કાળ)
...	થઇ	મોટી	જ્યારે (કાળ)
...	બંધાવ્યો	બંગલો	જ્યાં મેં જગ્યા ખરીદી ત્યાં (સ્થળ), જગ્યા ખરીદીને (કાળ)
...	ખરીદી	જગ્યા	જ્યાં (સ્થળ)
જોસફની	બોલી	જ્યારે મારો ધણી છાપરે ચડેલો હતો ત્યારે બરફનો એક ડુંગર ઢળી પડતો સાંભળ્યો (કર્મ)	
...	સાંભળ્યો	બરફનો એક ડુંગર ઢળી પડતો	...
મારો	ચડેલો હતો	...	જ્યારે (કાળ), છાપરે (સ્થળ)

સંયુક્ત વાક્યના

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય ઉદ્દેશ્ય.
૧. એક બાયડીએ એક નાનું સસલાનું બચ્ચું વેચાતું લીધું, ને તેની ટેવ જોવાને પાળ્યું.	સંયુક્ત વાક્ય	
(એક બાયડીએ એક નાનું સસલાનું બચ્ચું વેચાતું લીધું)	સાદું વાક્ય	બાયડીએ
(તેની ટેવ જોવાને પાળ્યું)	સાદું વાક્ય	,,
૨. જો એક વેળામાં માત્ર એક કામ કરશો, તો આખા દહાડામાં દરેક કામ કરવાને તમને પૂરતો વખત મળશે; પણ જો એકજ વખતે બે કામ લઈ બેસશો, તો બધું વર્ષ પણ પહોંચી નહિ વળો.	સંયુક્ત વાક્ય	
જો એક વેળામાં...પૂરતો વખત મળશે;	મિશ્ર વાક્ય	વખત
(જો એક વેળામાં માત્ર એક કામ કરશો)	ક્રિયાવિશેષણ વાક્ય	તમે (અધ્યાહાર)
જો એકજ વખતે બે કામ... પહોંચી નહિ વળો.	મિશ્ર વાક્ય	તમે (અધ્યાહાર)
(જો એકજ વખતે બે કામ લઈ બેસશો)	ક્રિયાવિશેષણ વાક્ય	તમે (અધ્યાહાર)

પૃથક્કરણનો નમુનો.

પક્ષ.	વિધેયપક્ષ.		
ઉદ્દેશ્ય વર્ધક.	વિધેય.		વિધેયવર્ધક.
	ક્રિયા.	ક્રિયાપૂરક.	
એક	વેચાતું લીધું	એક નાનું સસલાનું બચ્ચું	...
,,	પાળ્યું	,,	તેની ટેવ જોવાને [હેતુ]
પૂરતો	મળશે	તમને	જો એક વેળામાં માત્ર એક કામ કરશોતો(સંકેત),આખા દહાડામાં (કાળ), દરેક કામ કરવાને (હેતુ)
...	કરશો	માત્ર એક કામ	એક વેળામાં (કાળ)
...	પહોંચી નહિ વળો (નિષેધવાચક)	...	જો એક વખતે બે કામ લઇ બેસશોતો(સંકેત),બધું વર્ષપણ (કાળ)
...	લઈ બેસશો	બે કામ	એકજ વખતે (કાળ)

(૨). લલ્લુ દોડયો અને પડયો—લલ્લુ દોડયો અને લલ્લુ પડયો. એમાં 'લલ્લુ' કર્ત્તા સામાન્ય છે.

(૩). તેણે પાઠ કર્યો અને કરાવ્યો—તેણે પાઠ કર્યો અને તેણે પાઠ કરાવ્યો. એમાં 'તેણે' કર્ત્તા અને 'પાઠ' કર્મ સામાન્ય છે.

સંયુક્ત વાકયનું પૃથક્કરણઃ—મિશ્રવાકયની માફક સંયુક્ત વાકયનું પૃથક્કરણ કરવું.

સંકોચિત સંયુક્ત વાક્યમાં પ્રકટ ક્રિયાપદ એક દેખાય, પણ અધ્યાહારરૂપે ઘણાં હોય છે; તેથી એવાં વાકયને દેખાવ પરથી સાદાં વાક્યમાં ન ગણવાં.

પાઠ ૧૮. વિરામચિહ્ન.

બોલતાં બોલતાં શ્વાસ લેવા સારૂ, તથા સાંભળનાર માણસ સહેલથી સમજી શકે, તેટલા સારૂ અટકીએ છીએ. લખાણમાં એવી અટકવાની જગોએ કેટલીક નિશાનીઓ કરાય છે, તેને **વિરામચિહ્ન** (વિ+રમ્=થોભવું, અટકવું) કહે છે. એમાંનાં મુખ્ય નીચે આપ્યાં છે.

(૧) , અલ્પવિરામ, (૨) ; અર્ધવિરામ, (૩) : ગુરુવિરામ, (૪) . પૂર્ણવિરામ, (૫) ? પ્રશ્નચિહ્ન, (૬) ! ઉદ્દગાર ચિહ્ન, (૭) ' ' કે " " અવતરણ ચિહ્ન, (૮) [ ] કે ( ) કૌંસ, (૯) - સંયોગ રેખા, (૧૦) — વર્ણન કે ઉદાહરણ રેખા, (૧૧) —— અપસારણ ચિહ્ન.

અલ્પવિરામ.

૧. બે શબ્દ ઉભયાન્વયી અવ્યયથી જોડાય, તો તેની વચમાં કાંઇ નહિ; પણ તેની વચમાં ઉભયાન્વયી અવ્યયનો અધ્યાહાર હોય, તો વચમાં અલ્પવિરામ મૂકાય છે. જેમ, છગન અને મગન ગયા, છગન, મગન ગયા. તે આવ્યો ને ગયો.

૨. એથી વધારે શબ્દ જોડાય, તો છેલ્લા શબ્દ સિવાય સઘળા શબ્દ પછી અલ્પવિરામ મૂકાય છે. જેમ, તે ડાહ્યો, મહેનતુ, અને ભલો છે. તે આવ્યો, બેઠો, અને ચાલ્યો ગયો.

૩. સંબોધનવાળું નામ વાક્યની આરંભમાં આવે તો તેની પછી, અને વાક્યની વચમાં આવે તો તેની બંને તરફ અલ્પવિરામ મૂકાય છે. જેમ, હે ઈશ્વર, અમારાં પાપ ક્ષમા કર. અમારાં પાપ, હે ઇશ્વર, ક્ષમા કર.

૪. શબ્દાવળી બેજ હોય, તોપણ તેની વચ્ચે હંમેશાં અલ્પ-વિરામ મૂકાય જ. જેમ, તે છોકરો કામ કરવે ચાલક, અને ભણવા ગણવામાં હોશિયાર છે.

૫. પૂર્વસ્થાનના શબ્દને ઓળખાવનાર શબ્દાવળીની બંને બાજુએ અલ્પવિરામ મૂકાય છે. જેમ, સયાજીરાવ, વડોદરાના મહારાજા, હવા ખાવા મહાબળેશ્વર પધાર્યા છે.

૬. ગૌણ વાક્યની પછી અલ્પવિરામ મૂકાય છે; પણ જો બહુ નાનું ગૌણ વાક્ય હોય, તો કાંઇ પણ ચિહ્ન મૂકાતું નથી. જેમ, તે આજે અમદાવાદ જવાનો છે, એ હું જાણતો નથી. તે જવાનો છે એ હું જાણતો નથી. પોતાના માબાપની આજ્ઞામાં રહેવું, અને તેમની મર્યાદા રાખવી, એ કામ સપુત છોકરાનું છે.

૭. સંયુક્ત વાક્યમાં સહગામી વાક્યોની પછી વખતે અલ્પવિ-રામ મૂકાય છે. જેમ, બાગમાં નારંગી, લીંબુ, દાડમ, તાડ, અને બીજી અનેક પ્રકારની વનસ્પતિ છે, અનેક ખીલી રહેલાં ફૂલોની વાસ ચારે તરફ ફેલાઇ રહી છે, અને માછલાંથી ભરેલા હોજ અને ફુવારા આવી રહ્યા છે.

૮. જે શબ્દો પછી તેના સમાનાર્થે **એ, તે, સર્વે, એ સર્વે,**

ઇત્યાદિ, વગેરે એવા શબ્દો આવે, તો તે દરેક શબ્દની પછી અલ્પ-વિરામ મૂકાય છે. જેમ, છગન, લલ્લુ, એમને બોલાવીને વહેલો આવ, કપડવણજમાં કાચ, સાબુ, વગેરે બને છે.

૫. હા, ના, હવે, વળી, બીજું, છેવટે, ટુંકામાં, વગેરે એવા અર્થના કેટલાક શબ્દની પછી અલ્પવિરામ મૂકાય છે. જેમ, વળી, હું તમને કહું છું.

અર્ધવિરામ.

ગૌણ વાક્યની અંદર પેટાવાક્ય આવેલાં હોય, તો ગૌણવાક્યને છેડે અર્ધ વિરામ મૂકાય છે. જેમ, અભ્યાસમાં જેવી કાળજી હોય તેનું તેવું ફળ મળે; એમાં સંદેહ શો ?

સહગામી વાક્યોમાં બે કે વધારે ગૌણ વાક્યો હોય, અને તે ગૌણવાક્યો અલ્પવિરામ વડે જુદાં પડતાં હોય; તો સહગામી વાક્યો વચ્ચે અર્ધવિરામ આવે. જેમ, એવા લોકને ત્યાં કોઈ પરદેશી જઇ ચઢ્યો હોય, તો તેઓ તેને ઉતારાની અને ખાવાપીવાની સોઇ કરી આપવામાં આનંદ માને છે; અને એ પરદેશી જેની પાસેથી દૂધ વગેરે ચીજો વેચાતી મેળવી શકતો નથી, તેનીજ પાસેથી તે ચીજો મેમાન થઇને મફત પામે છે. (નવી સાતમી.)

સહગામી વાક્યોમાં ગૌણવાક્ય ન હોય, પણ અલ્પવિરામ કરતાં વધારે અટકવાની જરૂર હોય તો સહગામી વાક્યો વચ્ચે અર્ધવિરામ મૂકાય. જેમ, જનોઇ પહેરી સૂર્યનો મંત્ર લેઇ વિદ્યાર્થી ગુરુને ઘેર રહે છે; ભિક્ષા માગીને ગુજરાન ચલાવે છે; ગુરુની સેવા કરે છે; અને વિદ્યા ભણે છે. (નવી સાતમી.)

ગુરુવિરામઃ—સરખા અધિકારનાં મુખ્ય વાક્યોને જોડનાર ઉભયાન્વયી અવ્યય પડતો મૂકાય, તો ત્યાં ગુરુવિરામ મૂકાય છે. જેમ,

આળસ તજો: આળસ સમાન બીજો વેરી નથી. 'એમાંના કેટલાકમાં કવિ દલપતરામ આ પ્રમાણે વર્ગ કરે છે: પહેલો શામળ ને બીજો પ્રેમાનંદ, ૪૦' (નર્મગદ્ય). આ ચિહ્‌ન એકલું બહુ વપરાતું નથી. વર્ણનરેખા સાથે વપરાય છે.

પૂર્ણવિરામ.

૧. રચના અને અર્થમાં જ્યાં વાક્ય પૂરું થાય, ત્યાં પૂર્ણવિરામ મૂકાય છે. જેમ, તે ગયો. જો ચાકરી કરીએ તો ભાખરી મળે.

૨. આજ્ઞા આપતી વખતે કે આશીર્વાદ આપતી વખતે વાક્યને છેડે પૂર્ણવિરામ મૂકાય છે. જેમ, લક્ષ્મણજીને રામચંદ્રજીએ કહ્યું કે ભાઈ, માતા, પિતા, અને ગુરુની સેવા કરજે. ભગવાન તારી રક્ષા કરો.

૩. કોઈ નામ કે શબ્દને માટે સંક્ષેપ નિશાની વાપરીએ, ત્યાં પૂર્ણવિરામ મૂકાય છે. જેમ, લલ્લુ હરિભાઇ=લ. હ. મહેરબાન=મે. મિસ્તર=મિ.

પ્રશ્નચિહ્‌ન.

જે વાક્યમાં સવાલ કરેલો હોય છે, તે વાક્યને છેડે પ્રશ્નચિહ્‌ન મૂકાય છે. જેમ, તમે ક્યાં જાઓ છો? તમારો ધર્મ શો?

જ્યારે પ્રશ્નાર્થ વાક્ય પેટા વાક્ય હોય છે, ત્યારે ત્યાં પ્રશ્નચિહ્‌ન મૂકાય નહિ. જેમ, તમે ક્યાં જાઓ છો એમ તેણે મને પૂછ્યું.

ઉદ્‌ગાર ચિહ્‌ન:—કેવળ પ્રયોગી અવ્યય, અથવા તે અર્થે વપરાએલા કોઈ પણ શબ્દ કે શબ્દાવળીની પછી ઉદ્‌ગાર ચિહ્‌ન મૂકાય, અને ઉભરાનો ભાવ ઓછો હોય તો અલ્પ વિરામ મૂકાય. જેમ, અરે! શિવશિવ! આ તે શો ગજબ! અરે, મારું માથું દૂખે છે.

અવતરણ ચિહ્‌ન:—કોઇના કહેલા કે લખેલા શબ્દો તેના તેજ રૂપમાં લખી બતાવવા હોય, તો તે શબ્દોની પહેલાં અને પછી

" " આવાં અવતરણ ચિહ્ન મૂકાય છે; જો વાક્ય નાનું સરખું હોય તો ' ' આવાં ચિહ્ન કરાય છે. જેમ, શ્રી કૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે "અજ્ઞાનીના મનને ચલાવી નાખવું નહિ." કોઇ શબ્દને શબ્દ તરીકે વાપરીએ તો ' ' આવાં ચિહ્ન મુકાય છે. જેમ, વિશેષ્ય 'છોકરો'

કૌંસ:—અર્થની સ્પષ્ટતા કે ખુલાસાને માટે કાંઇ વિશેષ જણાવવાનું હોય, તે [ ] આવા અથવા ( ) આવા કૌંસમાં લખાય છે. કૌંસમાં લખેલી બાબત કાઢી લેતાં મૂળ અર્થ તૂટતો નથી. જેમ, ઇ (અય્)=જવું.

સંયોગરેખા:—જ્યાં લીટી પૂરી થાય ત્યાં શબ્દ અધુરો રહે ત્યારે, અથવા બે પદને એક જેવાં બતાવવાં હોય ત્યાં સંયોગરેખા વપરાય છે. જેમ ગુજરાતી-ઇંગ્રેજી ડિક્શનૅરિ.

વર્ણન કે ઉદાહરણ રેખા:—વાક્યમાં ઉદાહરણ તથા કહેલા વિષયનું વર્ણન છે, એ જણાવવાને જરા લાંબી લીટી કાઢવામાં આવે છે; તેને વર્ણન કે ઉદાહરણ રેખા કહે છે. કોઇવાર મહાવિરામ અને વર્ણનરેખા (:—) આ પ્રમાણે સાથે પણ લખાય છે.

અપસારણ ચિહ્ન:—હકીકત લખતાં લખતાં તેને વધારે સ્પષ્ટ કરવાને, અથવા વચમાં સૂઝી આવેલા વિચારોને દર્શાવવા તેની પહેલાં—આવું અને પછી પણ—આવું ચિહ્ન કરાય છે તેને અપસારણ ચિહ્ન કહે છે. જેમ, દેહ જાળવવાનો નિયમ—બ્રહ્મચર્ય, સારો ખોરાક, શુદ્ધ જીવન, વગેરે—બરાબર પળાય તો ૮૦, ૯૦ વર્ષ સહેજ જીવાય.

પાઠ ૧૯. સવાલો.

૧. ભાવકર્તૃક ક્રિયાપદ એટલે શું? તેના પાંચ દાખલા આપો.

૨. સાહાય્યકારક ક્રિયાપદ કોને કહે છે?

૩. મિશ્રકાળ શી રીતે બને છે?

૪. પંદર મુખ્ય મિશ્રકાળનાં નામ બોલો ને તે શી રીતે બને?
૫. 'કર' ધાતુનાં નિશ્ચયાર્થ ને સંકેતાર્થમાં મિશ્રકાળનાં રૂપ કહો.
૬. 'દોડ' ધાતુનાં મિશ્રકાળમાં ભાવેરચનાનાં રૂપ કહો.
૭. નિષેધાર્થ રૂપ શી રીતે બને ?
૮. પ્રેરક રૂપ એટલે શું ? તે શી રીતે બને? 'ખા' ધાતુનું પુનઃ પ્રેરક રૂપ શું ?
૯. 'લખાવ' ધાતુનાં શુદ્ધ ને મિશ્રકાળમાં નિશ્ચયાર્થ ને સંકેતાર્થમાં રૂપ બોલો.
૧૦. કૃદંત નામ, વિશેષણ અને અવ્યયના પ્રત્યય કયા ?
૧૧. 'લખ' ધાતુ પરથી કૃદંતનામ, વિશેષણ અને અવ્યય બનાવો.
૧૨. સંયુક્ત ક્રિયાપદ કોને કહે છે ?
૧૩. સકર્મક ક્રિયાપદ ભૂતકાળે કર્ત્તરિપ્રયોગમાં આવે એવાં પાંચ વાક્ય બનાવો.
૧૪. સકર્મક ક્રિયાપદ ભૂતકાળે કર્ત્તરિ તથા કર્મણિ પ્રયોગમાં આવે એવાં ત્રણ ત્રણ વાક્ય બનાવો.
૧૫. ઉભયાન્વયી અવ્યયના પ્રકારનાં નામ ને તેના દાખલા આપો.
૧૬. કર્ત્તા, કર્મ, પરિમાણ, સ્થળ, કાળ, કરણ, હેતુ, મૂલ્ય, અંગવિકાર, સાહિત્ય, સંબંધ, અપાદાન, મર્યાદા, ન્યૂનાધિકતા એ અર્થે કઇ કઇ વિભક્તિ આવે છે તે દાખલા સાથે કહો.
૧૭. સકર્મક કર્ત્તરિ ને કર્મણિ રચનાવાળાં વાક્યોમાં કર્ત્તા ને કર્મ કઇ વિભક્તિમાં હોય તે દાખલા સાથે સમજાવો. (કર્ત્તરિ રચનામાં કર્ત્તા નામાર્થે પહેલી વિભક્તિમાં ને કર્મ બીજી વિભક્તિમાં હોય છે. કર્મણિ રચનામાં કર્ત્તા ત્રીજી, ચોથી કે પાંચમી વિભક્તિમાં ને કર્મ નામાર્થે પહેલી વિભક્તિમાં હોય છે).

૧૮. ક્રિયાપદ ને ક્રિયાનાથ, વિશેષણ ને વિશેષ્ય, અને વિભક્તિ સંબંધી અન્વયના કેટલાક નિયમ દાખલા સાથે આપો.

૧૯. ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક તરીકે કયા શબ્દો વપરાય છે તે દાખલા સાથે કહો.

૨૦. ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે કયા શબ્દો વપરાય છે તે દાખલા સાથે કહો.

૨૧. વિધેય તરીકે વપરાતા શબ્દો કયા તે દાખલા સાથે કહો.

૨૨. વિધેયવર્ધક તરીકે કયા શબ્દો વપરાય છે તે દાખલા સાથે કહો.

૨૩. શબ્દાવળી કોને કહે છે તે દાખલા સાથે કહો.

૨૪. ઉદ્દેશ્ય, ક્રિયાપૂરક, અને વિધેયનો વધારો, શબ્દાવળીથી કર્યાનાં બબ્બે ઉદાહરણ આપો.

૨૫. મિશ્રવાક્ય, ગૌણવાક્ય, અને મુખ્યવાક્ય કોને કહે છે તે દાખલા આપી સમજાવો.

૨૬. ગૌણવાક્ય, મુખ્યવાક્યની પહેલાં કે પછી ક્યારે આવે?

૨૭. ગૌણવાક્ય કેટલી જાતનાં છે તે દાખલા આપી સમજાવો.

૨૮ નામરૂપ, વિશેષણરૂપ, અને ક્રિયાવિશેષણરૂપ ગૌણવાક્ય શા શા અર્થે વપરાય છે?

૨૯. સંયુક્ત વાક્ય કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૩૦. સંકોચિત સંયુક્ત વાક્ય કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૩૧. મુખ્ય વિરામચિહ્નનાં નામ આપો ને તે કયે પ્રસંગે વપરાય?

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	૧૯	ઇ	ઈ
૫	૧	‘ કૃ ’	‘ કૃં ’
૧૧	૨૧	૨૩	૨૦
૧૬	૬	દાખલા	દાખલ
૨૯	૧૨	થકે	શકે
૩૪	૨૨	સિંહશ્નનું	સિંહણનું
૬૧	૧૮	થયો	થશે
૬૭	૨૦	છટી	છઠ્ઠી
૭૩	૧૨	‘ કલમનો ’	‘ કલમ ’નો
૭૪	૧૮	બંને વચનનાં	બંને વચનમાં
૧૧૩	૨૧	તેડાવ્યાં	તેડાવ્યા
૧૧૬	૨૪	સકર્મક	અકર્મક
૧૧૭	૧૬	ભૂતકાળ	પ્રથમ ભૂતકાળ
૧૩૬	૩	સકમક	સકર્મક
૧૩૯	૨૨	કમ	કર્મ
૧૪૩	૩	કૃદત	કૃદંત
૧૪૬	૯	કરવા	કરવાં
૧૫૨	૨૧	રવાજબી	ગેરવાજબી
૧૫૮	૨૧	માસ	(બે માસ
૧૬૮	૯	મકવામાં	મૂકવામાં
૧૮૭	૧૩	એકવચન.	એકવચન
૧૮૮	૮	પર પરને	પરસ્પરને
૧૯૦	૨૧	૧	૧.

આ લેખકનાં રચેલ અન્ય શાળોપયોગી પુસ્તકો.

૧. **સરલ દેશીનામાની પદ્ધતિઃ**—મુંબઈ ઇલાકાના કેળવણી ખાતા માટે ટેકસ્ટ બુક છે. આ. ૨૮ મી. કિં. ૪॥ આના. નામું શીખવાને આ એક ઘણુંજ ઉપયોગી પુસ્તક નીવડ્યું છે.

૨. **સરલ વ્યુત્પત્તિજ્ઞાનપ્રકાશઃ—સઘળી સ્કૂલો અને ટ્રેનિંગ કોલેજો માટે લાઇબ્રેરિ અને પ્રાઇઝબુક તરીકે મંજૂર છે.** આ. બીજી. કિં. ૭ આના. બીજી આવૃત્તિમાં છેડે વાચનમાળાની ૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દો તથા વ્યાકરણના સાંકેતિક શબ્દોનો કોષ આપી ઉપયોગિતામાં વધારો કર્યો છે.

૩. **નવું સરલ મુખગણિતઃ**—ઘણે ઠેકાણે ટેકસ્ટબુક છે. આ. ૮ મી. કુલ પ્રત ૨૬,૦૦૦. કિં. બે આના. **એકજ બુકમાં બાળવર્ગથી ધો. ૫ સુધીનો વિષય મનોયત્નસહ સમજાવ્યો છે. આંક, ઘાત, કોષ્ટકો પણ તેમાં આપ્યાં છે.** વ્યાજ, તોલ-બારદાન, કાટલાકટી, ને હુંડીના હિસાબ વ્યવહારોપયોગી હોઇ છેડે પૂરવણી તરીકે આપ્યા છે. ઘોરણ ત્રીજામાં **એકમ પદ્ધતિનાં** લેખાં એવી રીતે સમજાવ્યાં છે કે તેથી બાળકો ધો. ૪-૫ માં લેખાંની કુંચીઓ જાતે ઉત્પન્નકર્તા થાય છે. બહોળા જથ્થામાં ખપે છે.

૪. **ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યાઃ**—આ. ૮ મી. કુલ પ્રત ૧૭,૦૦૦. કિં. સવા આનો. કાઠિયાવાડની સ્કૂલો માટે બનાવી છે.

કમિશન ૨૦ ટકા. જથ્થાબંધમાં ૨૫ ટકા. પોસ્ટેજ તથા વી. પી. ખર્ચ મંગાવનારને શિર છે. **મુખ્ય એજંટઃ—અમદાવાદ** હે. પાનકોર નાકે મેસર્સ એસ. બી. શાહની કંપની, **રાજકોટ** બહેચરભાઇ મથુરજી, **ભાવનગર** અબદુલહુસેન આદમજી, **ગોંડળ** ચુનીલાલ ટોકરશી, **ધોરાજી** એલ. ટી. વાંદર, **જુનાગઢ** જીવન દામોદર, **જામનગર** હેમરાજ જાદવજી, **મુંબઇ** એન. એમ. ત્રિપાઠીની કંપની, સઘળા જાણીતા બુકસેલરોને ત્યાંથી મળી શકશે.

પ્રેમચંદ કરમચંદ શાહ, માજી ડે. એ ઈ. ગોંડળ સ્ટેટ.

મુ. કપડવણજ (જિલ્લે ખેડા.)